તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબ નો સંગ્રહ

# પ્રશ્નોત્તર રત્નમાલા

## ભાગ - ૧





જૈન ધર્મ જ સર્વોપરી કેમ ?

સામાયિક મોક્ષનું કારણ કઈ રીતે ?

અજૈનો મોક્ષમાં જઈ શકે કે નહિ ?

કેવું હતું પુણ્યાનું સામાયિક ?

આ જગતની દેખરેખ માટે કોઈ નિયામક ખરો ?

સિદ્ધ ભગવાનને ત્યાં ખાવું પીવું-નાચગાન કાંઈ નથી તો સુખ શાનું ?

નરક તો બીક બતાવવા માટેની જ વાત છેને ?

મોક્ષનું સ્વરૂપ શું ?

સુબોધી સતીશ મસાલીયા...

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબ નો સંગ્રહ

# પ્રસ્તુત ૧૫૦૦૦ પુસ્તકના લાભાર્થી પરિવાર



માત-પિતાના અગણિત ઉપકારોના યત્કિંચિત ઋણને અદા કરવાના મનોરથ સાથે...આ **'પ્રશ્નોત્તર રત્નમાલા'** સાદર સપ્રેમ ભેટ...આ પ્રસ્તુત પુસ્તક અમારા પરિવાર ઉપર જેમની નિરંતર કૃપા વરસતી રહી છે એવા જૈન શાસનના જ્વલંત જ્યોતિર્ધર વૈરાગ્ય - દેશનાધ્યક્ષ પ.પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.શ્રી અજીતશેખર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.શ્રી કલ્યાણબોધિ સૂરીશ્વરજી મ.સા., કર્મગ્રંથ પ્રવચન નિષ્ણાંત પ.પૂ.મુનિ શ્રી નેત્રાનંદવિજય મ.સા. તથા માતૃહૃદયી, ઉપકારી સાધ્વીજી ભગવંતો પ.પૂ.સા. શ્રી સુબુદ્ધિશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.સા., ભાણી મ.સા.પ.પૂ.સા. શ્રી સંવેગપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ અનેક ગુરૂ ભગવંતોના સંયમજીવનની અનુમોદનાના કલ્યાણ હેતુથી સુશ્રાવિકા સ્મિતાબેનના ઉપધાન તપ, વર્ષીતપ આદિ અનેક આરાધનાઓ, ચિ.મેહૂલ-હિમાંશુના માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા, પુત્રવધુઓ ચિ.જીગ્નાના ૧૧ ઉપવાસ તથા ચિ.નેહાનો ક્ષીરસમુદ્ર આરાધનાની અનુમોદનાર્થે... અને પૌત્ર-પૌત્રીઓ દિપ-વિદેહી-મૌલી-પ્રેક્ષાના જ્ઞાન-ક્ષયોપશમાં વૃદ્ધિ થાય તેવા મંગળ હેતુથી, આ પુસ્તક સાદર સપ્રેમ ભેટ અર્પતા મારા હૃદય સરોવરમાં અપાર આનંદના પૂર ઉમટે છે.

(બાબુભાઈ મફતલાલ પારેખ - શ્રી રાધનપુર તીર્થનિવાસી, હાલ વિલેપાર્લા)

## કુલ અગિયાર આવૃત્તિ - ૧૮૦૦૦ પુસ્તક

**શ્રીમતી સુબોધીબેન લિખિત પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨ની ખૂબજ માંગ છે. આ પુસ્તકોએ ઘણાના જીવન બદલી નાખ્યા છે. આ પુસ્તકો ડોનરોના સહકારથી આપણે બિલકુલ ફ્રીમાં આપી શકીએ છીએ. કોઈને પણ આ પુસ્તક છપાવવાનો લાભ લેવો હોય તો સુબોધીબેનનો કોન્ટેકટ કરવો**

**મો.: ૮૮૫૦૦૮૮૫૬૭ / ૯૮૯૨૧૬૩૬૦૯**

તત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબ નો સંગ્રહ

# પ્રશ્નોત્તર રત્નમાલા

## ભાગ - ૧

લેખિકા : સુબોધી સતીશ મસાલીયા ...

રાધનપુરવાળા

આવૃત્તિ અગિયારમી

કિંમત વિનામુલ્ય

પ્રત ૨૦૦૦

**પ્રાપ્તિ સ્થાન**

**સુબોધી સતીશ મસાલીયા :** સૌરભ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૧, કાર્ટર રોડ નં.૫, સ્વાગત હોલની બાજુની ગલીમાં, બોરીવલી (ઈસ્ટ). મો.: 8850088567 / 9892163609 (**પુસ્તક માટે 8850088567 નંબર પર whatsapp કરો**)

**બાબુભાઈ મફતલાલ પારેખ :** ૫૦૨/૫૦૩, દ્વારકા બિલ્ડીંગ, થાનાવાલા લેન, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર પાસે, વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭. ફોન : 26176794 મો.: 9870986020 / હિમાંશુભાઈ 9892213206

**ડૉ. દિપકભાઇ બગડીયા :** ૬૦૬, શેઠ એનક્લેવ, યુનિયન બેંક પાસે, અમૃતનગર, ઘાટકોપર(વે), મુંબઈ-૪૦૦૦૮૬. મો.: 9987045083

**હિતેશ એમ. સંઘવી :** ૧૦૦૫, નાડિયાવાડ, લુંસાવાડ, દરિયાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. મો.: 9429461594 / 8320641461
**(બહારગામ કોઈને પુસ્તક જોઈતું હોય તો હિતેશભાઈ સંઘવીનો સંપર્ક કરવો)**

**નીપા જયેશ ઝવેરી :** ૩/સી, મંગલદાસ બીલ્ડીંગ, ત્રીજે માળે, રૂમ નં.૩૧૯, જામનગર ફરસાણ વાળાની સામે,પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ -૨,મો. 9137107139

## પ્રાપ્તિ સ્થાન

**મીનાબેન દસરડા :** એ-૪૦૧, શ્રધ્ધાસુમન બિલ્ડીંગ, મંડપેશ્વર રોડ, ગોકુલ હોટલની સામે, બોરીવલી ફોન : 28918350 / 9821116250

**ધર્મેશ દિનેશભાઈ પારેખ :** A/604, શાલીભદ્ર એપાર્ટમેન્ટ, પંચેશ્વર ટાવર રોડ પાસે, ત્રિશલાજી ભાજી સામે, જામનગર - 361001 મો.: 98252 64829

**જતીન મનહરલાલ મહેતા :** B/1103, આરાધ્ય વન, પેસ્ટન સાગર રોડ નં.૧, અમન મહલ, ચેમ્બૂર, મુંબઈ - 400089 મો.: 75062 42815

**ચંદ્રકાંત કાંતીલાલ શાહ :** 46, રીજ રોડ, રેખા કો.ઓ.હા.સો., બીલ્ડીંગ નં.૧, ફ્લેટ નં.૧/૧બી, ગ્રાઉન્ડ ફ્લોર, વાલકેશ્વર, મુંબઈ - 400006. મો.: 98211 45551 / R.: 2362 5098

**આરતી મહેતા :** 2B/173/174, કલ્પતરૂ, એલ.બી.એસ.રોડ, આર.સીટી મોલની સામે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - 86. મો.: 92235 76811

**વિકાસ હંસરાજ નાગદા :** 005, શ્રી તુળજાઈ સોસાયટી, સમજ મંદિર હોલની બાજુમાં, ટિલક વિદ્યામંદિર રોડ, ટિલક નગર, ડોમ્બિવલી પૂર્વ, પિન કોડ - 421201. મો.: 8879201007

**સમીર કાંતિલાલ શાહ :** M-14, પારેખ કોમ્પલેક્ષ, નવાપુરા કારવા રોડ, ચોકસી બાજાર, ભાગેલ, સુરત. મો.: 9374049534

**અરૂણા જ્યોતિન્દ્ર શાહ :** 302, લવકુશ એપાર્ટમેન્ટ, મકાનજી પાર્કની બાજુમાં, જય અંબે રોડ, સુરત. મો.: 09825693467

**જૈન મંદિર :** R-1, C-2, વસંતકુજ, વસંત વાટિકા પાર્કની સામે, કામ્યુનિટી સેંટર પાસે, ન્યુ દિલ્લી - 110070. મો.: 9320306187 / 9820306187

**જતિન એમ. મસાલીયા / ઋત્વિક નાણાવટી :** તપોવન સંસ્કૃત પાઠશાળા, ઓફિસ નં. 2, આયંબિલ ભવન, પહેલા માળે, જનતા વેફર્સની ઉપર, દફતરી રોડ, મલાડ (ઈ), મુંબઈ - 400097. મો.: 9820326110 સમય : 10 થી 6.

**હીના કામદાર :** H2 - 401, હર્ષ પેરેડાઈઝ, નાગરસ રોડ, ઔંધ, પુણે - 411007. મો.: 9921513345

**દુબઈ : શ્રેયશ મસાલીયા** : +971506402282 / **સ્મીતા મહેતા** : +971504831290

**જેમને ત્યાં બુક લેવા જાવ તેમને ફોન કરી કન્ફર્મ કરી ટાઈમ લઈને જવું.**

# પ્રસ્તાવના

છેલ્લા ઘણાજ સમયથી શ્રીમતી સુબોધીબેન મસાલીયા જૈન તત્વજ્ઞાન ઉપર ઉંડાણથી અભ્યાસ કરી સવાલ-જવાબ રૂપે પોતાના લેખો 'રાધનપુર જૈન દર્શન' માં લખી રહ્યા હતા. હું પણ મારી વાંચનની રૂચી અને જૈન ધર્મના રહસ્યોને વધુને વધુ જાણવાની જીજ્ઞાસાથી હંમેશા વાંચન કરતો હતો.

આ પહેલાં પૂ. શ્રી ચરણવિજય મ.સા. લેખિત 'દેવ ગુરૂ ધર્મ તત્ત્વ વિચાર પ્રશ્નમાળા' નું વાંચન તથા અધ્યયન કરતાં મને વિચાર આવેલ કે શ્રીમતી સુબોધીબેનના પ્રશ્નોત્તરની પુસ્તિકા પણ છપાઈને પ્રકાશીત કરવામાં આવે તો ઘણા રૂચીવાળા લોકોને લાભ મળી શકે. તે દરમિયાન ઓક્ટોબર મહિનાના 'રા.જૈ.દ.' માં લેખિકા બહેને આવીજ પોતાની પ્રશ્નોત્તરીની પુસ્તિકા છપાવવાની ઈચ્છા પ્રગટ કરતાં મેં આ લાભ મને આપવાની વિનંતી કરી અને તેઓશ્રીએ મારી માંગણી સહર્ષ સ્વીકારી તે બદલ હું તેઓશ્રીનો ખૂબજ આભારી છું.

આ 'પ્રશ્નોત્તર રત્નમાળા' નામનું પુસ્તક પ્રગટ કરવામાં શ્રીમતી સુબોધીની બહેને ખૂબજ પરિશ્રમવેઠી તેમની ધર્મ પ્રત્યેની ધગશ તથા શ્રદ્ધા પ્રગટ કરી છે. યુક્તિપૂર્ણ સત્ય બાબતોથી જૈન સંઘને જાગૃત રાખવાનો તેમનો આ પ્રયાસ અત્યંત પ્રસંશનીય તથા અનુમોદના કરવા લાયક છે.

શ્રી જીનેશ્વર દેવોએ પ્રગટ કરેલ જીવાજીવાદિક તત્ત્વજ્ઞાનનો શુદ્ધલાભ સુધારક તથા શ્રદ્ધાળુ જૈનો સંપાદન કરી ક્રિયાવાળા તથા રૂચિવાળા બને અને સાથે સાથે પોતાના જ્ઞાનની ખીલવણી કરી કલ્યાણકારી માર્ગ અનુસરે તેવી મહેચ્છા સહ...

**શ્રી બાબુભાઈ મફતલાલ પારેખ**
વિલેપાર્લા (ઈસ્ટ)

## આશીર્વચન

આપ જૈન તત્ત્વજ્ઞાનના નિચોડરૂપે, સામાન્યમાં સામાન્ય વાચકપણ સમજી શકે તેવા ૩૫૦ સવાલ-જવાબનું પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા' પ્રકાસીત કરી રહ્યા છો તે ખરેખર વર્તમાન યુગના યુવાનોને માર્ગદર્શક બની રહેશે. તે નિઃસંદેહ વાત છે. જૈન તત્ત્વજ્ઞાનનો વિશાળ સ્વરૂપે અભ્યાસ કરી તેના સારાંશ રૂપે. તમે ખરેખર અભિનંદનીય પરિશ્રમ કરી આ પુસ્તક તૈયાર કર્યું છે. તે ખરેખર સમગ્ર જૈન સમાજ માટે દીવાદાંડી સમાન બની રહેશે.

વર્તમાન શૈક્ષણિક પદ્ધતિએ માનવીને અનેક તર્ક-વિર્તક શંકા-કુશંકા-સંદેહ કરતાં કરી મૂક્યાં છે. દરેક વસ્તુને માત્ર બુદ્ધિની દૃષ્ટિએજ આપવાનું જે ધોરણ બની ગયું છે, તેના જવાબરૂપે, આપનો પ્રયાસ ખરેખર અનુમોદનીય છે. તમારા જેવા વિચારક, વિવિધ પ્રકારની ધાર્મિક શિબિરોનું આયોજન કરી, બાળકોમાં જે જ્ઞાનની જ્યોત પ્રગટાવી રહ્યા છો તે માટે જે કહીએ, જેટલું કહીએ તેટલું ઓછું છે.

તમારા આ પ્રયાસ સમગ્ર જૈન-જૈનત્તર સમાજને માર્ગદર્શક બની રહે તેવી ભાવના વ્યક્ત કરૂં છું. કાંઈક વિચારવું-વાંચવું-બોલવું તે જરૂર સરળ હશે, પરંતુ વાંચન-વિચાર અને તેનું લેખન ખરેખર કપરૂં કામ છે. આપનો આ પ્રયાસ ખરેખર સૌને ઉપયોગ બની રહે તેવા આશીર્વાદ પાઠવું છું.

**શ્રી અનોપચંદ કે. શાહ** તંત્રી - વઢવાણ મિત્ર મંડળ
- ભૂતપૂર્વ મેમ્બર ઓફ પાર્લામેંટ

## પ્રશ્નોત્તરી દ્વારા શ્રુતભક્તિ

શ્રાવિકા સુબોધીબેન મસાલીયા તરફથી 'પ્રશ્નોત્તર રત્નમાલા' નામનું પ્રશ્નોત્તર પદ્ધતિથી તત્ત્વજ્ઞાન પીરસતું પુસ્તક અવલોકનાર્થે પ્રાપ્ત થયું.

નિગોદની નિકૃષ્ટ જીવ અવસ્થાથી લઈને સર્વોત્કૃષ્ટ સિદ્ધાવસ્થા સુધીના જીવ વિષેના પ્રશ્નો, જિનાલયમાં જિનપૂજા દરમ્યાન કરાતી સાથિયા વિગેરે વિધીના સાંકેતિક રહસ્યો, સંસાર ભ્રમણની ચાર ગતિની બાબતોની મૂંઝવણો, મૃત્યુ, સમાધિમૃત્યુ, સામાયિક, તપ આદિ વિવિધ વિષયોમાં સામાન્ય રીતે ઉઠતા પ્રશ્નોનું સમાધાન કરતું આ પુસ્તક પ્રશ્નોત્તરીની શૈલીમાં હોવાથી વાચકની સાથે સીધે સીધી વાત કરનારું, જિજ્ઞાસાને સંતોષનારું બન્યું છે. પ્રશ્નોત્તર પદ્ધતિ પણ એક આગવી પદ્ધતિ છે, કે જે દ્વારા પીરસાયેલું આધ્યાત્મ વાચકના હૃદયમાં આડીઅવળી વાતોના વડા બનાવ્યા વિના સીધેસીધું ઉતરી જતું હોય છે. ઉત્તરાધ્યયન સૂત્ર, ગૌતમપૃચ્છા, ભગવતી સૂત્રમાં આજ પદ્ધતિ અપનાવવામાં આવેલ છે. નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા પ.પૂ.મોહનસૂરિજીએ 'મોહનમાળા' માં, પૂ. સાગરાનંદ સૂરિજીએ પ્રશ્નોત્તરમાં, પૂ. વિજયરામચંદ્ર સૂરિજીએ તેમના પ્રવચનોમાં આજ પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

આપે આ કલા હસ્તગત કરી, આ સુંદર ઉપયોગી પુસ્તકનું પ્રકાશન કરવાનો કલ્યાણકારી જે પ્રયાસ કર્યો છે તે ખૂબજ પ્રસંશનીય, અનુમોદનીય અને અનુકરણીય છે.

**ડૉ. હસમુખભાઈ શાહ**ના જય જીનેન્દ્ર

# અભ્યર્થના

લગભગ છેલ્લા પાંચેક વર્ષથી શ્રીમતી સુબોધીબેન મસાલીયાના જ્ઞાનસભર લેખો મારા માસિક મુખપત્ર ‘રાધનપુર જૈન દર્શન’ માં પ્રકટ કરતો હતો. ‘તત્ત્વજ્ઞાન’ શબ્દ સાંભળીને બહુ ભારેખમ લાગે છે, પરંતુ એમના લેખ એટલા સરળ સચોટ અને સુંદર ભાષામાં રજૂ થતાં હતાં કે દરેકના મગજમાં સરળતાથી ઉતરી જતા. બીજા ચાર-પાંચ મેગેઝીનમાં એમના લેખ ‘રા.જૈ.દ.’ માંથી લઈને પ્રગટ થતાં હતા... સાધુ-સાધ્વી ભગવંતો પણ એમના લેખ વાંચવા માટે મંગાવતા. આવા સુંદર લેખનો પુસ્તક રૂપે સંગ્રહ... એ ખરેખર ધર્મની રૂચીવાળાને દીવાદાંડી રૂપ બની જશે. શ્રીમતી સુબોધીબેન એમના જ્ઞાનની લ્હાણી ચીરકાળ સુધી કરતાં રહે તેવી અભ્યર્થના...


**જીતેન્દ્ર વિરવાડીયા**

ના જય જિનેન્દ્ર

તંત્રી - રાધનપુર જૈન દર્શન - બ્લ્યુ ટીન - રા.જૈ. દર્શક સુરેન્દ્ર સુધા.

સેક્રેટરી - મુંબઈ જૈન પત્રકાર સંઘ - જૈન ટૂર એન્ડ ટ્રાવેલ્સ એસો. ઓફ ઈંડિયા


---

‘‘પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨’’ બંને મળીને ૭૦૦ સવાલ તથા તેના આગમો દ્વારા ફલિત થતા જવાબો લોકભોગ્ય ભાષામાં આપવા એ બહુજ અઘરૂં કામ શ્રીમતી સુબોધીબેને સફળતાપૂર્વક કર્યું છે. આ પુસ્તકની લોકપ્રિયતા ભારતના સીમાડા વટાવી ચૂકી છે.

જે લોકો કર્મકાંડથી ઉપર પહોંચી ગયા છે એમને જાણવા માટે આવા સાધનોને સાધ્યોની ખાસ જરૂર છે. અને સુબોધીબેનનું જે આ પુસ્તક છે બંને ભાગ એ લોકોને એટલા બધા મદદરૂપ થાય છે કે જેની કોઈ સીમા નથી. આ પુસ્તકો વાંચનારના અનુભવોનું પણ એક આખું પુસ્તક બની શકે એમ છે. નવી ટેક્નોલૉજીથી બંન્ને પુસ્તકો આંગળીના ટેરવા ઉપર વાંચી શકો છો. આ પુસ્તકની EPUB File કે PDF માટે સુબોધીબેનને ૮૮૫૦૦૮૮૫૬૭ નંબર ઉપર whatsapp કરો. સુબોધીબેનનું જ્ઞાન પ્રસારનું શાસન સેવાનું આ કાર્ય અત્યંત અનુમોદનીય છે.

**બહારગામ કોઈને પુસ્તક જોઈતું હોય તો હિતેશભાઈનો સંપર્ક કરવો.**


**મો.: 9429461594 / 8320641461**

**હિતેશભાઈ સંઘવી (અમદાવાદ)** તંત્રી - પંચઘોળ સમાજ દર્પણ

Treasurer ‘Indian Epilepsy Association - Ahmedabad

# મારા મનની વાત

**જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમસુખ હેત..**
**જ્ઞાન વિના જગજીવડા નલહે તત્વ સંકેત...**

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ ૧, ૨૦૧૦ માં પ્રકાશીત થઈ. શ્રી સ્મિતાબેન બાબુભાઈ પારેખે પ્રથમ આવૃત્તિની ૨૦૦૦ બુકસ છપાવી. ત્યારે મને એમ થતું હતું કે શુ કરશું આટલી બધી બુક ને ? દુનિયા માં બુક ની કયાં કમી છે ? કેટલાએ ધુરંધરો મહાત્માઓને પંડિતોની બુકસ નો મહાસાગર છે. પણ મારા આશ્ચર્ય ની વચ્ચે એકજ વરસમાં ૬૦૦૦ બુકસ લોકો કયાંથી ને કયાંથી ઘરે આવી આવીને લઈ ગયા. ભલે બુક વિનાનુલ્ય હતી, પણ પુસ્તક લેવા ઘરે આવતા લોકો ૨૦૦-૩૦૦ ખર્ચીને આવતા. ત્યારે થતું કે પુસ્તક ખરેખર લોકપ્રિય બની રહ્યું છે. તે પછી આજ સુધી પહેલો અને બીજો ભાગ મળીને ૨૨૦૦૦ બુકસ દેશ વિદેશમાં દૂર દૂર સુધી ગઈ. કેટલીએ જગ્યાએ લોકોએ સ્વાધ્યાય ના રૂપમાં આ પુસ્તકનો ઉપયોગ કર્યો. એક જગ્યાએ બધા ભેગા થતા...બધાના હાથમા પુસ્તક રહેતુ, એક જણ વાંચે ને પછી બધા વચ્ચે એની ચર્ચા થાય. કાઈ ન સમજાય કે નવો સવાલ થાયતો મને મોબાઈલ પર પુછતા. આમ લોકોની જ્ઞાનાભીવૃધ્ધિમાં આ પુસ્તક નિમિત બન્યુ. મને થતું...આ મોબાઈલ ને લેપટોપ ના યુગમાં કોણ પુસ્તકો વાંચસે ? પણ હજી આજ સુધી એની ડિમાંડ ઓછી નથી થઈ. વાચક વર્ગમાં યંગસ્ટર, કૌલેજીયનો થી લઈને ૯૫ સુધીના શામેલ હતા. વધારે આનંદની વાત એ છે કે જયારે આપણા જૈનમાં આટલા બધા સંપ્રદાય પડી ગયા હોવા છત્તા આ પુસ્તકને દરેક સંપ્રદાયનાં સાધુ સાધ્વીજી ભગવંતો તથા દરેક શ્રાવક-શ્રાવિકાઓએ અકલ્પનીય આવકાર આપ્યો છે. બે થી અઢી હજાર બુકસ ફકત સાધુ-સાધ્વીજી ભગવંતોમાં ગઈ છે. એનુ મુખ્ય કારણ એ લાગે છે કે લોકો જણાવેછે, ‘અમને બહું ભારે ખમ લાગતુ તત્વજ્ઞાન ખુબજ સરળ ભાષામાં આ પુસ્તકમાં પીરસાયુ છે. આ પ્રશ્નો ના જવાબ વાચતા અમને એવુ લાગે છે બેન અમારી સાથે વાતો કરી રહ્યા છે.’ કેટલાક લખે છે ‘આ પુસ્તકથી ઘણુ નવુ જાણવા મળયું છે. અમારા જીવન પરીવર્તન થયા છે. ભાગ ૧ માં બૌધિક માહિતિ છે જયારે ભાગ ૨ માં પ્રેકિટકલ માહિતિ આપવામા આવી છે તે જો અમલમાં મુકવા માં આવેતો ચોકકસ પોતાના આંતરશત્રુ ક્રોધ-માન-માયા-રાગ-દ્વેષ-લોભ-ઈર્ષ્યા, અહંકાર, હઠાગ્રહ, દુરાગ્રહ સામે લડવાનો ભગીરથ પ્રયત્ન જરૂર થઈ શકે.

આમા મેં જે લખ્યું છે તે મને જે શાસ્ત્ર સંગત લાગ્યું, તર્ક સંગત લાગ્યું, અનુભવ સંગત લાગ્યું તે મેં મુકયું છે. આપ વાચોં, સમજો, ન ખ્યાલ આવે તો મારી સાથે પત્ર

દ્વારા સવાલ જવાબ કરો, એ પછી આપને જે ઠીક લાગે, આપનુ મન કબુલ કરે તે અપનાવો. ભાગ ૨ જેણે ન વાચ્યો હોય તો મારી પાસે થી લઈ વાંચી લેવો. બન્ને પુસ્તક ના સમન્વય થી વધુ લાભ થશે.

બોમ્બે જૈન યુવક સંઘના પ્રબુધ્ધ જીવનના તંત્રી ડાં. સેજલબેન શાહ તથા રાધનપુર જૈન દર્શન ના તેત્રી શ્રી જીતેન્દ્રભાઈ વિરવાડીયા એ મારા લેખ દર મહિને અવિરતપણે પોતાના મેગેઝીન માં છાપીને મને જે પ્રોત્સાહન આપ્યુ છે તે બદલ હુ તેમનો ખુબ ખુબ આભાર માનુ છુ. ખુબજ પ્રેમાળ એવા દાદાશ્રી અનોપચંદ ભાઈ તથા શ્રી ભુપેન્દ્ર ભાઈએ તથા તંત્રીશ્રી હિતેશભાઈ સંઘવીએ વિવિધ મેગેઝીનોમાં આ પુસ્તકની જાહેરાત આપી એનો પ્રસાર કરવામા જે સહાય કરી છે એ બદલ હું એ દરેકનો ખુબ આભાર વ્યકત કરુ છુ.

શ્રી સ્મીતાબેન બાબુભાઈ પારેખ તથા શ્રી મીનાબેન ભંવરલાલ દસરડા એ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ ૧ ગુજરાતી તથા હિંદી માં ધન દાન કરી જે સહયોગ આપ્યો તેની અનુમોદના કરું છું. જેમણે પુસ્તકો પોતાને ત્યાં રાખી લેવા આવનારને ખુબજ પ્રેમથી આપ્યા છે. તે દરેકને તથા આ પુસ્તક આટલી સુંદર રીતે છાપી આપવા બદલ લકકી પ્રિંટર્સ નો આભાર માનુ છું.

આ સીવાય બીજા કેટલાય નાના મોટા નામ છે જેમણે પોતપોતાની રીતે ધર્મપ્રચારમાં ખુબજ સહયોગ આપ્યો છે. મસ્કતથી પાર્થભાઈ જેમણે આ બંને પુસ્તકની EPUB File બનાવી છે જેનાથી આ પુસ્તક તમે મોબાઈલ કે આઈપેડ કે લેપટૉપમાં પણ સરળતાથી વાંચી શકો. આપને EPUB File કે PDF જોઈતી હોય તો મને 88500 88567 નંબર પર whatsapp કરો.

જ્ઞાનની દેવી નાણમાંની આજ્ઞા લઈ કલમ ઉપાડીને દેવી શકતિએ એવી સહાય કરી કે મારે જે લખવુહોય, ઢેર સારા પુસ્તકમાંથી એજ પુસ્તક હાથમાં આવે ને એજ પાનુ ખુલે જે મને જોઈતું હોય...આ પુસ્તક લખવામાં હું તો ફકત નિમિત બની છું બાકી આ બધાના સહયોગ થી આ કાર્ય થયું છે.

આ પુસ્તકમાંથી કોઈને કાઈ મળશે કે નહિ તે હું નથી જાણતી પણ આના માટે મે જે મનોમંથન કર્યું છે ને તેમાંથી મને જે માખણ મળયું છે તેનુ શબ્દમાં વર્ણન કરવા હું અસમર્થ છુ. વિતરાગ પરમાત્મા ની આજ્ઞા વિરૂધ્ધ કાઈપણ પ્રતિપાદન થયું હોય તો અંતઃકરણથી ત્રિવિધે ત્રિવિધે મિચ્છામી દુકકડમ.

**સુબોધી સતીશ મસાલીયા ના જય જીનેન્દ્ર.**

# અગિયારમી આવૃત્તિ વેળાએ

''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ પુસ્તકની ૧૬૦૦૦ પ્રત પૂરી થઈ છતાં લોકોની સતત માંગ હોવાથી અગિયારમી આવૃત્તિ બહાર પાડતાં અમે ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી ભગવંતોએ આ પુસ્તકને જે આવકાર આપ્યો છે. તે અકલ્પ્ય છે. તે ખરેખર અનુમોદનીય છે.

સરસ્વતીને ઉડવા માટે પણ લક્ષ્મીની પાંખ જરૂરી છે. માટે બંને પુસ્તકના જ્ઞાનદાનના લાભાર્થીની ખૂબ ખૂબ અનુમોદના કરૂં છુ. ઘણાને પુસ્તક વાંચતા વાંચતા એવી ભાવના થાય છે. ને ફોન આવે છે કે ''બેન તમારૂં પુસ્તક મારા હાથમાં છે મને લાભ લેવાની ઈચ્છા છે.'' આમ લક્ષ્મીનો જ્ઞાનદાન માટેનો પ્રવાહ પણ ક્યાંય અટક્યો નથી. પુસ્તક વાંચીને લોકોના જે પત્ર આવી રહ્યા છે તે પરથી લાગે છે કે લોકોને ખરેખર તત્વજ્ઞાનની ભૂખ છે, જો કોઈ સરળભાષામાં ને તર્કસંગત પીરસે તો.... આ પુસ્તકમાંથી જે યોગ્ય લાગે તે ગ્રહણ કરી સહુ આત્મકલ્યાણ સાધે તે ભાવના સાથે...

**- સુબોધી મસાલીયા**

**૧) શ્રી અતુલકુમાર વ્રજલાલ શાહ (દાઠી) તરફથીપ્રાપ્ત થયેલ પત્રના પ્રમુખ અંશ :**

''લેખક એક પુસ્તક લખે છે ત્યારે તેમનું મસ્તક આપી દેતા હોય છે, તેમ આપે પણ સ્વમતિના આધારે નહીં, પણ શાસ્ત્રમતિના આધારે એક તાત્વિક વ્યાખ્યાન જાણે રસાળ શૈલીમાં ચાલતા હોય તે પ્રમાણે ધારાબદ્ધ રીતે અનેકાનેક પ્રશ્નોના સિલસિલાબંધ ઉત્તરો આપ્યા છે. મને ઘણું નવું જાણવા મળ્યું છે, તેથી આપની અંતરનાય અંતરથી અનુમોદના કરું છું. અંગ્રેજીમાં કહેવત છે કે "A drop of ink can make millions to think'' એ ન્યાયે વાંચકો કે વિવેચકોને પણ વિચારતા કરી દે એવી રીતે શાસ્ત્ર વચનોનો બોધ આપે કરાવ્યો છે. વધારેમાં વધારે લોકો આ વાંચે એ ખૂબ જરૂરી છે. આપનો આ ગ્રંથ અમારા ગ્રંથાલયનું નજરાણું બન્યો છે. અને આ આભૂષણ આત્માના સર્વે દૂષણોને નાશ કરવાના નિમિત્ત રૂપ બને એ જ અભ્યર્થના....

૨) પ્રશ્નોના ઉત્તરો અત્યંત તાર્કિક, બુદ્ધિગમ્ય, હૃદયસ્પર્શી અને સમાધાનકારી છે. ઉપરાંત વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને સાંપ્રત પ્રવાહોના સમર્થનથી તે સચોટ બનવા સાથે નવી બુદ્ધિશાળી પેઢીને સ્વીકાર્ય બને તેવા છે. પ્ર.૧૧૧નો જવાબ એટલે મૃત્યુને મહોત્સવ બનાવવાની કળા. પ્ર.૨૩૩માં કોઈની પણ રેખા કાપ્યા વગર એને નાની હીન કર્યા વગર જૈન દર્શનની મોટી રેખા આપે જે દોરી, જૈન ધર્મની સર્વોપરિતાની આગવી રજુઆત કરી છે તે દાદ માંગી લે એમ છે. પુણ્યા શ્રાવકના સામાયિકની વાતો તો ઘણી થાય છે, પણ તે સામાયિક શું હતું ? તે તો સ. ૧૯૫ના જવાબ પરથી જ જાણી શકાય છે.

**- પંડિત સૂર્યવદનભાઈ ઝવેરી**

૩) પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨ ખરા અર્થમાં રત્નોનો ઢગ છે. આત્માને પ્રકાશિત કરતો પૂંજ છે આ રત્નની આધ્યાત્મિકતા જીવને જે આપશે તેનું મૂલ્ય અનેરૂ છે. આ પુસ્તકમાં એમણે તત્વજ્ઞાન વિષયક મુંઝવણને ખૂબજ સરળ શબ્દોમાં સવાલ-જવાબ રૂપે મૂકી પ્રકાશ ફેલાવ્યો છે. આ સવાલો માત્ર રોજીંદી ક્રિયા ઉપરાંત મહત્વના જૈન પરિપ્રેક્ષ્યને ઉજાગર કરી આપે છે. અનેક નવા સંદર્ભો આમાથી મળી આવે છે.

**ડૉ.સેજલ શાહ (M.A. Ph.d.)**

**તંત્રી - 'પ્રબુધ્ધ જીવન'**

૪) પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ અને ભાગ-૨ દ્વારા આપે દુબઈની 'સોહમ સ્વાધ્યાય ગ્રુપ'ની બેનોને બહુ બધા તત્વરત્ન આપ્યા છે. સ્વાધ્યાયના રૂપમાં આ પુસ્તક ખૂબજ મનોમંથનીય રહ્યું. આપે હર પ્રશ્નનો જવાબ ખૂબજ સરળ અને સુંદર રૂપથી આપ્યો છે. આ પુસ્તકથી નવી પેઢીને સાંસ્કૃતિક રક્ષા અને ધર્મરક્ષાનો રસ્તો તત્વજ્ઞાન દ્વારા સમજમાં આવશે. આ પુસ્તક વાંચવાથી કોઈપણ જીવને જીવન જીવવાની કલા જરૂર આત્મસાત થશે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ અને ભાગ-૨ જીજ્ઞાસુ જીવોને મોક્ષપથ પ્રદર્શક બની રહો એજ શુભેચ્છા.

**(સોહમ સ્વાધ્યાય ગ્રુપની શ્રાવિકાઓ - દુબઈ)**

૫) જયજીનેંદ્ર....પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ અને ભાગ-૨ નું સ્વાધ્યાય અમે શારજાહ - દુબઈ સ્વાધ્યાય ગ્રુપમાં લગભગ એક વરસથી વધારે કર્યું. લોકોને સરલ-સરસ અને ગંભીર પ્રશ્નોત્તરથી જૈન ધર્મના સિધ્ધાંતોનો પરિચય થયો. કેટલાક પ્રશ્નોત્તર તો એટલા માર્મિક હતા કે એ પ્રશ્નોત્તર પર વારંવાર ચિંતન-મનન સાથે બેસીને કર્યું અને એ પ્રશ્નોત્તરના ભાવને જીવનમાં ઉતારવાની કોશિષ કરી. સ્વાધ્યાય ગ્રુપમાં જ્યારે અમે સ્વાધ્યાય કરતા હતા ત્યારે બધાની પાસે હાથમાં આ પુસ્તક રહેતું હતું, કેટલાક જણ ઘરેપણ સ્વાધ્યાય કરતા હતા. આ પુસ્તક માટે અમે બધા સુબોધીબેનના ખૂબજ આભારી છીએ.

દુબઈમાં લગભગ ૫૩ ભાઈબહેનોએ વર્ષીતપ કર્યો હતો. તેમની અનુમોદના માટે ''તપોત્સવ'' નામનો પ્રોગ્રામ રાખ્યો હતો. એ બધાજ તપસ્વીઓને આ પુસ્તક ભેટરૂપે આપી હતી.

સુબોધીબેને પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ ખૂબજ મહેનત કરીને પૂરી કરી છે. આ પુસ્તકથી જૈન ધર્મના સિધ્ધાંતોને ઓર વધારે વિસ્તારથી લોકોને સમજવા મળશે. શારજાહ (દુબઈ) ગ્રુપ સુબોધીબેન પ્રતિ હાર્દિક આભાર પ્રકટ કરે છે અને શુભકામના કરીએ છીએ કે આ નવા પુસ્તકથી વધુમાં વધુ લોકોને લાભ મળે. **ભાગ-૧ અને ભાગ-૨ નો સ્વાધ્યાય અમારા ગ્રુપમાં ચાલુ થઈ ગયો છે અને ખૂબજ આનંદ આવી રહ્યો છે.**

**-મનોહર શિશોદિયા શારજાંહ (દુબઈ)**

# શંકા અને સમાધાન

ઘણાનો મને એ સવાલ આવે છે કે ‘‘બેન આ બુક અમને અંગ્રેજી માં આપો ને...’’ એ દરેકને જણાવવાનું કે અંગ્રેજીમાં ટ, ઠ, ડ, ઢ, ણ માટે કોઈ આલ્ફાબેટ છે નહિ તેના માટે શું લખવાનું ? વળી પાછું આ ભાષા પાસે કોઈ ફીક્ષ ઉચ્ચાર (Pronounce)નથી... એકજ શબ્દ ત્રણ જણ વાંચશે તો ત્રણેય અલગ ઉચ્ચાર કરશે. દા.ત.મેં આગમ - Aagama...લખ્યું હશે તો કોઈ અગમા વાંચશે, કોઈ આગમા વાંચશે કોઈ અગમ વાંચશે... ચલો આજે તો કોઈ કહેવાવાળું મળી જશે કે ભાઈ... આ અગમા નથી પણ આગમ છે... પણ આજથી ૨૦૦ વર્ષ પછીનો વિચાર કરો...આપણે તો જતાં રહેશું પણ આ શાસ્ત્ર તો એમજ રહેશે...પણ એ વખતે કોઈ કહેવા વાળું નહી બચ્યું હોય કે ભાઈ... આ ‘આગમ’ વંચાય...ને ત્યારે આ ત્રણેય કહેશે કે અમેજ સાચા છીએ, અમારા બાપા આમજ બોલતા હતા...અને આપણે લખવા વાળા ઉત્સુત્ર ભાષણના પ્રણેતા બની જઈશું ને આપણો અનંતો સંસાર વધારી દેશું. આપણે આપણા છોકરાઓને હોંસે હોંસે અંગ્રેજી પુસ્તકમાંથી સૂત્રો શીખવાડીએ છીએ... પણ આપણે એ નથી જાણતા કે...આજથી ૧૦ પેઢી પછી જૈન કુટુંબમાં મારો જન્મ થશે તો મને સાચો નવકારપણ નહી મળે... કોઈ નમો અરિહંતાનામ્ બોલતું હશે તો કોઈ નામો અરિહંતાનમ બોલતું હશે... માટે જરા દિર્ઘદૃષ્ટા બની જરા શાંત મનથી વિચારો કે જે ભાષા પાસે પૂરા આલ્ફાબેટ નથી, જેની પાસે ફીક્ષ પ્રોનાઉન્સ નથી એવી Poor Languageમાં હું આટલી ઉચ્ચ કક્ષાની તત્ત્વની વાતો કેવી રીતે આપી શકું ? જો તમે પણ ખરેખર તમારૂં ને તમારા બાળકોનું ને ભાવીપેઢીનું ભવિષ્ય ઈચ્છતા હો ને એવુ ઈચ્છતા હો કે મારા બાળકો પણ ધર્મના સૂત્રો ભણે... તત્ત્વની વાતો જાણે... તેઓ પણ કંઈ પામે તો એ લોકોને નાનપણથી જ પહેલા ધોરણથી જ ગુજરાતી અથવા હિન્દી શીખવાડો. એકજ વરસમાં એટલું સરસ ગુજરાતી કે હિન્દી શીખી જશે, એ મારો પોતાનો અનુભવ છે... ગુજરાતી કે હિન્દી ધરતીના છેડે લોકો  વાંચશે તો પણ બધાનો ઉચ્ચાર તો એકજ રહેશે...જાગ્યા ત્યારથી સવાર સમજીને આજે જે નાના છોકરાઓ છે પહેલા-બીજા ધોરણમાં એમના મા-બાપ એમને ગુજરાતી કે હિન્દી શીખવવાનું ચાલુ કરી દે અને અંગ્રેજીના સૂત્રોના પુસ્તકો ઘરમાં રાખે જ નહીં. તો આપણું ને બાળકોનું ભવિષ્ય સુધરી શકે છે. એટલે જ મેં આ પુસ્તકનું અંગ્રેજી નહી કરાવતા હિન્દી અનુવાદ કરાવ્યો.

જય જિનેન્દ્ર - સુબોધી મસાલીયા

# અનુક્રમણિકા


સ.૧ આ જગત કોણે બનાવ્યું ?

સ.૨ તો શું ભગવાને આ જગત નથી બનાવ્યું ?

સ.૩ જગતમાં આટલી વિવિધતા કેમ દેખાય છે ?

સ.૪ જીવ ક્યાંથી આવ્યો ? પહેલા જીવ હતો કે પહેલા કર્મ ?

સ.૫ જીવોની ખાણ કઈ ?

સ.૬ નિગોદના જીવ કેવા હોય ?

સ.૭ નિગોદના એક બે ઉદાહરણ આપો.

સ.૮ જીવ નિગોદમાંથી બહાર ક્યારે નીકળે ? શું આપણા બધાના જીવ પણ નિગોદમાંજ હતા ?

સ.૯ નિગોદમાંતો એકજ શરીરમાં અનંતા જીવો રહેલા છે તો નિગોદમાંથી બહાર નીકળવામાં કયા જીવનો નંબર લાગે ?

સ.૧૦ નિગોદનો જીવ કેટલા સમય માટે નિગોદમાં રહે અને કેટલા સમય માટે બહાર નીકળે ?

સ.૧૧ નિગોદના જીવો વધારે કે સિદ્ધના જીવો વધારે ?

સ.૧૨ આપણો જીવ પણ ૨૦૦૦ સાગરોપમ માટેજ બાહર નીકળ્યો હશે ? પછી શું થાય ?

સ.૧૩ જીવ કેવો હોય ?

સ.૧૪ જ્ઞાયકતા (જાણપણું-ઉપયોગ) જીવનું મુખ્ય લક્ષણ છે તે યથાર્થ છે ?

સ.૧૫ 'જીવ અમૂર્તિક પદાર્થ છે' એટલે શું ?

સ.૧૬ આત્મા અનંત ગુણોની ખાણ અને અતિન્દ્રિય સુખનો સાગર છે, એવો વિશ્વાસ કેવી રીતના આવે ?

સ.૧૭ જીવ એક છે કે અનેક ?

સ.૧૮ જીવ સિદ્ધ થયા પછી બીજા સિદ્ધ જીવો સાથે મળીને એકમેક થઈ જાય છે ?

સ.૧૯ ઘણા લોકોનું કહેવું છે કે મનુષ્ય ના મરી ગયા પછી તેનો આત્મા અનંતમાં ભળી જાય છે, આત્મા અને શરીર છૂટા પડતાં, શરીર પડી રહે છે. આત્મા પંચભૂતમાં ભળી જાય છે તે શું બરાબર છે ?

સ.૨૦ જીવ અને આત્મામાં શું તફાવત છે ?

સ.૨૧ જીવ છે એટલાજ રહે કે તેમાં વધઘટ થાય ?

સ.૨૨ જીવ કેવડો મોટો છે ?

સ.૨૩ હાથીનો આત્મા મોટો કે કીડીનો ? હાથી મરીને કીડી થાય તો તેનો જીવ એવડા નાના શરીરમાં કેમ સમાઈ શકે ?

સ.૨૪ જીવ શરીરમાં કઈ જગ્યાએ રહેતો હશે ? કેવી રીતે ?

સ.૨૫ તમે જે કહો છો તે સાચું કેમ માની લેવાય ?

સ.૨૬ નરકનું દુઃખ વધારે કે નિગોદનું દુઃખ વધારે ?

સ.૨૭ આ સાગરોપમ, પુદ્ગલ પરાવર્તન કાળ વગેરે શું છે ?

સ.૨૮ શું આવા અસંખ્ય પુદ્ગલ પરાવર્તન કાળ સુધી આપણો આત્મા નિગોદમાં પડી રહી શકે છે ? શું નિગોદમાંથી સીધો મનુષ્યભવ મળી જાય ?

સ.૨૯ 'નિત્ય નિગોદી' અને 'ઈતર નિગોદી' જીવ કોને કહેવાય ?

સ.૩૦ તો એક દિવસ એવું નહિ બને કે બધાજ જીવ નિગોદમાંથી નીકળી મોક્ષે પહોંચી જાય ને સંસારનો અંત આવી જાય ?

સ.૩૧ 'જગત કર્તા કોઈ ઈશ્વર નથી' એવું તીર્થંકરે કેવળજ્ઞાનમાં જોઈને કહ્યું છે તો આપણે જૈનો પરમાત્મા તરીકે કોને સ્વીકારીએ છીએ ?

સ.૩૨ શરીરથી આત્મા જુદો છે એ તો જાણીએ છીએ પણ સમ્યક્ દર્શન થતું નથી તેનું કારણ શું ?

સ.૩૩ જીવના ભેદ કેટલા ?

સ.૩૪ ભવ્ય જીવ અને અભવ્ય જીવ એટલે શું ?

સ.૩૫ ભવ્ય જીવોમાં સિદ્ધ થવાની યોગ્યતા છે તો પછી કોઈપણ કાળે સર્વ ભવ્ય જીવો સિદ્ધ થઈ જવા જોઈએ અને એમ થાય તો પછી એકલા અભવ્ય જીવો રહી જાય કે નહી ?

સ.૩૬ 'જાતિભવ્ય' જીવ કોને કહેવાય ?

સ.૩૭ હું ભવ્ય છું કે અભવ્ય એવી ખબર કેવી રીતે પડે ?

સ.૩૮ લોકમાં ભવ્ય જીવો વધારે કે અભવ્ય ? અભવ્ય જીવો જૈન ધર્મ પામે ખરા ?

સ.૩૯ તેઓ બાહ્ય કરણી (ક્રિયા) કરે તેનું ફળ મળે ?

સ.૪૦ જો અભવ્ય જીવમાં પરમાત્મા શક્તિરૂપે પણ રહેતો અભવ્યત્વ કેવી રીતે કહેવાય ?

સ.૪૧ કર્મ તો જડ વસ્તુ છે તે આત્માને કેમ ઢીલો પાડે છે ?

સ.૪૨ સિદ્ધ આત્માને મોક્ષમાં કેટલું સુખ હશે ?

સ.૪૩ સિદ્ધ ભગવાનને ત્યાં ખાવું પીવું, પહેરવું, ઓઢવું, ગાનતાન માન સન્માન આદિ કશું નથી તો પછી સુખ શાનું ?

સ.૪૪ ત્યારે સાચું સુખ કોને કહેવાય ? મોક્ષમાં અનંત સુખ શેમાંથી મળે છે ?

સ.૪૫ સિદ્ધ આત્મા ફરીથી અવતાર જન્મ ધારણ કરે ?

સ.૪૬ સિદ્ધ ભગવાનને શરીર ન હોય તો આત્માનો કોઈ આકાર છે ?

સ.૪૭ સિદ્ધ આત્માને શરીર નથી તો અવગાહના શાની ?

સ.૪૮ વધુમાં વધુને ઓછામાં ઓછા કેટલા દેહપ્રમાણ વાળા મનુષ્ય સિદ્ધ થઈ શકે ? સિદ્ધશિલાપર એમની અવગાહના (દેહપ્રમાણ) કેટલી ?

સ.૪૯ સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર એકજને ?

સ.૫૦ દેરાસરમાં અક્ષતવડે જે સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્રનું પ્રતિક બનાવીએ છીએ તે બંને વચ્ચે જગ્યા કેમ છોડીએ છીએ ?

સ.૫૧ દેરાસરમાં આપણે જે સાથિઓ કરીએ છીએ તે સાંકેતિક ભાષામાં શું કહેવા માંગે છે તે સમજાવો.

સ.૫૨ જીવે ચાર ગતિમાંથી સૌથી વધારે ભવ કઈ ગતિમાં કર્યા છે ?

સ.૫૩ ચાર ગતિ કે સંસાર ક્યારથી શરૂ થયો હશેને ક્યારે બંધ થશે ?

સ.૫૪ ચાર ગતિમાં ભમતા જીવે સૌથી વધારે ભવ તિર્યંચ ના કર્યા છે એમ તમે શા પરથી કહો છો ?

સ.૫૫ ૬૨ લાખ યોનિ તિર્યંચની કહી તો તિર્યંચ ગતિમાં કઈ કઈ યોનિ ગણાય ?

સ.૫૬ ચાર ગતિના જીવોની સંખ્યા શું કદી વધઘટ થાય જ નહિ ?

સ.૫૭ 'જેમાં મૂઢ થયા તેમાં ગયા' એટલે શું ?

સ.૫૮ આપણો સૌથી વધુ પાલો એકેન્દ્રિય જીવ જોડે જ પડે છે એમાંથી મૂઢ થતાં બચવા શું કરવું ?

સ.૫૯ હાલના શાસ્ત્રો તો મહાવીરસ્વામી પછી ઘણા વખતે લખાયા એટલે તેમાં તીર્થંકરોના જ વચનો હશે કે નહિ એમ શંકા થાય છે ?

સ.૬૦ સૂત્ર અને સિદ્ધાંત એ બે એક છે ? તેમાં શું ભેદ છે ?

સ.૬૧ યોગ્ય કાળે શાસ્ત્ર વાંચવું એટલે શું ? એવું શા માટે ?

સ.૬૨ જે સમયે સ્વાધ્યાય ન થઈ શકે એવી ચોત્રીસ અસજઝાય જણાવો.

સ.૬૩ જૈન દર્શનના સિદ્ધાંતો કેવા છે ?

સ. ૬૪ મોક્ષમાર્ગ એકજ છે કે વધારે છે ?

સ.૬૫ મોક્ષની ઈચ્છાવાળાએ જાત, ગચ્છ કે નયનો આગ્રહ કરવો જોઈએ?

સ.૬૬ અત્યારે ધર્મસંબંધી જૈન સમાજની દશા કેવી વર્તે છે?

સ.૬૭ અત્યારે જૈન ધર્મમાં આટલા બધા મતપ્રવર્તે છે તેના મુખ્ય કારણો કયા છે?

સ.૬૮ આર્યધર્મ શું છે? બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

સ.૬૯ આત્માની રુચિ વાળો જીવ મરીને ક્યાં જાય ?

સ.૭૦ કેવા પ્રકારના દેવ થાય?

સ.૭૧ એકેન્દ્રિયમાંથી નીકળીને જીવ કઈ ગતિમાં જઈ શકે?

સ.૭૨ નરકમાંથી નીકળેલો જીવ કઈ ગતિમાં જઈ શકે?

સ.૭૩ દેવગતિમાંથી નીકળેલો જીવ કઈ ગતિમાં જઈ શકે ?

સ.૭૪ નરકના જીવ મરીને તરત નરક કે દેવલોકમાં ન જાય તેવી રીતે દેવલોકના જીવ પણ મરીને તરત દેવલોક કે નરકમાં ન જાય શા માટે?

સ.૭૫ સમ્યક્ દર્શન થયા પછી કોઈ નરકમાં જાય?

સ.૭૬ મનુષ્ય મરીને મનુષ્ય કેટલા જન્મ સુધી થઈ શકે?

સ.૭૭ ભવિષ્યના આયુકર્મનો બંધ કેવી રીતે થાય છે?

સ.૭૮ આયુષ્યકર્મનો બંધ કેવી રીતે થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો.

સ.૭૯ એક ભવમાં આગામી કેટલા ભવનું આયુષ્ય બંધાય ?

સ.૮૦ આખી જીંદગી ધર્મ વગેરે સારૂ કર્યું હોય ને આયુષ્ય કોઈ એવી ક્ષણે બંધાઈ ગયું કે તિર્યંચ કે નરક ગતિમાં ચાલ્યા ગયા તો આખી જીંદગી કરેલા ધર્મનું શું? બધું નકામું ગયું ?

સ.૮૧ ક્યારેક એવું દેખાય છે કે જીવનમાં અતિશય પાપ કરનારી વ્યક્તિ શાંત સમાધિયુક્ત મરણ પામતી દેખાય છે જ્યારે ધર્મી વ્યક્તિ ત્રાસ પામતી અસમાધિ મરણ પામતી દેખાય છે તેનું કારણ શું ?

સ.૮૨ આ વાત ઉદાહરણ આપી સમજાવો ?

સ.૮૩ કોઈ જીવ સિદ્ધગિરિ ઉપર કે તીર્થસ્થાનમાં દેહ છોડે અથવા તો કોઈ જીવને મૃત્યુ વખતે ખૂબજ ધર્મ સંભળાવ્યો હોય તો તેની ગતિ સારીજ થઈ હશે એમ કહી શકાય?

સ.૮૪ આ વાત ઉદાહરણ આપી સમજાવો.

સ.૮૫ મરતી વખતે સમાધિ કોને મળે?

સ.૮૬ મરતી વખતે જેનું મુખ એકદમ શાંત મુદ્રામાં હોય તેનું સમાધિ મરણ થયું કહેવાય?

સ.૮૭ મારા અંત સમયે મને કોઈ નવકાર સંભળાવનાર નહીં હોય તો મારી શું ગતિ થશે એની મને ચિંતા થાય છે.

સ.૮૮ શું નાગનાગણી નવકાર સાંભળી ધરણેન્દ્ર દેવ-દેવી ન બન્યા ?

સ.૮૯ આયુષ્ય ધોળના પરિણામે બંધાય છે એટલે શું ?

સ.૯૦ જીવને નીકળવાના દ્વાર કેટલા ?

સ.૯૧ આયુષ્ય ઓછું રહ્યું છે તે શા પરથી જણાય ?

સ.૯૨ આત્મા અવગતે ગયો છે કે ભટકી રહ્યો છે એમ કહે છે તે શું સાચું છે ?

સ.૯૩ મૃત્યુ પછી જીવ દેહત્યાગી કઈ ગતિએ કેવી રીતે ગમન કરે છે ?

સ.૯૪ જીવને એક શરીર ત્યાગી બીજા દેહમાં પહોંચતા ઘણો સમય લાગી જતો હશે ને ?

સ.૯૫ દેહ છૂટી ગયા પછી જીવને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું બળ ક્યાંથી મળે છે ?

સ.૯૬ મોક્ષે જતાં જીવોતો કર્મોથી બિલકુલ મુક્ત હોય છે તે સિદ્ધક્ષેત્ર સુધી કયા બળથી ગતિ કરે છે ? તે પાછા નીચે ન આવી જતાં ત્યાં સ્થિર કેવી રીતે રહે છે ?

સ.૯૭ તમે જવાબ નં. ૮૧માં કહ્યું કે 'જે ભવમાં જવાનું હોય ત્યાંની લેશ્યા છેલ્લે લેવા મૂકવા આવે' તે સમજાયું નહીં જરા બરાબર સમજાવો.

સ.૯૮ કોઈ આત્મજ્ઞાની મરણને સમયે બે શુદ્ધ થઈ જાય અથવા બકવાસ કરવા લાગે તો પણ તેને સમાધિ મરણ થાય ?

સ.૯૯ મુમુક્ષુને પ્રભુસ્મરણપૂર્વક જે મરણ થાય થે સમાધિ મરણ છે કે નહિ ?

સ.૧૦૦ અનસન કરવું જોઈએ કે નહિ ?

સ.૧૦૧ ઘણાના અકાળ મૃત્યુ થાય છે તે કેમ હશે ?

સ.૧૦૨ કોઈનું સ્વાસ્થ્ય વગેરે જોઈને આપણે એમ અપેક્ષા રાખીએ કે આ માણસ ૮૦ વર્ષ જીવશે. પણ ઝેર ખાઈને કે અકસ્માતથી જ્યારે તે માણસ ૪૦ વર્ષે મરી જાય છે ત્યારે એમ નથી કહેતા કે અકાળ મરણ થયું ?

સ.૧૦૩ અત્યારે આપણે જે આયુષ્ય ભોગવી રહ્યા છીએ એમાં ફેરફાર થઈ શકે કે નહી ?

સ.૧૦૪ નિરૂપક્રમ આયુષ્ય કોને હોય ?

સ.૧૦૫ એવા કયા કારણો લાગવાથી સોપક્રમ આયુષ્યવાળાના આયુકર્મના દલિકો જલ્દી ખરી જાય છે ?

સ.૧૦૬ એકભવમાં આગામી કેટલા ભવનું આયુષ્ય બંધાય ? આગલા ભવનું જે આયુષ્ય બંધાઈ ગયું હોય તેની સ્થિતિમાં ફેરફાર થઈ શકે ?

સ.૧૦૭ એક જીવ બીજા જીવનો ઘાત કરી શકે ? અથવા મૃત્યુથી બચાવી શકે ?

સ.૧૦૮ જીવો થોડું જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

સ.૧૦૯ આગ, ધરતીકંપ, અકસ્માત વગેરે પ્રસંગોમાં એકી સાથે ઘણા માણસો એકજ સમયમાં મૃત્યુ પામે છે તે કેવા કર્મને લીધે તેમ થતું હશે ?

સ.૧૧૦ એમ કહેવત છે કે ‘ભોગી કરતાં યોગી વધુ જીવે’ એવું શા માટે ?

સ.૧૧૧ મૃત્યુ સમયે કેવી ભાવના ભાવવી ? ( સાચવી રાખવા જેવો લેખ)

સ.૧૧૨ નરકતો ફક્ત બીક બતાવવા માટેનીજ વાત છે ને ? હકીકતમાં એવું કાંઈ છે જ નહિને ?

સ.૧૧૩ દેવલોક નરક બધા વિષે બધું જાણવાની આપણે શું જરૂર છે ?

સ.૧૧૪ મને એમ થાય છે કે ભલે ને ચારેય ગતિમાં આપણો જીવ ભટક્યા જ કરે... જ્યારે સુખ મળશે ત્યારે સુખ ભોગવી લેશું ને દુઃખ મળશે ત્યારે દુઃખ ભોગવી લેશું. મોક્ષમાં જવાની શું જરૂર છે ?

સ.૧૧૫ સંસાર એટલે જ દુઃખ એમ દ્રઢ પણે માનુ છું. બાહ્ય વસ્તુમાંથી મળતું સુખ એ સાચું સુખ નથી એમ પણ માનુ છું. જન્મ-મરણ એટલે જ દુઃખ એમ પણ માનું છું. પણ એ સમજણ નથી પડતી કે સિદ્ધ પદને પામ્યા પછી તો જીવ નિર્લેપ બની જાય છે. એકજ જગ્યાએ સ્થિર થઈ જાય છે. કોઈ પ્રવૃત્તિજ નથી તો પછી સુખ શાનું ?

સ.૧૧૬ દેવલોક એટલે આપણી ઉપર આકાશમાંજને ?

સ.૧૧૭ દેવોનો મુખ્ય પ્રકાર કેટલા ? કયા પ્રકારના દેવો ક્યાં રહે છે ?

સ.૧૧૮ ત્રણેય લોક સમજાવો.

સ.૧૧૯ મધ્યલોકમાં કોણ કોણ રહે છે ?

સ.૧૨૦ વ્યંતર અને વાણવ્યંતર દેવોના નામ આપો.

સ.૧૨૧ જૃંભકાદેવો વિશે સમજાવો. તેમના નામ અને કામ કહો ?

સ.૧૨૨ વ્યંતર નિકાયના દેવોનું અવધિજ્ઞાન કેટલું ? આયુષ્ય કેટલું ? વિષયસુખ કેવી રીતે ભોગવે ?

સ.૧૨૩ આ દેવ બનવાની તો મજા પડી જાય ? શું કરીએ તો આવા દેવ બનાય ?

સ.૧૨૪ આપણી નીચે અધોલોકમાં બીજા કયા દેવો રહે છે ? કયાં રહે છે ?

સ.૧૨૫ ભવનપતિ દેવોના નામ કહો ?

સ.૧૨૬ આ દેવો ભવનપતિ દેવ તરીકે કેમ ઓળખાય છે ? તેઓને કુમાર કેમ કહેવામાં આવે છે.

સ.૧૨૭ પરમધામી કોને કહેવાય ? તેઓના નામ આપો.

સ.૧૨૮ કેવા જીવો પરમાધામી દેવ બને ?

સ.૧૨૯ શું પરમાધામી દેવો પોતે પાપ કર્મ ન બાંધે ? તે કેવી રીતે ભોગવે ?

સ.૧૩૦ ભવનપતિ દેવોની ઉંચાઈ, આયુષ્ય તથા શ્વાસોશ્વાસ વિશે જણાવો.

સ.૧૩૧ દેવોનું શરીર કેવું હોય છે ?

સ.૧૩૨ ભવનપતિ દેવોનું અવધિજ્ઞાન કેટલું ?

સ. ૧૩૩ દેવો આહાર લે છે ? ભવનપતિ દેવો વિષયસુખ કેવી રીતે ભોગવે ?

સ. ૧૩૪ દેવોને વેદના થાય છે ?

સ. ૧૩૫ ભવનપતિ દેવોમાં કુલ કેટલા ઈંદ્રો છે ? કયા ?

સ. ૧૩૬ દેવોના જન્મ અને તેમની શક્તિ વિશે જણાવો.

સ. ૧૩૭ આમ તો દેવોની શક્તિનું આટલું સુંદર વર્ણન કરોછો ને પાછા દેવ બનવાની ઈચ્છા કરવાની ના પાડો છો આવો વિરોધાભાસ કેમ ?

સ. ૧૩૮ દેવોને ભલે રોગ ન હોય પણ રાગ જીવંત છે આ વાક્ય ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૧૩૯ ભવનપતિ દેવો અધોલોકમાં, વ્યંતર દેવો મધ્યલોકમાં, તો જ્યોતિષ્ક દેવો ક્યાં છે ?

સ.૧૪૦ જ્યોતિષ્ક દેવો કેટલા પ્રકારના ? તે જ્યોતિષ્ક કેમ કહેવાય છે ?

સ.૧૪૧ સૂર્ય પોતે આટલો ભયંકર ગરમ હોવા છતાં તેમાં રહેલ સૂર્ય નામના દેવો બળતા કેમ નથી ?

સ.૧૪૨ આ દેવો જ્યાં જાય ત્યાં (આ પૃથ્વી પર) આખું વિમાન લઈને જાય ?

સ. ૧૪૩ અઢીદ્વીપની બહાર જયાં સૂર્ય હોય ત્યાં સૂર્ય ને ચંદ્ર હોય ત્યાં ચંદ્ર છે (સ્થિર) તો ત્યાં રાતદિવસ નથી ?

સ. ૧૪૪ જ્યોતિષ્ક દેવોનું અવધિજ્ઞાન તથા વિષયસુખ વિશે કહો.

સ. ૧૪૫ આપણે બીજના ચંદ્રના દર્શન કેમ કરીએ છીએ ?

સ. ૧૪૬ કયા ચાર ભગવાન શાશ્વત છે ? તે શાશ્વત કેમ કહેવાય ?

સ. ૧૪૭ વૈમાનિક દેવો કયાં રહે ? કેટલા પ્રકારના ? કયા કયા ?

સ. ૧૪૮ બાર દેવલોકના નામ કહો. તે દેવલોક કેટલા ઉંચા છે ?

સ. ૧૪૯ બારેબાર દેવલોક કેવા આકારે છે ? દરેકમાં કેટલા વિમાનો છે ?

સ. ૧૫૦ આ દેવો વૈમાનિક કેમ કહેવાય ? તે વિમાનો કેવા છે ? શેના આધારે રહે છે ?

સ. ૧૫૧ બાર દેવલોકના કેટલા ઈંદ્રો છે ?

સ. ૧૫૨ બારે દેવલોકની રાજધાનીઓ ક્યાં છે ?

સ. ૧૫૩ પહેલા દેવલોકના ઈન્દ્ર-શકેન્દ્ર અને બીજાના ઈશાનેન્દ્રને કેટલી દેવીઓ છે ?

સ. ૧૫૪ બાર દેવલોકના દેવો વિષયસુખ કેવી રીતે ભોગવે ?

સ. ૧૫૫ અપરિગ્રહિતા દેવી એટલે કેવી ?

સ. ૧૫૬ ઈંદ્રાણી બનવાનું તો કોને મન ન થાય ?

સ. ૧૫૭ ૧ થી ૧૨ દેવલોકના દેવોનું આયુષ્ય શ્વાસોચ્છ્વાસ અને ઉંચાઈ વિશે જણાવો.

સ. ૧૫૮ બારદેવલોકના દેવોનું અવધિજ્ઞાન કેટલું ?

સ. ૧૫૯ કિલ્બીષિક દેવો વિશે જણાવો. તેમના વિમાનો ક્યાં આવેલા છે ?

સ. ૧૬૦ કેવા લોકો કિલ્બીષિક દેવ બને ?

સ. ૧૬૧ નવ લોકાંતિક દેવોના નામ આપો. તેઓના વિમાન કયાં આવેલા છે ?

સ. ૧૬૨ તેઓ લોકાંતિક કેમ કહેવાય છે ? શું તેઓ સમકિતિ દેવો છે ?

સ. ૧૬૩ કિલ્બીષિક દેવો મિથ્યાત્વી છે ?

સ. ૧૬૪ નવ ગૈવેયક દેવોના વિમાન ક્યાં આવેલા છે ? તેમના નામ આપો.

સ. ૧૬૫ અનુત્તર વિમાનો ક્યાં આવ્યા ? સર્વાર્થ સિદ્ધ નામ કેમ પડયું ? તે અનુત્તર કેમ કહેવાય ?

સ. ૧૬૬ બાકીના ચાર અનુત્તરવાસી દેવોને નવગ્રૈવેયક બધા નિશ્ચયથી મોક્ષે જ જાય ?

સ. ૧૬૭ કલ્પાતીત એટલે શું ? કયા દેવો કલ્પાતીત કહેવાય ?

સ. ૧૬૮ અનુત્તરવાસી અને નવગ્રૈવેયક દેવોના આયુષ્ય, શરીર, શ્વાસોશ્વાસ, આહાર, અવધિજ્ઞાન વિશે જણાવો.

સ. ૧૬૯ દેવના કુલ કેટલા ભેદ થયા ?

સ. ૧૭૦ સાત નરકના નામ કહો.

સ. ૧૭૧ આ સાતેય પૃથ્વીઓ ક્યાં આવેલી છે.

સ. ૧૭૨ દરેક પૃથ્વીમાં કેટલા નરકાવાસા છે ?

સ. ૧૭૩ નરકાવાસા પૃથ્વીમાં કઈ જગ્યાએ આવેલા છે ?

સ. ૧૭૪ દરેક નરકાવાસાનો વિસ્તાર કેટલો છે ?

સ. ૧૭૫ નારકો ક્યાં ઉપજે ? કેવી રીતે ? તેમનું આયુષ્ય કેટલું ? તેમનું શરીર કેવું હોય ?

સ. ૧૭૬ નરકભૂમી સંજીવની કેમ કહેવાય છે ?

સ. ૧૭૭ નારકોમાં કેટલા પ્રકારની વેદના હોય છે ?

સ. ૧૭૮ ખરેખર આવું નરક જેવું કાંઈ હશે ?

સ. ૧૭૯ નરકમાં જીવ ધર્મ સન્મુખ થઈ શકે ખરો ?

સ. ૧૮૦ નરકમાં પણ કોઈને સમકિત થાય ખરૂં ? સમકિતિ આત્મા નરકમાં કેવી રીતે રહે ?

સ ૧૮૧ નયસારના ભવથી ભગવાન મહાવીરના ભવ સુધીના ૨૭ ભવ તો મોટા ભવ થયા બાકી નાના ભવતો અસંખ્ય થયાં. આ વાત સાચી છે ? શા માટે ?

સ. ૧૮૨ ભગવાનનું ઉદાહરણ જોઈને આપણે શું શીખવાનું ?

સ. ૧૮૩ મોક્ષતો પાંચમાં આરામાં મળવાનું નથી પછી સાધના કરીને શું કરવાનું ?

સ. ૧૮૪ સંગમ નામના દેવે ભગવાનને આટઆટલા અસહ્ય ઉપસર્ગો કર્યા, ગોવાળે કાનમાં ખીલા ઠોક્યા, છતાં ભગવાન કેમ શાંત રહ્યા ? તેનો પ્રતિકાર કેમ કર્યો નહિ ? સામેલાનો જુલમ ચૂપચાપ સહન કરી લેવો એ શું બાયલા પણું નથી ?

સ. ૧૮૫ એવી શક્તિ મહાવીરમાં ક્યાંથી આવી ?

સ. ૧૮૬ ગૌશાલા એ ભગવાન પર છોડેલી તેજોલેશ્યા એમના શરીરમાં પ્રવેશીને એમનું મૃત્યુ કેમ નીપજાવી શકી નહી ? એજ તેજોલેશ્યાએ પ્રભુને આંટા મારીને શરીરમાં પિત્તપ્રકોપ કેમ કર્યો ?

સ. ૧૮૭ મને ભગવાનની આંગી કરવી ખૂબજ ગમે છે. હમણાં મને એકજણે કહ્યું કે આવી ગરમીમાં ભગવનની મખમલને ઉનની આંગી કરો તો ભગવાનને ખૂબજ ગરમી લાગે ને આશાતના થાય... તો મારે શું કરવું ?

સ. ૧૮૮ આપણા પૂર્વાચાર્યોએ ૪૮ મિનિટના સામાયિક ધર્મની રચના કેમ કરી ?

સ. ૧૮૯ સામાચિકની પૂર્વભૂમિકા સમજાવો.

સ. ૧૯૦ મનને કાબુમાં લેવા માટે શું કરવું ?

સ. ૧૯૧ સામાયિક મોક્ષનું કારણ કઈ રીતે ?

સ. ૧૯૨ શબ્દાર્થને ભાવાર્થથી સાચું સામાયિક સમજાવો.

સ. ૧૯૩ તો શું અમે જે દરરોજ વ્યવહાર સામાયિક કરીએ છીએ તે છોડી દેવી ?

સ. ૧૯૪ સામાયિકમાં અંતઃમુખતાના અભ્યાસથી આખું જીવન રૂપાંતરિત થાય ?

સ. ૧૯૫ પુણ્યાશ્રાવકનું સામાયિક કેવું હતું ?

સ. ૧૯૬ સામાયિકમાં સ્વાધ્યાય કરવાનું કેમ કહ્યું છે ?

સ. ૧૯૭ સામાયિકમાં મન-વચન-કાયાથી સ્થિર થવાનું છે તો એક બેહોશીનું ઈંજેકશન લઈ લઈએ તો કલાક બે કલાકનું સામાયિક ન થઈ જાય ?

સ. ૧૯૮ પ્રતિક્રમણમાં કેમ બોલવાનું ને ક્રિયા કરવાની હોય છે ?

સ. ૧૯૯ આપણે પણ સામાયિક પાળતી વખતે સામાયિક દરમ્યાન લાગેલા દોષોની માફી માંગી લઈએ છીએ પછી સામાયિકમાં દોષ લાગી જાય તો વાંધો નહિને ?

સ. ૨૦૦ શું એ.સી.માં બેસીને સામાયિક થઈ શકે ?

સ. ૨૦૧ તપ શબ્દનો અર્થ સમજાવો.

સ. ૨૦૨ ઉપવાસમાં આપણે ભોજન તો લેતા નથી, પછી ભોજનના વિચાર કર્યા તેમાં શું બગડી ગયું ?

સ. ૨૦૩ ભોજન છોડવાથી ચેતના કેવી રીતે વધે છે ?

સ. ૨૦૪ જૈન દર્શનમાં ઉપવાસનું મહત્વ શું છે ?

સ. ૨૦૫ અનસનાદિ તપથી નિર્જરા થાય ? (નિર્જરા એટલે કર્મ ખપવા)

સ. ૨૦૬ તત્વાર્થ સૂત્રમાં તપસા નિર્જરા ચ એમ શા માટે કહ્યું છે ?

સ. ૨૦૭ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે, તત્વજ્ઞાન વિના કેવળ તપથી મોક્ષ ના થાય તેનું શું કારણ ?

સ. ૨૦૮ ઉપવાસથી પુણ્ય બંધાય છે ને પુણ્યને તો પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે ને ?

સ. ૨૦૯ તપ કરવાથી ભૌતિક સુખતો મળે છે ને ?

સ. ૨૧૦ ઉપવાસ એટલે શારીરિક કસરત જ ને ?

સ. ૨૧૧ ઉપવાસના પારણા પછી બધી ઈંદ્રિય બમણું જોર કેમ કરે છે ?

સ. ૨૧૨ જો ઉપવાસથી કર્મની નિર્જરા નથી તો મહાવીરે શું કામ આટલા ઉપવાસ કર્યા ?

સ. ૨૧૩ મહાવીરે જે ક્રમથી બાર પ્રકારના તપ બતાવ્યા તે ક્રમથી પહેલું અનસન તપ બરાબર આત્મસાત થાય પછી બીજા પર જઈએને ?

સ. ૨૧૪ પચ્ચખાણ લઈને તપ ન થાય ને તોડી નાખીએ તો શું થાય ?

સ. ૨૧૫ મહાવીરે તપમાં 'દમન' શબ્દ કેમ વાપર્યો છે ? દમન એટલે તો દબાવી દેવું, વૃત્તિઓને દબાવી દેવાથી તો સ્પ્રિંગની જેમ એ ડબ્બલ જોરથી ઉછળશે.

સ. ૨૧૬ તપસ્વીને શાતા પુછવાનો રિવાજ કેમ છે ?

સ. ૨૧૭ તપથી શરીર સાથેનું મારાપણું કેવી રીતે તૂટે છે ?

સ. ૨૧૮ છ બાહ્ય ને છ અભ્યંતર તપના નામ આપો.

સ. ૨૧૯ અનસન તપ અઘરૂં કે ઉણોદરી ?

સ. ૨૨૦ ખરેખર ઉણોદરી વ્રત કેવી રીતે થાય તે સમજાવો.

સ. ૨૨૧ થોડી જગ્યા પેટમાં ખાલી રાખવા માટેનું રહસ્ય શું છે ?

સ. ૨૨૨ દરેક ઈંદ્રિયને પેટ છે, તેને પણ ઉણોદરી વ્રત લાગુ પડે છે તે કેવી રીતે ?

સ. ૨૨૩ 'વૃત્તિસંક્ષેપ' તપ જરા વિસ્તારથી સમજાવો.

સ. ૨૨૪ વૃત્તિઓ કેવી રીતે સંક્ષેપ પામે ?

સ. ૨૨૫ ચોથા નંબરનો બાહ્યતપ રસત્યાગ એટલે ક્યારેક ખટાશ છોડો, ક્યારેક મીઠાશ છોડો, ક્યારેક ઘી છોડો એમજને ?

સ. ૨૨૬ મન અને ચેતના વચ્ચેનું ઐક્યપણું કેવી રીતે તોડવું ?

સ. ૨૨૭ પાંચમું બાહ્યતપ કાયક્લેશ એટલે કાયાને કષ્ટ આપવું ?

સ. ૨૨૮ છઠ્ઠો બાહ્યતપ 'સંલીનતા' વિસ્તારથી સમજાવો.

સ. ૨૨૯ ભીતરમાં જવા માટે શું કરવું પડશે ?

સ. ૨૩૦ ઉર્જા એટલે શું ? એનું ઉર્ધ્વગમન કેવી રીતે થાય ?

સ. ૨૩૧ ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવાય ?

સ. ૨૩૨ જૈન ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું ?

સ. ૨૩૩ જૈનોના દેવોએ કહેલો તેજ ધર્મ અને બીજા દેવોએ કહેલો તે ધર્મ નહીં તેવું કેમ ? અથવા જૈન ધર્મ સર્વોપરિ કેમ ?

સ. ૨૩૪ દુનિયાના બીજા ધર્મનાયકોને મનાય કે નહી ? તેમનામાં શું ખામી હોય ?

સ. ૨૩૫ મોક્ષનું સ્વરૂપ શું ?

સ. ૨૩૬ અ જૈનો મોક્ષમાં જઈ શકે કે નહિ ? ના જઈ શકે તો તેનું કારણ શું ?

સ. ૨૩૭ ધારોકે ઈશ્વરને આ જગતનો કર્તા ના માનીએ - જગત અનાદિ-અનંત છે તો તેની દેખરેખ માટે કોઈ નિયામક ખરો ?

સ. ૨૩૮ મનુષ્ય જન્મનું ફળ શું ગણાય ? આત્માનું કલ્યાણ કેવી રીતે થાય ?

સ. ૨૩૯ જીનેશ્વર ભગવંત કોને કહેવાય ? કેટલા પ્રકારના ને કેવા ? સ્વરૂપે હોય ? પંચ પરમેષ્ઠિ ભગવંત કોને કહેવાય ?

સ. ૨૪૦ દેવ-દેવી કોને કહેવાય ? તેમની પૂજા થાય કે નહિ ?

સ. ૨૪૧ શ્રાવક પણું કોને કહેવાય ?

સ. ૨૪૨ આવા તિર્યંચ શ્રાવકો કયાં છે ?

સ. ૨૪૩ કેટલી પ્રકારના પ્રાણીઓ છે ? કેટલી ઈંદ્રિયવાળા સ્થાવર જીવો કહેવાય ?

સ. ૨૪૪ એકેન્દ્રિય જરા ઉંડાણથી સમજાવો.

સ. ૨૪૫ બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૨૪૬ ઈંડુ શું છે ? શું શાકાહારી ઈંડા હોઈ શકે ?

સ. ૨૪૭ પૃથ્વી, પાણી, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય સ્થાવર જીવોમાં સૌથી સૂક્ષ્મ કોણ ?

સ. ૨૪૮ કેવી પ્રવૃત્તિ કરવાથી જીવો નરક કે તિર્યંચ ગતિમાં જાય છે ?

સ. ૨૪૯ દેવગતિ કે મનુષ્ય ગતિમાં શું કરવાથી જાય ?

સ. ૨૫૦ મનુષ્યના મુખ્ય બે ભેદ કયા ?

સ. ૨૫૧ પર્યાપ્તાને અપર્યાપ્તા જીવ કોને કહે છે ?

સ. ૨૫૨ મનુષ્યપણું મોંઘું કેમ કહ્યું છે ? આવું મોંઘું મનુષ્યપણું પામીને શું કરવું ?

સ. ૨૫૩ પંચાશક ગ્રંથમાં કહ્યું છે કે, 'જત્થ આસત્તિ તત્થ ઉત્પત્તિ' આ વાક્ય ઉદા. સાથે સમજાવો.

સ. ૨૫૪ એકેન્દ્રિયમાંથી બહાર કેવી રીતના આવ્યા ?

સ. ૨૫૫ આપણે સાચા હોઈએ તો અન્યાય કેમ સહન થાય ?

સ. ૨૫૬ આત્મા અરૂપી છે તો આત્માનું જ્ઞાન કેમ થઈ શકે ?

સ. ૨૫૭ આત્મ પ્રદેશ એટલે શું ? આત્મામાં રૂચક પ્રદેશ એટલે શું ? તે કેટલા ?

સ. ૨૫૮ જીવના કેટલા ભેદ ? ચાર ગતિમાં ભમતા જીવોના પ્રકાર કહો.

સ. ૨૫૯ આત્મા કોણે અનુભવ્યો કહેવાય ?

સ. ૨૬૦ મન એ શું છે ? મન જીવ છે ? અજીવ છે ? રૂપી છે ? અરૂપી છે ?

સ. ૨૬૧ પાંચ ઈન્દ્રિયો શી રીતે વશ થાય ?

સ. ૨૬૨ કયા કયા ક્ષેત્રમાંથી ક્યારે જીવો સિદ્ધ થઈ શકે ?

સ. ૨૬૩ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન જ કેમ ?

સ. ૨૬૪ ચૌદ રાજલોક શું છે ? લોકાલોક સમજાવો.

સ. ૨૬૫ 'લોક' કોના આધારે રહેલું છે ?

સ. ૨૬૬ 'મધ્યલોક', ઉર્ધ્વલોકને અધોલોક ક્યાં છે ? કેવડા છે ? તેમાં કોણ રહે છે ?

સ. ૨૬૭ અઢી દ્વીપમાં જ મનુષ્ય વસે છે તે અઢી દ્વીપ કયા કયા ?

સ. ૨૬૮ કર્મભૂમિને અકર્મભૂમિ એટલે શું ?

સ. ૨૬૯ અઢીદ્વીપના કર્મભૂમીના ૧૫ ક્ષેત્રને અકર્મભૂમિના ૩૦ ક્ષેત્રના નામ આપો.

સ. ૨૭૦ પુષ્કરદ્વીપમાં આવેલા પર્વતનું નામ 'માનુષોત્તર' કેમ પાડયું ?

સ. ૨૭૧ મનુષ્યલોક સમજાઈ ગયા પછી આપણી જાત માટે આપણે શું વિચારવાનું ?

સ. ૨૭૨ મહાવિદેહમાં કોઈ નરકે ન જાયને ? ત્યાં તો સદાકાળ ચોથો આરો પ્રવર્તે છે ને ? સદાકાળ તીર્થંકર પરમાત્માની હાજરી હોય છે ને ?

સ. ૨૭૩ ઘેર બેસીને સીમંધર સ્વામીને યાદ કરીએ કે દેરાસરમાં જઈને યાદ કરીએ એમાં ફરક ખરો ?

સ. ૨૭૪ નમસ્કાર વિધિ કેવી હોવી જોઈએ ?

સ. ૨૭૫ અહીં ત્રીજા ચોથા આરામાં તીર્થંકર થાય છે તે હિન્દુસ્તાનમાં જ થાય કે બીજે ક્યાંય ?

સ. ૨૭૬ શલાકા પુરૂષો કોને કહેવાય ? કેટલા હોય ? કયા કયા ?

સ. ૨૭૭ બાર ચક્રવર્તીના નામ આપો અને તેઓનો વૈભવ કહો.

સ. ૨૭૮ ચક્રવર્તી મરીને કઈ ગતિમાં જાય ? આટલો બધો ભોગ ભોગવનાર તો નરકેજ જવો જોઈએ.

સ. ૨૭૯ વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળદેવ મરીને કઈ ગતિમાં જાય ?

સ. ૨૮૦ જે જીવો દીક્ષા અંગીકાર કરે છે તે સંસાર ભ્રમણથી છૂટી જશે ?

સ. ૨૮૧ 'નમોલોએ સવ્વ સાહૂણ' માં 'સવ્વ' ના અર્થમાં તો બધાજ સાધુઓ આવી ગયાને ? પછી ભલે તે વેશધારી જૈન સાધુ હોય કે સાચો સાધુ હોય કે જૈનેત્તર સાધુ હોય ?

સ. ૨૮૨ શરીર કેટલા પ્રકારના ? ક્યા કયા ? આપણું શરીર કયા પ્રકારનું ?

સ. ૨૮૩ વૈક્રિય શરીર કેવું હોય ? કોને હોય ?

સ. ૨૮૪ આહારક શરીર કોને કહે છે ?

સ. ૨૮૫ વર્તમાનકાળમાં આ ક્ષેત્રથી બીજી કઈ કઈ વસ્તુઓ વિચ્છેદ ગઈ છે ?

સ. ૨૮૬ તૈજસ શરીર કોને કહે છે ?

સ. ૨૮૭ કાર્માણ શરીર કોને કહે છે ?

સ. ૨૮૮ એક જીવને એક સાથે કેટલાં શરીરનો સંયોગ હોઈ શકે ?

સ. ૨૮૯ આભા મંડળ એ શું છે ?

સ. ૨૯૦ આભામંડળ ઘનિષ્ઠ કેવી રીતના બને ?

સ. ૨૯૧ મંત્રશક્તિ આભામંડળને કેવી રીતે બદલે છે ?

સ. ૨૯૨ નવકાર મંત્ર સવ્વપાવ્વ પણાસણો કેવી રીતે ? શું કોઈ ચોર કે હત્યારો પાપ કરતો જાય ને નવકાર બોલતો જાય તો તેના બધા પાપ નાશ પામી જશે ?

સ. ૨૯૩ આપણા નમસ્કારથી, પંચપરમેષ્ઠીને કોઈ ફાયદો ખરો ?

સ. ૨૯૪ મા-બાપને પગે શા માટે લાગવું જોઈએ ?

સ. ૨૯૫ પ્રકૃતિએ પહેલેથી જ શુભ કરવા માટે વધારે શક્તિ આપી છે ને અશુભ કરવા માટે ઓછી. પરંતુ જગતમાં વધારે અશુભ જ બનતું દેખાય છે એમ શા માટે ?

સ. ૨૯૬ આપણે જોઈએ છીએ કે જે માણસ ન્યાય, નીતિ, ધર્મથી ચાલે છે તે દુઃખી થતો દેખાય છે ને અધર્મ, અનીતિ, કાળાબજાર કરવા વાળાને ઘરે સુખસમૃદ્ધિ હોય છે એવું કેમ ?

સ. ૨૯૭ બે વ્યક્તિ એક સરખું કાર્ય એકજ સમયે કરે છે છતાં એકનું હળવું કર્મ બંધાય છે જ્યારે બીજાનું ભારે કર્મ એવું કઈ રીતે ?

સ. ૨૯૮ નિકાચિત કર્મો એટલે શું ?

સ. ૨૯૯ આત્માના પ્રદેશ કેટલા છે ? શરીરમાં ક્યાં છે ? કર્મપુદ્‌ગલો આત્માના કેટલા પ્રદેશો સાથે બંધાઈ જાય છે ?

સ. ૩૦૦ જીવ પોતે ચેતન છે અને કર્મ જડ છે, તો પછી જીવને કર્મ વળગ્યા કેવી રીતે ?

સ. ૩૦૧ કર્મના મુખ્ય ત્રણ તત્વ કયા ?

સ. ૩૦૨ કર્મરૂપે રહેલા પરમાણુ કોઈ જોઈ શકાય છે ?

સ. ૩૦૩ જીવ અને કર્મ એકમેક હોય તો શું જીવ તે કર્મથી મુક્ત થઈ શકે ખરો ?

સ. ૩૦૪ શું જીવ ક્ષણે ક્ષણે કર્મ બંધ કરે છે ?

સ. ૩૦૫ જો આમ બને તો જીવ ઉંચે વીતરાગ માર્ગની સન્મુખ ક્યારે થાય ?

સ. ૩૦૬ જીવ કાંઈ પણ પ્રવૃત્તિ કરે તે કર્મ બંધનું કારણ છે ?

સ. ૩૦૭ ઉદીરણા એટલે શું ? નિર્જરા કરવી એટલે શું ?

સ. ૩૦૮ કર્મ પરમાણુ ફળ આપીને ખરી જાય કે ફળ આપ્યા વગર ખરી જાય ? કેવી રીતે ?

સ. ૩૦૯ એકવાર કર્મનો બંધ પડી ગયા છતાં શું એમા ફેરફાર થઈ શકે ?

સ. ૩૧૦ બધા કર્મોમાં જબરજસ્ત કર્મ કયુ હશે ?

સ. ૩૧૧ કર્મની વિચિત્રતા જે જગતમાં દેખાઈ રહી છે તે એકાદ ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૩૧૨ આત્મા આટલા હિમાલય જેટલા કર્મોના ઢગલા લઈને ફરે છે તે કેવી રીતે ? તે કર્મો ક્યારે ભોગવટામાં આવે ? એકાદ ઉદા. સાથે કહો.

સ. ૩૧૩ પ્રારબ્ધ કર્મ કોને કહે છે ?

સ. ૩૧૪ પ્રારબ્ધમાં હોય તેમ થાય છે, તો પછી પુરૂષાર્થની શું જરૂર ?

સ. ૩૧૫ એક આત્મા મોક્ષે ગયો ત્યારે બીજો કોઈ નહિ પણ આપણો જ આત્મા નિગોદમાંથી બહાર નીકળ્યો તેનું કારણ ફક્ત ભવિતત્યતા (નિયતિ, હોનહાર) જ ને ?

સ. ૩૧૬ આપણો મોક્ષ કયારે છે તે તો કેવળીના જ્ઞાનમાં આવી ગયેલું જ છે પછી પુરૂષાર્થ કરવાની શું જરૂર છે ?

સ. ૩૧૭ સંઘયણ એટલે શું ? તે કેટલા છે ? કયા કયા ?

સ. ૩૧૮ દરેક સંઘયણ કેવું હોય તે જણાવો.

સ. ૩૧૯ સંસ્થાન એટલે શું ? તેના દરેક પ્રકાર સમજાવો.

સ. ૩૨૦ ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળના છ એ છ આરાના નામ કહો.

સ. ૩૨૧ અવસર્પિણી તથા ઉત્સર્પિણી એટલે શું ?

સ. ૩૨૨ ક્રોડાક્રોડી સાગરોપમ એટલે કેટલા વર્ષ ?

સ. ૩૨૩ અવસર્પિણીનો પહેલો અને બીજો આરો સમજાવો.

સ. ૩૨૪ ત્રીજો આરો 'સુષમ-દુઃષમ' વિષે સમજાવો.

સ. ૩૨૫ ચોથા આરા વિષે જણાવો.

સ. ૩૨૬ પાંચમા આરા વિષે જણાવો. આપણે અત્યારે કયા આરામાં છીએ ?

સ. ૩૨૭ છઠ્ઠો આરો બેસતા શું થશે ?

સ. ૩૨૮ છઠ્ઠા આરા વિષે જણાવો.

સ. ૩૨૯ આ જે આરા વિષે જણાવ્યું તે અવસર્પિણી કાળના, પણ ઉત્સર્પિણી કાળના આરા કેવા હશે ?

સ. ૩૩૦ ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ તથા મહાવિદેહ ક્ષેત્રમાં કેવા આરા હોય છે ?

સ. ૩૩૧ દરેક આરાના ભોજન સમય કહો. (અવસર્પિણીના)

સ. ૩૩૨ અત્યારે આ પાંચમા આરામાં કેવું વર્તન હશે તે બાબત સત્‌પુરૂષોએ શું કહ્યું છે ?

સ. ૩૩૩ જ્ઞાનના પ્રકાર કહો. બે પરોક્ષ જ્ઞાન વિષે સમજાવો.

સ. ૩૩૪ ત્રણેય પ્રત્યક્ષ જ્ઞાન વિષે સમજાવો.

સ. ૩૩૫ કેવળીનો દિવ્યધ્વનિ શું છે ?

સ. ૩૩૬ કયા અક્ષરો મળીને ૐ શબ્દ થાય છે ?

સ. ૩૩૭ અરિહંતે તો ચારજ કર્મ ખપાવ્યા છે ને સિદ્ધ ભગવંતોએ આઠ કર્મ ખપાવીને મોક્ષે ગયા છે તો નવકાર મંત્રમાં અરિહંતનું સ્થાન પ્રથમ કેમ ?

સ. ૩૩૮ વર્તમાનકાળે આ ક્ષેત્રે કોઈ વિહરમાન તિર્થંકર નથી તો 'નમોઅરિહંતાણં' પદથી કોને નમસ્કાર કરીએ છીએ ?

સ. ૩૩૯ નવકારવાળીમાં ૧૦૮ પારા કેમ હોય છે ?

સ. ૩૪૦ અનુબંધ એટલે શું ?

સ. ૩૪૧ પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કોણે બતાવી છે ? તે કોને ઉપયોગી છે ? મેં એવું સાંભળ્યું છે કે તે બધાને ઉપયોગી નથી.

સ. ૩૪૨ આજે કેટલાક વર્ગ ક્રિયાઓ જડ છે તેમ કહીને તેની ઉપેક્ષા કરે છે તે યોગ્ય છે ?

સ. ૩૪૩ પ્રતિક્રમણ કયા સમયે કરવું જોઈએ ? સાંવત્સરિક પ્રતિક્રમણ આટલું જલ્દી કેમ કરી લેવામાં આવે છે ? ખોટું કરવું એના કરતાં તો ન કરવું સારૂં ને ?

સ. ૩૪૪ પ્રતિક્રમણમાં કોઈ કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી નો તો કોઈ 'સાગરવર ગંભીરાસુધી' તો કોઈ પૂર્ણ કેમ ? કાઉસગ્ગને શ્વાસોચ્છ્વાસ સાથે શું સંબંધ ?

સ. ૩૪૫ આપણા નજદીકના વ્યક્તિઓજ આપણને વધુ દુઃખ આપતા હોય છે તેનું કારણ શું ? તેવે વખતે શું કરવું ?

સ. ૩૪૬ હૃદયમાં ખરેખર ક્ષમાધર્મ જાગૃત થયો હોય, ને સામેલાની ક્ષમા માંગવા જાઓ તો ઘણીવાર સામેલો ઉલટો ચગે છે કે 'જોયું, તે ખોટો હતો એટલે માફી માંગવા આવ્યો ' તો શું કરવું ?

સ. ૩૪૭ બધા કહે છે કષાયો દૂર કરો. ક્રોધ ઓછો કરો. પણ કેવી રીતે કરવું તે કોઈ કહેતું નથી.

સ. ૩૪૮ મોટા મોટા આચાર્યોને ઉપદેશકોનેય ક્રોધ આવતો હોય તો આપણને તો આવેજને ?

સ. ૩૪૯ સમકિતી દેવી 'નાંણદેવીમાં' આરાધના કરતાં પણ કયો ઉત્તમ માર્ગ બતાવે છે ?

સ. ૩૫૦ સમભાવી દેવી 'નાંણદેવી' ક્રોધ વિષે શું કહે છે ?

# તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબ નો સંગ્રહ

**સ.૧ આ જગત કોણે બનાવ્યું ?**

જ.૧ આ જગતનો કોઈ કર્તા નથી. જગત અનાદિ-અનંત છે. એટલે કે અનંતા વર્ષોથી છે અને અનંતાકાળ સુધી રહેશે. વિજ્ઞાન પણ એ વાત માને છે કે આ જગતમાં કોઈ ચીજ બનાવાઈ હોય એવું લાગતું નથી કે કોઈ ચીજ નષ્ટ પણ થતી નથી. ફક્ત ચીજમાં નિરંતર રૂપાંતર થયા કરે છે.

**સ.૨ તો શું ભગવાને આ જગત નથી બનાવ્યું ?**

જ.૨ ના. કેમકે જો એમ માનવામાં આવે કે ભગવાને આ જગત બનાવ્યું તો પછી ભગવાનને કોણે બનાવ્યા ? વળી ભગવાને જગત શું કામ બનાવ્યું ? શું એમને જગત બનાવવાની ઈચ્છા થઈ ? જો ભગવાન જ ઈચ્છા વગર ન રહી શકે તો માનવ ઈચ્છા રહિત કેવી રીતના રહી શકે ? શું જગત બનાવ્યા વગર ભગવાનનેચેન નહોતું પડતું ? જેમ એક ચિત્રકારને ચિત્ર બનાવ્યા વગર ચેન ન પડે તેમ ? માટે ભગવાને જગત બનાવ્યું તે કલ્પના બાલિશ છે. જો ભગવાન જગત બનાવેતો એ કર્તા થઈ જાય. જો કર્તા થાય તો ભોક્તા પણ બનવું પડે. તો પછી એ ભગવાન કેમ કહેવાય ? જો ભગવાને જગત બનાવ્યું હોય તો બધા એકસરખા હોવા જોઈએ. કોઈ સુખી તો કોઈ દુઃખી કેમ ? કોઈ અપંગ તો કોઈ સંપૂર્ણ કેમ ? શું ભગવાન પણ ભેદભાવવાળા છે ? માટે એ તર્કસિદ્ધ છે કે ભગવાને આ જગત નથી બનાવ્યું. વળી જો કોઈ એમ કહેતું હોય કે આ જગત ભગવાને બનાવ્યું પણ ભગવાનને કોઈએ નથી બનાવ્યા તો એ નક્કી થઈ ગયું કે આ જગતમાં એવું કાંઈક છે જે કોઈએ નથી બનાવ્યું તો પછી આખું જગત જ કોઈએ નથી બનાવ્યું એમ માનવામાં શું અડચણ છે ?

**સ.3 જગતમાં આટલી વિવિધતા કેમ દેખાય છે ?**

જ.3 કારણકે જગતમાં દરેક જીવ કર્મને આધીન છે. દરેકનો આત્મા સ્વયંજ પોતે કરેલા પાપ-પુણ્ય કર્મના આધારે પોતેજ પોતાના શરીરની રચના કરે છે. આત્મા કેવું શરીર ધારણ કરશે, કોણ એના મા-બાપ, ભાઈ-બહેન બનશે, કયા કુટુંબમાં જન્મ લેશે, જીવન દરમ્યાન કેટલું સુખ દુઃખ

પ્રાપ્ત કરશે, બધું જ આત્માએ પોતેજ કરેલા શુભ-અશુભ કર્મ પ્રમાણેજ નક્કી થાય છે. માટે આ જગતની વિચિત્રતા જોઈ કાંઈજ આશ્ચર્ય પામવા જેવું નથી. 'જગત જીવ હૈ કર્માધીના અચરીજ કછુઅ ન લીના'.

**સ.૪ જીવ ક્યાંથી આવ્યો ? પહેલા જીવ હતો કે પહેલા કર્મ ?**

**જ.૪** જો એમ માનવામાં આવે કે પહેલા જીવ હતો પછી કર્મ એને આવીને વળગ્યા તો પછી પહેલા જીવ કર્મરહિત એટલે કે શુદ્ધ-બુદ્ધ હતો તો પછી મોક્ષે કેમ ચાલ્યો ન ગયો કે જો એમ માનવામાં આવે કે પહેલાં કર્મ હતું પછી જીવ તો જીવ વગર કર્મ કર્યા કોણે ? જ્ઞાની કહે છે કે અનાદિકાળથી કર્મ જીવની સાથે જ લાગેલા છે. જેમ ખાણમાંથી સોનું કાઢવામાં આવે તો તેની સાથે માટી અશુદ્ધિઓ ભળેલીજ હોય છે. કોઈ કહી ન શકે કે પહેલા માટી કે પહેલા સોનું ? જેમ સોનુંને માટી સાથે જ ખાણમાંથી બહાર આવે છે તેમ જીવ અને કર્મ અનાદિકાળથી સાથે જ લાગેલા છે. જેમ સોનાને અગ્નિમાં તપાવીને તેની અશુદ્ધિ દૂર કરીને શુદ્ધ સો ટચનું સોનું મેળવવામાં આવે છે, બસ તેવીજ રીતે શુક્લધ્યાનની અગ્નિમાં જીવ તપે છે. જ્ઞાનાગ્નિથી કર્મરૂપી મેલની નિર્જરા કરે છે. જ્યારે સંપૂર્ણ કર્મરૂપી મેલથી મુક્ત થઈ જાય છે ત્યારે શુદ્ધ સોનાની જેમ આત્મા શુદ્ધ-બુદ્ધ બને છે. આત્મા સિદ્ધ સ્વરૂપી બને છે.

**સ.૫ જીવોની ખાણ કઈ ?**

**જ.૫** જીવોની ખાણ નિગોદ છે. એક રાઈ જેવડા ટુકડામાં અનંતા નિગોદના શરીર છે. ને એક શરીરમાં અનંત જીવો છે. આમ ચૌદ રાજલોકમાં કાજળના કુંપાની જેમ ઠાંસી ઠાંસીને જીવો ભરેલા છે. એક સોયની અણી ખૂંચે એટલી પણ જગ્યા બાકી નથી.

**સ.૬ નિગોદના જીવ કેવા હોય ?**

**જ.૬** સાધારણ નામકર્મના ઉદયથી એક શરીરના આશ્રયે અનંતા અનંત જીવો સમાનરૂપે જેમાં રહે છે, મરે છે અને પેદા થાય છે તે અવસ્થાવાળા જીવોને નિગોદના જીવો કહેવાય. નિગોદ એટલે એક ઇંદ્રિયરૂપે જન્મી એક શ્વાસ લઈને મૂકીએ તેટલા સમયમાં સત્તર-અઢાર વાર જન્મ-મરણ કરવાની અવસ્થા. આમ ભવ ભલે અનેક બદલાઈ જાય પણ શરીર એકજ રહે છે. અડતાલીસ મિનિટની અંદર ૬૫,૫૩૬ ભવ નિગોદનો જીવ કરે છે.

આવા અનંતા ભવ જન્મ-મરણના દુ:ખ ભોગવીને આપણા બધાનો જીવ નિગોદમાંથી બહાર નીકળ્યો છે.

**સ.૭ નિગોદના એક બે ઉદાહરણ આપો.**

જ.૭ લીલ-ફૂગ-સેવાળ વગેરે બાદર નિગોદના ઉદાહરણ છે. જીવ પહેલા સુક્ષ્મ નિગોદમાંજ હોય છે ત્યાંથી બાદર નિગોદમાં આવે છે. સૂક્ષ્મ નિગોદના ગોળા નરી આંખે જોઈ શકાતા નથી. કંદમુળ પણ બાદર નિગોદ છે.

**સ.૮ જીવ નિગોદમાંથી બહાર ક્યારે નીકળે ? શું આપણા બધાના જીવ પણ નિગોદમાંજ હતા ?**

જ.૮ હા, આપણા બધાના જીવ પણ નિગોદમાં જ હતા. જ્યારે એક જીવ સિદ્ધિપદને પામે એટલે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. આપણો જીવ પણ ત્યારેજ બહાર નીકળ્યો જ્યારે એક જીવ સિદ્ધ પરમાત્મા બન્યો. આમ સિદ્ધભગવંત આપણી પ્રથમ માતા છે. એમનો આપણા પર અનંત ઉપકાર છે.

**સ.૯ નિગોદમાંતો એકજ શરીરમાં અનંતા જીવો રહેલા છે તો નિગોદમાંથી બહાર નીકળવામાં કયા જીવનો નંબર લાગે ?**

જ.૯ નિગોદના જીવોની દ્રવ્ય ઈંદ્રિય એકજ છે પણ ભાવ ઈંદ્રિય દરેકની અલગ-અલગ. માટે બધાના પરિણામ ભિન્ન છે. માટે કયો જીવ બહાર નીકળી વ્યવહાર રાશિમાં આવશે તે જીવના ભાવ-પરિણામ ઉપર આધારિત છે. ત્યાં પણ શુભ-અશુભ ભાવ પરિવર્તન થયાજ કરે છે. વળી એક એક શરીર વિષે અનંતા જીવો રહેલા છે માટે સહન તો કરવાનું જ છે પણ જે જીવ અકળાયા વગર સહન કરે છે તે કર્મ ખપાવી બહાર નીકળે છે. નિગોદમાંથી જીવ બહાર નીકળી બીજા ભવમાં જાય તેને જીવ ‘વ્યવહાર રાશિ’ માં આવ્યો કહેવાય. જ્યાં સુધી જીવ નિગોદમાંજ હોય ત્યાંથી બહાર નીકળ્યો જ નહોય તો તેને ‘અવ્યવહાર રાશિનો જીવ’ કહેવાય. (જુઓ સ.૩૧૫)

**સ.૧૦ નિગોદનો જીવ કેટલા સમય માટે નિગોદમાં રહે અને કેટલા સમય માટે બહાર નીકળે ?**

જ.૧૦ નિગોદના જીવ ઓછામાં ઓછું એક અંતર્મૂહુર્તને વધુમાં વધુ અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ સુધી નિગોદમાં રહે છે. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અસંખ્ય ચોવીસી વિતી જાય. નિગોદનો જીવ ૨ હજાર

સાગરોપમ માટે ત્રસપણું પામે છે. (હાલતા-ચાલતા જીવને ત્રસ જીવો કહેવાય.) તેમાંય - પંચેન્દ્રિય પણું તો ૧ હજાર સાગરોપમ માટે જ મળે છે. જો એ દરમ્યાન જીવનો મોક્ષ ન થયો તો જીવ પાછો એકેન્દ્રિય કે નિગોદમાં ચાલ્યો જાય છે.

**સ.૧૧ નિગોદના જીવો વધારે કે સિદ્ધના જીવો વધારે ?**

**જ.૧૧** અત્યાર સુધી અનંતા જીવો સિધ્ધગતિને પામ્યા છે ને અનંતાજીવો સિદ્ધિગતીને પામશે. આમ છતાં જયારે અરિહંત ભગવંતને પૂછવામાં આવે કે કેટલા જીવો સિદ્ધ થયા ? તો એકજ જવાબ મળે કે એક નિગોદ શરીરમાં જેટલા જીવો છે એના અનંતમાં ભાગના જીવોજ સિદ્ધ થયા છે. એટલે કે નિગોદના જીવો કરતાં સિદ્ધના જીવો અનંતમાં ભાગના છે. એકજ સમયમાં વધુમાં વધુ ૧૦૮ જીવો સિદ્ધ અવસ્થાને પામે છે. તથા વધુમાં વધુ છ માસનો ગાળો પસાર થયા પછી બીજો એક જીવ અવશ્ય સિધ્ધપદને પામે છે. એટલે કે બે સિદ્ધના જીવો વચ્ચેનો વિરહકાળ વધુમાં વધુ છ માસનો રહે છે.

**સ.૧૨ આપણો જીવ પણ ૨૦૦૦ સાગરોપમ માટેજ બાહર નીકળ્યો હશે ? પછી શું થાય ?**

**જ.૧૨** હા. આપણો જીવ પણ બેહજાર સાગરોપમ માટેજ ત્રસપણું પામ્યો છે. ત્યાં સુધીમાં જીવ જો પુરૂષાર્થ કરી ને મોક્ષપદ ન પામે તો નિગોદમાં અનંત દુઃખ ભોગવવા માટે પાછો ચાલ્યો જાય. અથવા તો એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. ત્યાંથી અસંખ્યાત કે અનંત વર્ષોસુધી બહાર નીકળવું મુશ્કેલ છે. આ બધું જાણશો તોજ તમને મળેલા માનવ ભવની કિંમત સમજાશે. હવે આપણેજ નક્કી કરવાનું છે કે આત્માએ પુરૂષાર્થ કરી મોક્ષ સુખ મેળવવું છે કે ફરી પાછું એકેન્દ્રિય-નિગોદમાં ચાલ્યા જવું છે.

**સ.૧૩ જીવ કેવો હોય ?**

**જ.૧૩** જીવ રસ રહિત, રૂપ રહિત, ગંધ રહિત, ઈંદ્રિયોથી જે ગોચર નથી એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દ રહિત, કોઈ ચિન્હથી જેનું ગ્રહણ નથી એવો અને જેનો કોઈ આકાર નથી એવો છે. જીવ બાળ્યો બળે નહિ, છેદયો છેદાય નહિ, માર્યો મારે નહિ. જીવમાં સંકોચ-વિસ્તારની શક્તિરૂપ ગુણ રહેલ છે તે કારણથી તે નાના-મોટા શરીરમાં દેહપ્રમાણ સ્થિતિ કરી રહે છે. આત્મા

સ્વભાવથી સુખી અને જ્ઞાનમય છે. આત્મા શાશ્વત (કદી નાશ ન પામે તેવો) છે. આત્મા અમૂર્તિક પદાર્થ છે. જ્ઞાયકતા એ જીવનું મુખ્ય લક્ષણ છે.

**સ.૧૪ જ્ઞાયકતા (જાણપણું-ઉપયોગ) જીવનું મુખ્ય લક્ષણ છે તે યથાર્થ છે ?**

**જ.૧૪** હા. કોઈપણ સમયે જ્ઞાયક રહિત પણે જીવ પદાર્થ કાંઈપણ અનુભવી શકે નહી. જીવ સિવાય બીજા કોઈપણ પદાર્થમાં જ્ઞાયકપણું સંભવી શકે નહીં. આ ખાટું છે, આ ખારૂં છે, હું ટાઢે ઠરૂં છું, તાપ પડે છે, દુઃખી છું, સુખી છું એવું જે સ્પષ્ટ જ્ઞાન, વેદન જ્ઞાન, અનુભવ જ્ઞાન તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદમાં છે. અથવા તો જ્ઞાયકતા જેનું લક્ષણ હોય છે તે પદાર્થને તીર્થંકરે જીવ કહ્યો છે.

**સ.૧૫ 'જીવ અમૂર્તિક પદાર્થ છે' એટલે શું ?**

**જ.૧૫** એક જીવ બીજા જીવની સાથે મળી જઈ કોઈ વખત એક થઈ શકતો નથી. તેમ એક જીવના વિભાગ થઈ બે જીવ કે અનેક જીવ બની શકતા નથી. જીવ અમૂર્તિક પદાર્થ છે. એટલે કે જીવ અરૂપી છે.

**સ.૧૬ આત્મા અનંત ગુણોની ખાણ અને અતિન્દ્રિય સુખનો સાગર છે, એવો વિશ્વાસ કેવી રીતના આવે ?**

**જ.૧૬** જેની સાથે લગ્ન કર્યા છે તે સ્ત્રીથી તદ્દન અજાણ હોવા છતાં એવી શંકા થતી નથી કે તે અહિત કરશે, મારી નાખશે. ત્યાં વિષયભોગમાં રૂચિ હોવાથી એવી શંકા થતી નથી . ને તેના ઉપર પાકો વિશ્વાસ થઈ જાય છે. તેવી રીતે જેને આત્માની રૂચિ થઈ ગઈ છે તેને આત્માનો એવો વિશ્વાસ આવી જાય છે કે તે વિશ્વાસ કદી તૂટતો નથી. જેવો અંતર્મુખ થઈને આત્માને જોયો, એની ભેટ થઈ કે તેજ ક્ષણે તેનો પાકો વિશ્વાસ થઈ જાય છે અને અતિન્દ્રિય આનંદનો રસાસ્વાદ આવી જાય છે.

**સ.૧૭ જીવ એક છે કે અનેક ?**

**જ.૧૭** જીવો અનેક છે. બધા અલગ અલગ છે. દરેકની ક્રિયાઓ ભિન્ન છે. દરેક જીવ સત્તાવંત, સ્વતંત્ર, સ્વાધીન, શુદ્ધ, જ્ઞાતા, દ્રષ્ટા, આનંદમય, સિદ્ધ સમાન છે. સ્વરૂપથી સમાન હોવા છતાં ગુણ સ્થાનકથી, પર્યાયથી સમાન નથી. જો એક હોત તો એકની મુક્તિ થતાં સર્વ જીવની મુક્તિ થઈ જાત. પણ એમ થતું નથી. માટે આત્મા અનેક છે.

**સ.૧૮ જીવ સિદ્ધ થયા પછી બીજા સિદ્ધ જીવો સાથે મળીને એકમેક થઈ જાય છે ?**

જ.૧૮ ના. જુદા જુદા પ્રત્યેક દીવાનો પ્રકાશ એક થઈ ગયા છતાં જેમ દીવડા જુદા જુદા છે. એ ન્યાયે પ્રત્યેક સિદ્ધ આત્મા જુદા જુદા છે.

**સ.૧૯ ઘણા લોકોનું કહેવું છે કે મનુષ્ય ના મરી ગયા પછી તેનો આત્મા અનંતમાં ભળી જાય છે, આત્મા અને શરીર છૂટા પડતાં, શરીર પડી રહે છે. આત્મા પંચભૂતમાં ભળી જાય છે તે શું બરાબર છે ?**

જ.૧૯ ના, એમનું કહેવું બરાબર નથી. કારણકે આત્મા ચેતન છે અને પંચમહાભૂત પદાર્થો તો જડ છે. જડ અને ચેતન કદી પણ એક બીજામાં ભળતા નથી. શરીર પંચભૂતનું બનેલું છે અને એમાંજ ભળી જાય છે.

**સ.૨૦ જીવ અને આત્મામાં શું તફાવત છે ?**

જ.૨૦ જીવ, ચેતન, આત્મા એકજ છે. વેદાંતમાં એમ કહે છે કે માયાવાળો તે જીવ અને માયારહિત તે આત્મા. જૈનમાં એમ ભેદ નથી.

**સ.૨૧ જીવ છે એટલાજ રહે કે તેમાં વધઘટ થાય ?**

જ.૨૧ જીવ અનાદિકાળથી જેટલા છે તેટલા જ રહેવાના. અનંત કાળ પર્યંત તેમાં એકપણ વધે કે ઘટે નહિ.

**સ.૨૨ જીવ કેવડો મોટો છે ?**

જ.૨૨ પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ લોકાકાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે. પરંતુ સંકોચ વિસ્તારના કારણે પોતાના શરીર પ્રમાણે છે.

**સ.૨૩ હાથીનો આત્મા મોટો કે કીડીનો ? હાથી મરીને કીડી થાય તો તેનો જીવ એવડા નાના શરીરમાં કેમ સમાઈ શકે ?**

જ.૨૩ બંનેનો આત્મા સરખો છે. એક દીવો આખા ઓરડામાં અજવાળું આપે છે. પણ તેજ દીવા ઉપર એક વાસણ ઢાંકીએ તો તેટલાજ ભાગમાં તેનું અજવાળું સમાઈ જાય છે તેવી રીતે જીવ પણ શરીર પ્રમાણે વ્યાપીને રહે છે.

**સ.૨૪ જીવ શરીરમાં કઈ જગ્યાએ રહેતો હશે ? કેવી રીતે ?**

જ.૨૪ આખા શરીરમાં (સર્વાંગે) જીવ વ્યાપી રહ્યો છે. શરીરમાં ક્યાંય પણ સોય

ખોંચો તો વેદના થાય છે. તેનો અર્થ એ કે ત્યાં ચેતના છે. જેમ તલમાં તેલ, દૂધમાં ઘી અને ફૂલમાં સુગંધ રહે છે તેમ શરીરમાં આત્મા રહે છે.

**સ.૨૫ તમે જે કહો છો તે સાચું કેમ માની લેવાય ?**

**જ.૨૫** આ બધું સાચું એટલા માટે માનવાનું છે કે આ બધું સર્વજ્ઞ ભગવંતે પોતાના કેવળ જ્ઞાનના પ્રકાશમાં જોઈને કહ્યું છે. એમને નતો કોઈના પ્રત્યે રાગ હતો ન દ્વેષ. ન તો આમાં એમનો કોઈ સ્વાર્થ હતો. પછી એ જૂઠું શું કામ બોલે ? એમને તો કેવળજ્ઞાનમાં આખું જગત જેવું છે તેવું જ દેખાયું છે ને જેવું દેખાયું છે તેવું આપણને જણાવ્યું છે એમણે જે કહ્યું તે ગણધરો એ શાસ્ત્રમાં ગૂંથ્યું ને શાસ્ત્રમાંથી આપણને આ બધું જ્ઞાન મળે છે. ને માટે આપણે ન માનવાનું કોઈ કારણ નથી.

**સ.૨૬ નરકનું દુઃખ વધારે કે નિગોદનું દુઃખ વધારે ?**

**જ.૨૬** સંયોગથી જુએ તો નરકનું દુઃખ વધારે લાગે છે પણ વિપરીત પરિણમનની અપેક્ષાએ જુઓ તો નિગોદમાં બહુ દુઃખ છે. નિગોદને જ્ઞાનની પર્યાય અક્ષરને અનંતમે ભાગે રહી ગઈ છે. જ્ઞાનીની દ્રષ્ટિએ એજ અનંતુ દુઃખ છે. વળી દુઃખની વ્યાખ્યા એ નથી કે માથે પ્રહાર પડે છે કે અગ્નિ બાળે છે. એટલે વધુ દુઃખી છે એતો નિમિત્તના સંયોગની વ્યાખ્યા છે. દુઃખની વ્યાખ્યા તો અંદર રહેલ આનંદ સ્વરૂપ ભગવાન પર્યાયમાં જેટલો ઉંધો પડે એટલું દુઃખ છે. વળી કાળની અપેક્ષાએ નરકનો જીવ વધુમાં વધુ તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પુરૂં કર્યા પછી તો ત્યાંથી છૂટશે, નિગોદનો જીવ તો અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન કાળ સુધી અનંતુ દુઃખ ભોગવવા માટે નિગોદમાં પડી રહે છે. આમ અપેક્ષાએ નરક કરતાં નિગોદનું દુઃખ વધારે છે.

**સ.૨૭ આ સાગરોપમ, પુદ્‌ગલ પરાવર્તન કાળ વગેરે શું છે ?**

**જ.૨૭** આ બધું સમયનું કાળનું માપ છે, શાસ્ત્રને સમજવા માટે થોડી શાસ્ત્રની ભાષા જાણવી પણ જરૂરી છે. આપણે અત્યારે જેમ કાળના નાનામાં નાના ભાગને સેકંડ કહીએ છીએ તેમ શાસ્ત્રમાં કાળના નાનામાં નાનો ભાગ તે ‘સમય’ છે.

**(૧) સમય :** કાળનો નાનામાં નાનો અવિભાજ્ય ભાગ તે સમય છે. આંખ મીંચીને ઉઘાડીએ તેટલી વારમાં અસંખ્યાતા સમય વિતી જાય માટે વિચાર કરજો. સમય એ કેટલો નાનો એકમ છે.

**(૨) અંતર્મૂહુર્ત :** આઠ સમયથી વધારે ને બે ઘડીની અંદરનો ટાઈમ. બે ઘડી એટલે ૪૮ મિનિટ.

**(૩) પૂર્વ :** આશરે ૮૪ લાખ વર્ષે એક પૂર્વાંગ થાય. એવા ૮૪ લાખ પૂર્વાંગે એક પૂર્વ થાય. આવા ૮૪ લાખ પૂર્વનું આદેશ્વર દાદાનું આયુષ્ય હતું.

**(૪) પલ્યોપમ :** આવા અસંખ્યાતા પૂર્વનો એક પલ્યોપમ થાય. પલ્યોપમ બીજી રીતના પણ સમજાવાય છે. એક યોજનનો લાંબો, પહોળો અને ઉંડો કૂવો હોય તેમાં યુગલિયાના અત્યંત બારીકવાળના અસંખ્ય ખંડ કરીએ ને તેનાથી આ કૂવાને ઠાંસી ઠાંસીને ભર્યો હોય, કે જેના પરથી ચક્રવર્તીનું લશ્કર ચાલ્યું જાય, પણ એક વાળ નમે નહિ તેવા કૂવામાંથી સો-સો વર્ષે એકેક ખંડ કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થાય તેટલામાં જેટલો વખત જાય તેને શાસ્ત્રકાર એક પલ્યોપમ કહે છે. એટલે પલ્યોપમ એટલે કેટલા અનંતા વર્ષો થયા તેની કલ્પના પણ ન થઈ શકે.

**(૫) સાગરોપમ :** એક ક્રોડ પલ્યોપમ વર્ષને એક ક્રોડ પલ્યોપમ વર્ષ જોડે ગુણો એટલે એક ક્રોડાક્રોડી પલ્યોપમ થાય. આવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમે એક સાગરોપમ થાય.

**(૬) કાલચક્ર :** આવા ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમે એક કાલચક્ર થાય. એક કાલચક્રના કુલ બાર આરા થાય. છ આરા અવસર્પિણીના, છ આરા ઉત્સર્પિણીના તે બંને ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમના કુલ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાલચક્ર.

**(૭) પુદ્ગલ પરાવર્તન કાળ :** એક પુદ્ગલ પરાવર્તનમાં આવા અનંત કાળચક્ર વહી જાય છે.

**સ.૨૮ શું આવા અસંખ્ય પુદ્ગલ પરાવર્તન કાળ સુધી આપણો આત્મા નિગોદમાં પડી રહી શકે છે ? શું નિગોદમાંથી સીધો મનુષ્યભવ મળી જાય ?**

**જ.૨૮**હવે ખ્યાલ આવ્યોને કે કેટલા અનંતાઅનંત વર્ષોસુધી આપણે નિગોદના દુઃખ ભોગવ્યા પછી આપણો જીવ વ્યવહાર રાશિમાં આવ્યો છે. આ બધું જાણશો તોજ આપણને મળેલા મનુષ્ય જન્મની કિંમત થશે. નિગોદમાંથી સીધો મનુષ્ય જન્મ મળી જતો નથી. જીવ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી બાદર નિગોદમાં આવે છે. આમ વનસ્પતિકાય, પૃથ્વીકાય, પાણીના જીવ, અગ્નિના જીવ, વાયુકાય વગેરે કેટલીય યોનિમાં ફર્યા પછી જીવ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયના ભવ કરતાં કરતાં અનંતા

ભવે સંજ્ઞી પંચેન્દ્રિય પણું પામે છે. બીજા ધર્મોમાં પણ કહે છે ને કે ચોર્યાશી લાખ ફેરા ફર્યા પછી માનવ ભવ મળ્યો છે. આજ સુધી કરેલા ભવની જો ફિલ્મ ઉતારીને કોઈ જ્ઞાની તમને બતાવી દે તો એક ક્ષણ પણ સંસારમાં રૂચી રહે નહીં. જોકે દરેક જીવનો ભવ-પર્યાયનો ક્રમ અલગ હોય છે. અપવાદ રૂપે કોઈકજ જીવ એવા હોય છે કે જે અલ્પ સમયમાં મનુષ્ય ભવ પામે છે. જેમકે મરૂદેવા માતાનો જીવ કેળના વૃક્ષમાંથી આવી મનુષ્ય પર્યાય પામી મોક્ષે ગયા. આવા જીવતો આંગળીના વેઢે ગણી શકાય એટલા હોય છે. બાકી તો અનંતા અનંત ભવ પછી આપણને જે મનુષ્ય ભવ મળ્યો છે, એમાં પુરૂષાર્થ કરી મોક્ષ ન મેળવ્યો તો અનંત દુઃખ ભોગવવા માટે જીવ પાછો એકેન્દ્રિય કે નિગોદમાં ચાલ્યો જાય છે. ત્રસપણું (હાલતા ચાલતા જીવ) તો જીવને બે હજાર સાગરોપમ સુધીજ મળે છે. તેમાંય સજ્ઞીપંચેન્દ્રિય પણું એક હજાર સાગરોપમ જ હોય છે. તેમાંય આજ સુધીમાં આપણે કેટલો સમય પસાર કર્યોને કેટલો બાકી છે, તે પણ જાણતા નથી માટે મળેલા ભવની કિંમત સમજો.

**સ.૨૯ 'નિત્ય નિગોદી' અને 'ઈતર નિગોદી' જીવ કોને કહેવાય ?**

**જ.૨૯** જે નિગોદના જીવો હજી અનંતકાળથી બે ઈન્દ્રિય થયા નથી તે નિત્ય નિગોદી છે. અને જે જીવો એકવાર નિગોદમાંથી નીકળી ફરી નિગોદમાં ગયા હોય તે ઈતર નિગોદી છે. તેને વ્યવહાર રાશિ ના જીવ પણ કહેવાય. વ્યવહાર રાશિ માંથી જેટલા જીવો સિદ્ધિગતિમાં જાય છે, તેટલા જીવો અનાદિ નિગોદ નામની વનસ્પતિની રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવી જાય છે.

**સ.૩૦ તો એક દિવસ એવું નહિ બને કે બધાજ જીવ નિગોદમાંથી નીકળી મોક્ષે પહોંચી જાય ને સંસારનો અંત આવી જાય ?**

**જ.૩૦** ના એવું કદી બનવાનું જ નથી. આ બ્રહ્માંડમાં એવા અનંત આત્માઓ છે, કે જેમની મોક્ષે જવાની યોગ્યતા છે, પણ ક્યારેય મોક્ષે જવાના નથી. તેવો અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં પણ આવવાના નથી. ગમે તેટલો કાળ ભલેને પસાર થાય, તેઓ નિગોદપણું નહી છોડે. આવા આત્માઓને જાતિભવ્ય કહેવાય. તેઓ જાતિથી ભવ્ય છે પરંતુ એમની નિયતી જ એવી છે કે તેઓ કદી નિગોદમાંથી બહારજ નહિ નીકળે તેથી માનવભવ, સંયમ કે મોક્ષ નહી મેળવે. (આપણો નંબર જાતિભવ્યમાં તો

નથી જ) કેટલાક આત્માઓ એવા છે કે તેમને ગમે તેટલી વાર માનવભવ-સંયમ આદિ મળે તોપણ તેમને મોક્ષની પ્રાપ્તિ ન જ થાય કારણકે તેમના સ્વભાવથી તેની યોગ્યતાજ નથી. આવા જીવો અભવ્ય કહેવાય. અને જે જીવો ભવ્ય છે, વ્યવહાર રાશિમાં પણ આવી ગયા છે છતાં બધા ભવ્ય જીવોનો મોક્ષ થાય જ એવું નિશ્ચિત નથી. પાછા એકેન્દ્રિય કે નિગોદમાં પણ ચાલ્યા જાય. (એટલે હું ભવ્ય છું ને મારો મોક્ષ થઈજ જશે એમ માની લેવાની જરૂર નથી.) વળી સૂક્ષ્મ નિગોદના જીવો ચૌદે રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. આ વિશ્વમાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાં અવ્યવહારરાશિના જીવો નહોય. ક્યારે પણ અરિહંત ભગવંતને પૂછવામાં આવે કે કેટલા જીવો મોક્ષે ગયા ? તો અનંતકાળ પહેલાં અને આજે પણ એજ જવાબ મળે કે એક નિગોદના શરીરમાં જેટલા જીવો છે એના અનંતમાં ભાગના જીવોજ સિદ્ધ થયા છે. માટે એવુ ક્યારેય નહિ બને કે બધાજ જીવો મોક્ષે ચાલ્યા જાય ને સંસારનો અંત આવી જાય.

**સ.૩૧ 'જગત કર્તા કોઇ ઈશ્વર નથી' એવું તીર્થંકરે કેવળજ્ઞાનમાં જોઇને કહ્યું છે તો આપણે જૈનો પરમાત્મા તરીકે કોને સ્વીકારીએ છીએ ?**

**જ.૩૧** જીવનું સહજ સ્વરૂપ એટલે કે કર્મરહિતપણે જીવનું જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે. તે ઈશ્વર કહેવા યોગ્ય છે. ઈશ્વર એ આત્માનું પર્યાયિક નામ છે. દરેક જીવ પરમાત્મા સ્વરૂપ છે. ભગવાન મહાવીરે જેટલી પ્રતિષ્ઠા આત્માને આપી છે એટલી આ પૃથ્વી પર કોઈએ આપી નથી. આપણામાં જાગતું જે જીવન છે તે બીજે ક્યાંયથી શક્તિ પ્રાપ્ત કરતું નથી. સ્વયં શક્તિમાન છે. એ કોઈનાથીય નિર્મિત થયું નથી, કોઈનાથી નષ્ટ પણ થશે નહી. સ્વયં સમર્થ અને સિદ્ધ છે. આપણે જૈનો કર્મરહિત શુદ્ધ આત્માને પરમાત્મા તરીકે સ્વીકારીએ છીએ.

**સ.૩૨ શરીરથી આત્મા જુદો છે એ તો જાણીએ છીએ પણ સમ્યક્ દર્શન થતું નથી તેનું કારણ શું ?**

**જ.૩૨** પોપટ બોલે પણ એ જ્ઞાન નથી. શરીરથી આત્મા જુદો છે એવું સાંભળવા છતાં ને બોલવા છતાં પણ જયાં સુધી એ બંનેની ભિન્નતાનો અભ્યાસ દ્રઢ થતો નથી ત્યાં સુધી દેહની મમતા મુકાતી નથી. જ્યારે જ્યારે શરીર છોલાઈ જાય, દાઝી જાય, દેહમાં પીડા ઉત્પન્ન થાય, કે એવું કાંઈ પણ બને

કે શરીરને અનુકૂળ નથી ત્યારે શું એવું જ્ઞાન હાજર થાય છે કે આતો મારા શરીરને... કે જે નાશવંત છે. મારા આત્માને કાંઈ નહિં. હું તો અનંત જ્ઞાન સ્વરૂપ આત્મા છું. હું ન છોલાઈ શકું છું, ન કપાઈ શકું છું, ન આગથી બળી શકું છું. શું આવા સમતાભાવમાં નિરંતર રહી શકો છો ? અથવા તો જ્યારે જ્યારે શરીરને સુખ પહોંચે છે ત્યારે પણ આ ભાવ હાજર હોય છે કે આતો મારા શરીરને, મારા આત્માને કાંઈ લેવા-દેવા નહિ. શરીરના સુખમાં આનંદિત થઈ જાઓ છો ને શરીરના દુઃખમાં દુઃખી થઈ જાઓ છો. એનો અર્થ એ કે શરીરથી આત્મા અલગ છે એ ફક્ત પોપટીયું જ્ઞાન બની ગયું છે અનુભવ જ્ઞાન નથી. બીજું પણ એક સમજીલો કે શરીરથી આત્મા ભિન્ન છે એ વાક્યમાં શરીરનાં અર્થમાં સંસારના સર્વે પદાર્થો અને તેના પર્યાયો સમાઈ જાય છે અને તેની પ્રતીતિ - લક્ષ અને અનુભવ હાલતાં - ચાલતાં - ઉઠતાં - બેસતાં, ખાતાં, પીતા, જાગતાં, ઉંઘતા, ભાન અભાનમાં, પ્રવૃત્તિ, નિવૃત્તિમાં દરેકે દરેક સ્થિતિમાં સમયે સમયે હોય તોજ સમ્યક્જ્ઞાન, સમ્યક્ દર્શન કહેવાય. કોઈપણ વસ્તુ વિષે ફક્ત જાણવું એ પર્યાપ્ત નથી. તમે બધુંજ જાણો છો કે રોટલી કેવી રીતના બને ? કદાચ રોટલી બનાવવાની રેશીપી લખવાની હોય તો તેમાં પહેલા નંબરે પાસ પણ થઈ જાવ... પણ ખરેખર રોટલી કદી બનાવી જ નથી, લોટ બાંધ્યો નથી કે રોટલી વણી નથી, એટલે કે એને એનું અનુભવ જ્ઞાન નથી, તો તે વ્યક્તિ કદી રોટલી બનાવી નહી શકે. બસ એવી જ રીતે 'શરીરથી આત્મા જુદો છે' એવું જાણવા છતાં પણ જેણે આત્મા અનુભવ્યો નથી તેને સમ્યક્ દર્શન પ્રાપ્ત થતું નથી.

**સ.૩૩ જીવના ભેદ કેટલા ?**

**જ.૩૩** જીવના મુખ્ય બે ભેદ સિદ્ધ આત્માને સંસારી આત્મા જે આત્મા સંપૂર્ણ પણે કર્મ રહિત છે તે સિદ્ધ આત્મા છે. ને જે આત્માને કર્મ વર્ગણાઓ ચોંટેલી છે એટલે કે કર્મ સહિત છે તે સંસારી આત્મા. સંસારીમાં પણ પાછા બે ભેદ છે. ભવ્ય જીવ અને અભવ્ય જીવ.

**સ.૩૪ ભવ્ય જીવ અને અભવ્ય જીવ એટલે શું ?**

**જ.૩૪** ભવ્ય એટલે સિદ્ધ થવાની યોગ્યતાવાળા અને અભવ્ય એટલે સિદ્ધ થવાને અયોગ્ય. જેમ માટીનો ઘડો બને પણ રેતીનો ન બને. તેવીજ રીતે ભવ્ય-અભવ્યમાં સ્વભાવથીજ ભેદ છે.

**સ.૩૫ ભવ્ય જીવોમાં સિદ્ધ થવાની યોગ્યતા છે તો પછી કોઈપણ કાળે સર્વ ભવ્ય જીવો સિદ્ધ થઈ જવા જોઈએ અને એમ થાય તો પછી એકલા અભવ્ય જીવો રહી જાય કે નહી ?**

**જ.૩૫** ના. એમ કદી બનવાનું જ નથી. રાજા થવાની યોગ્યતાવાળા બધા રાજા થવાજ જોઈએ એમ નહોય. જેટલા ભવ્ય જીવો હોય તે બધા મોક્ષે પહોંચીજ જશે એવો કોઈ નિયમ નથી. જેમકે માટીમાંથી ઘડો બની શકે છે, પરંતુ દુનિયાની તમામ માટીના ઘડા બની જતા નથી. જે માટીને કુંભાર-ચાકડા આદિનો જોગ મળે છે તેજ માટી ઘડારૂપ થઈ શકે છે. તેવીજ રીતે જે ભવ્ય જીવને સુદેવ, સુગુરૂને સુધર્મનો યોગ મળવા પામે છે તે જીવો સમ્યક્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર વડે કર્મબંધનને તોડી મુક્ત થઈ શકે પણ બધા નહિ. આ જાણ્યા પછી આપણે એમ વિચારવાનું છે કે અગર મારો જીવ ભવ્ય છે તો પણ હું વહેલો કે મોડો મોક્ષે પહોંચી જ જઈશ એવું માની લેવાની જરૂર નથી. હા... જો હું સમ્યક્ પુરૂષાર્થ કરીશ તો મારા માટે મોક્ષનો માર્ગ જરૂર ખુલ્લો છે. પણ જો હું પુરૂષાર્થ કરી મોક્ષે ન પહોંચ્યો તો ભલે હું ભવ્ય જીવ હોઉં તો પણ પાછો એકેન્દ્રિય નિગોદમાં પહોંચી જઈશ. માટે હે જીવ... કેવળી ભગવાને પ્રરૂપેલા ધર્મ તરફ પ્રયાણ કર.

**સ.૩૬ 'જાતિભવ્ય' જીવ કોને કહેવાય ?**

**જ.૩૬** આ બ્રહ્માંડમાં એવા પણ અનંતા આત્મા છે કે જેનામાં મોક્ષે જવાની યોગ્યતા છે, ભવ્ય છે. પણ તે આત્મા કદી પણ નિગોદમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવવાનાજ નથી. ભલેને ગમે તેટલો કાળ પસાર થાય, પણ એ આત્માની નિયતિ એવી છે કે તેઓ કદી અવ્યવહાર રાશિમાંથી બહારજ નહી નીકળે. તે આત્માઓ 'જાતિભવ્ય' કહેવાય. તેઓ જાતિથી ભવ્ય છે પરંતુ 'નિત્ય નિગોદી' જીવો છે. તેથી તેઓ કદીપણ માનવભવ, સંયમ કે મોક્ષ નહિ મેળવે. હવે વિચારો આપણે કેટલા નસીબદાર કે આપણો નંબર જાતિભવ્યમાં તો નથીજ. આપણે તો નિગોદમાંથી બહાર નીકળી છેક માનવભવ સુધી પહોંચી ગયા. આ બધું જાણશો તો ખબર પડશે કે અહો ! મને તો કેટલું બધું મળી ગયું છે. રત્નચિંતામણી જેવા માનવ ભવની કિંમત થશે. જે સમય ગયો તે આપણા હાથમાં નથી પણ જેટલી પણ ક્ષણો બાકી છે તે વેડફવી નહી ગમે.

**સ.૩૭ હું ભવ્ય છું કે અભવ્ય એવી ખબર કેવી રીતે પડે ?**

**જ.૩૭** પ્રિયતમા પહેલીવાર મળવાની હોય ત્યારે એને મળવાની કેવી તાલાવલી લાગે છે ? એવી તાલાવેલી હૃદયમાં જો મોક્ષ મેળવવાની લાગે તો સમજવું કે 'હું ભવ્ય છું'. અભવ્ય આત્મા મોક્ષની વાતો કરે, મોક્ષને સમજાવે, મોક્ષના ઉપાયો બતાડે પણ અંતરથી કદી મોક્ષને ઈચ્છે નહિ. દેવલોકના સુખ મેળવવા, અભવ્ય આત્મા દીક્ષા લે કે ભયાનક કષ્ટ પણ વેઠે પણ મોક્ષને માને નહિ. અભવ્ય આત્માની પરિણતિ અત્યંત કઠોર હોય. તેની આંખમાં કરૂણાના, અનુમોદનાના કે પશ્ચાતાપના આંસુ ન આવે. તે નિર્દય, કઠોર, નઠોર હોય. હવે તટસ્થ પણે તમારી જાતને ઢંઢોળશો તો જરૂર જાણી શકશો કે હું ભવ્ય કે અભવ્ય ?

**સ.૩૮ લોકમાં ભવ્ય જીવો વધારે કે અભવ્ય ? અભવ્ય જીવો જૈન ધર્મ પામે ખરા ?**

**જ.૩૮** લોકમાં અભવ્યથી ભવ્ય જીવો અનંતગણા અધિક છે. અભવ્ય જીવો પણ શ્રાવકનાને સાધુના વ્રત અંગીકાર કરે છે. સૂત્ર-સિદ્ધાંત જાણે છે. તથા બાહ્ય કરણી પણ ઘણી કરે છે. છતાં તેઓને સમ્યક્જ્ઞાન દર્શન-ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી. તેથી જ્ઞાનીની દ્રષ્ટિએ તો તેઓ અજ્ઞાની ને મિથ્યાત્વી જ છે.

**સ.૩૯ તેઓ બાહ્ય કરણી (ક્રિયા) કરે તેનું ફળ મળે ?**

**જ. ૩૯** હા. સારી કરણીનું સારૂં ફળ ને બૂરી કરણીનું બૂરું ફળ મળ્યા વગર રહેતું જ નથી. અભવ્ય જીવો પણ સાધુના વ્રત પાળી નવમી ગ્રૈવેયકના દેવલોકના સુખ ભોગવવા જઈ શકે છે. 'કોટી ઉપાયે કર્મના, ફળ મિથ્યા નહિ થાય, સમજી સરધી સત્ય આ, કૃત્ય કરો પછી ભાઈ'.

**સ.૪૦ જો અભવ્ય જીવમાં પરમાત્મા શક્તિરૂપે પણ રહેતો અભવ્યત્વ કેવી રીતે કહેવાય ?**

**જ.૪૦** પરમાત્મા શક્તિ તો શુદ્ધનયની અપેક્ષાએ અભવ્ય અને ભવ્ય બંનેમાં સમાન છે, પરંતુ અભવ્ય જીવમાં પરમાત્મા શક્તિની પ્રગટતા કેવળજ્ઞાનરૂપે કદી નહિ થાય માટે તેનામા અભવ્યતા છે. વળી જો અભવ્ય જીવમાં શક્તિ રૂપે પણ કેવળજ્ઞાન ન હોય તો કેવળજ્ઞાનાવરણીય કર્મ સિદ્ધ થતું નથી.

**સ.૪૧ કર્મ તો જડ વસ્તુ છે તે આત્માને કેમ ઢીલો પાડે છે ?**

જ.૪૧ બળદની નાકમાં જે 'નાથ' (દોરડું) હોય છે તે બળદને વશ કરે છે ને ? બળદને તો એકજ નાથ છે પણ આ જીવને તો ૧૫૭ 'નાથ' (કર્મપ્રકૃતિ) છે. જીવે એકે પ્રકૃતિ તોડી નથી.

**સ.૪૨ સિદ્ધ આત્માને મોક્ષમાં કેટલું સુખ હશે ?**

જ.૪૨ એક તરફથી ૧૪ રાજલોકનું સુખ હોય અને બીજી તરફ સિદ્ધના ફક્ત એક પ્રદેશનું સુખ હોય તો પણ સિદ્ધના એક પ્રદેશનું સુખ અનંતુ થઈ જાય, એમ શાસ્ત્રમાં લખ્યું છે. આત્માની સહજ આનંદ અનુભવ દશા એ વચનથી કહેવાની વાત નથી, વચન અગોચર છે. તે સુખનું વર્ણન તો કેવળી ભગવંત પણ કરી શકયા નથી. જેમ કોઈએ જન્મથીજ ઘી ખાધું નથી તેને ઘીનો સ્વાદ શબ્દથી કેવીરીતે સમજાવી શકાય ? પણ પોતે ઘી ચાખે ત્યારે જ ખબર પડે. કોઈ ગળી વસ્તુને મધ કે ગોળ જોડે સરખાવીને કહી શકાય કે મધ જેવું મીઠું, કડવી વસ્તુને લીમડા જેવું કડવું, ખાટી વસ્તુને આમલી જેવું ખાટું એમ કહી શકાય પણ ઘીના સ્વાદને તમે કોની જોડે સરખાવો ? (કોઈ એમ નહી સમજતાં કે ઘી ને સ્વાદજ નથી. જો ઘીને સ્વાદજ ન હોય તો લૂખી રોટલી કરતાં ઘી થી ચોપડેલી રોટલી સ્વાદિષ્ટ કેમ લાગે છે ?) ઘી નો સ્વાદ અનુપમ છે. જેને કોઈ જોડે સરખાવી શકાય નહિ. એમ મોક્ષનું સુખ પણ અનુપમ છે. શબ્દમાં વર્ણવી શકાય તેવું નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે.

**સ.૪૩ સિદ્ધ ભગવાનને ત્યાં ખાવું પીવું, પહેરવું, ઓઢવું, ગાનતાન માન સન્માન આદિ કશું નથી તો પછી સુખ શાનું ?**

જ.૪૩ ખાનપાન આદિથી આપણે સુખ માનીએ છીએ પરંતુ વાસ્તવિક રીતે એ વસ્તુ સુખરૂપ નથી. કેમકે (૧) જે વસ્તુમાં સુખ આપવાનો ગુણ હોય તે હંમેશા સુખદાયક જ હોવી જોઈએ. (૨) જે સુખ દુઃખમાંથી ઉત્પન્ન થાય છે. દુઃખમાં અંત પામે છે તે સાચું સુખ નથી. (૩) સુખ સ્વાધીન હોવું જોઈએ પરાધીન નહી. આ ત્રણે વસ્તુ હું ઉદાહરણ સાથે સમજાઉં છું. સમજી લો કે, કેરીનો રસ પીવાથી તમને સુખ મળે છે. તો એક વાટકો પીઓ... બીજો પીઓ... ત્રીજો - ચોથો - પાંચમે વાટકે એજ રસ દુઃખ દાયક બની જશે. જો કેરીના રસમાંજ સુખ હતું તો ક્યાં ગયું ? સંગીત સાંભળવામાં સુખ લાગે છે. તો એક કલાક સાંભળો, બે કલાક, ત્રણ

કલાક, ચાર કલાક પછી એજ સંગીત તમને દુઃખમય, ત્રાસમય લાગશે. જગતની દરેક વસ્તુ જે તમને સુખદાયી લાગે છે તેને આ રીતે મુલવી જુઓ તો ખબર પડશે કે જગતની કોઈપણ વસ્તુમાં હંમેશ સુખજ આપવાની તાકાત નથી. વસ્તુ એની એજ હોય છે, સુખ ક્યાં જતું રહ્યું ? એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહિ.

પ્રથમ ભૂખનું દુઃખ ઉત્પન્ન થાય છે. પછી ભોજનથી સુખ અને પાછું અતિ ભોજનથી દુઃખ. પ્રથમ ખણજનું દુઃખ ઉત્પન્ન થાય, ખણવાથી સુખ અને પાછું અતિ ખણવાથી બળતરાનું દુઃખ. માનસન્માન મળે તો સુખ પાછું તેમાં જરાક ઓછું આવ્યું તો દુઃખ. ધન સંપત્તિ મળવાથી સુખ પણ પાછું એજ સંપત્તિને કારણે, વ્યક્તિ દારૂડીઓ, જુગારી કે વ્યાભિચારી બને અથવા તો ખૂન ખરાબા કે ઝગડા થાય તો દુઃખ. આમ દુઃખમાંથી સુખ ઉત્પન્ન થાય અને એજ સુખનો અંત દુઃખમાં આવે તે સાચું સુખ કેમ કહેવાય ? વળી સુખ તો અંદરથી મળવું જોઈએ, આત્મામાંથી બાહ્ય વસ્તુમાંથી ઉત્પન્ન થયેલું સુખ તો પરાધીન છે. જે વસ્તુ કે સંયોગો દૂર થતાં સુખ પણ દૂર થઈ જાય છે. સિદ્ધ આત્મા જે સુખને પામે છે તે આત્મામાંથી પ્રગટ થયેલું સ્વાધીન સુખ છે, પરાધીન નહિ. સોનાના પાંજરામાં પુરાયેલા પક્ષીનું સુખ કેટલું ? ને સ્વતંત્ર પણે ગગનમાં વિહરતા પક્ષીનું સુખ કેટલું ? માટે જ્યાં પરાધીનતાનો અભાવ છે ત્યાં વાસ્તવમાં સુખ છે. વળી ખાનપાન-સંપત્તિ આદિને તમે જે થોડું ઘણું સુખ માનો છો તે તો ફક્ત મનુષ્ય ભવમાં, પછી શું ? તિર્યંચના કે નરકના ભવમાં સંપત્તિનો શું ઉપયોગ છે ? આ ભવમાં પણ કઈ ઘડીએ આ સંપત્તિને છોડીને જવું પડશે તેની કોઈ નિશ્ચિંતતા નથી. જેની કોઈ નિશ્ચિંતતાજ નથી તેને સુખ કેમ માનવું ? જ્ઞાની કહે છે કે આપણા જીવે ભવભ્રમણમાં ભમતાં ભમતાં એટલા દુઃખ વેઠયા છે અને એટલા આંસુ સાર્યા છે કે જે બધા ભેગા કરવામાં આવે તો સમુદ્ર ભરાઈ જાય. જો કોઈ જ્ઞાની આપણને આપણા આજ સુધીના ભવની ફિલ્મ પટ્ટી બતાવી દે તો સુખ-દુઃખની વ્યાખ્યા બરાબર મગજમાં બેસી જાય ને મોક્ષની તાલાવેલી લાગી જાય.

**સ.૪૪ ત્યારે સાચું સુખ કોને કહેવાય ? મોક્ષમાં અનંત સુખ શેમાંથી મળે છે ?**

જ.૪૪ જેનો અંત દુઃખમાં ન હોય ને જે હંમેશા સુખરૂપ જ હોય તેને સાચું સુખ કહેવાય. સાચું સુખ સ્વાધીન છે, સહજ છે અને પોતાનો જ સ્વભાવ છે.

જેમ શેરડીનો સ્વભાવ ગળ્યો છે ને લીમડાનો સ્વભાવ કડવો, તેમ જ આત્માનો સ્વભાવજ સુખ છે. કર્મરજકણો આત્માને વિભાવદશામાં દોરી જાય છે. માટે દુઃખ ઉત્પન્ન થાય છે. જ્યાં કર્મજ નથી બચ્યા ને શુદ્ધ આત્મા જ છે ત્યાં સુખજ સુખ છે. કેમકે સુખ એતો આત્માનો અવિનાશી ગુણ છે. આત્માના સ્વભાવનો એક સમયમાત્રનો પણ અનુભવ સહજ સુખનું જ્ઞાન કરાવે છે. મોક્ષમાં રહેલ કર્મરહિત આત્મા એટલે જ સુખનો પુંજ. સુખનો ઢગલો.

**સ.૪૫ સિદ્ધ આત્મા ફરીથી અવતાર જન્મ ધારણ કરે ?**

**જ.૪૫**જેમ બીજને બાળી નાખવામાં આવે તો તે ઉગેજ નહિ તેમ જેણે સંસારના સર્વ કારણોનો સર્વથા નાશ કર્યો છે તે ફરી અવતાર જન્મ ધારણ કરેજ નહિ. અથવા જેમ માખણમાંથી ઘી થયા પછી ફરીને ઘીનું માખણ થાય નહિ તેમ આત્માની સંપૂર્ણ પવિત્રતા રૂપ અશરીરી મોક્ષ દશા પ્રગટ કર્યા પછી તેમાં કદી અશુદ્ધતા આવતી નથી. સંસારમાં ફરી આવવું પડતું નથી.

**સ.૪૬ સિદ્ધ ભગવાનને શરીર ન હોય તો આત્માનો કોઈ આકાર છે ?**

**જ.૪૬**નિશ્ચયનયથી જીવનો આકાર લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે. પણ જ્યારે નામ કર્મ નાશ થઈ જાય છે ત્યારે આત્મા અંતિમ શરીર જેવો હોય છે. તેવો જ રહી જાય છે. તેનો સંકોચ વિસ્તાર બંધ થઈ જાય છે. મનુષ્ય ગતિ સિવાય બીજી કોઈ ગતિમાંથી સિધ્ધપદને પામી શકાતું નથી. માટે સિદ્ધનો આત્મા જે મનુષ્યદેહે સિદ્ધ પામ્યા હોય તે દેહના આકારે હોય છે. અને પૂર્વ શરીરની ૨/૩ ભાગ પ્રમાણ હોય છે. મોક્ષગામી જીવ જે મુદ્રામાં શરીરથી મુક્ત થાય છે તેજ મુદ્રામાં સિદ્ધક્ષેત્રમાં સ્થિર થાય છે. જેમકે ઉભાઉભા કાઉસગ્ગ મુદ્રામાં હોય કે, બેઠા બેઠા કે સુતા સુતા એક સાદા ઉદાહરણથી સમજીએ કે જેવા આકારના બોટલમાં પાણી ભર્યું હોય પછી તે પાણી થીજીને બરફ થઈ જાય ને બાટલાને ફોડી નાખવામાં આવે તો તેમાં રહેલા બરફનો આકાર બાટલાના આકાર જેવો રહી જાય છે. બસ તેજ રીતે છેલ્લું મનુષ્યનું શરીર છોડી સિદ્ધ આત્મા સિદ્ધ ક્ષેત્રમાં બિરાજેલ છે ત્યારે અંતિમ શરીર જેવો આકાર હોય છે. પરંતુ અંતિમ શરીર કરતાં ત્રીજો ભાગ ઓછો હોય છે. દા.ત. ૫૦૦ ધનુષ્યની કાયાવાળા આદિનાથ દાદાની અવગાહના ત્યાં ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળ પ્રમાણ હશે.

**સ.૪૭ સિદ્ધ આત્માને શરીર નથી તો અવગાહના શાની ?**

**સ.૪૭** શરીર નથી પરંતુ આત્મ પ્રદેશનો ઘન ભાગ બંધાય છે માટે અંતિમ શરીરના ત્રીજા ભાગ ઉણે તે પ્રદેશઘન છે. જીવના પ્રદેશત્વ ગુણના કારણે અવગાહના છે.

**સ.૪૮ વધુમાં વધુને ઓછામાં ઓછા કેટલા દેહપ્રમાણ વાળા મનુષ્ય સિદ્ધ થઈ શકે ? સિદ્ધશિલાપર એમની અવગાહના (દેહપ્રમાણ) કેટલી ?**

**જ.૪૮** વધુમાં વધુ ૫૦૦ ધનુષ્યને ઓછામાં ઓછા ૨ હાથની દેહ પ્રમાણવાળા મનુષ્ય મોક્ષ મેળવી શકે. ૫૦૦ ધનુષ્યવાળા મનુષ્યની સિદ્ધક્ષેત્રમાં અવગાહના ૩૩૩ ધનુષ્યને ૩૨ આંગળ પ્રમાણ તથા ૨ હાથવાળા મનુષ્યની સિદ્ધક્ષેત્રમાં અવગાહના ૧ હાથ ૮ આંગળની હોય.

**સ.૪૯ સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર એકજને ?**

**જ.૪૯** ના. સિદ્ધશિલા એ ઈસીપભારા (ઈષત્ પ્રાગભારા) નામની એક મુક્તિશિલા પૃથ્વી છે. જે પૃથ્વી ૪૫ લાખ યોજન લાંબી પહોળી અને મધ્યભાગમાં આઠયોજન જાડી છે. પછી થોડું થોડું ઘટતાં એકદમ છેડે માખીની પાંખ કરતાં પણ પાતળી છે. તે સિદ્ધશિલા નિર્મળ અને સુંદર છે. દેરાસરમાં અક્ષત વડે જે બીજના ચંદ્રમાં જેવો આકાર બનાવીએ છીએ તે સિદ્ધશિલા છે. જ્યારે તેની ઉપર જે લીટી જેવું બનાવીએ છીએ તે સિદ્ધક્ષેત્ર છે. સિદ્ધક્ષેત્ર એટલે એ જગ્યા કે જ્યાં સિદ્ધપ્રભુ બિરાજમાન છે.

**સ.૫૦ દેરાસરમાં અક્ષતવડે જે સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્રનું પ્રતિક બનાવીએ છીએ તે બંને વચ્ચે જગ્યા કેમ છોડીએ છીએ ?**

**જ.૫૦** કેમકે સિદ્ધશિલાથી ૧ યોજન ઉપર તે યોજનના છેલ્લા કોશના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો બિરાજમાન છે. એક યોજન એટલે ચાર કોશ જાણવા. એટલે કે સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર વચ્ચે ત્રણ કોશથી થોડું વધારે અંતર છે. આ અંતર બતાવવા માટે આપણે દેરાસરમાં અક્ષત વડે સિદ્ધક્ષેત્રને સિદ્ધશિલાનું જે પ્રતિક બનાવીએ છીએ તેમાં જગ્યા છોડીએ છીએ. આજથી વર્ષો પછી કદાચ શબ્દોની ભાષા ભૂલાઈ જશે પરંતુ પ્રતિક વડે જે જણાવવામાં આવ્યું છે તે જીવંત રહેશે. માટે આપણે શું કરી રહ્યા છીએ તે જાણવું ખૂબ જરૂરી છે.

**સ.૫૧ દેરાસરમાં આપણે જે સાથિઓ કરીએ છીએ તે સાંકેતિક ભાષામાં શું કહેવા માંગે છે તે સમજાવો.**

**જ.૫૧** સાથિયાના બરાબર મધ્યમાં તમારા જીવની કલ્પના કરો. તે જીવ ઘડીક ઉપરનું પાંખડું એટલે કે દેવગતિમાં જાય છે તો ઘડીક જમણું પાંખડું એટલે કે મનુષ્યગતિમાં જાય છે તો ઘડીક સાથિયાનું નીચેનું પાંખડું એટલે કે નરકગતિમાં જાય છે તો ઘડીક ડાબું પાંખડું એટલે કે તિર્યંચ ગતિમાં જાય છે. ભગવાને સમગ્ર સંસારના આ ચારગતિમાં વિભાગ કરી આપ્યા છે. ગમે તેવો વિદ્વાન પણ સંસારની આ ચાર ગતિ સિવાય પાંચમી ગતી બતાવી શકે નહી. પાંચમી ગતિ એટલે સંસારની બહાર એટલે કે મોક્ષ. પરંતુ આ સાથિયાની ચાર ગતિ એટલી ગહન છે કે તે ચારગતિને સમજતાં સમજતાં કદાચ વર્ષો નીકળી જાય. ભગવાન કહે છે કે જો આ ચાર ગતિના ભ્રમણથી થાકી ગયા હો ને પંચમી ગતિ મોક્ષ સુધી પહોંચવું હોય તો વચ્ચેના આ ત્રણ ગઢ (જે ત્રણ ઢગલીઓ કરીએ છીએ તે) સમ્યક્ જ્ઞાન - સમ્યક દર્શન અને સમ્યક્ ચારિત્રના આ ત્રણ ગઢ પસાર કરવાજ પડશે. તો જ સિદ્ધશિલાની ઉપર હે જીવ ! તું પહોંચી શકીશ ને તો જ તારો વાસ સિદ્ધક્ષેત્રમાં થશે. આપણા પૂર્વાચાર્યો ખૂબજ દિર્ઘદ્રષ્ટિને દૂરંદેશી હતા. એમણે સંપૂર્ણ જૈન તત્વજ્ઞાન આ દેરાસરના સાથિયામાં સાંકેતિક ભાષામાં મૂક્યું છે.

**સ.૫૨ જીવે ચાર ગતિમાંથી સૌથી વધારે ભવ કઈ ગતિમાં કર્યા છે ?**

**જ.૫૨** આત્માના અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતા જીવે સૌથી વધુ ભવ તો તિર્યંચ ગતિમાં કર્યા છે. ઉપરાંત દેવ-નારકીને-મનુષ્યના અનંત અવતાર કર્યા છે. તેમાંય મનુષ્ય કરતા નરકના અવતાર અસંખ્ય ગણા કર્યા છે. નરક કરતાં દેવના અવતાર અસંખ્ય ગણા કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર દેવના ને નરકના કરે ત્યારે મનુષ્યનો એક અવતાર મળે.

**સ.૫૩ ચાર ગતિ કે સંસાર ક્યારથી શરૂ થયો હશેને ક્યારે બંધ થશે ?**

**જ. ૫૩** આ સંસાર અનાદિ છે ને ચાર ગતિ પણ અનાદિ છે અને નાશ પામશે તેમ પણ નથી. સોયની અણીના અગ્રભાગ જેટલી સાધારણ વનકાયમાં અસંખ્યાત શરીરો છે, એકેક શરીરમાં અનંતા જીવો છે. મોક્ષરૂપે સર્વ જીવોની સ્થિતિ થાય કે આ દુનિયાનો નાશ થાય તે સંભવિત લાગતું નથી. કેમ કે સર્વ પદાર્થ, સર્વ જીવ એવા સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ

બને ? અર્થાત ન જ બને. આવાને આવા પ્રવાહમાં આ સંસારની સ્થિતિ સંભવે છે.

**સ.૫૪ ચાર ગતિમાં ભમતા જીવે સૌથી વધારે ભવ તિર્યંચ ના કર્યા છે એમ તમે શા પરથી કહો છો ?**

જ.૫૪ ચાર ગતિની ૮૪ લાખ યોનિઓ શાસ્ત્રકારે વર્ણવી છે. તેમાંથી ૪ લાખ દેવતા, ચાર લાખ નારકી ને ૧૪ લાખ મનુષ્યની એટલે કે ૨૨ લાખ યોનિ છોડીને બાકીની ૬૨ લાખ યોનિ તિર્યંચની છે. એટલે સ્વાભાવિક છે કે જીવે તિર્યંચના ભવજ વધારે કર્યા છે. વળી નિગોદનો જીવ પણ તિર્યંચમાં જ ગણાય. ભવગણત્રીએ જુઓ તો એક શ્વાસ લઈને મૂકીએ એટલી વારમાં સાડા સત્તર ભવ નિગોદનો જીવ કરે છે. આ બધા ભવની ગણત્રી કરીએ તો સમજી શકાશે કે જીવે તિર્યંચના ભવજ સહુથી વધારે કર્યા છે.

**સ.૫૫ ૬૨ લાખ યોનિ તિર્યંચની કહી તો તિર્યંચ ગતિમાં કઈ કઈ યોનિ ગણાય ?**

જ.૫૫ તિર્યંચ ગતિમાં સાત લાખ પૃથ્વીકાય (માટી, મીઠું, બધીજ ધાતુ, રત્નો, હીરા વગેરે) - સાત લાખ અપકાય (પાણીના જીવો) - સાત લાખ તે ઉકાય (અગ્નિના જીવો) - સાત લાખ વાયુકાય - ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય - ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય (૭ લાખ સૂક્ષ્મનિગોદને ૭ લાખ બાદર નિગોદ) - ૨ લાખ બે ઈંદ્રિયવાળા જીવ - ૨ લાખ ત્રણ ઈંદ્રિયવાળા જીવ - ૨ લાખ ચાર ઈંદ્રિયવાળા જીવ - ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય આમ કુલ ૬૨ લાખ યોનિ તિર્યંચની ગણાય. આ દરેક યોનિમાં જીવ અનંતીવાર જઈને આવ્યો હશે ને કેવા કેવા દુઃખ સહન કર્યા હશે તેની કલ્પના કરશો તો ધ્રુજી ઉઠશો.

**સ.૫૬ ચાર ગતિના જીવોની સંખ્યા શું કદી વધઘટ થાય જ નહિ ?**

જ.૫૬ કરણાનુયોગમાં ચાર ગતિના જીવોની નિશ્ચિત સંખ્યા લખેલી છે ને તે કદી વધતી ઓછી પણ થતી નથી. જીવ નિગોદમાંથી ૨૦૦૦ સાગરોપમ માટે નીકળે છે. (તે સમય પૂરો થતા સુધીમાં જીવનો મોક્ષ થાય તો થાય નહિ તર જીવ પાછો એકેન્દ્રિય-નિગોદમાં ચાલ્યો જાય) તેમાં પણ બે ઈંદ્રિયના આટલા, ત્રણ ઈંદ્રિયના આટલા, ચાર ઈંદ્રિયના આટલા ભવ ધારણ કરે છે. મનુષ્યના ફક્ત ૪૮ ભવ મળે છે. એમાંયે આ માનવ ભવ કેટલામો હશે

કોને ખબર ? કદાચ એક-બે માનવભવજ હાથમાં રહ્યા હોય... માટે હે જીવ ! જો પાછા એકેન્દ્રિયમાં ન ચાલ્યા જવું હોય તો પુરૂષાર્થ કરી મોક્ષ તરફ પ્રયાણ કર. આમ ચાર ગતિના જીવોની સંખ્યા નિશ્ચિત છે, નહિ તો આખી વ્યવસ્થા કેવી રીતે બને ? ક્યાંક તો અધિક ભીડ એકઠી થઈ જાય ને ક્યાંક સ્થાન ખાલી પડયા રહે પણ એમ થતું નથી.

**સ.૫૭ 'જેમાં મૂઢ થયા તેમાં ગયા' એટલે શું ?**

**જ.૫૭** મૂઢ એટલે મુગ્ધ. જેમાં મુગ્ધ થયા તે ગતિમાં જવાની તૈયારી કરી લીધી. ઘણા પાણી જોઈને, બરફ જોઈને મુગ્ધ થઈ જાય છે. કલાકોના કલાકો બાથટબમાં પડયા રહેવું ગમે. વોટરપાર્ક નદી - તળાવ - ઝરણા - સરોવર - હિમવર્ષા જોઈને આનંદ વિભોર બની જવાય. ઘરમાં કે બહાર અહીંનું જ પાણી ભાવે ને ત્યાંનું તો ભાવેજ નહિ વગેરેમાં જ્યાં જ્યાં મૂઢ થયા ત્યાં જવાની એટલે કે પાણીકાયમાં જન્મ ધારણ કરવાની જીવે તૈયારી કરી લીધી. હીરા, સોનુ, ચાંદી, ઘર, ઈમારત એ બધું જ પૃથ્વીકાયના જીવના મૃત કલેવર છે. સોના-ચાંદીના દાગીના જોઈને મુગ્ધ બન્યા. 'બહુ સરસ, બહુ સરસ આટલું સુંદર તો ક્યાંય જોયું જ નથી.' હીરાનો હાર ભલે લોકરમાં પડયો હોય પરંતુ હાલતા-ચાલતા કામ કરતાં એજ યાદ આવે. સમજી લેવાનું કે પૃથ્વીકાયમાં મુગ્ધ બન્યા એટલે પૃથ્વીકાયમાં જવાની તૈયારી કરી લીધી. તેવીજ રીતે એ.સી. જોઈએ. એ.સી. વગર રહેવાય જ નહિ. ઠંડા પવનની લહેરખી આવે ને એમાં મુગ્ધ બન્યા, ગરમીમાં લાઈટ ચાલી જાય ને પંખા વગર હાયવોય થઈ જાય સમજી લેવું કે વાયુકાયમાં જવાની તૈયારી કરી લીધી. શાકભાજી, ફ્રૂટ કે ખાવાની કોઈપણ વાનગીમાં મૂઢ બન્યા. કુણી કુણી કાકડી બહુજ ભાવે, ખાધાજ કરીએ એવું મન થાય, બે વરસ પહેલાં ખાધેલી હોટલની વાનગી હજીય યાદ આવે. સમજી લેવું પાછા વનસ્પતિકાયમાં જવાની તૈયારી કરી લીધી. આમ બાવન લાખ યોની એકેન્દ્રિયની છે. સૌથી મોટો ખાડો આ છે આ ખાડામાં પડયા પછી કરોડોના કરોડો વર્ષ સુધી ત્યાંથી નીકળવું મુશ્કેલ છે. સમજીલો એકવાર એકેન્દ્રિયમાં ચાલ્યા ગયા પછી એ ભવમાં આપણા જીવની બુદ્ધિ કેટલી ? અક્કલ કેટલી ? ભલે આ ભવમાં ગમે તેટલું જાણતા કે સમજતા હોઈએ પણ અહીંથી મરીને જો એકેન્દ્રિયમાં ગયા પછી ત્યાં આપણો ભાવ શું ? કર્મ ખપાવવાના સાધનો આપણી પાસે કેટલા ? હવે એ ભવમાંથી એના પછીના બીજા ભવનું આયુષ્ય બાંધશું ત્યારે કેવું બાંધશું ? પાછું

એકેન્દ્રિયનું જ ને ? આમ એક પછી એક ભવ પાછા એકેન્દ્રિયના થયા જ કરે. એકવાર ગબડયા પછી નીચે જવાના ચાન્સ વધારે, ઉપર આવવાના ચાન્સ ઓછા, માટે જ કહ્યું છે, જેમાં મૂઢ થયા તેમાં ગયા.

**સ.૫૮ આપણો સૌથી વધુ પાલો એકેન્દ્રિય જીવ જોડે જ પડે છે એમાંથી મૂઢ થતાં બચવા શું કરવું ?**

**જ. ૫૮** એમાંથી મૂઢ થતાં બચવા વૈરાગ્યવાસિત ભાવના ભાવવી, ખળ ખળ વહેતા નદીના ઝરણા જોઈને આનંદ વિભોર બની જવાને બદલે વિચારવું કે આ પાણી કાયના જીવોનો અથડાવાનો અવાજ છે. ક્ષણે ક્ષણે જન્મ મરણ કરી રહેલા જીવોના ત્રાસનો અવાજ છે. હું પણ આવા અનંતા ભવ કરીને આ માનવ ભવ સુધી પહોંચ્યો છું. મારો જીવ જ્યારે પાણીકાયમાં હશે, લોકો મને જોઈને ખુશ થતા હશે. આજે હું એને જોઈને ખુશ નહિ થાઉં કારણકે મને કરૂણા ઉપજે છે. હે ભગવાન આ જીવોને પણ જલ્દીથી કર્મોથી મુકત કર અને મને પણ કર. ચંગુ-મંગુ સાથે હિમાલય દર્શન કરવા જાય છે. હિમાલયના બરફ આચ્છાદિત શિખરોને વૃક્ષોની હારમાળા-નદીનાળાને કુદરતી સૌંદર્ય જોઈને ચંગુ વિચારે છે, 'અહા ! શું સુંદર સીન છે. આમાં ખોવાઈ જવાનું મન થાય છે. હું તો મરતા સુધીય આ સીન નહીં ભૂલું...' સાથે રહેલો મંગુ પણ આજ સીન જુવે છે. ને વિચારે છે કે, 'અહો ! મારા જીવે કેટકેટલા આવા ભવ કર્યા હશે ? શું હું કરોડોના કરોડો વર્ષો આવા વૃક્ષ બનીને સ્થિર ઉભો હોઈશ ? કેવા કેવા ટાઢ-તડકાને હિમવર્ષા મેં સહન કર્યા હશે ? એ પણ મોં માંથી એક ઉંહકારો કર્યા વગર ? અરે લોકોએ મને કાપી નાખ્યો હશે ને હું એક ચીસ પણ પાડયા વગર બધું સહન કરતો હોઈશ ? હે ભગવાન ! હવે મને બચાવી લે મારે પાછું આમાં નથી જવું.' ભગવાન મારો પણ મોક્ષ કરે ને આ જીવોનો પણ મોક્ષ કર. ચંગુ-મંગુ સાથે જ આ સીન જુએ છે પણ ચંગુ કર્મનો ગુણાકાર કરી રહ્યો છે ને મંગુ કર્મના ભાગાકાર. બહારથી જોનારને તો લાગે કે આ બંને સીન-સીનેરીમાં ખોવાઈ ગયા છે પણ બંનેની મતિ અલગ છે તો ગતિ પણ અલગ છે. ફરક ફક્ત વિચારોમાં, ભાવનામાં પાડવાનો છે. જ્યારે ઘર-કપડાં-ફર્નિચર દાગીનામાં ખોવાઈ જાઓ ત્યારે વિચાર કરો કે આ બધા એકેન્દ્રિય જીવોના મૃત કલેવર (મડદા) છે. એક દિવસ આ બધામાં જીવ હતો, ચેતન હતું. ચેતન એને છોડીને ચાલ્યો ગયો ને જડ રહી ગયું. એનો અર્થ એ કે ચેતન કદી જડનો હોઈ શકે જ નહિ. આ ફર્નિચર એક દિવસ ઝાડ

હતું તેમાં જીવ હતો... એ જીવ કદાચ મારો પોતાનો પણ હોઈ શકે, જેને જોઈને હું ખુશ થાઉં છું... જેના વખાણ કરતા થાકતો નથી. એ કદાચ મારા પોતાના જીવનું મૃત ક્લેવર પણ હોઈ શકે. આ મારા હાથમાં રહેલી સોનાની હીરાની વીંટી એક દિવસ એમાં પૃથ્વી કાયના જીવો હતા. એ જીવ કદાચ મારો પોતાનો કે મારા સગાવહાલાનો હોઈ શકે... શું હું મારા પોતાના મૃતકલેવર જોઈને એમાં મૂઢ થાઉં છું ? શું મારા જીવે પાછા આમાંજ જન્મ લેવાની તૈયારી કરી લીધી ? ના... ના... હવે આ સમજ આવ્યા પછી તો નહિજ... નહિ... આવી આવી વૈરાગ્ય વાસિત ભાવના આત્માનું કલ્યાણ કરે છે.

**સ.૫૯ હાલના શાસ્ત્રો તો મહાવીરસ્વામી પછી ઘણા વખતે લખાયા માટે તેમાં તીર્થંકરોના જ વચનો હશે કે નહિ એમ શંકા થાય છે ?**

**જ.૫૯** એ વચનો ખોટા છે એમ ન કહેવું. કેમ કે જેના પર તમે શંકા કરો છો તે શાસ્ત્રથી જ પ્રથમ તો તમે જીવ, અજીવ એવું કહેતા શીખ્યા છો. એટલે કે શાસ્ત્રોના આધારેજ તમે જે કંઈ જાણો છો તે જાણ્યું છે. વળી શાસ્ત્રના લખનારાઓ પણ વિચારવાન હતા તેથી તે સિદ્ધાંત વિષે જાણતા હતા. મહાવીરસ્વામી પછી ઘણા વરસે લખાયા છે માટે ખોટા કહેવા તે દોષ ગણાય. હાલ સિદ્ધાંતોનો જે બાંધો જોવામાં આવે છે તેજ અક્ષરોમાં તીર્થંકરે કહ્યું હોય એમ કાંઈ નથી પરંતુ તે વખતે કોઈએ તીર્થંકરને વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા સંબંધી પૂછયું હોય તે સંબંધી જે કાંઈ વાત કહી હોય, તે તેમની પાસે જે ગણધરો હોય તે ધ્યાનમાં રાખી લે, અને અનુક્રમે તેનો બાંધો બાંધે. બાકી તીર્થંકરો જેટલું કહે તેટલું કાંઈ તેમના ધ્યાનમાં ન રહે પણ અભિપ્રાય ધ્યાનમાં રહે. વળી ગણધરો પણ બુદ્ધિમાન હતા તેથી તીર્થંકરે કહેલા વાક્યો કાંઈ તેમાં આવ્યા નથી તેમ પણ નથી. માટે શંકા કરવી નહિ.

**સ.૬૦ સૂત્ર અને સિદ્ધાંત એ બે એક છે ? તેમાં શું ભેદ છે ?**

**જ.૬૦** સૂત્ર અને સિદ્ધાંત એ બે જુદાં છે. દેશ કાળને અનુસરી સૂત્ર રચવામાં આવે છે અને તેમાં સિદ્ધાંતની ગૂંથણી કરવામાં આવે છે. તે સિદ્ધાંતો ગમે તેવા કાળમાં ગમે તે ક્ષેત્રમાં ફરતા નથી. એ જ્ઞાનીની અનુભવ ગમ્ય બાબત છે તેથી તેમાં કોઈ જાતની ભૂલ કે અધૂરાપણુ હોતું નથી. દા.ત. (૧) રાગદ્વેષથી બંધ છે (૨) બંધનો ક્ષય થવાથી મુક્તિ થાય છે. આ બધા

સિદ્ધાંતો છે તે ગણિતની માફક પ્રત્યક્ષ છે તેમાં કંઈપણ ખોટાપણું સમાતુ નથી. ઉપરના બંને સિદ્ધાંતની ખાતરી કરવી હોય તો રાગદ્વેષ છોડો. જે સમયે સર્વથા સર્વપ્રકારે રાગદ્વેષ જશે તેને બીજે સમયે કેવળજ્ઞાન છે. અનંતા તીર્થંકરો થઈ ગયા ને અનંતા થશે. દરેક તીર્થંકર અર્થથી ઉપદેશ આપે છે. ગણધરો તેને સૂત્રરૂપે ગૂંથે છે. દરેક તીર્થંકરોના ગણધરોનો દેશ-કાળ-ભાષા અલગ હોય છે. માટે સૂત્ર રૂપે અલગતા હોવા છતા પણ તેમાં ઉપદેશ તો સિદ્ધાંતરૂપે તો એકજ છે. અનંતા તીર્થંકરોએ ઉપદેશેલો ધર્મ સિદ્ધાંત રૂપે એકજ છે ને અનંતકાળ સુધી એકજ રહેશે.

**સ.૬૧ યોગ્ય કાળે શાસ્ત્ર વાંચવું એટલે શું ? એવું શા માટે ?**

**જ.૬૧** શાસ્ત્રોને માટે અમુક કાળે શાસ્ત્ર વાંચવું એવો નિયમ છે. આગમ શાસ્ત્રોના બે ભેદ છે. કાલિક અને ઉત્કાલિક. અમુક સમયે જે શાસ્ત્ર વાંચવાનું છે તે બીજે કાલે વાંચે તો પાપ લાગે. તેમજ ચોત્રીસ અસજ્ઝાય હોય ત્યારે સૂત્ર વંચાય કે ભણાય નહિં. અમુક કામ માટે અમુક કાલ ભગવાને કહ્યો છે તે જેને આત્મકલ્યાણ કરવાની ભાવના છે તેને માટે આ બધા નિયમો કરી આપ્યા છે. અમુક વખતે શ્વાસોચ્છ્વાસ એવા હોય છે કે તે વખતે મન બરાબર સ્થિર ન હોય. તેથી તે અકાળ છે તેમ કહ્યું છે. કોઈનું મરણ થાય તે વખતે સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે તેનું કારણ તે વખતે તેનું મન બરાબર સ્થિર હોતું નથી. અમુક દૂર સુધી હાડકું પડયું હોય ત્યાં સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે તેનું કારણ તેવા નિમિત્તે હિંસાના પરિણામ વગેરે થાય, એવા સ્થળમાં, એવા નિમિત્તોમાં સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે.

**સ.૬૨ જે સમયે સ્વાધ્યાય ન થઇ શકે એવી ચોત્રીસ અસજઝાય જણાવો.**

**જ.૬૨** આકાશની બાર અસજ્ઝાય (૧) તારા આકાશેથી ખરે તો (૨) ચારે દિશા રાતી થાય તો (૩) અકાળે ગાજે તો (૪) અકાળે વીજળી થાય તો (૫) અકાળે કાટકો થાય તો (૬) બીજના ચંદ્રની (૭) જક્ષના ચિન્હ (આકાશમાં વ્યંતરાદિના નગરો દેખાય) (૮) કરા પડે તો (૯) ધુમ્મસ વરસે તો (૧૦) ધૂળ વરસે તો (૧૧) ચંદ્રગ્રહણ થાય તો (૧૨) સૂર્યગ્રહણ થાય તો.
ઔદારિક શરીરની આઠ અસજ્ઝાય :-
(૧) તાજાં હાડકાં પડયા હોય તો (૨) માંસ પડયું હોય તો (૩) લોહી પડયું હોય તો (૪) વિષ્ઠા, ઉલટી હોય તો (૫) મડદું બળતું હોય તો (૬) મોટો

રાજા મરે તો (૭) સંગ્રામ થાય તો (૮) પંચેન્દ્રિયનું મડદું પડયું હોય તો.
કાળની ચૌદ અસજ્ઝાય :-
(૧) ચૈત્ર સુદ પૂનમ (૨) ચૈત્ર વદ એકમ (૩) અષાઢ સુદ પૂનમ (૪) અષાઢ વદ એકમ (૫) ભાદરવા સુદ પૂનમ (૬) ભાદરવા વદ એકમ (૭) કાર્તિક સુદ પૂનમ (૮) કાર્તિક વદ એકમ (૯) પ્રભાત (૧૦) મધ્યાન્હ (૧૧) સંધ્યા (૧૨) મધ્યરાત્રિ (૧૩) હોળી પ્રગટે તે વખતની (૧૪) ધૂળેટીની.(આમાં ઘણા મતમતાંતર હોવાથી ગુરૂગમથી જાણી લેવું.)

**સ.૬૩ જૈન દર્શનના સિદ્ધાંતો કેવા છે ?**

જ.૬૩ જે જે જિનશ્વરનાં કહેલા સૈધ્ધાંતિક વચનો તે અખંડ છે. તેમાંના કેટલાક સિદ્ધાંતો એવા સૂક્ષ્મ છે કે એકેક વિચારતાં આખી જિંદગી વહી જાય.

**સ. ૬૪ મોક્ષમાર્ગ એકજ છે કે વધારે છે ?**

જ.૬૪ મોક્ષમાર્ગ એકજ છે અને તે નિશ્ચય સમ્યક્ દર્શન - જ્ઞાન - ચારિત્રની એકતાજ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' જેજે મહાપુરૂષો મોક્ષરૂપ પરમશાંતિને ભૂતકાળે પામ્યા તે એકજ માર્ગથી પામ્યા છે. વર્તમાન કાળે પણ તેથી જ પામે છે ને ભવિષ્યકાળે પણ તેથીજ પામશે.

**સ.૬૫ મોક્ષની ઈચ્છાવાળાએ જાત, ગચ્છ કે નયનો આગ્રહ કરવો જોઈએ ?**

જ.૬૫ ઈન્દ્રિયોના નિગ્રહનું ન હોવા પણું એટલે જ આગ્રહ. એ કદાગ્રહ્ યાં સુધી જીવ ન મૂકે ત્યાં સુધી કલ્યાણ થાય નહિ. 'છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ; કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.' જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય તેવા પ્રાણીએ મત, ગચ્છ કે નયનો આગ્રહ છોડી દેવો, નહિ તો તેથી વિષમ ફળની પ્રાપ્તિ થાય છે. જેણે એ આગ્રહ છોડયો છે તે કોઈ પ્રાણીને દુભવતો નથી.

**સ.૬૬ અત્યારે ધર્મસંબંધી જૈન સમાજની દશા કેવી વર્તે છે ?**

જ.૬૬ જૈન સમુદાયમાં પરસ્પર બહુ મતભેદ પડી ગયા છે. પરસ્પર નિંદાગ્રંથોની જંજાળ માંડી બેઠા છે. પણ તત્ત્વને કોઈકજ જાણે છે. જાણીને અહંપદ કરનારા પણ છે. જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર છવાઈ જવાથી અજ્ઞાનની પ્રવૃત્તિ થાય અને જ્ઞાની પુરૂષોના વચનો ન

સમજાય. તેથી લોકોને અવળું ભાસે ને ગચ્છના ભેદ પાડે. મતભેદ રાખીને કોઈ મોક્ષ પામ્યા નથી. વિચારીને જેણે મતભેદ ટાળ્યો તે અંતરવૃત્તિ પામી ક્રમે કરી મોક્ષને પામ્યા છે ને પામશે. કેળવણી પામેલાને ધર્મતત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી તેથી તેમને ધર્મની દુર્લભતા થઈ પડી છે ને કેળવણી વગરના લોકો એમ માને છે કે બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે તેજ વીતરાગનો બોધેલો ધર્મ છે. બાકી જૈન નામે પ્રવર્તે છે. તે મત મઘળા અસત્ છે. સ્મશાન વૈરાગ્યમાં લેવાયેલી દીશા વધારે જોવા મળે છે. શિક્ષાની સાપેક્ષ સ્ફુરણાથી પ્રાપ્ત થયેલી દીક્ષાવાળો પુરુષ તમને વિરલજ દેખાશે. સંશોધક પુરૂષો બહુ ઓછા છે બાકી તો સાચી કે જૂઠી સહુ પોતપોતાની ગાય છે. આમ જૈન દર્શનની દશા જોઈને કરૂણા ઉપજે તેવું છે. જીવે જે કાંઈ કરવાનું છે તે આત્માના ઉપકાર અર્થે કરવાનું છે તે વાત તેઓ ભૂલી ગયા છે. હાલમાં જૈનોમાં ચોરાશીથી સો ગચ્છ થઈ ગયા છે તે બધામાં કદાગ્રહો થઈ ગયા છે. છતાં તેઓ બધા કહે છે કે -જૈન ધર્મમાં અમેજ છીએ. જૈન ધર્મ અમારો છે. -અમારો ધર્મ શું ? મહાસાગર કોઈનોય નથી; તેમ ધર્મ કોઈના બાપનો નથી. જીવનું સ્વરૂપ શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી નથી. જીવનું સ્વરૂપ કુળ નથી. જાતી નથી, વર્ણનથી તેને આવી માઠી કલ્પનાઓ કરી આગ્રહથી વર્તાવવો એ કેવું અજ્ઞાન છે ? ક્રિયા વૈરાગ્ય આદિમાં જો આત્માનું જ્ઞાન હોય તો શોભે નહિ તો ન શોભે. જૈનમાં હાલમાં આત્માનો ભૂલાવો થઈ ગયો છે.

**સ.૬૭ અત્યારે જૈન ધર્મમાં આટલા બધા મતપ્રવર્તે છે તેના મુખ્ય કારણો કયા છે ?**

**જ.૬૭** (૧) દુ:સમ કાળ (૨) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું (૩) મંદ બુદ્ધિ (૪) પરસ્પર બે આચાર્યોનો વાદવિવાદ (૫) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરૂષોએ નિગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય (૬) ગ્રહણ કર્યા પછી તે વાતનો માર્ગ મળતો હોય તો પણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહણ કરવો (૭) જેના પર રાગ હોય તેના છંદમાં પ્રવર્તન કરનારા ઘણા મનુષ્યો (૮) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું.

**સ.૬૮ આર્યધર્મ શું છે ? બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું ?**

**જ.૬૮** જૈનો જૈનને આર્યધર્મ કહે છે, બૌદ્ધો બૌદ્ધને અને વેદાંતી વેદાંતને આર્યધર્મ કહે છે. પરંતુ જ્ઞાનીપુરૂષો તો કહે છે કે જેનાથી આત્માને

નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવા ઉત્તમ માર્ગનેજ આર્યધર્મ કહેવાય. બધાની ઉત્ત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી કારણકે વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેનાથી હજાર ગણા આશયવાળુ જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે. માટે વેદમાંથી સર્વની ઉત્પત્તિ થવી ઘટતી નથી. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે.

**સ.૬૯ આત્માની રુચિ વાળો જીવ મરીને ક્યાં જાય ?**

જ.૬૯ આત્માની રૂચી વાળો જીવ મરીને દેવમાંજ જાય. આ તત્વની રુચિ, વાંચન-શ્રવણ, ભક્તિ પૂજા આ બધા તો દેવ જ થાય. કોઈ સાધારણ હોય તો મનુષ્ય થાય.

**સ.૭૦ કેવા પ્રકારના દેવ થાય ?**

જ.૭૦ એ તો એની યોગ્યતા અનુસાર, ભવનપતિ કે વૈમાનિકમાં જાય. અને આત્માનુભવી તો વૈમાનિકમાં જ જાય. કોઈ જીવધર્મી હોય પણ મનમાં દ્વેષભાવ રાખીને ધર્મ કરે તો દેવ તો થાય પણ વાણવ્યંતર દેવ થાય. માટે દ્વેષનો ત્યાગ કરવો.

**સ.૭૧ એકેન્દ્રિયમાંથી નીકળીને જીવ કઇ ગતિમાં જઈ શકે ?**

જ.૭૧ કોઈ જીવ એકેન્દ્રિયમાંથી નીકળી મોક્ષ, સ્વર્ગ કે નરકમાં જતો નથી. પણ મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાંજ જાય છે. કોઈજીવ એકેન્દ્રિયમાંથી નીકળી સીધો સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે. (સંજ્ઞી એટલે મન સહિત અસંજ્ઞી એટલે મનરહિત) વચ્ચે વિકલેન્દ્રિયપણું અથવા અસંજ્ઞી પણું હોય જ એવો કોઈ નિયમ નથી. (વિકલેન્દ્રિય એટલે બે, ત્રણ કે ચાર ઈંદ્રિયવાળા જીવ) પણ કોઈ અગ્નિકાય અને વાયુકાયમાંથી નીકળી સીધો મનુષ્ય ન થાય.

**સ.૭૨ નરકમાંથી નીકળેલો જીવ કઇ ગતિમાં જઇ શકે ?**

જ.૭૨ નરકના જીવો છૂટી તરત નરકમાં જતા નથી અને નરકનો જીવ મરીને દેવતાપણે પણ ન ઉપજે. પરંતુ મનુષ્ય કે તિર્યંચ જ થાય. ચોથી નરકમાંથી નિકળેલો જીવ તીર્થંકર થતો નથી. પાંચમીમાંથી નીકળેલો જીવ ચરમશરીરી (છેવટનું શરીર) થતો નથી.

છઠ્ઠીમાંથી નીકળેલ જીવ ભાવલિંગ મુનિ થતો નથી. સાતમી માંથી નીકળેલ જીવ તિર્યંચજ થાય છે. વળી એવો નિયમ છે કે સાતમી નરકમાંથી નીકળેલ જીવ ગમે ત્યારે ફરી એકવાર તેજ અથવા બીજી કોઈ નરકમાં જાય જ છે. નરકમાંથી આવેલ જીવ કર્મભૂમિમાં સંજ્ઞી, પર્યાપ્ત તથા ગર્ભજ મનુષ્ય કે તિર્યંચ થાય છે.

**સ.૭૩ દેવગતિમાંથી નીકળેલો જીવ કઈ ગતિમાં જઈ શકે ?**

**જ.૭૩** દેવગતિમાંથી નીકળેલો જીવ પાછો તરતજ દેવગતિ કે નરક ગતિમાં જતો નથી. તે જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ જઈ શકે . ૯૦ ટકા મિથ્યાદ્રષ્ટિ દેવના જીવ પાછા પૃથ્વીકાય કે એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે.

**સ.૭૪ નરકના જીવ મરીને તરત નરક કે દેવલોકમાં ન જાય તેવી રીતે દેવલોકના જીવ પણ મરીને તરત દેવલોક કે નરકમાં ન જાય શા માટે ?**

**જ.૭૪** કારણકે નરકમાં જવા જેવા પાપ કર્મો અને દેવલોકમાં જવા જેવા પુણ્ય કર્મો કરવાના તે બંને જીવોને પ્રસંગ જ નથી. વિશેષ શુભ અને વિશેષ અશુભ કર્મો કરવાનું સ્થળ ખાસ કરીને મૃત્યુલોકમાં છે.

**સ.૭૫ સમ્યક્ દર્શન થયા પછી કોઈ નરકમાં જાય ?**

**જ.૭૫** સમ્યક્ દર્શન થયા પછી બે જ ગતિ બંધાય છે. મનુષ્ય અને દેવ. નરક અને તિર્યંચ ન બંધાય. પણ સમકિત થયા પહેલા નરકગતિ બંધાઈ હોય તો નરકે જાય.

**સ.૭૬ મનુષ્ય મરીને મનુષ્ય કેટલા જન્મ સુધી થઈ શકે ?**

**જ.૭૬** કોઈપણ મનુષ્ય પોતાની મનુષ્ય જાતિમાં લાગલગાટ સાત અથવા આઠ જન્મ સુધી રહીને પછી અવશ્ય એ જાતિને છોડી દે છે. એકની એક જાતિમાં વારંવાર પેદા થવું તેને 'કાયસ્થિતિ' કહેવાય. મનુષ્યની કાયસ્થિતિ સાતથી આઠ ભવ છે પણ જુગલીઆ મનુષ્ય તરીકે ઉપજેતો તે ગતિમાં એકજ ભવ થાય. દેવનરકની કાયસ્થિતિ પણ એક જ ભવ. તિર્યંચની કાયસ્થિતિ અનંત.

**સ.૭૭ ભવિષ્યના આયુકર્મનો બંધ કેવી રીતે થાય છે ?**

**જ.૭૭** આપણે મનુષ્ય માટે આ નિયમ છે કે અત્યારે આપણું જેટલું આયુષ્ય હોય તેના

બે તૃતિયાંશ ભાગ વીત્યા પછી પહેલીવાર અંતર્મુહૂર્ત માટે નવો આયુષ્ય બંધ પડે છે. જો પહેલીવાર આયુષ્યબંધ ન પડે તો બાકી રહેતા આયુષ્યના બે તૃતિયાંશ ભાગ વીત્યા પછી આયુષ્યબંધ પડે છે. ફરી બે તૃતિયાંશ વીત્યા પછી ત્રીજીવાર એવી રીતે આઠ વાર એવો અવસર આવે છે.

**સ.૭૮ આયુષ્યકર્મનો બંધ કેવી રીતે થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો.**

જ.૭૮ ધારો કે કોઈ મનુષ્યનું ૮૧ વર્ષનું આયુષ્ય હોય તો તેનો બે તૃતિયાંશ ભાગ એટલે ૫૪ વર્ષ વછી આયુષ્યનો બંધ પડે. જો ત્યારે ન પડયો તો બાકી રહ્યા ૨૭ વર્ષ તેનો ૨/૩ ભાગ એટલે ૧૮ વર્ષ. ૫૪+૧૮=૭૨ વર્ષ પછી બીજીવાર આયુષ્યનો બંધ પડે. પછી તેવી રીતે ગણતા જાઓ તો ૭૮ વર્ષ પછી, ૮૦ વર્ષ પછી, ૮૦ વર્ષ ૮ માસ પછી, ૮૦ વર્ષ ૧૦ માસ ૨૦ દિન પછી, ૮૦ વર્ષ ૧૧ માસ ૧૬ દિન ૧૬ કલાક પછી અને છેવટે ૮૦ વર્ષ ૧૧ માસ ૨૫ દિન ૧૪ કલાક પછી આમ આઠ વાર આવે છે.

**સ.૭૯ એક ભવમાં આગામી કેટલા ભવનું આયુષ્ય બંધાય ?**

જ.૭૯ એક ભવમાં આગામી એકજ ભવનું આયુષ્ય બંધાય. બે ભવનું આયુષ્ય બંધાય નહિ.

**સ.૮૦ આખી જીંદગી ધર્મ વગેરે સારૂ કર્યું હોય ને આયુષ્ય કોઈ એવી ક્ષણે બંધાઈ ગયું કે તિર્યંચ કે નરક ગતિમાં ચાલ્યા ગયા તો આખી જીંદગી કરેલા ધર્મનું શું ? બધું નકામું ગયું ?**

જ.૮૦ ના. કરેલા શુભ કર્મ કે કરેલા અશુભ કર્મ ક્યારેય નકામા જતાં નથી. આયુષ્યનો બંધ ભલે એકજ વાર પડે પણ ચોવીસેય કલાક ચારેય ગતિને યોગ્ય કર્મ નાખવાનું ચાલુજ છે. ક્યારેક શુભ વિચારો તો ક્યારેક અશુભ, ક્યારેક શુભ કરણી તો ક્યારેક અશુભ. પ્રાયઃ કરીને કોઈ ક્ષણ એવી ખાલી નથી જતી કે આપણે આપણા આત્મા પર કર્મ જમા નથી કરતા. દિવસના બાર કલાકનો વિચાર કરો તો બારમાંથી ૧૦ કલાક તો એવા જાય છે કે આપણે તિર્યંચ ગતિને યોગ્ય કર્મ જમા કરીએ છીએ. બાકીના બે કલાક દેવ-માનવને નરકને યોગ્ય કર્મ જમા કરીએ છીએ. સમજીલો કોઈ ધર્મી જીવના આખા આયુષ્યના ૧૦ ભાગ પાડો તો ધારો કે એમણે ૬ ભાગ જેટલું દેવગતિને યોગ્ય, ૧ ભાગ જેટલું તિર્યંચને યોગ્ય, બે ભાગ જેટલું

મનુષ્યને યોગ્ય ને ૧ ભાગ જેટલું નરકને યોગ્ય આયુષ્ય જમા કર્યું. હવે ધારો કે કોઈ નબળી ક્ષણમાં આગામી તિર્યંચના ભવનું આયુષ્ય બાંધ્યુ એટલે એકભવતો એમણે તિર્યંચનો કરવોજ પડે પણ એમની પાસે તિર્યંચને યોગ્ય બહુ ઓછો ભાગ જમા છે. જયારે દેવને મનુષ્યને યોગ્ય બહુ મોટો ભાગ જમા છે. માટે બહુ ઓછા સમયમાં તિર્યંચમાંથી બહાર નીકળી દેવ કે મનુષ્યગતિ એને મળવાની જ છે. કારણ કે એણે એ જમા કર્યું છે. માટે કરેલું ધર્મ કયાંય નકામું જતું નથી. તેનાથી ઉંધુ અધર્મી જીવે મોટો ભાગ તિર્યંચ કે નરકને યોગ્ય આયુષ્ય જમા કર્યું છે. દેવ કે મનુષ્યને યોગ્ય બહુ ઓછું જમા છે. તો કોઈ સારી ક્ષણે એનું દેવનું આયુષ્ય બંધાઈ પણ ગયું પણ એથી ખુશ થવા જેવું નથી. એ એને મળશે તો પણ બહુ ઓછા સમય માટે. કારણકે વધારે જમા તિર્યંચ કે નરકનું કર્યું છે માટે દેવનું આયુષ્ય પુરૂ કરીને એણે તિર્યંચમાં જવાનું નક્કી છે. કેમ કે આખી જીંદગી જે એકઠું કર્યું છે તે વાપરવું જ પડશે. દા.ત. કોઈ જહાજ એક બંદરે પહોંચે ત્યારે પોતાને જરૂરી ઈંધણ-પાણી જમા કરે છે ને પછી ઉપડે છે મુસાફરીએ. જ્યાં જેટલું જરૂર હોય એટલું વાપરતા-વાપરતા પાછુ ખાલી થાય એટલે ભરવા માટે પહોંચે છે બંદરે. બસ એવી જ રીતના આ મનુષ્યભવ એક બંદર છે. અહીં મનુષ્ય ચારેય ગતિને યોગ્ય કર્મ જમા કરે છે પછી જે ગતિ યોગ્ય જેટલો જથ્થો હોય તે ભોગવવા તે ગતિમાં પહોંચી જાય છે. જો તમે આખી જીંદગીમાં દેવ કે માનવ યોગ્ય જથ્થો જમા કર્યો જ નથી ને આગળ પાછળનું કાંઈ બાકી નથી તો તમારો દેવ કે મનુષ્યગતિમાં જવાનો બંધ પડવાનો જ કેવી રીતે ? માટે ફક્ત આયુષ્યનો બંધ પડે એટલો જ વખત સજાગ રહેવાનું નથી. ક્ષણે ક્ષણે સજાગ રહી અશુભ કર્મથી બચવાનું છે. દા.ત. ચંડકોશિયા નાગ-પૂર્વભવમાં એણે આખી જિંદગી મુનિ તરીકે વિતાવી, ધર્મ કરી તપ કરી કેટલાય કર્મની નિર્જરા કરીને દેવગતિને યોગ્ય સારો એવો જથ્થો જમા કર્યો. એણે નબળી ક્ષણોમાં તિર્યંચગતિને યોગ્ય આયુષ્ય બાંધ્યુ એટલે એને સાપના ભવમાં જવું પડયું પણ વધારે જથ્થો સારી ગતિનો હતો એટલે એને તિર્યંચનો એકજ ભવ કરવો પડયો અને એને ભગવાન નિમિત્ત રૂપે મળી ગયા ને એ સદ્ગતિ પહોંચી ગયો. જો એની પાસે સદ્ગતિને યોગ્ય આયુષ્ય જમા જ ન હોત તો ભગવાન પણ શું કરત ? જો એણે પૂર્વજન્મના આયુષ્ય દરમ્યાન તિર્યંચ ગતિનો જ જથ્થો વધારે જમા કર્યો હોત તો સાપ મરીને પાછો, તિર્યંચ પાછો તિર્યંચ એમ ભવ કર્યા હોત પણ જેમ પહેલા કીધું તેમ ધર્મ કરેલો ક્યાંય નકામો જતો

નથી. બીજા ઘણાય ઝેરી સાપ જંગલમાં રહેતા હશે એ કોઈનેય નહિને ચંડ કોશિયાને જ કેમ ભગવાન મળ્યા ? કેમકે એણે પૂર્વ ભવમાં આખી જીંદગી ધર્મ કર્યું હતું. માટે હવે સમજાઈ ગયું હશે કે ફક્ત આયુષ્ય બાંધવાની પળેજ નહિ, ફક્ત મૃત્યુ વખતે જ નહિ પરંતુ જીવનની પળેપળ સજાગ રહેવાની જરૂર છે. કારણકે કરેલું ધર્મ ક્યાંય નકામું જતું નથી.

**સ.૮૧ ક્યારેક એવું દેખાય છે કે જીવનમાં અતિશય પાપ કરનારી વ્યક્તિ શાંત સમાધિયુક્ત મરણ પામતી દેખાય છે જ્યારે ધર્મી વ્યક્તિ ત્રાસ પામતી અસમાધિ મરણ પામતી દેખાય છે તેનું કારણ શું ?**

**જ.૮૧** કારણકે એવો નિયમ છે કે નવા જે ભવમાં જવાનું હોય તેવો ભાવ છેલ્લે મરતા આવે. દેવ-નરકમાં જવાનું હોય તો ત્યાંની લેશ્યા લેવા-મૂકવા આવે. તેથી જેણે આયુષ્ય બાંધતી વખતે શુભભાવમાં સારૂં આયુષ્ય બાંધ્યુ હોય તેને સારા ભવમાં જવાનું હોવાથી મરતી વખતે સારો ભાવ આવી જાય ને સમાધિમરણ પ્રાપ્ત થાય. દા.ત. કોઈ વ્યક્તિ જીવનમાં ઘણા પાપ કરતી હોય પણ પરભવનું આયુષ્ય, શત્રુંજયની યાત્રા કરતાં, કોઈ પ્રવચન સાંભળતા કે માનવતાના કામ કરતા શુભ ભાવમાં બંધાઈ ગયું હોય તો એનો એક ભવ તો સારોજ થાય તેમાં કોઈ ફેરફાર થાય નહિ. માટે એને સદ્‌ગતિમાં જવાનું હોવાથી મરતી વખતે શુભ લેશ્યા લેવા આવે. સારો ભાવ આવે સમાધિ મરણ પણ પ્રાપ્ત થાય. તેવી રીતે કોઈ ધર્મી જીવ હોય પણ બીજા ભવનું આયુષ્ય બાંધતી વખતે કદાચ દીકરા પણ ખૂબ ક્રોધ આવી ગયો હોય. ટી.વી. જોતાં વિકારી બન્યો હોય, કોઈ અન્ય પાપમાં લીન બન્યો હોય તે વખતે ખરાબ આયુષ્ય બાંધ્યુ હોય તેથી દુર્ગતિમાં જવાનું હોવાથી ધર્મી આત્માને મરતી વખતે અસમાધિ-પીડા વગેરે પીડા થઈ શકે. તેથી જ્ઞાની વ્યક્તિએ આશ્ચર્ય પામવું નહિં. (જુઓ જ.૯૭)

**સ.૮૨ આ વાત ઉદાહરણ આપી સમજાવો ?**

**જ.૮૨** શ્રીકૃષ્ણે અશુભ ભાવનામાં નરકનું આયુષ્ય બાંધ્યું હતું તો છેલ્લે તેઓ પાણી-પાણીની લેશ્યામાં અસમાધિથી મરણ પામ્યા. શ્રેણિક મહારાજા આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર બનવાના હોવા છતાં અશુભ ભાવનામાં નરકનું આયુષ્ય બાંધ્યુ હતુ માટે મરતી વખતે છેલ્લે તેઓ સમાધિ ચૂકી ગયા. આમ આયુષ્ય બાંધવાની પળે શુભ ભાવમય, ધર્મમય

હોવું જરૂરી છે. પાછું આયુષ્ય કઈ પળે બંધાશે તે ખબર નથી. દરેક ક્ષણ જાગૃત રહેવું જરૂરી છે.

**સ.૮૩ કોઈ જીવ સિદ્ધગિરિ ઉપર કે તીર્થસ્થાનમાં દેહ છોડે અથવા તો કોઈ જીવને મૃત્યુ વખતે ખૂબજ ધર્મ સંભળાવ્યો હોય તો તેની ગતિ સારીજ થઈ હશે એમ કહી શકાય ?**

જ.૮૩ કયા જીવની કઈ ગતિ થઈ હશે તે તો કેવળજ્ઞાની જ કહી શકે. આપણને તો એવું કોઈ જ્ઞાન નથી માટે ફક્ત બાહ્ય પરિસ્થિતિ જોઈને આપણે એમ કહીએ કે આની તો સારી જ ગતિ થઈ ગઈ તો આપણને ખોટું બોલ્યાનું પાપ લાગે. ધારોકે કોઈ જીવે સિદ્ધગિરિ પર દેહ છોડ્યો કે દેરાસરના પગથિયે દેહ છોડ્યો... પણ એની ગતિ તો એજ થશે કે જે ગતિનું આયુષ્ય પૂર્વે એણે બાંધી લીધું છે. અથવા સમજી લો કે હજી સુધી એનું આયુષ્ય બંધાયું નથી ને છેલ્લા ત્રણ ડચકામાં બે ડચકા પછી બંધાય છે. ને બધા લોકો એને ખૂબજ ધર્મ સંભળાવી રહ્યા છે છતાં એનું આયુષ્ય તો એના અંદરના અધ્યવસાય, એના અંદરના એ વખતના ભાવ પ્રમાણે જ બંધાશે. અને એજ ગતિમાં એણે પ્રયાણ કરવું પડશે. અંત સમયે દેહ છોડવાની પીડા ઉત્પન્ન થવાને લીધે કદાચ એ સમાધિ ચૂકી ગયો હોય અને અંતરમાં અશુભ ભાવમાં એનું પતન થઈ રહ્યું હોય તો બહાર ગમે તેટલું ધરમ સંભળાવવા છતાં તે જીવની દુર્ગતિ થઈ શકે છે. માટે બાહ્ય પરિસ્થિતિ પરથી તમે આંતરીક ભાવનો નિર્ણય લઈ શકો નહિ.

**સ.૮૪ આ વાત ઉદાહરણ આપી સમજાવો.**

જ.૮૪ તમે પ્રસન્નચંદ્ર મુનિનેજ જુઓ. બાહ્ય પરિસ્થિતિ જોઈને તો કોઈપણ એમજ કહે કે હમણાં આ મુનિનું મૃત્યુ થાય તો એ સદ્ગતિમાં જ જાય કારણકે બાહ્ય પરિસ્થિતિ પ્રમાણે તો એ મુનિ અવસ્થામાં હતા. ઉત્કૃષ્ટ તપ તપી રહ્યા હતા... છતાં ભગવાને કહ્યું કે આ મુનિ હમણાં મૃત્યુ પામે તો નરકમાં જાય... કેમ ? કેમકે ભલે બાહ્ય પરિસ્થિતિ શુભ હતી પણ અંતરમાં ક્રોધના ને યુદ્ધના ભાવ રમી રહ્યા હતા. (કેવળજ્ઞાની સિવાય આ કોણ જોઈ શકે ?) થોડા સમય પછી એજ મુનિને કેવળજ્ઞાન થયું... તે વખતે પણ બાહ્ય પરિસ્થિતિ તો એજ હતી પણ અંતરના ભાવ ફરી ગયા હતા. હવે જો આપણી એ શક્તિ જ નથી કે કોઈના અંતરના ભાવ જાણી શકીએ અને આપણે એ પણ નથી જાણતા કે એ જીવનું પરભવનું આયુષ્ય કયારે બંધાઈ

ગયુ હશે, કેવા ભાવમાં બંધાયું હશે તો પછી આપણે કેવી રીતે કહી શકીએ કે આ વ્યક્તિની સદ્ગતિજ થઈ હશે કે દુર્ગતિજ થઈ હશે. માટે આવું ખોટું બોલવાનું પાપ કદી માથે લેવું નહીં. ફક્ત એટલું જ કહેવું 'ધરમ તો ઘણું પામ્યા... બાકી કઈ ગતિ થઈ હશે તે તો કેવળજ્ઞાની જાણે.'

**સ.૮૫ મરતી વખતે સમાધિ કોને મળે ?**

**જ.૮૫** મરતી વખતે સમાધિ એનેજ મળે જેનું આખું જીવનજ સમાધિ ભરપૂર હોય. જે સતત કામ ક્રોધ આદિને વશ થતો હોય તેવા જીવો મરતી વખતે સમાધિ કેવી રીતે પામી શકે ? જન્મ કરતાં મૃત્યુની પીડા આઠગણી હોય છે. આવી પીડા સમયે એનોજ જીવ સમતા ધારણ કરી શકે જેણે જીવન દરમ્યાન સમતાભાવે દુઃખો સહન કરવાની, પીડા સહન કરવાની આદત પાડી છે. જે જ્ઞાની છે, જે ધ્યાનનો અભ્યાસી છે, તે સમાધિમરણ મેળવવાનો અધિકારી છે. બાકી જેણે જીંદગીભર પાણીજ વલોવ્યું છે, છાસ વલોવીજ નથી તે માખણની આશા કેવી રીતે રાખી શકે ?

**સ.૮૬ મરતી વખતે જેનું મુખ એકદમ શાંત મુદ્રામાં હોય તેનું સમાધિ મરણ થયું કહેવાય ?**

**જ.૮૬** મૃત્યુ વખતે શાંત મુખમુદ્રા રહેવાના બીજા પણ કારણો છે. માટે મુખમુદ્રા શાંત હતી એટલે સમાધિ મરણ જ થયું હશે એવો એકાંત નિયમ બનાવી શકાય નહિ. દુઃખ, પીડા સહન કરવાની આપણા મન-મગજ ને શરીરની એક લિમિટ હોય છે. જ્યારે અમુક હદથી વધારે પીડા ઉત્પન્ન થાય છે ત્યારે તે સહન નહી થઈ શકવાને કારણે લાગણી તંત્ર કામ કરતું બંધ થઈ જાય છે. તેથી મૃત્યુ વખતની અસહ્ય પીડાને કારણે વ્યક્તિ ભલે ભાનમાં હોય પણ લાગણી શૂન્ય બની જાય છે તેથી સુખ-દુઃખના કોઈ ભાવ મોં પર આવી શકતા નથી તેથી જોનારને મુખમુદ્રા શાંત લાગે છે પણ તેને સમાધિમરણ કહી શકાય નહીં.

**સ.૮૭ મારા અંત સમયે મને કોઈ નવકાર સંભળાવનાર નહીં હોય તો મારી શું ગતિ થશે એની મને ચિંતા થાય છે.**

**જ.૮૭** ઉપરના સવાલ જવાબ વાંચ્યા પછી એ સમજાઈ ગયું હશે કે આવી ચિંતા કરવી વ્યર્થ છે. કોઈપણ પ્રકારની ચિંતા કરવાથી તિર્યંચ અથવા નરકગતિને યોગ્ય આયુકર્મ જમા થાય છે. જ્યારે આવી ચિંતા થાય ત્યારે

તમારે નીચે પ્રમાણે વિચારવું.
(૧) મારું કુલ આયુષ્ય કેટલું છે તે તો મને ખબર નથી. એના ત્રીજા ભાગે મારું આયુષ્ય કદાચ બંધાઈગયું હશે તો મારે કઈ ગતિમાં જવાનું છે તે નક્કી થઈ ગયું હશે તો પછી મારે ચિંતા શું કામ કરવી ? (૨) કદાચ મારું આજ સુધી પરભવનું આયુષ્ય ન બંધાયું હોય તો હવે પછીની કોઈપણ ક્ષણે બંધાઈ શકે છે. તો મારે આ પળથી જ ધર્મમય જીવન જીવવું. મનમાં જ્યારે પણ અશુભ ભાવ આવે ત્યારે તરતજ અશુભ ભાવ કાઢી શુભ ભાવને પ્રસ્થાપન કરવા. જૂઠ-માયા-કપટ-કજીઆથી દૂર રહેવું. (૩) આજથી મારે એટલી નવકારમંત્રની આરાધના કરવી કે અંત સમયે અંતરમાંથીજ નવકારનો નાદ ઉઠે. બાકી જો પહેલેથી મેં મારા હૃદયમાં નવકાર માટે જગ્યાજ નહી બનવી હોય તો મારા સ્વજનો લાખ નવકાર સંભળાવશે તોય મારા હૃદયમાં નહી ઉતરે. (૪) પહેલાના જમાનાના રાજા-મહારાજા-શ્રેષ્ઠીઓ ૫૦ વર્ષની ઉંમર પછી જંગલમાં ચાલ્યા જતા. ગુફામાં એકલા રહીને સાધના કરતા. એમને એવી ચિંતા નહોતી થતી કે મને કોઈ ધર્મ નહીં સંભાળાવે તો ? કારણકે એમનું જીવનજ ધર્મમય બની જતું. પ્રત્યેક ક્ષણ મૃત્યુ માટે તૈયાર રહેતા... ભલે હું જંગલમાં જઈને સાધના ન કરી શકું પણ ઘરમાં રહીને એવી સાધના કરૂં કે મારૂં મૃત્યુ મારા માટે મંગલમય બની જાય ભલે કોઈ અંત સમયે મારી પાસે હોય કે નહોય... હું મારા આત્મામાં અરિહંતને બિરાજમાન કરી દઉં પછી મારે કોની જરૂર છે ?

**સ.૮૮ શું નાગનાગણી નવકાર સાંભળી ધરણેન્દ્ર દેવ-દેવી ન બન્યા ?**

જ.૮૮ નાગ-નાગણી આગમાં બળતા હતા. આવી બળતરાની પીડામાંય એમને કેવો સમતાભાવ રહ્યો હશે એનો વિચાર કર્યો છે ? આપણે તો જરાક દાઝી જઈએ તો કેવી પીડા થાય ? ને એવી પીડા વખતે કાંઈ સાંભળવું ગમે ) છે ? તો નાગ-નાગણીને કેવી સમતા રહી હશે... કારણકે સમતા વગરતો સદ્ગતિ થવી મુશ્કેલ છે. માટે નાગનાગણીના સદ્ગતિના ત્રણ કારણ ધ્યાનમાં આવે છે. (૧) તીર્થંકરના જીવની હાજરીના પ્રભાવે સમતામાં રમણતા. (૨) પૂર્વજન્મના પુણ્યપ્રભાવે તીર્થંકરનું મિલન (૩) તેમાંય નવકારમંત્રનું શ્રવણ એટલે સોનામાં સુગંધ ભળવી. આમ દરેક વસ્તુને બધી દ્રષ્ટિથી મુલવસો તોજ સત્યનો નિર્ણય થઈ શકશે.

**સ.૮૯ આયુષ્ય ધોળના પરિણામે બંધાય છે એટલે શું ?**

**જ.૮૯** ધોળના પરિણામે એટલે આત્માના ચઢતા-ઉતરતા ભાવ ૧ થી ૭ ગુણસ્થાનકમાં આત્મા હોય અને તેના પરિણામો (ભાવ) સતત ચડતાં જતાં ન હોય કે સતત પડતાં પણ ન હોય અને ભાવ જ્યારે ચડ -ઉતર થતા હોય અને મધ્યમ પરિણામ તેવા સમયે આયુષ્ય બંધાય. તેમાં પણ ત્રીજા ગુણસ્થાને પરભવનું આયુષ્ય ન બંધાય.

**સ.૯૦ જીવને નીકળવાના દ્વાર કેટલા ?**

**જ.૯૦** જીવને નીકળવાના મુખ્ય પાંચ દ્વાર છે. (૧) પગથી (૨) જંઘાથી (૩) હૃદયથી (૪) મસ્તકથી (૫) સર્વ અંગોથી. પગથી જીવ નીકળે તો નરકગામી હોય છે. જંઘાથી (સાથળમાંથી) નીકળે તો તિર્યંચ. હૃદયથી નીકળે તો મનુષ્ય, મસ્તકથી નીકળે તો દેવ અને સર્વ અંગોથી નીકળેતો સિધ્ધગામી હોય છે.

**સ.૯૧ આયુષ્ય ઓછું રહ્યું છે તે શા પરથી જણાય ?**

**જ.૯૧** એમ કહેવાય છે કે યાદશક્તિ ખૂબ જ ઓછી થઈ જાય, જે ચીજ વારંવાર કરતા હોઈએ તે છૂટી જાય, ગમતી ચીજો કે આરાધના પ્રત્યે અણગમો થાય તો જણાય કે હવે આયુષ્ય ઓછું બાકી હશે (એકાંતે એવો કોઈ નિયમ નથી).

**સ.૯૨ આત્મા અવગતેગયો છે કે ભટકી રહ્યોછે અમે કહે છે તેશું સાચું છે ?**

**જ.૯૨** આ ભવમાંથી નીકળેલ આત્મા ને નવા ભવમાં જવા માટે ચાર જ ગતિ છે. દેવ-મનુષ્ય-નારક ને તિર્યંચ. એ સિવાય કોઈ ગતિમાં આત્મા જાય જ નહિ (સિવાય કે એનોમોક્ષ થાય) વળી આત્માને એક દેહમાંથી નીકળી બીજા ભવમાં જતા ૧ થી ૫ 'સમય' લાગે છે. ('સમય' એટલે સેકેંડ કરતાં પણ અતિ નાનું માપ છે.) એટલે બે ભવ વચ્ચે રખડવાની કોઈ અવગતિ છે જ નહિ. ભૂત, પ્રેત, ચુડેલ, ડાકીણી, શાકીણી વગેરે હલકા પ્રકારના દેવ છે. જે દ્વેશ રાખીને ધરમ કરે છે. તેવા લોકો આવી હલકી દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. આવી દેવગતિમાં ગયેલો આત્મા કદાચ જન્મતાંની સાથે જ જ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણે કે પોતે ક્યાંથી આવ્યો છે. ને મોહ વશ ખેંચાઈને ત્યાં જાય પણ ખરો. ઘણી વખત આવા ભૂત-પ્રેત વગેરે પોતાનું મૂળ સ્થાન ભૂલી જાય છે ને રખડયા કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે

એમના પોતાના સ્થાન એટલા ગંદા હોય છે કે તેમને ત્યાં જવું ગમતું નથી એટલે અહીં વૃક્ષ વગેરે ઉપર કે કોઈના ઘરમાં પોતાનું સ્થાન જમાવવા પ્રયત્ન કરે છે. આવા આત્માઓ કદાચ ભટકતા આત્મા તરીકે પ્રખ્યાત થયા હોય. એમનું શરીર વૈક્રિય પ્રકારનું શરીર હોવાથી આપણે જોઈ નથી શકતા બાકી છે તો દેવયોનિજ.

**સ.૯૩ મૃત્યુ પછી જીવ દેહત્યાગી કઈ ગતિએ કેવી રીતે ગમન કરે છે ?**

**જ.૯૩** મૃત્યુ પછી દેહત્યાગી જવાવાળા જીવ બે પ્રકારના છે. એક તો મોક્ષગામી જીવ. મોક્ષગામી જીવતો બિલકુલ સીધી રેખામાં જ્યાં દેહ છોડયો હોય ત્યાંથી બરાબર ઉપર સિદ્ધશિલામાં સ્થિત થાય છે. બિલકુલ વાંકા-ચૂંકા જવું પડતું નથી. આમ જીવ જે જગ્યાએથી દેહ છોડયો ત્યાંથી બરાબર સરળ-સીધી રેખામાં ઉપર ગતિ કરે છે તેવી ગતિને ઋજુગતિ કહેવાય છે. આમ મોક્ષગામી જીવ ઋજુ ગતિથી ગમન કરે છે. પરંતુ સંસારી જીવના ઉત્પતિ સ્થાન ક્યાંય પણ હોઈ શકે છે. માટે સંસારી જીવને પોતાના નિયત સ્થાને પહોંચવા માટે એક-બે કે ત્રણ વળાંક લેવા પડે છે. માટે સંસારી જીવને ઋજુગતિ ને વક્રગતિ એમ બે ગતિ હોય છે. આત્માનો ઉર્ધ્વ સ્વભાવ છે તે પ્રમાણે પ્રથમ ઉંચો જાય, કદાચ સિદ્ધશિલાએ ભટકાય; પણ કર્મરૂપી બોજો હોવાથી નીચે આવે. આમ સંસારી જીવ દેહત્યાગીને સીધો જાય એટલે ઋજુગતિ. પછી ત્યાંથી એક વળાંક લે તો એક વક્રગતિ, પાછો બીજો વળાંક લેવો પડેતો બીજી વક્રગતિ થાય. જીવની કોઈપણ એવી વક્રગતિ નથી હોતી કે જેમાં ત્રણથી અધિક વળાંક લેવા પડે. આમ કોઈપણ સંસારી જીવ એક ઋજુગતિ વધુમાં વધુ ત્રણ વક્રગતિથી બીજા ભવમાં પહોંચી જાય છે.

**સ.૯૪ જીવને એક શરીર ત્યાગી બીજા દેહમાં પહોંચતા ઘણો સમય લાગી જતો હશે ને ?**

**જ.૯૪** ના... ના... બિલકુલ નહિ. જે જીવને ફક્ત એક ઋજુગતિ છે તે ફક્ત એક-જ -સમય- માં પહોંચી જાય છે. જે જીવને એક વક્રગતિ છે તે બે-સમય-માં જેને બે વક્રગતિ છે તે ત્રણ સમયમાં ને જેને ત્રણ વક્રગતિ છે તે ચાર ‘સમય’ માં નિયતસ્થાને પહોંચી જાય છે. આ ‘સમય’ એ કાળનું એટલું નાનામાં નાનું માપ છે કે -એકવાર આંખ ખોલોને બંધ કરો એટલામાં તો અસંખ્ય ‘સમય’ વહી જાય. હવે તમે વિચાર કરો કે એક ‘સમય’- એ સેકંડ

કરતાં પણ કેટલું નાનામાં નાનુ માપ થયું. આવા એકથી પાંચ 'સમય'ની અંદર કોઈ પણ જીવ પોતાના બીજા ભવમાં પહોંચી જાય છે. હજી તો અહીં માણસ જીવે છે કે મરી ગયો તેનો નિર્ણય થતો હોય ત્યાં તો એ જીવ પોતાના નવા ભવમાં પહોંચી ગયો હોય છે.

**સ.૯૫ દેહ છૂટી ગયા પછી જીવને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું બળ ક્યાંથી મળે છે ?**

જ.૯૫ દેહ છૂટયા પછી ઋજુગતિથી એટલે કે સીધી રેખામાં જતા જીવ ને નવો પ્રયત્ન કરવો પડતો નથી કેમ કે જ્યારે તે પૂર્વશરીર છોડે ત્યારે તેને પૂર્વશરીરજન્ય વેગ મળે છે. તેથી બીજા પ્રયત્ન સિવાય જ ધનુષ્યમાંથી છૂટેલા બાણની માફક સીધો જ નવા સ્થાન પર પહોંચી જાય છે. બીજી ગતિ વક્ર-વાંકી હોય છે. આ ગતિથી જનાર જીવને નવો પ્રયત્ન કરવો પડે છે. કેમકે પૂર્વશરીરજન્ય પ્રયત્ન જીવને જ્યાંથી વળવું પડે છે ત્યાં સુધી જ કામ કરે છે. માટે જ્યાંથી વળવું પડે તે ત્યાંથી સૂક્ષ્મશરીર કે જે જીવની સાથે તે વખતે પણ હોય છે તેનાથી પ્રયત્ન થાય છે. આ શુક્ષ્મ શરીરજન્ય પ્રયત્ન જ 'કાર્મણ યોગ' કહેવાય છે. પૂર્વે બાંધેલું આયુષ્ય ક્ષીણ થવાથી જીવ 'ગતિનામ કર્મ' ને લીધે આયુષ્ય અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે.

**સ.૯૬ મોક્ષે જતાં જીવોતો કર્મોથી બિલકુલ મુક્ત હોય છે તે સિદ્ધક્ષેત્ર સુધી કયા બળથી ગતિ કરે છે ? તે પાછા નીચે ન આવી જતાં ત્યાં સ્થિર કેવી રીતે રહે છે ?**

જ.૯૬ જેમ કુંભારનો ચાકડો એક વખત જોરથી ફેરવ્યા પછી પૂર્વે મળેલા વેગબળને પરિણામે ફર્યા કરે છે, જેમ કોશમાં રહેલું એરંડબીજ સુકાય ત્યારે કોશ ફાટવાથી તે વૃક્ષમાંથી નીકળી ઉંચે જાય છે, જેમ અગ્નિજ્વાળા સ્વાભાવિક રીતે ઉંચે જાય છે. જેમ માટીથી લેપાયેલી તુંબડી પાણીમાં ડૂબી જાય છે પણ પલડયા પછી માટી પલડીને નીકળી જાય છે. ત્યારે તુંબડી ઉપર આવીને તરવા લાગે છે તેમ પૂર્વબધ્ધકર્મ છૂટી ગયા પછી તેનાથી મળતા વેગબળથી મોક્ષે જતાં આત્મા સિદ્ધક્ષેત્ર સુધી ગતિ કરે છે. આત્મા સ્વભાવથી જ ઉર્ધ્વગતિ કરે છે. આત્મા સિદ્ધક્ષેત્રમાં સ્થિર થયા પછી તેનો નીચે આવવાનો સ્વભાવ જ નથી કે કોઈ કર્મમળનો ભાર નથી માટે તે પાછા નીચે ન આવી જતાં સિદ્ધક્ષેત્રમાં સ્થિર રહે છે.

**સ.૯૭ તમે જવાબ નં. ૮૧માં કહ્યું કે 'જે ભવમાં જવાનું હોય ત્યાંની લેશ્યા છેલ્લે લેવા મૂકવા આવે' તે સમજાયું નહીં જરા બરાબર સમજાવો.**

જ.૯૭ લેશ્યા એટલે મનોવૃત્તિ. 'લિશ' એટલે ચોંટવું. જેના વડે કર્મ આત્મા સાથે ચોંટે તે લેશ્યા એટલે કે આત્માના એક પ્રકારના શુભ કે અશુભ પરિણામ કર્મલેશ્યા એટલા માટે કહે છે કે તે કર્મની સ્થિતિ ઉત્પન્ન કરે છે. મરણ વખતે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે છે ત્યારે પછીના ભવની લેશ્યા પરિણમવા લાગે છે. આથી કરીને જીવના મરણ સમયે આગામી ભવની લેશ્યા અંતર્મુહૂર્ત જેટલો સમય અવશ્ય હોય છે. તથા જીવના ઉત્પત્તિ કાળે આગલા ભવની લેશ્યા પણ અંતર્મુહૂર્ત અવશ્ય હોય છે. લેશ્યાઓની રચના એવી હોય છે કે તે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુના સમય પહેલાં જ પરિણત થાય છે.

**સ.૯૮ કોઈ આત્મજ્ઞાની મરણને સમયે બે શુદ્ધ થઈ જાય અથવા બકવાસ કરવા લાગે તો પણ તેને સમાધિ મરણ થાય ?**

જ.૯૮ જ્ઞાનીને કદાચ ઈન્દ્રિય-નિમિત્તિક જ્ઞાનમાં થોડો ફેરફાર થઈ જાય, તેથી તેને થોડો ઉન્માદ, બેભાનપણું અથવા બકવાસ થાય, તો પણ અંતરમાં જ્ઞાનધારા સતત વર્તતી હોવાથી સમાધિ જ છે. સમાધિ શતકમાં કહ્યું છે કે ભેદજ્ઞાનીનો અંતરઆત્મા નિંદ્રા અવસ્થામાં અથવા ઉન્મત અવસ્થામાં પણ કર્મબંધથી મુક્ત હોય છે, અને વિશિષ્ટ રૂપથી કર્મોની નિર્જરા કરે છે. અહીં 'આત્માજ્ઞાની' 'આત્માનુભવી' ની વાત છે. સાચું સમાધિ મરણ માત્ર જ્ઞાની પુરુષને જ થઈ શકે કેમ કે 'સમ્યક્‌દર્શન, આત્મજ્ઞાન આદિને મૃત્યુ સમયે ભવાંતરમાં સાથે લઈ જવા' તેને સમાધિ મરણ કહે છે. જે આ પાંચમાં આરામાં અતિદુર્લભ છે. આવા મરણ માટે યોગ્ય પૂર્વ તૈયારીઓ જોઈએ.

**સ.૯૯ મુમુક્ષુને પ્રભુસ્મરણપૂર્વક જે મરણ થાય છે, તે સમાધિ મરણ છે કે નહિ ?**

જ.૯૯ તેવા મૃત્યુને સુગતિમરણ કહી શકાય. તે મુમુક્ષુ સાધનાના સંસ્કાર સાથે લઈ જાય છે. પણ આત્મ જ્ઞાનાદિ પ્રગટયાં નથી તો તેને અન્ય ભવમાં કેવી રીતે સાથે લઈ જાય ? તેથી તેને સમાધિ મરણ ન કહેવાય.

**સ.૧૦૦ અનસન કરવું જોઈએ કે નહિ ?**

**જ.૧૦૦** આ મહામૂલો મનુષ્ય ભવ જે મોક્ષની સાધના કરવા માટેનો ભવ છે. ત્યાગ, તપ, વ્રત, ધ્યાન, શીલ, સંયમ આદિ વડે મોક્ષનું સાધન એવો મનુષ્ય ભવ. તેનાથી કંટાળી, લાંબુ આયુષ્ય હોવા છતાં અને ધર્મનું સેવન બની શકે તેમ હોવા છતાં આહારાદિનો ત્યાગ કરે, અનસન કરે તે આત્માઘાતી થાય છે. ધર્મ સધાવાતો હોય છતાં આહારનો ત્યાગ કરીને મરણ કરે તે ધર્મથી વિમુખ થાય છે. પરંતુ અવશ્ય મરણના કારણો પ્રગટ દેખાય અથવા જ્યારે બિલકુલ ધર્મ રહે એમ જણાતું ન હોય ત્યારે ચાર આરાધનાનું શરણ ગ્રહણ કરી સમસ્ત દેહ, કુટુંબ, ઘર આદિ ઉપરથી મમતા તજી અનુક્રમે આહાર આદિનો ત્યાગ કરી પોતાના ધર્મના રક્ષણ ખાતર, જે અવશ્ય નાશ પામનાર છે એવા દેહને તજતાં મમતા ધરવી નહિ. જો કે પાંચમાં આરામાં અંત સમય સુધી ભાવ ટકી રહેવા દુર્લભ જણાતાં કેટલાંક આચાર્યો અનસનનો નિષેધ કરે છે. મૃત્યુનો ભરોસો નથી. કોઈ વખતે અચાનક મૃત્યુ થતાં આત્મા ખાલી હાથે પરભવમાં ચાલ્યો જાય એવો ડર લાવીને ધર્માત્મા સદૈવ સૂતી વખતે અલ્પ કાળ માટેના એટલે કે જાગ્રત થતાં સુધીનાં પચ્ચખાણ કરી લે છે.

'આહાર, શરીર ને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર,
મરણ હોય તો વોસિરે, જીવું તો આગાર.'

**સ.૧૦૧ ઘણાના અકાળ મૃત્યુ થાય છે તે કેમ હશે ?**

**જ.૧૦૧** કેવળી ભગવંતના જ્ઞાન અનુસાર પ્રત્યેક મૃત્યુ સ્વકાળેજ થાય છે. અકાળ મૃત્યુ થતું નથી.

**સ.૧૦૨ કોઈનું સ્વાસ્થ્ય વગેરે જોઈને આપણે એમ અપેક્ષા રાખીએ કે આ માણસ ૮૦ વર્ષ જીવશે. પણ ઝેર ખાઈને કે અકસ્માતથી જ્યારે તે માણસ ૪૦ વર્ષે મરી જાય છે ત્યારે એમ નથી કહેતા કે અકાળ મરણ થયું ?**

**જ.૧૦૨** આપણા આ જ્ઞાનનો કયો આધાર છે કે તેને ૪૦ વર્ષથી વધારે જીવવાનું હતું ? એ જ્ઞાન વિના તેને અકાળ કહેવું એ કથન માત્ર સિવાય બીજું શું હોઈ શકે ? એક ઉદાહરણથી આ વાત સમજીએ જેમ કે એક ઘડામાં દસ લિટર પાણી છે. તે ઘડામાં એક કાણું છે તેમાંથી ૧ કલાકે ૧ લિટરની ગતિએ પાણી બહાર નીકળી રહ્યું છે. હવે કોઈ ગણિત શાસ્ત્રીને પૂછો કે એ

ઘડો કેટલા કલાકે ખાલી થશે તો તે કહેશે કે દસ કલાકે. અને ગણિત અનુસાર તો તે સાચો છે. પણ કોઈ ભવિષ્ય જ્ઞાનીને પૂછો તો તે એમ કહી શકે કે પાંચ કલાકમાં ખાલી થઈ જશે. કારણકે તેને ખબર છે કે પાંચ કલાક પછી એક બાળકની ઠોકરથી એ ઘડો ઢબકી જશે ને એમાંથી બધું પાણી નીકળી જશે. હવે ગણિતની અપેક્ષાએ તેને અસમયમાં ખાલી થયો કહેવાશે પણ જ્ઞાનીની અપેક્ષાએ અથવા તો વસ્તુસ્થિતિની અપેક્ષાએ બધું સ્વકાળેજ બન્યું છે. એ કાળે એ નિમિત્ત મળવાનું જ હતું ને એમ બનવાનું જ હતું. માટે આપણને ભલે અકાળ મરણ લાગે પરંતુ કેવળીના જ્ઞાન અનુસાર પ્રત્યેક મૃત્યુ સ્વકાળેજ થાય છે.

**સ.૧૦૩ અત્યારે આપણે જે આયુષ્ય ભોગવી રહ્યા છીએ એમાં ફેરફાર થઈ શકે કે નહી ?**

**જ.૧૦૩** આપણા આત્મા પર આયુષ્યકર્મના જેટલા પણ પુદ્ગલો (રજકણો કે દલિકો) ચોંટેલા છે તેને ‘દ્રવ્ય આયુષ્ય’ કહેવાય. આ આયુકર્મની રજકણો નિયત માપમાં ક્રમશઃ આત્મા પરથી છૂટી પડે છે. એ સંપૂર્ણપણે છૂટી પડતાં જેટલો પણ સમય લાગે તેને કાળ આયુષ્ય કહેવાય. આ દલિકો પૂરેપૂરા આત્મા પરથી છુટા પડે પછી જ મૃત્યુ થાય. એક પણ રજકણ આત્માને ચોંટેલી હોય ત્યાં સુધી મૃત્યુ થાય નહિ. એનો મતલબ એ થયો કે આ દ્રવ્ય આયુષ્ય તો દરેકે દરેક જણે પૂરેપૂરૂં ભોગવવું જ પડે. તેમાં કોઈ ફેરફાર થાય નહિ. પણ જે કાળ આયુષ્ય છે, એટલે કે આયુકર્મના દલિકોને ખરવામાં જે સમય લાગે છે તે અમુક કારણો લાગવાથી ઓછા સમયમાં પણ ખરી શકે છે. જેમકે કોઈ દ્રાક્ષના ઝૂમખામાં અમુક દ્રાક્ષ ખૂબ મજબુતાઈથી ચોટેલી છે, તેને એક એક કરીને વ્યવસ્થિત કાઢીએ તો ઝૂમખાને ખાલી થતાં પાંચ મિનિટ લાગે છે. બીજા એક ઝૂમખામાં એટલી જ દ્રાક્ષ છે પણ તે ઢીલી (શિથિલતાથી) ચોંટેલી છે. તો ઝૂમખાને આમ-આમ હલાવવાથી બે મિનિટમાં બધી જ દ્રાક્ષ એક સાથે નીચે પડી જાય. મતલબ કે એકસરખી દ્રાક્ષવાળા બંને ઝૂમખાને ખાલી થતાં એકને પાંચ મિનિટ તો બીજાને બે મિનિટ લાગી. એવીજ રીતે આયુષ્ય બાંધતી વખતે જેના આત્માને કર્મ રજકણો શિથિલ ગોઠવાયેલી હોય તેને ઉપક્રમ (કારણ) લાગતાં ઓછા સમયમાં ખરી શકે છે. એટલે કે કાળ આયુષ્ય ઘટી શકે છે તેને સોપક્રમ આયુષ્ય કહેવાય. પરંતુ ગમે તેવો ઉપક્રમ લાગવા છતાં પણ જેના કાળ આયુષ્યમાં કાંઈપણ ફેરફાર થાય નહિ, દ્રવ્ય અને કાળ આયુષ્ય પૂરેપૂરું જ ભોગવાય તેને નિરૂપક્રમ આયુષ્ય કહે છે.

**સ.૧૦૪ નિરૂપક્રમ આયુષ્ય કોને હોય ?**

**જ.૧૦૪** દરેકે દરેક પ્રકારના દેવોને નારકોને, તીર્થંકરોને, ચક્રવર્તીઓને, વાસુદેવોને, પ્રતિ વાસુદેવોને, બલદેવોને, યુગલિઆઓને અને ચરમ શરીરીઓને (એજ ભવે મોક્ષે જવાવાળા ચરમ શરીરી કહેવાય.) નિરૂપક્રમ આયુષ્ય હોય. તેમના આત્માને આયુકર્મના દલિકો એટલા ગાઢ મજબૂતાઈથી બંધાયેલા હોય છે તેમને દ્રવ્ય આયુષ્ય ને કાળ આયુષ્ય બંને પૂરેપૂરાં ભોગવવા જ પડે. ગમે તેવા કારણો (ઉપક્રમ) લાગે તો પણ તેમાં અંશમાત્ર ફેરફાર થાય નહિ. જેના આયુકર્મના દલિકોને ઉપક્રમ લાગવાથી ફટાફટ ખરી જાય તેને સોપક્રમ આયુષ્ય કહેવાય. આપણા બધાનું આયુષ્ય સોપક્રમ પ્રકારનું છે.

**સ.૧૦૫ એવા કયા કારણો લાગવાથી સોપક્રમ આયુષ્યવાળાના આયુકર્મના દલિકો જલ્દી ખરી જાય છે ?**

**જ.૧૦૫** અગ્નિ, પાણી, વિષ, શસ્ત્ર, અતિહર્ષ, શોક તથા ભય આ સાત કારણોથી સોપક્રમ આયુષ્ય તૂટે છે. જરા વિસ્તારથી સમજીએ તો... પત્ની કે પુત્રનું મોત થતાં આઘાત લાગવાથી, ધંધામાં નુકશાન થવાથી આઘાત લાગવો, વધારે પડતો આહાર લેવાથી, બિલકુલ ન ખાવાથી, વધુ પડતું ચાલવાથી, મૈથુન સેવવાથી, રોગ, શૂળ વગેરે વેદનાના કારણે, ફાંસો ખાવો, આપઘાત કરવો, વધુ પડતા ઝડપી શ્વાસોચ્છવાસ લેવા વગેરે ઉપક્રમ લાગવાથી સોપક્રમ આયુષ્યના દલિકો ઝડપથી ખરી જાય છે. એક ઉદાહરણથી આ વાત સમજીએ. ધારો કે એક વ્યક્તિને ૭૦ વર્ષ સુધી ભોગવાય એટલા આયુકર્મના રજકણો છે. (જો ક્રમશઃ છૂટા પડે તો) પરંતુ ૪૦ મા વર્ષે ધંધામાં નુકશાન આવ્યું જે જોરદાર આઘાત લાગ્યો ને એટેક આવ્યો. તેના કારણે એકી સાથે આયુકર્મની બધી રજકણો ખરી ગઈ અને તે ૪૦ મા વર્ષે મૃત્યુ પામ્યો. હજી ૩૦ વર્ષ ભોગવાય એટલી દલિકો ૩૦ મિનિટ કે ૩૦ સેકંડમાં પણ ખરી શકે. કોઈ કેશમાં એવું બન્યું કે તે વ્યક્તિને ૪૦મા વર્ષે એટેક આવ્યો. ઘણી બધી રજકણો ખરી ગઈ પણ થોડીક રહી ગઈ. ધારોકે ૧૦ વર્ષ ભોગવાય એટલી રહી ગઈ ને ૨૦ વર્ષ જેટલી ખરી ગઈ. એટલે હવે તે વ્યક્તિ ૪૦+૧૦ એટલે કે ૫૦ વર્ષ જીવશે. પણ પાંચ વર્ષ પછી પાછો એટેક આવ્યો તો બાકી રહેલી પાંચ વર્ષ ભોગવાય એટલી બધી કર્મ રજકણો એક સાથે ખરી જાય છે ને તે વ્યક્તિ ૪૫ માં વર્ષે મૃત્યુ પામે છે. સોપક્રમ બાંધેલ આયુષ્ય વચ્ચે તૂટવાનું કારણ

પણ, નિમિત્ત પણ જીવ પરભવથી સાથે લઈને જ આવે છે, નિર્માણ કરીને જ આવે છે અને તેના ઉદયે શેષ દલિકો શીઘ્ર ભોગવી પૂર્ણ કરે છે. માટે કેવળજ્ઞાનીના જ્ઞાનમાં તો જે કાળે મૃત્યુ થવાનું હતુ તેજ કાળે થયું છે. નિરૂપક્રમી ને દલિકો શીઘ્ર ભોગવી લેવા પડે તેવું નિમિત્ત હોતું જ નથી.

**સ.૧૦૬ એકભવમાં આગામી કેટલા ભવનું આયુષ્ય બંધાય ? આગલા ભવનું જે આયુષ્ય બંધાઈ ગયું હોય તેની સ્થિતિમાં ફેરફાર થઈ શકે ?**

**જ.૧૦૬** એકભવમાં આગામી એકજ ભવનું આયુષ્ય બંધાય બે ભવનું આયુષ્ય બંધાય નહિ. અત્યારે આપણે જે ભોગવી રહ્યા છીએ તે ભુજ્યમાન આયુષ્ય કહેવાય. અને જે આયુષ્ય બંધાઈ ગયું છે ને જેનો ઉપભોગ આગલા ભવમાં થશે તે બધ્યમાન આયુષ્ય કહેવાય. બધ્યમાન આયુષ્યની સ્થિતિમાં તો બધાનું અપકર્ષણ થઈ શકે. દા.ત. રાજા શ્રેણિકે નરકના આયુષ્યની તેત્રીસ સાગરોપમની સ્થિતિ બાંધી હતી. તે ઓછી થઈને ચોરાશી હજાર વર્ષની સ્થિતિ રહી ગઈ. પણ એ પૂર્વભવમાંજ થયું. નરકના આયુષ્યનો ઉપભોગ શરૂ થયા પછી તેમાં અપકર્ષણ (ઘટાડો) થવો શક્ય નથી.

**સ.૧૦૭ એક જીવ બીજા જીવનો ઘાત કરી શકે ? અથવા મૃત્યુથી બચાવી શકે ?**

**જ.૧૦૭** ના... કારણકે જીવ અને શરીરનો વિયોગ પોતપોતાની યોગ્યતાથી થાય છે. તેમાં આયુકર્મ પુરૂ થયું તે નિમિત્ત છે. આ જગતમાં કોઈ પરને (બીજાને) રક્ષા કરવાવાળો કે વિનાશ કરવાવાળો છે જ નહિ. વ્યવહારમાં એવું દેખાય છે કે આને મારી નાખ્યો. પરંતુ હકીકતમાં એ જીવ પરભવથીજ એ નિમિત્ત નિર્માણ કરીને જ આવે છે.

**સ.૧૦૮ જીવો થોડું જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?**

**જ.૧૦૮** ત્રણ સ્થાનો વડે જીવો થોડું જીવવાના કારણભૂત કર્મ બાંધે છે. (૧) હિંસાવડે (૨) અસત્યવાણી વડે (૩) સાધુ સંતોને સચિત્ત તથા ન ખપે તેવું અન્નપાનાદિ આપવા વડે.

**સ.૧૦૯ આગ, ધરતીકંપ, અકસ્માત વગેરે પ્રસંગોમાં એકી સાથે ઘણા માણસો એકજ સમયમાં મૃત્યુ પામે છે તે કેવા કર્મને લીધે તેમ થતું હશે ?**

**જ.૧૦૯** એક કામ ઘણા જણ મળીને કરે, જેમકે નાટક, ટી.વી. સિનેમા જુએ, રમત ખેલ જુએ, વેશ્યાનો નાચ જોવો, મેળો, જાત્રા મહોત્સવ વગેરે પ્રસંગોમાં સામુદાણિયા ક્રિયા લાગે છે. આવા પ્રસંગોમાં સર્વ મનુષ્યોના એકસરખા વિચાર (પરિણામ) થાય છે. તેથી એક સાથે કર્મના બંધ પડે છે. અને તેના ફળ પણ એક સાથે મરણ પામી ભોગવે છે.

**સ.૧૧૦ એમ કહેવત છે કે 'ભોગી કરતાં યોગી વધુ જીવે' એવું શા માટે ?**

**જ.૧૧૦** અતિ ક્રોધ-લોભ અતિ હર્ષ કે ભય વખતે અંદર આત્માની સ્થિતિ કેવી હોય છે તેનો અનુભવ કર્યો છે કોઈ દિવસ ? તેટલો સમય શ્વાસોચ્છ્વાસની ગતિ પણ બદલાઈ જાય છે. તેની નોંધ લીધી છે ? ક્રોધ કરો ત્યારે, ભય ઉત્પન્ન થઈ જાય ત્યારે, મૈથુન સેવો ત્યારે, શ્વાસોચ્છ્વાસની ગતિ એકદમ ઝડપી થઈ જાય છે, ને તેટલો સમય આયુકર્મના દલિકો ઝડપથી ખરી જાય છે. હવે ક્રોધ-લોભ-શોક આવે ત્યારે તમારા આત્મા પરથી ઝડપથી ખરતા આયુ-દલિકોને જોજો. તૂટતા આયુષ્યને જોજો. તમારો ક્રોધ-લોભ-શોક ગાયબ થઈ જશે. યોગીઓનું દિલ દિમાગ શાંત હોય છે. શ્વાસોચ્છ્વાસ પણ શાંત અને ઉંડા હોય છે માટે યોગીઓના કર્મદલિકો જલદી ખરતા નથી. તેથી જ યોગીઓ ભોગીઓ કરતાં વધુ જીવે છે એમ કહ્યું હશે.

**સ.૧૧૧ મૃત્યુ સમયે કેવી ભાવના ભાવવી ? ( સાચવી રાખવા જેવો લેખ)**

**જ.૧૧૧** (૧) પરમયોગી એવા શ્રી ઋષભદેવ આદિ પુરૂષોપણ જે દેહને રાખી શક્યા નથી, તેને હું ક્યાંથી રાખી શકવાનો હતો ? હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો આત્મા છું અને આ દેહતો જડ છે. હું ચેતન આ દેહ જડ. ચેતન અને જડ કદીપણ એકબીજાના હોઈ શકે જ નહિ. માટે જડ એવા આ દેહ પર મને કોઈ મોહ રહ્યો નથી.

(૨) શરીર પ્રત્યે જેવો વસ્ત્રોનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે શરીરનો સંબંધ છે. મ્યાન પ્રત્યે જેવો તલવારનો સંબંધ છે તેવો દેહ પ્રત્યે આત્માનો સંબંધ છે. વસ્ત્રો બદલાયા કરે છે, શરીર તો એ જ રહે છે, એવી જ રીતે મારૂં શરીર બદલાઈ જશે, આત્માતો એ જ રહેશે, પછી મને શેની ફિકર છે ? મારૂં ધ્યેય, મારૂં લક્ષ્ય તો અશરીરી બનવાનું છે... પછી શરીર પ્રત્યે

મોહ શેનો ?
(૩) જેમ મેળામાં ભેગા થયેલા લોકો મેળો વીખરાવવાની ફિકર કરતાં નથી તેવી જ રીતે હું (ચૈતન્ય) પણ પ્રેક્ષક છું. મને પણ આ શરીર પર્યાય છૂટવાની ફિકર કરવી ઉચિત નથી.
(૪) જગતનો કર્તા-હર્તા કોઈ નથી. સર્વ સંયોગ સ્વભાવથીજ મળે છે અને સ્વભાવથી જ વીખરાય છે. તેવી જ રીતે આ શરીરનો સંયોગપણ સ્વભાવથી જ મળ્યો છે ને સ્વભાવથી જ વીખરાશે. મારો રાખ્યો રહેશે નહિ ને વીખેર્યો વીખરાશે નહિ. તો પછી તેના વિયોગથી ફિકર મારે શા માટે કરવી જોઈએ ? જે થવાનું હશે તે થયા કરશે.
(૫) આત્મા અમર છે. તે છેદાતો નથી, ભેદાતો નથી. મરતો નથી. બળતો નથી. ખતમ થતો નથી. તો પછી મારે કોના માટે શોક કરવાનો ? અને મોહપણ કોના માટે કરવાનો ? આ પુદ્‌ગલ માટે ? કે જે પુદ્‌ગલ (શરીર) સડી શકે છે, ગળી શકે છે, બળી શકે છે, કપાઈ શકે છે, દુર્ગંધ મારી શકે છે. નિત્ય એવો આત્મા મારો કે અનિત્ય એવું આ શરીર મારૂં ? શરીર તો મારા આત્માનો પહેલો પાડોશી છે. પાડોશી તો બદલાતા રહે. પાડોશી બદલાવવાની ઘટના મારા આત્મા માટે કંઈ નવી નથી. પછી શોક શાને ?
(૬) અનંતા જન્મોથી અનંતી વાર આ પુદ્‌ગ્લ બદલાયા જ કર્યુ છે. જે શરીરને ખાતર જન્મોજન્મ મેં પાપોના ઢગલા જ ખડકયા છે. પાપ ઝાઝેરૂં કર્યુ ને પુણ્ય આછેરૂં કર્યુ. નિર્જરાની તો વાત જ ક્યાં ? વારંવાર મારા અહંકારી પણાને લીધે મારે જન્મ લેવો પડ્યો. હું જાણું છું કે આપંચમ આરામાં આ દેહ થકી હું મોક્ષે નથી જઈ શકવાનો... માટે હે પ્રભુ ! હું અંતરથી પ્રાર્થના કરૂં છું કે હવે જે શરીર મળે તે શરીર વડે હું અશરીરી બનું, હવે જે જન્મ મળે તે થી હું અજન્મા બનું એવું મને બળ આપજે. હું તારી પાસે એ નથી માંગતો કે મને જન્મોજન્મ આમ કરજે ને મને ભવોભવ તેમ કરજે કારણકે હવે મને તો ન જન્મ જોઈએ છે ન ભવ જોઈએ છે. બસ ફક્ત મોક્ષ જ જોઈએ છે. પછી ભલે એ કોઈપણ માર્ગે હોય, કોઈપણ રાહે હોય... હવે તો હે નાથ ! મને એવો બનાવ કે મારે માથે કોઈ નાથ ન રહે.
(૭) ૭૦-૮૦ વર્ષના આ માનવજીવનની ઢળતી સંધ્યાએ હું સુસ્તીમાં નહિ, આત્મ મસ્તીમાં મસ્ત રહેવા માંગું છું. કારણકે હું જાણું છું કે આ પુદ્‌ગલ તો નાશવંત, વિનાશીને પરિવર્તનશીલ છે, વનસ્પતિના શરીર રૂપે રહેલું ઘાસ જો ગાયના પેટમાં પહોંચે તો દૂધનું સ્વરૂપ ધારણ કરે છે. દૂધમાં મેળવણ ઉમેરતાં દહીનું સ્વરૂપ - દહીંમાંથી છાસ - છાસ વલોવતા

માખણનું સ્વરૂપ - માખણમાંથી ઘીનું સ્વરૂપ - ઘી માંથી મીઠાઈનું સ્વરૂપ - મીઠાઈ માનવ શરીરમાં પહોંચીને વિષ્ઠાનું રૂપ-વિષ્ઠા ખાતરમાં રૂપાંતર પામી ફરી કોક ઘાસના શરીરપણાને પ્રાપ્ત કરે છે. પુદ્ગલના આવા પરિવર્તનશીલ સ્વભાવને જાણ્યા પછી એનો શું મોહ કરવો ?

(૮) પરમજ્ઞાની પુરૂષોનું કહેવું છે કે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે માટે હે જીવ ! જ્યાં સુધી આ દેહનો સંબંધ વર્તે છે ત્યાં સુધી અસંગપણું નિર્મોહપણું કરી લઈ, આત્મા અબાધ્ય અનુભવ સ્વરૂપ જાણી બીજા સર્વ ભાવપ્રત્યેથી છૂટો થા.. છૂટો થા...

(૯) પહેલા તો હું આ શરીરમાં ઉદ્ભવેલા રોગોના ઉદયથી ખૂબ ગભરાઈ ગયો હતો. પરંતુ જ્યારથી એ સમ્યક્જ્ઞાન નિશ્ચય રૂપ બન્યું કે, આ રોગ તો કર્મને આધીન છે, જો હું રોગની પીડા સમતાભાવે સહન કરીશ તો કર્મની નિર્જરા કરી શકીશ. ઘેરબેઠા કર્મ ખપાવવા માટેનો આ સુ અવસર આવ્યો છે. કર્મનો બદલો દેવાને સમયે મોઢું શા માટે છુપાવવું જોઈએ ? આ પ્રાપ્ત થયેલું જ્ઞાન અનુભવની કેડી પર પાર ઉતરી શકે એવી હે પરમાત્મા ! મને શક્તિ આપો... મને શક્તિ આપો.

(૧૦) જેવી રીતે ગજસુકુમારજીને મસ્તક પર સોમિલ બ્રાહ્મણે અંગારા ભર્યા તેની મહાવેદના સહી, જેવી રીતે ખંધક મુનિના શરીરની સર્વ ચામડી તેમના બનેવીના અનુચરોએ ઉતારી લીધી તેની વેદના સમભાવે સહી, જેવી રીતે સ્કંદજીના ૫૦૦ શિષ્યોને પાલક પ્રધાને ઘાણીમાં પીલ્યા તેની મહાવેદના તેમણે હસતામુખે સહી તેવી રીતે આ ઉદયમાં આવેલી વેદનામાં હું સમભાવ, સમતાભાવ રાખીશ તો જ મારૂં આત્મ કલ્યાણ થઈ શકશે. આવા અનેક મહાપુરુષોએ તીવ્ર વેદનાના સમયે જેવો સમભાવ રાખ્યો એનો એક અંશ મને ચખાડી દે... હે પરમાત્મા... એક અંશ મને ચખાડી દે.

(૧૧) હું ધર્મ પામ્યો નથી, કે હું ધર્મ કેમ પામીશ ? આ બધો ખેદ કરવાનો હવે સમય નથી. હવે તો બસ આ દેહાદિથી હર્ષ કે વિષાદ વૃત્તિ દૂર કરીને આત્મામાં રમણતા કરવી છે. વિતરાગ પુરૂષોની દશાનું સ્મરણ કરી એમના અદ્ભુત ચારિત્ર્યપર દ્રષ્ટિ કરી વૃત્તિને અપ્રમત્ત કરવી છે. હવે આ અંતમુર્ખ થઈ, સ્થિર થઈ, આત્મામાંજ રહેવું છે. અનંત અપાર આત્માનંદનો અનુભવ કરવો છે. આત્માભાવનામાં નિરંતર નિમગ્ન રહેવું છે.

(૧૨) અહીંયા દરેક જીવ પોતાના કર્મોના ફળને પોતે એકલો જ ભોગવે છે, એવી સ્થિતિમાં અહીં કોણ પોતીકું છે ને કોણ પારકું છે ? હે આત્મા ! તું જાગીને જો ! માયાના ફંદમાં શા માટે ફસાણો છે ? આ માયા-લક્ષ્મી સાથે તારો કંઈ જ સંબંધ નથી. આ લક્ષ્મી મેળવવા માટે તેં જે પાપ-પ્રપંચ કર્યા, તેં જે જૂઠ-કૂડ-કપટ કર્યા, તેં જે ઝગડા-કંકાસ કર્યા, આ લક્ષ્મી માટે તેં જે મા-બાપ, ભાઈ-બહેનના મન દુભાવ્યા, ભાઈ-ભાઈ સાથે કે શેઠ-નોકર સાથે જે ઝગડાં કર્યા તે જરૂર સાથે આવશે. હે જીવ ! આ ક્ષણથીજ તું ચેતીજા... ઝઘડાળી નાર કોઈને ગમતી નથી. માટે તને આ દુર્ગતિમાં ધકેલનારી લક્ષ્મીમાં રહેલા તારા મોહનો તું ત્યાગ કર... ત્યાગ કર...

(૧૩) મારા પછી મારી પત્ની-પુત્રપુત્રી કે કુટુંબીજનોનું શું થાશે ? એ વિચારવા બેસવાનો આ સમય નથી. આવા આર્તધ્યાનથી તો તું તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધીશ. ચેત-ચેત..નર ચેત... આવા કુટુંબ કબીલા તો તું જન્મોજન્મ મૂકીને આવ્યો છે. પેલા કૂતરા-કૂતરીના ભવમાં કેટલા ગલુડીઆ મુકીને આવ્યો હોઈશ ? કરી છે કોઈ દિવસ આ બધાની ચિંતા ? તો હવે શા માટે ? પેલા સાપણના ભવમાં તારાજ સાપોલીયાને તું ખાઈ ગયો હોઈશ... હે આત્મન તું સ્વસ્થ થા... સ્વસ્થ થા... આ સહુ તો એના સ્વાર્થના કારણે તને પ્રેમ કરી રહ્યા છે. તેને જોઈને તું ઢીલો ન પડીશ. તારા બાપદાદાની સાથે તું ગયો નથી કે તારી સાથે તારા પુત્ર-પૌત્ર આવી શકવાના નથી. જન્મોજન્મ આ વાતનું જ પુનરાવર્તન થાય છે. આ પુનરાવર્તનને પૂર્ણવિરામ મુકવા માટેનો આ જન્મ છે. તેથી તું તારા આત્મભાવમાં મસ્ત થઈજા. સ્ટેજ પરના નાટકના પાત્ર તરીકે બધાને નિહાળ અને તું તારા આત્મામાં પેસી જા... તારા આત્મામાં બેસી જા...

(૧૪) ભગવાન મહાવીરે ભર યુવાન વયે નાનકડી પુત્રી અને પત્નીનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો હતો... ધન્નાજી પોતાની આઠેઆઠ પત્નીને એકધડાકે ત્યાગીને અણગાર બન્યા. શાલિભદ્રે તો બત્રીસ પત્નીઓને દોમદોમ સાહ્યબીને ઠુકરાવી... આવા મહાપુરૂષોને યાદકર જેમણે સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે. જ્યારે તું ઈચ્છે કે ના ઈચ્છે... જે છોડવાનું જ છે એના મોહમાં શા માટે લપેટાય છે ?

(૧૫) હે આત્મન્ ! આ એક જન્મમાં આવી પડેલા દુઃખને તું શું રડે છે ? ને વળી કર્મસંયેગે મળેલા સુખનો અહંકાર શા માટે કરે છે ? આ અહંકાર જ જન્મે છે ને અહંકાર જ મરે છે. અહંકાર તો તારી અને મોક્ષ વચ્ચેની જબરી દીવાલ છે. જો મોક્ષ જોઈતું હશે તો સમ્યક્જ્ઞાનના હથોડા વડે આ દીવાલને તોડવી

પડશે. અને દુઃખ ? કયા દુઃખની વાત કરે છે ? અરે આ જન્મમાં ભોગવેલા તારા દુઃખતો કાંઈ વિસાતમાં નથી... હે જીવ... જરા વિચાર કર... જયારે તું નિગોદમાં હોઈશ ત્યારે એક શ્વાસ લઈને મુકીએ એટલા સમયમાં ૧૭-૧૮ વખત જન્મમરણના કેવા દુઃખ તેં સહ્યા હશે ? જ્યારે શુક્ષ્મ નિગોદમાંથી તારો જીવ બાદર નિગોદમાં ગયો હશે (કંદમૂળ વગેરે) ત્યારે જીવ તે જીવ કપાવાનું ને બફાવાનું કેવું મહાભયંકર દુઃખ તેં સહન કર્યુ હશે... અરે... અત્યારે ઉહંકારાને ટહકા કરનારા હે જીવ... જ્યારે તું વનસ્પતિના ભવમાં હોઈશ ત્યારે કોઈએ તને કુહાડાથી કાપી નાખ્યો હશે... અને તું એક ચીસ પણ નહીં પાડી શક્યો હોય. વિચાર કર... ત્યારે તને કેવું દુઃખ થયું હશે ? અરે... ક્યારેક તું તડકામાં તપીને સુકાઈ ગયો હોઈશ, એક ટીપું પાણીનું પીવા નહી મળ્યું હોય તો ક્યારેક તું આખોને આખો બરફથી ઢંકાઈ ગયો હોઈશ... ટાઢમાં ઠૂંઠિયું થઈ ગયો હોઈશ ને ત્યારે તું એક ડગલું ચાલીને બીજી જગ્યાએ નહી જઈ શક્યો હોય ને ત્યારે તને જે વેદના થઈ હશે તેની કલ્પના પણ કરી શકે છે તું ? જા... જરા તારા આત્મામાં અંદર પેસીને જો... એની પાસે તોં આ બધા જ અનુભવ ધરબાયેલા પડ્યા છે. જરા વિચાર કર... પાણી કાયના ભવમાં તારો આત્મા હશે... ને કોઈ એ પાણીમાં સાબુ ભેળવ્યો... અહા... શું બળતરા થઈ હશે ? અત્યારે જીવ તે જીવ કોઈ તારી ચામડી કાઢી મરચું ભભરાવે એવી જ સ્તો ! ને એ બળતરા સહતાં સહતાં તું મોતને ભેટયો હોઈશ. એ દુઃખ કરતાં તો આજનું દુઃખ ઓછું છે ને ? અને હા... તિર્યંચના ભવમાં તો તેં શું દુઃખ સહન નહિ કર્યુ હોય ? કીડાના ભવમાં તને કોઈએ જીવ તે જીવ ઉકળતા પાણીમાં નાખી દીધો હશે... કોઈએ પગ નીચે કચડી નાખ્યો હશે. કોઈએ હાથેથી મસળી નાખ્યો હશે. માછલી ના ભવમાં કોઈ તને બાફીને ખાઈ ગયું હશે. સાપના ભવમાં કોઈએ તારી જીવ તે જીવ ચામડી ઉતારી લીધી હશે તો ગાય બકરાના ભવમાં કોઈએ તને કતલખાનામાં કાપી નાખ્યો હશે. અરે... વિચાર કર... જીવ... કે તેં ક્યા દુઃખ નથી સહ્યા ? આજની તારા શરીરમાં ઉપડેલી વેદનાને જોઈને નિશ્ચયમાન કે 'મારા જીવે પણ અન્ય જીવને આવી વેદના આપી છે... હું મારા જ કર્મફળનો વિપાક ભોગવી રહ્યો છું...' હવે મારે આ કર્મોનો ગુણાકાર નથી કરવો મારે તો સમભાવે સહન કરી એનો ભાગાકાર કરવો છે. હે મારામાં બિરાજેલ વિશુદ્ધ આત્મન્ ! તું તો શક્તિનો પૂંજ છે. તારામાં રહેલ શક્તિ નો એક અંશ પ્રગટ કર... પ્રગટ કર... મને સમતા જોઈએ... મને મોક્ષ જોઈએ... મને સમતા જોઈએ...

(૧૬) હે જીવ ! આ સમજણના ભવમાં પણ કેટલાય જીવો પર ક્રોધ કરીને તેમના આત્માને દુભાવ્યા હશે.. ? લોભને વશ થઈ તેં કેટલો પરિગ્રહ કર્યો હશે ? માયાને વશ થઈ તેં ઘરમાંને બહાર કેટલીય બાબતમાં રાજરમત રમી હશે ? ને માનને વશ થઈને તો તેં કેટલાયનું જીવવું ઝેર કરી દીધું હશે ? તટસ્થ બનીને એક એક પ્રસંગને યાદ કરીશ તો પાપોની હારમાળા દેખાશે. હે જીવ... આ શીલશીલો હવે અહીંથી, આ ક્ષણેથી અટકવો જોઈએ. નહિ તો નરક કે નિગોદમાં ફેંકાઈ જતાં વાર નહીં લાગે... શું અનંતા દુઃખ ભોગવી અને જન્મમરણના ચક્કર ચાલુ રાખી પાછા નિગોદમાં જવું છે ? ના ? તો પછી હે જીવ ! હે ભવ્ય ! તું તારા આત્માનું મોક્ષમાર્ગમાં સ્થાપન કર... સ્થાપન કર. દુભાવેલા દરેક જીવોની અંતઃકરણપૂર્વક ક્ષમા યાચ.. ક્ષમા યાચ.. આ બધી ભૂલો.. મારા ભવચક્રની છેલ્લી ભૂલો હજો.. હવે હું કોઈને નહિ દૂભવું... કોઈને નહિ દૂભવું...

(૧૭) મારા પરમાત્માએ કહ્યું છે કે અટલ અનુભવ સ્વરૂપ આત્મા જ્યારથી સર્વદ્રવ્યથી જુદો ભાસે છે ત્યારથી મુક્ત દશા વર્તે છે, તે પુરૂષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરૂષ મુક્ત થાય છે. માટે હે ભવ્ય ! તું તારામાં રહેલા પરમાત્માનું ધ્યાન કર... આત્મા નો જ અનુભવ કર.. તથા તારા આત્મામાં જ વિહાર કર... બીજા દ્રવ્યોમાં વિહાર કરવો છોડી દે.. જે દેહ ભરયુવાવસ્થામાંને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતા છતાં પણ ક્ષણભંગુર છે તે દેહમાંથી પ્રીતિ છોડી દે... તું તારામાં જ સ્થિર થા... સ્થિર થા...

(૧૮) હું કોણ છું ? હું સર્વથી સર્વ પ્રકારે ભિન્ન છું, સર્વ પરભાવથી મુક્ત છું. હું કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, અચિંત્ય સુખ સ્વરૂપ છું. હું એક છું, અસંગ છું. સચ્ચિદાનંદ પરમાત્મા છું. હું અજન્મા, અજર, અમર શાશ્વત છું. માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું. હું અસંખ્ય પ્રદેશાત્મક, નિજ અવગાહના પ્રમાણ છું. હું માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ છું. પરમશાંત ચૈતન્ય છું. હું સ્વપર્યાય પરિણામી સમયાત્મ છું. માત્ર નિર્વિકલ્પ છું. હવે હું નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છું... તન્મય થાઉં છું.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(આ મૃત્યુ સમયે ભાવવાની ભાવના કહી. પરંતુ મૃત્યુનો સમય તો કોઈ જાણતું નથી. માટે દરરોજ આપણા જ શબનું પાર્થિવ દેહનું આપણે દર્શન કરવું અને એનાથી ભિન્ન પરમાત્મ સ્વરૂપ એવા આપણા આત્માનું દર્શન કરવું ને ઉપરોક્ત ભાવનામાં ભાવિત રહેવું.)

**સ.૧૧૨ નરકતો ફક્ત બીક બતાવવા માટેનીજ વાત છે ને ? હકીકતમાં એવું કાંઈ છે જ નહિને ?**

**જ.૧૧૨** જો ખરેખર નરક કે દેવલોક એવું કાંઈ હોતજ નહીતો કેવળી ભગવંતે આપણને એવુ બધું કહેવાની શું જરૂર હતી ? નરક કે દેવલોકની વાત ભગવાને પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી કીધી છે, પહેલા નહિ. હવે પોતે તો વીતરાગ બની ગયા હતા પછી એમને કોના માટે ખોટું બોલવાનું હતું ? માણસ કાંતો કોઈ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેના રાગથી (પ્રેમથી) ખોટું બોલે કાંતો કોઈ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેના દ્વેષથી (વેરથી) ખોટું બોલે. જેને આ જગતના કોઈપણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે રાગજ નથી કે દ્વેષ જ નથી. જે અલિપ્ત થઈ ગયા છે એને પછી જગતના લોકોને ખોટું જણાવવાની જરૂર શું હતી કે, ભાઈ આ દેવલોક છે એમાં આવું આવું હોય, આ નરકલોક છે, તેમાં આવી સાત પ્રકારની નારકી હોય. આવું બધું દુઃખ હોય... લોકોને ડરાવી ને એમને લોકો પાસેથી શું લઈ લેવું હતું ? મહાવીર એમ શું કામ કે'ત કે 'હું પણ નરકે જઈ આવ્યો છું' અને ધારો કે એ ખોટું બોલ્યા હોય તો આપણે એમને ભગવાન તરીકે પૂજવાની જરૂર શું છે ? જો ભગવાન જ જૂઠું બોલતા હોય તો એને ભગવાન મનાયજ શી રીતે ? જો કોઈ વ્યક્તિ નાની બાબતમાં પણ આપણી સાથે ખોટું બોલે તો આપણને એના પ્રત્યે સારો ભાવ રહેતો નથી. તો પછી જેની તમે પૂજા કરો છો, જેની ભક્તિ કરો છો, એના માટે એમ પણ માનો છો કે એ જુઠું બોલ્યા છે, એ ખોટું બોલ્યા છે, તો એ તિર્થંકરો પ્રત્યે તમારા હૃદયમાં પૂજ્યભાવ રહેશે કેવી રીતે ? માટે પહેલા તો એ શ્રદ્ધા જરૂરી છે કે મારા ભગવાનને કેવળજ્ઞાનના પ્રકાશમાં જે દેખાયું તેજ તેમણે કહ્યું છે. એમને સાત નરક દેખાઈ તો સાત જ કીધી છે, આઠ નથી કીધી. એમને જેવું દેખાયું તેવું આબેહૂબ તેમણે વર્ણન કર્યું છે. આપણો જીવ પણ આપણને આંખેથી દેખાતો નથી, આ હવા પણ દેખાતી નથી. દેવ-દેવીઓ પણ આંખેથી દેખાતા નથી છતાં આપણે બધાં, જૈન હોય કે અજૈન દરેક જણ દેવ-દેવીના અસ્તિત્વને સ્વીકારે છે. જીવ તથા હવાના અસ્તિત્વને સ્વીકારે છે. તો પછી જે ભગવાને આપણને દેવલોક બતાવ્યો છે તેજ ભગવાને આપણને નરકલોક બતાવ્યો છે. તો પછી 'નરક છે' જ એમ માનવામાં શું હર્જ છે ? કોઈપણ પાપીને એના પાપની સજા કરવાની આપણા માનવો પાસે કેટલી શક્તિ છે ? ધારો કે કોઈ એકજણે એક હત્યા કરી છે ને કોઈ બીજાએ સો જણની હત્યા કરી છે. આપણે માનવીઓ આ બંનેને વધુમાં વધુ એક વખત મોતની સજા

ફટકારી શકીશું. એકના હત્યારાને પણ એક વખત મોત ને સોના હત્યારાને પણ એક વખત મોત ? શું આ ન્યાય છે ? સોના હત્યારાને એક વખતની હત્યાનું ફળ અહીં મળી શકે છે. પણ બાકીના ૯૯ની હત્યાની સજા ભોગવવા એણે નરકમાં જવું પડે છે. (આ તો ફક્ત સમજવા માટેનું તુચ્છ ઉદાહરણ આપ્યું છે.) માટે એ પૂર્ણ શ્રદ્ધાથી માનજો કે મારા ભગવાને જે ચાર ગતિની વાત કરી છે તેમાં કાંઈજ ખોટું નથી.

**સ.૧૧૩ દેવલોક નરક બધા વિષે બધું જાણવાની આપણે શું જરૂર છે ?**

**જ.૧૧૩** અરે ! આપણે એક ઘર છોડી બીજા ઘરમાં રહેવા જવાનું હોય તો આપણે નવા ઘર વિષે કેટલી બધી જાણકારી મેળવીએ છીએ ? એ ઘર કેવું છે ? ક્યાં છે ? બારી દરવાજા કેટલા છે ? બરાબર હવા ઉજાસ આવે છે કે નહિ ? એરિયા-લોકેશન કેવું છે ? બધું જ જાણીને પછી નવા ઘરમાં જઈએ છીએ કે એમને એમ જે ઘર આવ્યું તેમાં ઘૂસી જઈએ છીએ ? જો આ જન્મના એક ઘર વિશે આટલી બધી જાણકારી તો પછી આ દેહ છોડી, જ્યાં બીજો દેહ ધારણ કરવાનો છે એ દેવલોક કેવું છે ? એ નરક લોક કેવું છે ? તિર્યંચ તથા મનુષ્ય લોક કેવું છે ? એના વિશે કાંઈજ જાણકારી નહી મેળવવાની ? અહીંથી આ દેહ છોડી જવાનું છે એતો નક્કી જ છે ને ? કે એમાં પણ કોઈને શંકા છે ? જે ઋષભદેવ કે મહાવીર ભગવાન જે દેહને નથી રાખી શક્યા તેને આપણે શું રાખી શકવાના હતા ? તો પછી જ્યાં જવાનું નિશ્ચિત છે તેની જાણકારી તમે મેળવશો તો મંઝિલ નિશ્ચિત થશે કે ક્યાં જવા જેવું છે ? ને મંઝિલ નિશ્ચિત થશે તો એ માટેનો પ્રયત્ન થશે. જ્યારે દેવલોક વિષેની પૂરેપૂરી જાણકારી મેળવશો ત્યારે દેવલોક એટલે તો સુખ જ સુખ. એ ભ્રમણા મગજમાંથી નીકળી જશે ને એ ભ્રમણા નીકળશે તોજ મોક્ષમાંજ સાચુ સુખ છે એ વાત મગજમાં બેસસે ને તે માટેનો સાચો પ્રયત્ન શરૂ થશે. આ એકજ માનવ જન્મ એવો છે કે એમાં તમે દેવલોક-નરક-તિર્યંચને મનુષ્ય ગતિ વિશે રજે રજ માહિતી મેળવી શકશો. (એય આપણા મહાઉપકારી ભગવંત આપણને કહી ગયા છે માટે) ને તોજ નક્કી કરી શકશો કે તમારે જવું છે ક્યાં ? ને ક્યાં જવું છે તે નક્કી થશે તો જ તે માટેનો યથાર્થ પુરૂષાર્થ થશે. બાકી કયા સ્ટેશને ઉતરવું છે તે નક્કી કર્યા વગર તમે આખો દિવસ ટ્રેનમાં બેસી રહેશો. તો પણ મંઝિલે નહીં પહોંચી શકો.

**સ.૧૧૪ મને એમ થાય છે કે ભલે ને ચારેય ગતિમાં આપણો જીવ ભટક્યા જ કરે... જ્યારે સુખ મળશે ત્યારે સુખ ભોગવી લેશું ને દુઃખ મળશે ત્યારે દુઃખ ભોગવી લેશું. મોક્ષમાં જવાની શું જરૂર છે ?**

**સ.૧૧૪** તમારી વાત બરાબર છે. જો કાયમ માટે એમ જ થયા કરતું હોય તો આપણે કદાચ એમ કરત. પણ ના.. કુદરત ત્યાં પણ આપણને લાલબત્તી બતાવે છે. એ લાલબત્તી છે ટાઈમ લિમિટની. એ ટાઈમ લિમિટ છે બે હજાર. સાગરોપમ વર્ષ. (એક સાગરોપમ એટલે કેટલા વર્ષ તે મેં સવાલ નં. ૨૭ માં સમજાવ્યું છે) જે ઘડીએ, જે ક્ષણે આપણો જીવ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવ્યો ત્યારથી બે હજાર સાગરોપમ વર્ષની ટાઈમલિમિટ આપણને મળે છે. તેમાંય સંજ્ઞી પંચેન્દ્રિયપણું તો ફક્ત એક હજાર સાગરોપમ વર્ષ માટે જ મળે છે. એ સમય દરમ્યાન કોઈપણ જીવ જો પુરૂષાર્થ કરીને મોક્ષે ન પહોંચ્યો તો પાછો નિગોદ-એકેન્દ્રિયમાં અનંતા અનંત વર્ષ માટે દુઃખ ભોગવવા માટે ચાલ્યો જાય છે. આ કુદરતનો અટલ નિયમ છે ને જો પાછા ફરીથી નિગોદમાં ચાલ્યા ગયા તો પછી બહાર નીકળવા માટેનો કોઈ નિયમ નથી. પહેલી વખતનો એવો નિયમ હતો કે એક જીવ સિદ્ધપદને પામે એટલે એકજીવ નિગોદમાંથી બહાર નીકળે. આપણો જીવ પણ ત્યારેજ બહાર નીકળ્યો હશે જ્યારે એકજીવ સિદ્ધપદને પામ્યો હશે. પરંતુ જો ફરીથી નિગોદમાં પહોંચી ગયા તો બહાર નીકળવા માટે કોઈ નિયમ નથી. પછી ભલે અનંતા અનંત વર્ષ નિગોદમાં જન્મ-મરણના દુઃખ ભોગવ્યા જ કરો. એવું નથી કે એકવાર તું રાજા થઈ ગયો એટલે હવે પ્રજા થવાનું જ નથી. માટે હે જીવ ! તું નિગોદમાંથી બાહર તો નીકળી ગયો છે, પરંતુ હવે તારા માટે બેજ ચોઈસ છે, કાંતો પુરૂષાર્થ કરી મોક્ષમાં પહોંચ - કાંતો પાછો એકેન્દ્રિય નિગોદમાં પહોંચી જા. (ચોઈસ ઈઝ યોર્સ) પસંદગી તારા હાથમાં છે.

**સ.૧૧૫** સંસાર એટલે જ દુખ એમ ટ્રઢ પણે માનુ છું. બાહ્ય વસ્તુમાંથી મળતું સુખ એ સાચું સુખ નથી એમ પણ માનુ છું. જન્મ - મરણ એટલે જ દુઃખ એમ પણ માનું છું. પણ એ સમજણ નથી પડતી કે સિદ્ધ પદને પામ્યા પછી તો જીવ નિર્લેપ બની જાય છે. એકજ જગ્યાએ સ્થિર થઇ જાયછે. કોઇ પ્રવૃત્તિજ નથી તો પછી સુખ શાનું ?

**જ.૧૧૫** તમારા સવાલમાં જ આ સવાલનો જવાબ સમાયેલો છે. સંસારમાં રહેલો જીવ અનેક પ્રવૃત્તિ કરે છે. છતાંય તેને સુખ મળતું નથી. માટે પ્રવૃત્તિમાં

સુખ નથી એમ નક્કી થઈ ગયું. સંસારમાં સુખ છે જ નહિ એમ તમે દ્રઢ પણે માનો છો એટલે એતો સમજાવવાની જરૂર નથી. સંસારમાં આપણે જન્મ્યા ત્યારથી પ્રવૃત્તિમય જ હોય છે. જન્મવું એય પ્રવૃત્તિ, મરવું એય પ્રવૃત્તિ, ખાવું, પીવું, હાલવું, ચાલવું, બોલવું, શ્વાસ લેવો મૂકવો, બધીજ પ્રવૃત્તિ. અરે વિચારો કર્યા કરવા એય પ્રવૃત્તિ. જીવ નરકમાં જાય કે તિર્યંચ, દેવગતિમાં જાય કે મનુષ્યમાં જાય, સતત પ્રવૃત્તિમય જ હોય છે. સંસાર એટલે ચારેય ગતિ - ચારેય ગતિ એટલે પ્રવૃત્તિજ પ્રવૃતિ. આટ આટલી પ્રવૃત્તિ કરવા છતાંય આપણને સંસારમાં સુખ નથી એનો અર્થ એ થયો કે પ્રવૃત્તિ રહિત પણું એટલે સુખ જ સુખ મોક્ષમાં પ્રવૃત્તિ રહિતપણું એજ સુખ છે. તમે મને એમ કહેશો કે.. ખણજ ઉપડયા પછી જે ખણીએ ને ત્યારે સુખ લાગે તે સાચું સુખ કે ખણજ ઉપડેજ નહિ એવી પરિસ્થિતિને સુખ કહેશો ? ભૂખ લાગ્યા પછી ભોજન મળે ને તૃપ્તિ થાય તેને સુખ કહેશો કે ભૂખ લાગેજ નહિ સદા તૃપ્ત જ રહેવાય એવી સ્થિતિને સુખ કહેશો ? શરીરમાં દર્દ ઉપડે ને દવાથી દર્દનું શમન થાય એને સુખ કહેશો કે દર્દ ઉત્પન્ન જ ન થાય એવી સ્થિતિને સુખ કહેશો ? ટેમ્પરરી ભાડેથી મળેલા ઘરમાં વધારે સુખ કે કાયમ માટે પોતાનીજ માલિકીના ઘરમાં રહેવામાં વધુ સુખ ? જન્મ-મરણ એજ મોટું દુઃખ છે તો મોક્ષમાં જન્મ-મરણ રહિતપણું એજ મોટુ સુખ છે. એમ માનવામાં શું હર્જ છે ? જ્ઞાની તો એમ પણ નથી કહેતાં કે જ્યારે મોક્ષમાં જશો ત્યારે જ ખબર પડશે કે મોક્ષમાં કેવું સુખ છે, જ્ઞાની તો એમ કહે છે કે આ જન્મમાં કે બીજા કોઈપણ જન્મમાં જે ઘડીએ, જે ક્ષણે આત્માને સમકિતની પ્રાપ્તિ થશે ત્યારે જ તે ઘડીએ જ મોક્ષનું સુખ કેવું હશે એનો એક અંશ ચાખી લેશો.

**સ.૧૧૬ દેવલોક એટલે આપણી ઉપર આકાશમાંજને ?**

જ.૧૧૬ સામાન્ય રીતે આપણા બધાની માન્યતા એવી જ હોય છે કે દેવ એટલે ઉપર. કોઈ મૃત્યુ પામે તો દેવલોક સિધાવ્યા કહીને આંગળી ઉપરજ બતાવીએ છીએ. પરંતુ એવું નથી. દેવો ત્રણેય લોકમાં છે. આપણી નીચે અધોલોકમાં પણ દેવો રહે છે, મધ્યલોકમાં પણ રહે છે ને ઉર્ધ્વલોકમાં પણ રહે છે. પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવ ધરણેન્દ્ર અને દેવી પદ્માવતીના ભવનો પણ આપણી નીચે અધોલોકમાં જ છે.

**સ.૧૧૭ દેવોનો મુખ્ય પ્રકાર કેટલા ? કયા પ્રકારના દેવો ક્યાં રહે છે ?**

**જ.૧૧૭** દેવોના મુખ્ય ચાર પ્રકાર છે. તિજયપહુત્ત સ્તોત્રની ૧૨મી ગાથામાં આવે છે ને... 'ભવણવઈ વાણવંતર, જોઈસવાસી વિમાણવાસીઅ' ભવનપતિ દેવો અધોલોકમાં, વ્યંતર અને જ્યોતિષ્ક દેવો મધ્યલોકમાં અને વૈમાનિક દેવો ઉર્ધ્વ લોકમાં રહે છે.

**સ.૧૧૮ ત્રણેય લોક સમજાવો.**

**જ.૧૧૮** અત્યારે જેમ આપણે ઉંચાઈ સી-લેવલથી (દરિયાની સપાટીથી) માપીએ છીએ તેમ આપણા શાસ્ત્રમાં ઉંચાઈ મેરૂપર્વતની સપાટીથી (સમભૂતલાથી) જણાવવામાં આવે છે. મેરૂપવર્તની સપાટીથી ૯૦૦ યોજન ઉપર ને ૯૦૦ યોજન નીચે તરફ એટલે કે કુલ ૧૮૦૦ યોજનનો વિસ્તાર મધ્યલોક કહેવાય છે. તેનું બીજું નામ તિર્ચ્છા લોકપણ છે. આ મધ્યલોકની ઉપરનો ભાગ ઉર્ધ્વલોકને નીચેનો ભાગ અધોલોક કહેવાય છે.

**સ.૧૧૯ મધ્યલોકમાં કોણ કોણ રહે છે ?**

**જ.૧૧૯** મધ્યલોકમાં આપણે મનુષ્યો, તિર્યંચો અને વ્યંતર, વાણવ્યંતર, જૃંભકા તથા જ્યોતિષ્ક દેવો રહે છે. આપણે રત્ન પ્રભા નામની પૃથ્વીની ઉપરની સપાટી પર રહીએ છીએ. ત્યાંથી ફક્ત ૧૦ યોજન નીચે જાઓ એટલે પછીના ૮૦ યોજનમાં વાણવ્યંતર દેવોનું તથા જૃંભકાદેવોનું નિવાસસ્થાન છે. તેની નીચેનો ૧૦ યોજનનો ભાગ ખાલી છે. તે છોડીને પછીના ૮૦૦ યોજનમાં વ્યંતર દેવો રહે છે. આમ ૮ પ્રકારના વ્યંતરદેવો, ૮ પ્રકારના વાણવ્યંતરદેવો અને ૧૦ પ્રકારના જૃંભકા દેવો મળીને કુલ ૨૬ પ્રકારના વ્યંતરનિકાયના દેવો છે. તેમના ઉત્તરના ને દક્ષિણના મળીને કુલ ૩૨ ઈંદ્રો છે. આ દેવોના ભવનો નગર જેવા વિશાળ ને રત્નમય હોય છે. તેઓ પોતાની ઈચ્છાથી તથા બીજાની પ્રેરણાથી ભિન્ન ભિન્ન જગ્યાએ જાય છે. આમાંથી કેટલાંક મનુષ્યની સેવા પણ કરે છે, મનુષ્યના ગુલામ પણ થઈ જાય છે ને તેની આજ્ઞા પ્રમાણે બીજાને દુઃખ ત્રાસ પણ આપે છે. કેટલાક દેવોને તેવું કરવામાં આનંદ પણ આવે છે. શું આવા વ્યંતરનિકાયના દેવો બનવાનું પસંદ કરશો ?

**સ.૧૨૦ વ્યંતર અને વાણવ્યંતર દેવોના નામ આપો.**

**જ.૧૨૦** આઠ પ્રકારના વ્યંતરદેવો (૧) પિશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરૂષ (૭) મહોરગ (૮) ગંધર્વ. આઠ પ્રકારના વાણવ્યંતરદેવો (૧) આણપન્ની (૨) પાણપન્ની (૩) ઈસીવાઈ (૪) ભૂઈવાઈ (૫) કંદીય (૬) મહાકંદીય (૭) કોહંડ (૮) પયંગદેવ.

**સ.૧૨૧ જૃંભકાદેવો વિશે સમજાવો. તેમના નામ અને કામ કહો ?**

**જ.૧૨૧** એ પણ વ્યંતર નિકાયનાજ દેવો છે. સદા ક્રીડામાં લીન રહે છે. દિવસ તથા રાત્રિના ત્રણેય કાળમાં એટલે કે સંધ્યાવેળાએ, મધ્યરાત્રીએ, સવારે ને બપોરે અસ્તુ, અસ્તુ કરતા ફરે છે. (જે હસતું હોય તે હસતું રહેજો ને જે રોતુ હોય તે રોતું રહેજો એમ કહે છે.) માટે તેવા સમયે જેમ તેમ ન બોલવું. પહાડ, પર્વત, ઝાડ ઉપર, ઝાડ નીચે આદિ મનોહર જગ્યાએ વાણવ્યંતર દેવો આવે છે તથા વસે છે. તિર્છાલોકમાં આવેલ વૈતાઢય પર્વત પર પણ આ દેવો આવીને વસે છે. તેથી તો તિર્યંગ્જૃંભકદેવો કહેવાય છે. પરમાત્મા મહાવીરદેવનો જન્મ થયો ત્યારે સિદ્ધાર્થ રાજાના રાજભવનમાં ધનધાન્ય, વસ્ત્ર, સુવર્ણ, રત્ન વગેરેની વૃદ્ધિ કરવાવાળા આ દેવો છે. પરમાત્માના પ્રચંડ પુણ્યથી ખેંચાયેલા આ દેવો જ્યારે જ્યારે પરમાત્માના પારણા થાય ત્યારે ઓછામાં ઓછા ૧૨ાા લાખ ને વધુમાં વધુ ૧૨ાા કરોડ સોનૈયાની વૃષ્ટિ કરે છે. તેમના નામ અને કામ આ પ્રમાણે છે (૧) આણજૃંભકા : ભોજનના પરિમાણને વધારવું, ઘટાડવું, સરસ-નિરસ કરવું (૨) પાણજૃંભકા : પાણીને ઘટાડવું, વધારવું (૩) લયણજૃંભકા : ઘર આદિની રક્ષા કરવી. (૪) સયણજૃંભકા : શય્યા આદિની રક્ષા કરવી (૫) વત્થજૃંભકા : વસ્ત્રને વધારવા-ઘટાડવા (૬) પુષ્પજૃંભકા : ફૂલોની રક્ષા કરવી (૭) ફળજૃંભકા : ફલોની રક્ષા કરવી. (૮) બીયજૃંભકા : ફૂલ-ફળ-બીજની રક્ષા કરવી. (૯) વિજ્જુજૃંભકા : વિદ્યાઓની રક્ષા કરવી. (૧૦) અવિયતજૃંભકા : ઘરવખરી વગેરે બધા પદાર્થોની રક્ષા કરવી.

**સ.૧૨૨ વ્યંતર નિકાયના દેવોનું અવધિજ્ઞાન કેટલું ? આયુષ્ય કેટલું ? વિષયસુખ કેવી રીતે ભોગવે ?**

**જ.૧૨૨** આયુષ્ય ઓછામાં ઓછું ૧૦,૦૦૦ વર્ષ ને વધુમાં વધુ બે પલ્યોપમમાં થોડુંક ઓછું હોય છે. જેટલું પણ આયુષ્ય હોય તેટલું પોતાને જીવવું હોય

કે ન જીવવું હોય તે ભોગવવું જ પડે. અવધિજ્ઞાન ઓછામાં ઓછું ૨૫ યોજન સુધી જોઈ શકે. વધુમાં વધુ ઉંચે જ્યોતિષદેવલોકના તળાસુધી, નીચે પહેલી નરક સુધી ને ત્રાંસુ (તિર્ચ્છા) સંખ્યાતા દ્વીપ સમુદ્રોસુધી દેખે ને જાણે. વિષયસુખ મનુષ્યની માફકજ કામભોગનો અનુભવ કરે છે. પ્રત્યેક ઈંદ્રને ચાર-ચાર દેવી એક એક હજારના પરિવાર સહિત બધી દેવીઓ હજાર હજાર વૈક્રિય રૂપ કરી શકે.

**સ.૧૨૩ આ દેવ બનવાની તો મજા પડી જાય ? શું કરીએ તો આવા દેવ બનાય ?**

**જ.૧૨૩** સર્વે જીવો અનંતીવીર વાણવ્યંતરમાં ઉત્પન્ન થઈને આવ્યા પણ એ પૌદ્ગલિક સુખથી સિદ્ધિ થઈ નહી. વ્યંતરનિકાયના દેવો પ્રાયઃ કરીને મોટો ભોગ મિથ્યાત્વી દેવો હોય છે. જે મરીને મોટા ભાગે એકેન્દ્રિય - પૃથ્વીકાયમાં ચાલ્યા જાય છે ને અનંતા અનંત વર્ષો સુધી દુઃખ ભોગવે છે. વળી અકામ નિર્જરા કરતાં કરતાં ક્યારેક પાછા મનુષ્ય ભવ પામે છે. પરંતુ સત્યજ્ઞાન વિના ગરજ સરતી નથી. આત્માનો ઉદ્ધાર થતો નથી. તેઓને એકબીજાની ઈર્ષ્યા સતાવતી હોય છે. તેઓ એકબીજાની દેવીઓને ઉપાડી જતાં હોય છે. મારામારી કરે છે. વર્ષોના વર્ષોસુધી યુદ્ધો કરે છે. દેવી મરી જતાં ઝૂરી ઝૂરીને રડે છે. શું તમે એવા દેવ બનવાનું પસંદ કરશો ? શું એવી ઈંદ્રાણી બનવાનું પસંદ કરશો કે જે ઈંદ્રના જીવનમાં એક નહી અનેક ઈંદ્રાણીઓ હોય ? આટલા તપ-જપ વગેરે કરીને આવા દેવના ભવ મેળવો ને ત્યાં જઈને પાછા ભોગ-રાગ-ઈર્ષ્યા-નિંદાના ચક્કરમાં ફસાવાનું ? હું તારાથી બળવાન છું તે બતાવવા યુદ્ધો કરવાના ? ને આ બધું કરીને પાછું એકેન્દ્રિયમાં ફેંકાઈ જવાનું ? ધર્મી માણસ હોય પણ જો દ્વેષભાવ રાખીને ધર્મ કરેતો મરીને વ્યંતરદેવ થાય છે. એટલે ધર્મ જરૂર કરો પણ અંદર દ્વેષભાવ રાખીને નહીં... માયાકપટ રાખીને નહીં... રાજરમત રમીને (પોલીટિક્સ) નહિ... આ ખરાબ, આ સારો આને આમ કરી નાખું, અને આમ બતાવી દઉં, આનાથી આમ ચડિયાતો સાબિત થાઉં એવી વેરભાવનાથી નહી... બદલાની ભાવનાથી નહીં. આપણે બુદ્ધિશાળી પ્રજા છીએ એટલે સામેલું તમને ઉલ્લુ બનાવતું હશે તો ક્રોધ આવી જશે. પરંતુ એમાં જો સ્વ-પરનું બહુ અહિત ન થતું હોય તો... અંતરમાં ક્ષમા નામના ગુણને હાજર કરી બુદ્ધિનો ઉપયોગ કરવાને બદલે બુદ્ધુ બની જવામાં વધારે આત્મહિત છે. મૌન સાધવામાં વધારે હિત છે નહિતો ધર્મ કરીનેય

વ્યંતર દેવલોકમાં ચાલ્યા જતાં વાર નહી લાગે. લોકો જાણશે કે ધર્મી જીવ હતો. દેવલોકમાંજ ગયો હશે આવા વ્યંતર દેવલોકમાં ચાલ્યા ગયા તો ? વિચારીને વિશુદ્ધ બનવું.

**સ.૧૨૪ આપણી નીચે અધોલોકમાં બીજા કયા દેવો રહે છે ક્યાં રહે છે ?**

**જ.૧૨૪** અધોલોકમાં ભવનપતિ દેવો રહે છે. આપણે જે રત્ન પ્રભા નામની પૃથ્વીની સપાટી પર રહીએ છીએ તે એકલાખ એંશી હજાર જોજન જાડી છે. જેમાં ઉપર નીચેના એકેક હજાર છોડી દો તો બાકીના વચ્ચેના એક લાખ અઠયોતેર હજાર યોજનમાં ભવનપતિ દેવો ને પહેલી નારકીના જીવો રહે છે. આ એકલાખ અઠયોતેર હજાર યોજનાના એક ઉપર એક એમ પચ્ચીશ ભાગ કરો તો એકી સંખ્યાવાળા ભાગમાં (૧,૩,૫..) નારકના જીવો રહે છે જેને પ્રતર કહે છે. અને બેકી સંખ્યા વાળા ભાગમાં (૨,૪,૬) ભવનપતિ દેવો રહે છે જેને અંતર કહેવાય છે. આમ કુલ ૧૨ અંતરને તેર પ્રતર છે. પ્રતર ૧ અને ૧૩ ખાલી છે.

**સ.૧૨૫ ભવનપતિ દેવોના નામ કહો ?**

**જ.૧૨૫** (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) ઉદધિકુમાર (૭) દ્વીપકુમાર (૮) દિસિકુમાર (૯) વાયુકુમાર (૧૦) સ્તનિતકુમાર (મેઘકુમાર)

**૧૨૬ આ દેવો ભવનપતિ દેવ તરીકે કેમ ઓળખાય છે ? તેઓને કુમાર કેમ કહેવામાં આવે છે.**

**૧૨૬** તેઓ મોટે ભાગે આવાસોમાં ને ભવનોમાં રહે છે. આવાસ મંડપ જેવા ને ભવનો નગર જેવા હોય છે. એટલે તેમને ભવનપતિ કહેવાય છે. કુલ સાત ક્રોડને બહોંતેર લાખ ભવનો છે. દરેક ભવનમાં દેરાસર છે. તેઓ કુમારની માફક દેખાવમાં મનોહર, સુકુમાર તથા મૃદુ મધુર ગતિવાળા, ક્રિડાશીલ હોય છે. આ દેવો હસે છે, રમે છે, કિલ્લોલ કરે છે. છેલબટાઉ કુમાર જેવા છે માટે કુમાર કહેવાય છે.

**૧૨૭ પરમધામી કોને કહેવાય ? તેઓના નામ આપો.**

**૧૨૭** તે પણ એક પ્રકારના દેવ જ છે. ભવનપતિ દેવોમાં અસુરકુમાર નામના જે દેવ કહ્યા તેમાંનાજ કેટલાક વિચિત્ર સ્વભાવવાળા દેવ છે. જેમ આપણે ત્યાં

કેટલાક મનુષ્યો વિચિત્ર સ્વભાવના હોય કે જેઓને પશુ-પંખી કે અન્ય માનવોને હેરાન કરવાનો, ત્રાસ આપવાનો શોખ હોય છે તેમ પરમાધામી દેવોને પણ બીજાને ત્રાસ આપવામાં મજા આવે છે. બીજાના દુઃખ જોઈને સુખી બને છે. બીજાની હેરાનગતિમાં આનંદ અનુભવે છે. આ પરમાધામી દેવો પહેલી બીજી ત્રીજી નરક સુધી જઈને ત્યાંના જીવોને હેરાન પરેશાન કરે છે. નરકના જીવોને ત્રાસ આપવાનું આ કાર્ય તેમને કોઈએ સોંપ્યુ નથી પણ પોતાના તેવા અટકચાળા, તોફાની સ્વભાવને કારણે તેઓ પોતાની રીતે જ નરાકીને જુદા જુદા પંદર પ્રકારની પીડા આપે છે. તેથી તેઓ પંદર પ્રકારના છે. (૧) અંબ (૨) અંબરિસ (૩) સામ (૪) સંબલ (૫) રૂદ્ર (૬) વૈરૂદ્ર (૭) કાળ (૮) મહાકાળ (૯) અસિપત્ર (૧૦) ધનુષ્ય (૧૧) કુંભ (૧૨) વાલુ (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ. દેવગતિ એટલે સદ્ગતિ, સદ્ગતિ કરીને, દેવગતિ મેળવવાની ઈચ્છાઓ કર્યા કરીને અંતે આવા પરમાધામી દેવ બની ગયા તો ? શું આવા પરમાધામી દેવ બનવા ઈચ્છશો ?

**સ.૧૨૮ કેવા જીવો પરમાધામી દેવ બને ?**

**જ.૧૨૮** જે જીવો બીજાને ત્રાસ આપતા હોય, હેરાન કરવાના સ્વભાવવાળા હોય, તેમાંજ તેને આનંદ આવતો હોય તેઓ પરમાધામી દેવ બની શકે. એવું માની લેવાની જરૂર નથી કે મેં આ જન્મમાં તો કાંઈ પાપ કર્યુ નથી એટલે હું પરમાધામી દેવ તો નહી જ બનું. ભલે આ જન્મમાં આપણે એવું કાંઈ કાર્ય ન કર્યું હોય, પરંતુ આગલા અનંત જન્મોમાં શું કરી આવ્યા છીએ તે આપણને કયાં ખબર છે ? સમજીલો કે આગલા કોઈક જન્મમાં એવું ક્રૂર, પર ને ત્રાસદાયક કર્મ કર્યું. એટલે પરમાધામી બનવા યોગ્ય પાપ કર્મ જમા કર્યું. પરંતુ પરમાધામી એ પણ દેવ છે. દેવોને હજારો વર્ષનું આયુષ્ય હોય, સુખશીલતા વાળું વૈક્રિય શરીર હોય, અવધિ જ્ઞાન હોય... હવે પરમાધામી દેવ બનવા માટે આ બધું પુણ્યકર્મ પણ જમા કરવું પડે કે નહિ ? કોઈ પણ દેવ બનવા માટે આ બધું પુણ્ય કર્મ તો જોઈએ કે નહિ ? જ્યાં સુધી એટલું પુણ્યકર્મ જમા ન થાય ત્યાં સુધી પેલું પાપ કર્મ (પરમાધામી બનવા યોગ્ય) સત્તામાં પડયું રહેશે, જે ઘડીએ એટલું પુણ્યકર્મ જમા થઈ ગયું, તે ઘડીએ પેલું પાપ કર્મ ફળ આપવા માટે હાજર થઈ જશે ને પરમાધામી દેવની ગતિમાં જીવને લઈ જશે. આ તો એવું છે ને કે કઢી બનાવવી છે, તે માટે ચણાનો લોટ, ગેસ, તેલ, મસાલો બધું છે પણ જ્યાં સુધી છાસ નથી ત્યાં

સુધી બધું એમને એમ પડયું રહેશે જેવી છાસ મળી કે કઢી બની જશે. એક ઉદાહરણથી આ વાત સમજીએ. રાજાધૃતરાષ્ટ્રને પચાસ જન્મો પહેલાં એવું બન્યું કે તે પોતે એક પારધી હતો અને વૃક્ષ પર બેઠેલા પક્ષીઓને પકડવા સળગતી જાળ એણે વૃક્ષ પર નાખી તેમાંથી બચવા કેટલાક પક્ષીઓ ઉડી ગયા પરંતુ તે આંધળા થઈ ગયા, ને બાકીના નાના એકસો પંખીઓ બળીને ખાક થઈ ગયા. એને લીધે એણે એવું કર્મ બાંધ્યું કે પોતે આખો જન્મ અંધાપો વેઠે ને તેના ૧૦૦ પુત્રો એક સાથે હણાય. કર્મ તો બાંધી લીધું પણ  સામે સો પુત્રો પ્રાપ્ત થાય એવું પુણ્યકર્મતો જોઈએ કે નહીં ? પુણ્ય વગર તો એક પુત્ર પણ પ્રાપ્ત થતો નથી. ફરીથી માનવજન્મ ને સો પુત્રો પ્રાપ્ત કરવા જેટલું પુણ્ય ભેગું કરતાં કરતાં બીજા પચાસ ભવ નીકળી ગયા. અને જ્યારે એટલું પૂણ્ય જમા થયું. ત્યારે ૫૦ જન્મ પહેલાં કરેલું પાપ ફળ આપવા હાજર થઈ ગયું. પોતે આખો જન્મ અંધાપો વેઠ્યોને તેના સો પુત્રો એકસાથે હણાયા. માટે એવું પણ બની શકે કે કોઈ જન્મમાં તીવ્ર પાપકર્મ કરીને આવ્યા હો... પરંતુ દેવ બનવા યોગ્ય પૂણ્યકર્મ જમા ન હોય... તો આ જન્મમાં બાકીનું પુણ્યકર્મ કરીને પરમાધામી દેવના ભવમાં પણ પહોંચી જઈએ. માટે કોઈ ગતિ ઈચ્છવા જેવી નથી, ઈચ્છા કરવી એજ અધર્મ છે. જેટલી ઈચ્છાઓ કર્યા કરશો, ભવમાં વધારો થતો જ જશે. માટે નિશ્ચય માનજો કે મોક્ષ સિવાય કાંઈ મેળવવા જેવું નથી.

**સ.૧૨૯ શું પરમાધામી દેવો પોતે પાપ કર્મ ન બાંધે ? તે કેવી રીતે ભોગવે ?**

જ.૧૨૯ પરમાધામી દેવો પણ બીજાને દુઃખ આપવાને કારણે પાપકર્મ બાંધે. મરીને તેઓ તે કર્મને ભોગવવા અંડગોલિક મનુષ્ય તરીકે ઉત્પન્ન થાય. તે મનુષ્યો ઉંચી કદાવર કાયાવાળા માંસાહારી તથા જમીન પર પણ ચાલી શકે ને પાણીમાં તરી શકે એવા હોય છે. રત્ન દ્વિપના વેપારીઓને દરિયામાંથી રત્નો લેવા હોય છે. જળચર પ્રાણીઓ પોતાને ગળી ન જાય, દૂર રહે ને દરિયામાં ડૂબી ન જવાય તે માટે તેમને આ અંડગોલિક મનુષ્યોના અંડકોશમાં રહેલી ગોળીઓની જરૂર પડે છે. તે મેળવવા માટે આ વેપારીઓ મોટા વહાણમાં મોટી ઘંટીના એક પડ ઉપર ખૂબ બધા માંસના ટૂકડા ગોઠવીને ઘંટીના બીજા પડની પાછળ છૂપાઈ જાય છે. વચ્ચે દરિયામાં માંસના પેકેટ ફેંકે છે. તેની સુગંધથી આકર્ષાઈને અંડગોલિક મનુષ્યો (પરમાધામીના જીવ) માંસ ખાવા માટે છેક ઘંટીના પડ પર આવીને બેસી જાય છે. તક જોઈને વેપારીઓ ઘંટીનું બીજું પડ તેમની ઉપર

ગોઠવે છે ને લગાતાર છ મહિના સુધી તેમને પીલવાનું ચાલુ રાખે છે છેવટે ભયાનક પીડા સહન કર્યા બાદ છ મહિને તેઓ મરે છે. વેપારીઓ તેમનું શરીર પીલાયા બાદ રહી ગયેલી ગોળીઓ મેળવે છે. ચમરી ગાયની પૂંછડીના સુંવાળા વાળના બે છેડે આ ગોળીઓ લગાડી ને કાન ઉપર લટકાવી તેઓ દરિયામાં ડૂબકી મારે છે. અંડગોલિક બનેલા પૂર્વભવના આ પરમાધામી દેવો મરીને પોતાના કર્મો પ્રમાણે દુઃખો ભોગવવા નરકના જીવ તરીકે નરકમાં પહોંચી જાય છે. હજી પણ લાગે છે કે સદગતિ માંગવા જેવી છે ? અંડગોલિક મનુષ્ય કે પરમાધામી દેવ જેવા ભવમાં પહોંચી ગયા તો ? જ્યાં સુધી 'મોક્ષથી ઓછું કાંઈ માંગવા જેવું જ નથી' એ ભાવના હૃદયમાં ફીટ નહી બેસે ત્યાં સુધી રખડવાનું નક્કી જ છે. જો સ્ટેશન નક્કી થઈ જાય તો જ મંઝિલે પહોંચી શકાય.

**સ.૧૩૦ ભવનપતિ દેવોની ઉંચાઈ, આયુષ્ય તથા શ્વાસોશ્વાસ વિશે જણાવો.**

**જ.૧૩૦** ભવનપતિ દેવોની ઉંચાઈ સાત હાથની છે. ભવનપતિ દેવોનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું છે. કોઈપણ પ્રકારના દેવ હોય તેનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષ તો હોય જ. આ આયુષ્ય પાછું નિરૂપક્રમ હોય એટલે કે વચ્ચેથી તૂટે નહી. એટલે વ્યંતર કે પરમાધામી દેવ જેવી ગતિમાં ચાલ્યા ગયા એટલે ઓછામાં ઓછું દસ હજાર વર્ષ તો ત્યાં કૂટાવાનું જ. પરમાધામી એટલે ભવનપતિમાં અસુર નિકાયના દેવો. આ અસુરકુમાર નિકાયના દેવોનું આયુષ્ય તો એક સાગરોપમથી અધિક હોય છે. બોલો હવે ઈચ્છાએ કે અનિચ્છાએ એક સાગરોપમ સુધી આ ગતિમાં ઠોકાયા કરવાનું છે. છે ઈચ્છા દેવ બનવાની ? ભવનપતિના દસ પ્રકારમાંથી અસુર કુમારની જાતિ છોડીને બાકીના નવ પ્રકારના દેવોનું આયુષ્ય બે પલ્યોપમથી કંઈક ઓછું હોય છે. જેમ જેમ દેવોની આયુષ્યની સ્થિતિ વધતી જાય છે, તેમ તેમ ઉચ્છવાસ વચ્ચેના સમયનું અંતર પણ વધતું જાય છે. એક પલ્યોપમના આયુષ્યવાળા દેવોનો ઉચ્છવાસ એક દિવસમાં એકજ હોય છે. બે પલ્યોપમવાળા દેવોનો બે દિવસમાં એકજ હોય છે. એક સાગરોપમના આયુષ્યવાળા દેવોના એક ઉચ્છવાસ એક પખવાડિયે થાય છે એટલે કે એક પખવાડિએ શ્વાસ ઉંચો લે ને એક પખવાડિએ શ્વાસ નીચો મૂકે.

**સ.૧૩૧ દેવોનું શરીર કેવું હોય છે ?**

**જ.૧૩૧** દરેક દેવોનું શરીર વૈક્રિય શરીર હોય છે એટલે જેવું ધારે તેવું રૂપ ધારણ કરી શકે છે. દેવનું શરીર મનુષ્યના જેવા આકારવાળુ, સાત કુધાતુથી રહિત હોય છે. સાત કુધાતુ એટલે પરૂ, લોહી, વીર્ય, મળ, ચરબી, માંસ અને હાડકા રહિત હોય છે. સુંદર શરીર હોય છે. તેઓ અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એ આઠ સિદ્ધિ વાળા હોય છે.

**સ.૧૩૨ ભવનપતિ દેવોનું અવધિજ્ઞાન કેટલું ?**

**જ.૧૩૨** ભવનપતિમાં અસુરકુમાર પ્રકારના દેવોનું ઓછામાં ઓછું ૨૫ યોજન વધુમાં વધુ ઉંચે સૌધર્મ દેવલોકસુધી નીચે ત્રીજી નરક સુધી અને ત્રાંસુ અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જાણે દેખે. જ્યારે બાકીના નવ પ્રકારમાં ઓછામાં ઓછું પચ્ચીશ યોજન સુધી ને વધુમાં વધુ ઉંચે જ્યોતિષનું ઉપરનું તળું, નીચે પહેલી નરક ને તિર્ચ્છા સંખ્યાતા દ્વીપ સમુદ્રો સુધી દેખે ને જાણે.

**સ. ૧૩૩ દેવો આહાર લે છે ? ભવનપતિ દેવો વિષયસુખ કેવી રીતે ભોગવે ?**

**જ. ૧૩૩**દસ હજાર આયુષ્યવાળા દેવો એક દિવસ છોડીને એક દિવસ આહાર લે છે. પલ્યોપમના આયુષ્યવાળા દેવો કોઈ બે દિવસ છોડીને, કોઈ ત્રણ દિવસ છોડીને તો કોઈ નવ દિવસ છોડીને આહાર લે છે. સાગરોપમના આયુષ્યવાળા દેવોનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તેટલા હજાર વર્ષ પછી આહાર લે છે. એટલે કે એક સાગરોપમના આયુષ્યવાળા દેવો એક હજાર વર્ષે એકવાર આહાર લે છે. ભવનપતિ તથા વ્યંતરદેવો મનુષ્યની માફકજ કામસુખ ભોગવે છે.

**સ. ૧૩૪ દેવોને વેદના થાય છે ?**

**જ. ૧૩૪**સામાન્ય રીતે દેવોને સાતા-સુખ વેદનાજ હોય છે. ક્યારેક અશાતા દુઃખવેદના થઈ જાય તો તે અંતર્મુહૂર્તથી વધારે સમય રહેતી નથી. સાતાવેદના પણ લાગલગાટ છ મહિના સુધી એકસરખી રહી પછી બદલાઈ જાય છે.

**સ. ૧૩૫ ભવનપતિ દેવોમાં કુલ કેટલા ઇંદ્રો છે ? કયા ?**

જ. ૧૩૫ ભવનપતિ દેવોમાં ઉત્તર-દક્ષિણ દિશાને આશ્રયીને બે વિભાગ છે. દરેકમાં દસ ઈંદ્ર છે. એટલે કે ઉત્તરના દસ ઈંદ્રને દક્ષિણના દસ ઈંદ્ર એમ કુલ વીસ ઈંદ્રો છે. ભવનપતિની રાજધાની તિર્ચ્છાલોકના અરૂણવર દ્વીપ સમુદ્રમાં ઉત્તરદિશાના અસુરકુમારના ઈન્દ્ર બલેન્દ્રની અમરચંચા નામની રાજધાની છે ને બીજા નવ નિકાયના દેવોની પણ રાજધાની છે. તેવી રીતે દક્ષિણ દિશામાં અસુરકુમારના ચમરેન્દ્રની ચમરચંચા નામની રાજધાની છે ને બીજા નવ નિકાયના દેવોની પણ રાજધાની છે.

**સ. ૧૩૬ દેવોના જન્મ અને તેમની શક્તિ વિશે જણાવો.**

જ. ૧૩૬ દેવો પોતાની ગતિમાં તૈયાર શરીર સાથે ઉત્પન્ન થઈ જાય છે. દેવો ફૂલ જેવી શય્યા પર બત્રીસ વર્ષના યુવાન જેવા જન્મે છે. તેથી તેમના જન્મને 'ઉપપાત' જન્મ કહેવાય. દેવો પાસે વિશેષ પ્રકારની શક્તિ હોય છે. આપણને ન સમજાય તેવી રીતે તેઓ ચમત્કાર સર્જી શકે છે. આ શક્તિને વૈક્રિયલબ્ધિ કહેવાય. તેઓ પોતાના હજારો રૂપ બનાવી શકે છે ને એકદમ અદ્રશ્ય પણ થઈ શકે છે. તેઓની ઝડપ ભયંકર હોય છે. દેવો જમીન પર ચાલતા નથી. તેઓ આકા ર ૬ ૬ામાં ચાલી શકે, ઉડી શકે છે. તેઓ પૃથ્વી પર આવે ત્યારે જમીનથી ચાર આંગળ અધ્ધર જ રહે. દેવોને પસીનો થતો નથી. દેવોને કોઈ રોગ થતા નથી. દેવોની આંખો સદાકાળ ખુલ્લી રહે છે. આપણી જેમ પાંપણ મીંચવાનું ને ખોલવાનું કામ દેવો નથી કરતા તેમની આંખમાં આંશુ આવતા નથી. દેવોનું રહેઠાણ દિવ્ય વિમાન કે ભવનમાં હોય છે. તેઓ પોતાના પ્રભાવથી નવા વિમાનો બનાવી દુનિયાભરમાં ફરવા જઈ શકે છે. તેઓનું શરીર તેજસ્વી હોય છે. તેઓની શક્તિ અને પ્રભાવ પ્રચંડ હોય છે.

**સ. ૧૩૭ આમ તો દેવોની શક્તિનું આટલું સુંદર વર્ણન કરોછો ને પાછા દેવ બનવાની ઈચ્છા કરવા ાી ના પાડો છો આવો વિરોધાભાસ કેમ ?**

જ. ૧૩૭ ભલે દેવોમાં આટલી સરસ શક્તિ હોય કે ગમે તેટલો વૈભવ હોય... પરંતુ આ બધુ ટેમ્પરરી છે. ભાડાના ઘર જેવું છે. કોઈ તમને એમ કહેશે કે સાત માળનો સુંદર બંગલો તમને રહેવા આપીએ પરંતુ ફક્ત ત્રણ મહિના માટેજ છે. પછી પાછા તમારે નાનકડી ગંધાતી ઝૂંપડીમાં જ રહેવા જવાનું

છે તો તમને ગમશે ખરૂ ? તમે શું કહેશો કે ભાઈ મને સાત માળનો બંગલો નથી જોતો. ભલે એકરૂમ રસોડાનો ફ્લેટ જ મળે પણ કાયમ હું એમાં રહી શકું એવુ કરી દે. આતો પુણ્ય હોય ત્યાં સુધી દેવલોકનો વૈભવ ભોગવો, ને જેવું પુણ્ય પરવાર્યું કે પાછા મનુષ્ય  તિર્યંચ કે એકેન્દ્રિય - નિગોદમાં ફેંકાઈ જવાના પછી દુઃખોની રફતાર ચાલુ... મિથ્યાદ્રષ્ટિ દેવો માટે ભાગે પૃથ્વીકાય વગેરે એકઝ ૧૬ન્દ્રયમાં ચાલ્યા જાય છે. ત્યાં કરોડોના કરોડો વર્ષો સુધી દુઃખમાં સબડયાજ કરો. માંડ અકામ નિર્જરા કરતાં કરતાં ઉપર આવો... આવું આપણા બધાના જીવે અજ્ઞાન દશામાં હજારો વખત કર્યું છે. પરંતુ ભગવાન મહાવીરની કૃપાથી આપણને કંઈક સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયું છે. તો હવે અહીં અટકીએ. આગને જાણ્યા પછીય આગમાં હાથ નાખવાવાળો મુર્ખ ન ગણાય ?

**સ. ૧૩૮ દેવોને ભલે રોગ ન હોય પણ રાગ જીવંત છે આ વાક્ય ઉદાહરણ સાથે સમજાવો.**

**સ. ૧૩૮**શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં પૃથ્વી ભૂષણનામના નગરમાં એકદા ગૌરિક નામનો એક તાપસ આવ્યો. જે મહિનાના ઉપવાસ ના પારણે મહિનાના ઉપવાસ કરતો. આખું ગામ તેના દર્શને આવતું, પણ તેજ ગામના કાર્તિક શેઠ આ તાપસ મિથ્યાત્વી હોઈ તેના દર્શને ન ગયા. તાપસે કાર્તિક શેઠને નમાવવાનો નિર્ણય કર્યો. તે નગરના રાજા પણ તાપસને વંદન કરવા આવ્યા અને પારણું કરવા મહેલે આવવાનું આમંત્રણ આપ્યું. તાપસે કહ્યું, જો કાર્તિક શેઠ મને પીરસે- જમાડે તો આવું. રાજાનો હુકમ થયો એટલે કાર્તિક શેઠને જવું પડયું. પીરસવા માટે નીચે નમ્યા એટલે કેવો નમાવ્યો કરીને પોતાના નાક પર આડી આંગળી ઘસી કેવું નાક કાપ્યું એમ શેઠને સંજ્ઞા કરી. શેઠને ઘણું લાગી આવ્યું. દુઃખ થયું ‘જો પહેલા દીક્ષા લીધી હોત તો આવો વખત ન આવત’ એવું વિચારી દીક્ષા લીધી. બાર વર્ષ સુધી ચારિત્ર પાળી પ્રથમ દેવલોકમાં સૌધર્મ નામના ઈંદ્ર થયા. ગૌરિક તાપસ પણ ઘણું ઘોર પણ મિથ્યાત્વ તપ કરી એજ સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રનું વાહન ઐરાવત હાથી થયો. નવા ઉત્પન્ન થયેલા હાથીએ અવધી જ્ઞાનથી જાણી લીધું કે એજ કાર્તિક શેઠ ઈંદ્ર થયા છે. હવે શું થાય ? ઈન્દ્રને સવારી ન કરવા દેવા ઘણા તોફાનો કર્યા, આમ તેમ ભાગવા લાગ્યો, અનેક રૂપ કરવા લાગ્યો. હાથીના આ તમાશાથી ઈંદ્ર વિચારમાં પડયા. પોતાના અવધિજ્ઞાનથી જાણ્યું કે, આ તો ગૌરિક તાપસનો જીવ છે. એટલે

મૂળ હાથી પર ચડી ગર્જના કરતા કહ્યું કે, 'ગૌરિક અહીં તારૂં કંઈ ચાલે તેમ નથી' અંતે ઈંદ્રના પ્રતાપને ન સહી સકતાં હાથી તેમના કહેવા પ્રમાણે વર્તવા લાગ્યો. હવે વિચાર કરો, ગૌરિકે જેનું નાક કાપ્યું હતું, તેનેજ પોતાની પીઠ પર બેસાડી હજારો વર્ષ વિતાવવા પડશે. હવે એ ઈચ્છે તો પણ એને છોડીને જઈ શકશે નહિ કે મરી પણ શકશે નહિં. અહીં તો આપણને મનુષ્યપણામાં કોઈની જોડે ન ફાવ્યું તો છોડી દઈએ કે અપઘાત પણ કરી શકીએ. દેવગતિમાં પાછું અવધિજ્ઞાન એટલે ખબર પડી જાય કે આજ મારો દુશ્મન એનેજ મારે લઈને ફરવાનું, એ કહે તેમ કરવાનું... 'બોલો હવે દેવગતી બહુસારી', બહુસારી કરીને આવા કોઈ દેવ બની ગયા તો ? આપણે જેને નીચે પાડવા આ મનુષ્યપણામાં ખૂબ મહેનત કરી એજ આપણો ઈન્દ્ર બની ગયો ને આપણે એનાજ વાહન-દેવ બની ગયા તો ? જે પલ્યોપમ કે સાગરોપમનું આયુષ્ય મળ્યું હોય તે કેમ પસાર કરવું ? શું આવી દેવગતી તમે ઈચ્છશો કે જ્યાં રાગ અને દ્વેષ જીવંતજ છે ? રાગ છે માટે જ દ્વેષ છે. રાગ જાય તો દ્વેષ બચેજ નહિ. મારા છોકરાને કોઈ બે લાફા મારશે તો મને સામેલા પર દ્વેષ આવશે કારણકે મને મારા છોકરા પર રાગ છે માટે... રાગ જાય તો દ્વેષ આપોઆપ ચાલ્યો જાય. માટે તો તીર્થંકર વીતરાગ કહેવાય છે. વીતદ્વેષ નહી. આમ દેવો પણ રાગદ્વેષથી ભરેલા છે. દેવો પણ ઈર્ષ્યા ને અતૃપ્તિથી પીડાતા હોય છે. આવા દેવ બનવાનું પસંદ કરશો ?

**સ. ૧૩૯ ભવનપતિ દેવો અધોલોકમાં, વ્યંતર દેવો મધ્યલોકમાં, તો જ્યોતિષ્ક દેવો ક્યાં છે ?**

**જ.૧૩૯** જ્યોતિષ્ક દેવોના વિમાન પણ મધ્યલોકમાં જ છે. સમભૂતલાથી ૭૯૦ યોજન ઉંચે તારાના વિમાન ત્યાંથી ૧૦ યોજન ઉંચે સૂર્ય, ત્યાંથી ૮૦ યોજન ઉંચે ચંદ્રના વિમાન, ત્યાંથી ૪ યોજન ઉંચે નક્ષત્રના વિમાન, ત્યાંથી ૪ યોજન ઉંચે બુધના, ત્યાંથી ૩ યોજન ઉંચે શુક્રના, ત્યાંથી ૩ યોજન ઉંચે બૃહસ્પતિના ત્યાંથી ૩ યોજન ઉંચે મંગળના, ત્યાંથી ૩ યોજન ઉંચે શનિશ્ચરના વિમાન છે. સર્વસ્થાને તારાના વિમાન ૧૧૦ યોજનમાં છે. કુલ ૧૧૦ યોજનમાં જ્યોતિષ્કના બધા વિમાન આવી જાય છે.

**સ.૧૪૦ જ્યોતિષ્ક દેવો કેટલા પ્રકારના ? તે જ્યોતિષ્ક કેમ કહેવાય છે ?**

**જ.૧૪૦** જ્યોતિષ્ક દેવો દસ પ્રકારના છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા એ પાંચ

જ્યોતિષી વિમાનો, અઢી દ્વીપમાં મેરૂપર્વતની આસપાસ ફરે છે. માટે ચર કહેવાય. અઢીદ્વીપની બહાર પણ સૂર્ય વગેરેના વિમાનો આવેલા છે. તે સ્થિર છે આમ પાંચ ચરને પાંચ સ્થિર એમ કુલ ૧૦ પ્રકાર છે. આપણને જે સૂર્ય,ચંદ્ર, તારા દેખાય છે તે દેવોના વિમાનો છે. તે વિમાનો તેજસ્વી હોવાથી તેમાં રહેનારા દેવો જ્યોતિષ્ક દેવો કહેવાય છે.

**સ.૧૪૧ સૂર્ય પોતે આટલો ભયંકર ગરમ હોવા છતાં તેમાં રહેલ સૂર્ય નામના દેવો બળતા કેમ નથી ?**

**જ.૧૪૧** સૂર્યના વિમાનો જે પૃથ્વીકાયના જીવોના બનેલા છે તે જીવોને 'આતપ' નામકર્મનો ઉદય છે એટલે કે તે પોતે ઠંડા રહીને બીજાને ગરમ-પ્રકાશ આપે છે તેથી સૂર્ય ભલે આપણને ગરમી આપે પણ પોતે ઠંડુ છે. તેથી દેવો બળતા નથી.

**સ.૧૪૨ આ દેવો જ્યાં જાય ત્યાં (આ પૃથ્વી પર) આખું વિમાન લઈને જાય ?**

**જ.૧૪૨** ના... બધાજ પ્રકારના દેવો, પોતાના વિમાન સાથે કે પોતાના મૂળ સ્વરૂપે આ ધરતી પર આવતા નથી. પાલકદેવે બનાવેલા પાલક વિમાનમાં જાય છે. ભગવાન મહાવીરના સમવસણમાં સૂર્ય-ચંદ્ર મૂળ વિમાને આવ્યા તે એક આશ્ચર્ય બની ગયુ.

**સ. ૧૪૩ અઢીદ્વીપની બહાર જયાં સૂર્ય હોય ત્યાં સૂર્ય ને ચંદ્ર હોય ત્યાં ચંદ્ર છે (સ્થિર) તો ત્યાં રાતદિવસ નથી ?**

**જ. ૧૪૩**ના.. અઢીદ્વિપની બહાર સૂર્ય-ચંદ્ર સ્થિર હોવાથી ત્યાં સદા પ્રકાશજ પ્રકાશ છે. મધ્યલોક સિવાય કયાંય સૂર્યચંદ્રના વિમાનો નથી માટે દેવલોક - નારક વગેરેમાં પણ રાતદિનનો વ્યવહાર નથી. ફક્ત આપણે અઢી દ્વીપમાં સૂર્યચંદ્ર ફરતા હોવાથી રાત-દિવસ થાય છે. નરક અને દેવની જે આયુષ્ય ગણતરી થાય છે તે આપણી દુનિયાના રાત-દિવસને આધારે થાય છે.

**સ. ૧૪૪ જ્યોતિષ્ક દેવોનું અવધિજ્ઞાન તથા વિષયસુખ વિશે કહો.**

**જ. ૧૪૪**ઉંચે પોતાની ધ્વજાપતાકા સુધી, નીચે પહેલી નરકસુધી તિર્ચ્છા સંખ્યાત દ્વીપ સમુદ્ર સુધી જાણે દેખે. વિષયસુખ મનુષ્યની જેમજ ભોગવે.

**સ. ૧૪૫ આપણે બીજના ચંદ્રના દર્શન કેમ કરીએ છીએ ?**

**જ. ૧૪૫**જ્યોતિષીમાં અસંખ્યાતા દેરાસરો છે. ચંદ્રના વિમાનમાં જે ભાગમાં દેરાસર છે. તે ભાગ આપણને બીજના ચંદ્રમાં દેખાય છે. તેથી બીજના ચંદ્રના દર્શન કરીએ છીએ.

**સ. ૧૪૬ કયા ચાર ભગવાન શાશ્વત છે ? તે શાશ્વત કેમ કહેવાય ?**

**જ. ૧૪૬** ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન એ ચાર ભગવાન નામથી શાશ્વત છે. એટલે કોઈ કાળ એવો નથી હોતો કે જેમાં આ ચાર નામવાળા ભગવાન ન હોય. માટે તેમને શાશ્વતા જિન કહેવાય છે.

**સ. ૧૪૭ વૈમાનિક દેવો કયાં રહે ? કેટલા પ્રકારના ? કયા કયા ?**

**જ. ૧૪૭** વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં છે. તેઓ મુખ્ય બે પ્રકારના છે. કલ્પવાસી અને કલ્પાતીત. કલ્પવાસી દેવોમાં સ્વામી-સેવક ભાવ છે. પણ કલ્પાતીતમાં નથી. ત્યાં બધા ઈંદ્ર જેવા હોવાથી 'અહમિંદ્ર' કહેવાય છે. મનુષ્યલોકમાં કોઈ નિમિત્તથી જવાનું થાય તો કલ્પવાસીજ જાય છે. કલ્પાતીત દેવો સ્થાન છોડીને કયાંય જતા નથી. ફક્ત પાંચ અનુત્તર વાસી અને નવ ગ્રૈવેયકવાસી દેવોજ કલ્પાતીત પ્રકારના છે, બીજા બધા વૈમાનિક દેવો કલ્પવાસી છે.

**સ. ૧૪૮ બાર દેવલોકના નામ કહો. તે દેવલોક કેટલા ઉંચા છે ?**

**જ. ૧૪૮** બાર દેવલોકના નામ (૧) સુધર્મા (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મ (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્ત્રાર (૯) આણત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત દેવલોક. જ્યોતિષ ચક્ર ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે પહેલું ને બીજું દેવલોક, ત્યાંથી અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડ ઉંચુ, ત્રીજુંને ચોથું દેવલોક, ત્યાંથી એકબીજાથી અસંખ્યાતા ક્રોડાક્રોડ જોજન ઉંચે પાંચમું - છઠ્ઠુ - સાતમું ને આઠમું દેવલોક છે. તેનાથી અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડ ઉંચું નવમું ને દસમું ને તેનાથી એટલું જ ઉંચું અગિયારમું અને બારમું દેવલોક છે.

**સ. ૧૪૯ બારેબાર દેવલોક કેવા આકારે છે ? દરેકમાં કેટલા વિમાનો છે ?**

**જ. ૧૪૯** ૧, ૨, ૩, ૪, ૯, ૧૦, ૧૧, ૧૨ એટલા દેવલોક અર્ધચંદ્રાકારે છે. ૫, ૬, ૭, ૮ એટલા દેવલોક તથા નવગ્રૈવેયક પૂર્ણ ચંદ્રાકારે છે. ચાર અનુત્તર વિમાન ત્રિકોણ ચારે તરફ ચાર છે અને વચ્ચે સર્વાર્થસિદ્ધ ગોળ ચંદ્રાકારે

છે. પહેલામાં ૩૨ લાખ, બીજામાં ૨૮ લાખ, ત્રીજામાં ૧૨ લાખ, ચોથામાં ૮ લાખ, પાંચમામાં ચાર લાખ, છઠ્ઠામાં ૫૦ હજાર સાતમાંમાં ૪૦ હજાર, આઠમામાં ૬ હજાર, નવમા, દસમામા થઈને ૪૦૦ અને ૧૧-૧૨ માં થઈને ૩૦૦ વિમાન છે એમ બારે લોકના સર્વ થઈને ૮૪,૯૬,૭૦૦ વિમાન છે. જેટલા વિમાન છે તેટલા ચૈત્ય (દેરાસર) જાણવા. દરેક દેરાસર ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૨ યોજન ઉંચા છે.

**સ. ૧૫૦ આ દેવો વૈમાનિક કેમ કહેવાય ? તે વિમાનો કેવા છે ? શેના આધારે રહે છે ?**

**જ. ૧૫૦**વિમાનમાં રહે છે માટે તે દેવો વૈમાનિક કહેવાય. વિમાન અને પૃથ્વીપીંડ રત્નમય છે. ૧-૨ દેવલોક ઘનોદધિના આધારે, ૩-૪-૫ દેવલોક ઘનવાયુના આધારે, ૬-૭-૮ દેવલોક ઘનોદધિ, ઘનવાયુના આધારે અને શેષ વિમાનો આકાશને આધારે છે.

**સ. ૧૫૧ બાર દેવલોકના કેટલા ઇંદ્રો છે ?**

**જ. ૧૫૧**૧૨ દેવલોકના ૧૦ ઈંદ્રો છે. ૧ થી ૮ દેવલોકના ૮ અને એક ૯-૧૦ નો અને એક ૧૧-૧૨ નો એમ કુલ ૧૦ ઈંદ્રો છે.

**સ. ૧૫૨ બારે દેવલોકની રાજધાનીઓ ક્યાં છે ?**

**જ. ૧૫૨**રાજધાનીઓને ૫-૫ સભાઓ પોતપોતાના દેવલોકમાંજ છે. શકેન્દ્ર, ઈશાનેન્દ્ર ના મહેલો, તેમના લોકપાલ અને દેવીઓની રાજધાનીઓ તિર્ચ્છાલોકમાં પણ છે.

**સ. ૧૫૩ પહેલા દેવલોકના ઇન્દ્ર-શક્રેન્દ્ર અને બીજાના ઇશાનેન્દ્રને કેટલી દેવીઓ છે ?**

**જ. ૧૫૩**બંનેને આઠ ઈંદ્રાણી છે. એક એકને ૧૬-૧૬ હજાર દેવીઓનો પરિવાર છે. પ્રત્યેક દેવી ૧૬-૧૬ હજાર વૈક્રિય રૂપ કરી શકે. આમ દરેકની ૨,૦૪,૮૦,૦૦,૦૦૦ જાણવી. બે દેવલોકથી ઉપર ક્યાંય દેવીઓ ન ઉપજે. માત્ર પહેલા, બીજામાં રહે, પણ આઠમા દેવલોક સુધી જાય ખરી.

**સ. ૧૫૪ બાર દેવલોકના દેવો વિષયસુખ કેવી રીતે ભોગવે ?**

**જ. ૧૫૪** પહેલા-બીજા દેવલોકના દેવો મનુષ્યની માફકજ કામસુખ ભોગવે છે. બીજા દેવલોકથી ઉપરના દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થતી નથી. પહેલા દેવલોકની વધતા આયુષ્યવાળી અપરિગ્રહિતા દેવીઓ અનુક્રમે ૧-૩-૫-૭-૯ અને ૧૧ મા દેવલોકના દેવોને ભોગ યોગ્ય હોય છે. બીજા દેવલોકની વધતા આયુષ્યવાળી અપરિગ્રહિતા દેવીઓ અનુક્રમે ૨-૪-૬-૮-૧૦-૧૨ મા દેવલોકમાં વસતા દેવોને ઉપભોગમાં આવે છે. ત્રીજા-ચોથા દેવલોકના દેવો ફક્ત સ્પર્શથી, પાંચમાં-છઠ્ઠા દેવલોકના દેવો દેવીઓના અંગોપાંગ અને સુસજ્જિત રૂપને જોઈને, ૭-૮ ના દેવો, દેવીઓના માત્ર વિવિધ વિષય જનક શબ્દ સાંભળીને વિષય જન્ય સુખ સંતોષ મેળવીલે છે. અહીં સુધી પહેલા બીજા દેવલોકની 'અપરિગ્રહિતા' દેવીઓને દેવતા તેડાવે છે. ૯-૧૦-૧૧ અને ૧૨ દેવલોકના દેવો પોતાના સ્થાને રહીને જ ભોગની ઈચ્છા કરે છે તે વખતે ૧-૨ દેવલોકમાં રહેલી તેમને ભોગયોગ્ય દેવીનું મન તેમના તરફ આકર્ષાય છે. દેવ અવધિજ્ઞાનથી તેના વિકારી મનનું અવલોકન કરીને જ તૃપ્ત થઈ જાય છે. ૯ થી ૧૨ ના દેવોની વિષયતૃપ્તિ ફક્ત દેવીઓના, ચિંતન માત્રથી જ થઈ જાય છે.

**સ. ૧૫૫ અપરિગ્રહિતા દેવી એટલે કેવી ?**

**જ. ૧૫૫** દેવીઓ પણ બે પ્રકારની છે. એક ખાનદાન કુળવધુ જેવીને બીજી વેશ્યા જેવી. જે એકદેવને વળગીને રહી હોય તે 'પરિગૃહિતા' દેવી કહેવાય. જે દેવી એક દેવના તાબામાં ન હોય પણ ઉપર ઉપરના તેને યોગ્ય દેવો પાસે પણ જતી હોય તે વેશ્યાજેવી 'અપરિગૃહિતા' દેવી કહેવાય. 'દેવગતી બહુસારી' એમ માનો છો પણ આવી 'અપરિગૃહિતા' દેવી બની ગયા તો શું કરશો ?

**સ. ૧૫૬ ઈંદ્રાણી બનવાનું તો કોને મન ન થાય ?**

**જ. ૧૫૬** પહેલા સૌધર્મ સ્વર્ગના ઈંદ્રનું આયુષ્ય બે સાગરોપમનું હોય છે. પણ ઈંદ્રાણીનું આયુષ્ય ઓછું હોય છે. તેથી તે નવી નવી જન્મે છે. ઈંદ્રના બે સાગરોપમના આયુષ્યમાં તો કરોડ-લાખ ઈંદ્રાણી થઈ જાય છે. અહીં એક શોક્ય નથી ચાલતી ત્યાં કરોડ-કરોડ ચાલશે ? બનવું છે આવા ઈંદ્રાણી ? આઠથી ઉપરના દેવલોકમાં તો દેવીઓ જઈ પણ નથી શકતી તો ભૌતિક સુખ ઉપરના દેવલોકમાં વધારે કે નીચેના ? જેમ જેમ ઉપર ઉપરના

દેવલોકમાં જઈએ તેમ તેમ ભૌતિક સુખ વધારે છે. જેટલો ક્રોધ-કામ વધારે તેટલું દુઃખ વધારે. જેટલો ક્રોધ-કામ વગેરે દોષો ઓછા એટલું સુખ વધારે. ઉપર ઉપરના દેવલોકમાં કામવાસના ઓછી છે, માટે તેઓ વધુ વધુ સુખી છે.

**સ. ૧૫૭ ૧ થી ૧૨ દેવલોકના દેવોનું આયુષ્ય શ્વાસોચ્છ્‌વાસ અને ઉંચાઇ વિશે જણાવો.**

**જ. ૧૫૭** ૧ થી ૧૨ દેવલોકના દેવોનું આયુષ્ય ૧ પલ્યોપમથી ૨૨ સાગરોપમ સુધીનું હોય છે. ૧ પલ્યોપમ વાળા દેવોનો શ્વાસોશ્વાસ એક દિવસમાં એક હોય. તેવી રીતે જેટલા પલ્યોપમવાળા દેવ-દેવી હોય તેઓનો શ્વાસોચ્છ્‌વાસ તેટલા દિવસે એક હોય છે. જેટલા સાગરોપમવાળા દેવો હોય તેઓનો શ્વાસ એટલા પખવાડીએ ઉંચો લે ને એટલાજ પખવાડીએ નીચો મૂકે. દા.ત. ચાર સાગરોપમ આયુષ્યવાળા દેવો ચાર પખવાડીએ શ્વાસ ઉંચો લે અને ચાર પખવાડીએ નીચો મૂકે. ૯ થી ૧૨ દેવલોકના દેવ-દેવીની કાયા ૩ હાથની, ૭-૮ દેવલોકની ૪ હાથની કાયા, ૫-૬ દેવલોકની પાંચ હાથ, ૩-૪ની ૬ હાથની અને ૧-૨ દેવલોકના દેવોની કાયા ૭ હાથની હોય છે.

**સ. ૧૫૮ બારદેવલોકના દેવોનું અવધિજ્ઞાન કેટલું ?**

**જ. ૧૫૮** બધા દેવો ઓછામાં ઓછું (જઘન્ય) આંગળનો અસંખ્યાતમો ભાગ અને વધુમાં વધુ (ઉત્કૃષ્ટ) ઉંચે પોતાના વિમાનની ધ્વજા પતાકા સુધી દેખે. તિર્ચ્છા પલ્યના આયુષ્યવાળા દેવો સંખ્યાત દ્વીપ સમુદ્ર અને સાગરના આયુષ્યવાળા દેવો અસંખ્યાતા દ્વીપ સમુદ્ર જાણે દેખે. નીચે ૧-૨ દેવલોકવાળા પહેલી નરક સુધી, ૩-૪ ના દેવ બીજી નરક સુધી, ૫-૬ ના દેવ ત્રીજી નરક સુધી ૭-૮ ના દેવ ચોથી નરક સુધી, ૯ થી ૧૨ દેવ પાંચમી નરક સુધી જાણે દેખે.

**સ. ૧૫૯ કિલ્બીષિક દેવો વિશે જણાવો. તેમના વિમાનો ક્યાં આવેલા છે ?**

**જ. ૧૫૯** ત્રણ કિલ્બીષિકના નામ છે. (૧) ત્રણ પલીયા (૨) ત્રણ સાગરીયા (૩) તેર સાગરીયા. ત્રણ પલ્યની સ્થિતિવાળાના ૧-૨ દેવલોકની નીચે, ત્રણ સાગર વાળા ૩-૪ દેવલોકની નીચે અને ૧૩ સાગરોપમ વાળા છઠ્ઠા દેવલોકની નીચે તેમના વિમાનો આવેલા છે. જેમ આપણે ત્યાં વાઘરી-

ચંડાળ-ભંગી વગેરે હોય છે તેમ દેવોમાં પણ તેવું હલકું કામ કરનારા કિલ્બીષિક દેવો હોય છે. દેવોમાં આ દેવોના કોઈ માન-સન્માન નથી. નજીકના દેવોની સભામાં આમંત્રણ વિના જાય છે, તેઓની ભાષા કોઈને સારી લાગતી નથી. છતાં વચ્ચે કાંઈ બોલે તો 'મા ભાષ દેવા' એમ કહીને અટકાવી દેવાય છે. શું આવા દેવ બનવાનું પસંદ કરશો ? કુમારનંદી સોની હાસા-પ્રહાસા નામની દેવીઓમાં કામાશક્ત બન્યો. તેમની પાછળ બળી મર્યો. તો તેમના પતિ તરીકે કિલ્બીષિક દેવ બન્યો. પરાણે ગળામાં ઢોલ વળગાડવો પડયો. કાઢી નાખે તો પાછો આવીને વળગી જાય. આવા દેવ બનીને આટઆટલું આયુષ્ય ભોગવીને શું ફાયદો ?

**સ. ૧૬૦ કેવા લોકો કિલ્બીષિક દેવ બને ?**

**જ. ૧૬૦**સામાન્ય રીતે જીનેશ્વર દેવની વાણીના ઉત્થાપક, તીર્થંકરની આશાતના કરવાવાળા, તપ-સંયમની ચોરી કરવાવાળા, જિનાજ્ઞાના વિરાધક, ધર્મની નિંદા કરવાવાળા કિલ્બીષિક દેવ બને છે.

**સ. ૧૬૧ નવ લોકાંતિક દેવોના નામ આપો. તેઓના વિમાન ક્યાં આવેલા છે ?**

**જ. ૧૬૧**નવ લોકાંતિક નામઃ (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વન્હિ (૪) વરૂણ (૫) ગર્દતોયા (૬) તોષિયા (૭) અવ્યાબાધા (૮) અગીચ્ચા (૯) રિઠા. પાંચમા દેવલોકના ત્રીજા અરિષ્ટ નામે પ્રતરની પાસે દક્ષિણ દિશામાં નવ કૃષ્ણ રાજા છે. તેમાં ૪ દિશામાં, ૪ વિદિશામાં અને એક મધ્યમાં એમ નવ વિમાન છે. તેમાં નવ લોકાંતિક દેવ રહે છે.

**સ. ૧૬૨ તેઓ લોકાંતિક કેમ કહેવાય છે ? શું તેઓ સમકિતિ દેવો છે ?**

**જ. ૧૬૨**હા... તેઓ સમકિતિ દેવો છે. તેમનું આયુષ્ય આઠ સાગરોપમનું છે. તેઓને લોકાંતિક કહેવાના બે કારણ છે. (૧) તેઓ લોકના એટલે કે ત્રસનાળના કિનારા પર, અંતપર રહેતા હોવાથી તથા (૨) બહુ ઓછા ભવોભમવાના બાકી હોવાથી લોકના અંતે પહોંચ્યા કહેવાય તેથી લોકાંતિક કહેવાય છે. તીર્થંકર દેવ જ્યારે દીક્ષા લેવાના હોય ત્યારે નવલોકાંતિક દેવો આવીને કહે, 'અહો ! ત્રિલોકનાથ ! તીર્થમાર્ગ પ્રવર્તાવો, મોક્ષમાર્ગ ચાલતો કરો.' એવી રીતે કહેવાનો નવ લોકાંતિકનો પરંપરા વ્યવહાર છે.

**સ. ૧૬૩ કિલ્બીષિક દેવો મિથ્યાત્વી છે ?**

**જ. ૧૬૩**હા, કિલ્બીષિક દેવો મિથ્યાત્વી કુરૂપ, અશુભ અને અજ્ઞાની છે.

**સ. ૧૬૪ નવ ગૈવેયક દેવોના વિમાન ક્યાં આવેલા છે ? તેમના નામ આપો.**

**જ. ૧૬૪**બારમા દેવલોકની ઉપર અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી ઉપર, ગાગર બેડાના આકારે ત્રણ ત્રીક આવેલી છે. ત્રણે ત્રીક એકબીજાથી અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી ઉંચપણે આવેલી છે. પહેલી ત્રીકમાં ૧૧૧, બીજીમાં ૧૦૭ અને ત્રીજીમાં ૧૦૦ વિમાન છે. પહેલીમાં (૧) ભદે (૨) સુભદે (૩) સુજાએ, બીજીમાં (૪) સુમાણસે (૫) સુદંસણે (૬) પ્રિયદંસણે ને ત્રીજીમાં (૭) આમોહે (૮) સુપડિબદ્ધે (૯) જશોધરે નામના નવગ્રૈવેયક દેવો છે. ગ્રીવા એટલે ડોક. પુરૂષાકારે જે લોક આવેલો છે તેની ડોકના ભાગમાં આ વિમાનો આવેલ હોવાથી ગ્રૈવેયક કહેવાય છે.

**સ. ૧૬૫ અનુત્તર વિમાનો ક્યાં આવ્યા ? સર્વાર્થ સિદ્ધ નામ કેમ પડયું ? તે અનુત્તર કેમ કહેવાય ?**

**જ. ૧૬૫**નવમી ગ્રૈવેયક ઉપર અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી ઉંચે જઈએ ત્યારે પાંચ અનુત્તર વિમાન છે, ચાર બાજુ ચાર અને વચ્ચે એક વિમાન છે. વચ્ચેના વિમાનનું નામ 'સર્વાર્થસિદ્ધ' છે ને ચાર બાજુ ચારના નામ (૧) વિજય (૨) વિજયન્ત (૩) જયંત અને (૪) અપરાજિત છે. આ સૌથી ઉપરનું દેવલોક છે. તેની ઉપર (ઉત્તરમાં) કોઈ દેવલોક નથી એટલે અનુત્તર કહેવાય છે. તેનાથી માત્ર બારજ જોજન ઉપર સિદ્ધશિલા છે. આમાં જનારા બધા સમકિતિજ હોય, ભવ્યજ હોય, એટલે કે હવે પછી (ઉત્તર) બહુ ભવો કરવાના ન હોવાથી પણ તેઓ અનુત્તર કહેવાય છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર સર્વે મળી ૮૪, ૯૭, ૦૨૩ વિમાનો થયા. તેટલા જ જિન ચૈત્યો છે. સર્વાર્થ સિદ્ધ વિમાનમાં એવા દેવો હોય છે કે જેના સર્વે અર્થ (પ્રયોજનો) સિદ્ધ થઈ ગયા છે, હવે કાંઈ કરવાનું પ્રાયઃ બાકી નથી. પછીના ભવે માનવ બની દીક્ષા લઈને મોક્ષે જ જાય માટે તે સર્વાર્થ સિદ્ધ કહેવાય. ઋષભદેવ, ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરી, શ્રેંયાસકુમાર વગેરે પૂર્વભવમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં હતા.

**સ. ૧૬૬ બાકીના ચાર અનુત્તરવાસી દેવોને નવગ્રૈવેયક બધા નિશ્ચયથી મોક્ષે જ જાય ?**

**જ. ૧૬૬**અનુત્તર વિમાન સિવાયના દેવો માટે મોક્ષ માટે કોઈ નિયમ નથી. કોઈ એક બે ભવમાં પણ મોક્ષ પામે અને કોઈ અનેક ભવ પણ કરે. છતાં મોક્ષ ન પામે. અભવ્ય જીવ પણ સંયમ આદિ પાળીને નવગ્રૈવેયક સુધી જઈ શકે. પણ પાછો એકેન્દ્રિય નિગોદમાં ચાલ્યો જાય. સર્વાર્થસિધ્ધમાં રહેલ દેવો નિયમથી એકજ માનવભવ કરીને મોક્ષે જાય છે. એકાવતારી છે. જ્યારે બાકીના ચાર અનુત્તર વિમાનવાસી દેવો સંખ્યાત (થોડાજ ભવ) ભવ કરીને મોક્ષ પામે છે. કોઈ દ્વિચરમ પણ હોય એટલે બે વાર માનવ ભવ કરીને મોક્ષે જાય છે. પાંચે અનુત્તરવાસી બધાજ દેવ સમકિતિજ હોય. બધાજ મોક્ષગામી ભવ્ય જીવ હોય. (દોમદોમ) સાહયબી વચ્ચે પણ ઉદાસીન છે કારણકે મોક્ષ નથી મળ્યું. સિદ્ધશિલા બાર યોજનજ દૂર છે છતાં સિદ્ધ શિલા પર વાસ નથી થયો તેનું દુઃખ છે. ઉદાસીન એટલે ઉદાસ નહી પરંતુ ભૌતિક સુખમાંથી જેનું મન ઉઠી ગયું છે તેવા. ત્યાં બધા દેવજ હોય. દેવીઓ હોયજ નહિ. બધાજ નિર્વિકારી જ હોય. બધાજ શાંત કામલાલસા રહિત છે એટલે બીજા બધા દેવોથી વધુ સંતોષીને સુખી છે.

**સ. ૧૬૭ કલ્પાતીત એટલે શું ? કયા દેવો કલ્પાતીત કહેવાય ?**

**જ. ૧૬૭**નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો કલ્પાતીત કહેવાય. આમાં કોઈ કોઈના માલિક નથી. કોઈ કોઈના સેવક નથી. સ્વામી સેવક ભાવ નથી. ઈન્દ્ર સામાનિક વગેરે વ્યવસ્થા નથી. બધાજ ઈંદ્ર જેવા એટલે અહંમિંદ્ર કહેવાય. બધા સરખા છે. તેઓ સદા દેવલોકમાં જ રહે. પોતાનું સ્થાન છોડીને ક્યાંય જતા નથી. બધી વ્યવસ્થાથી પર છે. માટે કલ્પાતીત કહેવાય. ૧૨ દેવલોક સુધીના દેવો કલ્પોપન્ન કહેવાય. તેઓ પરમાત્માના કલ્યાણકોની ઉજવણી કરવા, દેશના સાંભળવા. નંદીશ્વરદ્વીપની યાત્રા કરવા જાય. પૃથ્વી પર કોઈપણ કારણે આવવું પડે તો કલ્પોપન્ન દેવોજ જાય. પાંચ અનુત્તર અને નવગ્રૈવેયકવાળા દેવો કોઈપણ કારણે ત્યાંથી અહીં આવે નહી. કદીપણ પોતાનું વિમાન છોડી ક્યાંય જાય નહિ.

**સ. ૧૬૮ અનુત્તરવાસી અને નવગ્રૈવેયક દેવોના આયુષ્ય, શરીર, શ્વાસોશ્વાસ, આહાર, અવધિજ્ઞાન વિશે જણાવો.**

**જ. ૧૬૮** અનુત્તરવાસીમાં સર્વાર્થ સિદ્ધ દેવોનું ૩૩ સાગરોપમનું જ આયુષ્ય હોય.

તેથી વધારે પણ નહીને ઓછું પણ નહી. ચારેય ગતિમાં આનાથી વધારે ઉત્કૃષ્ટ આયુષ્ય કોઈનુંય ન હોય. (સાતમી નરકના જીવોનું પણ ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય). સર્વાર્થ સિદ્ધ સિવાય બાકીના ચાર અનુત્તરવાસી દેવોનું ૩૧ થી ૩૩ સાગરનું આયુષ્ય હોય. નવ ગ્રૈવેયકના દેવોનું ૨૨ થી ૩૧ સાગરનું આયુષ્ય હોય. જેનું જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા પખવાડિએ શ્વાસ લે ને તેટલા પખવાડિએ શ્વાસ મૂકે. બધાજ દેવોનું વૈક્રિય શરીરજ હોય. જેમાં સાત કુધાતુ નહોય. - પરૂ - લોહી - વીર્ય - મળ - ચરબી - માંસ અને હાડકા ન હોય. અનુત્તરવાસી દેવોના શરીરની ઉંચાઈ એક હાથની અને નવગ્રૈવેયકના શરીરની ઉંચાઈ બે હાથની છે. જે દેવોનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય એટલા હજાર વર્ષે એકવાર આહાર લે છે. દાત. સર્વાર્થ સિદ્ધના દેવો તેત્રીસ હજાર વરસે એકવાર આહાર લે છે. બધાજ દેવોનું નિરૂપક્રમ આયુષ્ય જ હોય એટલે જેટલું હોય તેટલું પૂરેપૂરૂં ભોગવવું જ પડે. વચ્ચેથી તૂટી શકે નહિ. નવગ્રૈવેયકના દેવો ઉત્કૃષ્ટ ઉપર પોતાના વિમાન સુધીને નીચે છઠ્ઠી નરક સુધી, ૪ અનુત્તર વિમાનવાળા નીચે સાતમી નરક સુધીને સર્વાર્થ સિદ્ધવાળા સંપૂર્ણ ત્રસનાળી (ઉપર પોતાના વિમાન સુધી) સુધી દેખેને જાણે.

**સ. ૧૬૯ દેવના કુલ કેટલા ભેદ થયા ?**

**જ. ૧૬૯**૧૦ ભવનપતિ – ૧૫ પરમાધામી – ૧૬ વાણવ્યંતર – ૧૦ જૃંભકા – ૧૦ જ્યોતિષ – ૩ કિલ્બીષિક – ૯ લોકાંતિક – ૧૨ દેવલોકના દેવ – ૯ ગ્રૈવેયક – ૫ અનુત્તર= ૯૯ ભેદ. તેમાં પર્યાપ્તાને અપર્યપ્તા એટલે કુલ ૧૯૮ ભેદ થયા.

**સ. ૧૭૦ સાત નરકના નામ કહો.**

**જ. ૧૭૦**સાત નરકના નામ (૧) ઘમા (૨) વંશા (૩) શિલા (૪) અંજના (૫) રિષ્ટ (૬) મઘા (૭) માઘવતી. આ સાતેય નારકો જે સાત પ્રકારની પૃથ્વીમાં રહે છે. તે પૃથ્વીના તેના ગુણ પ્રમાણે નામ છે. (૧) રત્નપ્રભા - જેમાં રત્નના કુંડ છે. (૨) શર્કરા પ્રભા - તેમાં મરડીયા પાણા છે. (૩) વાળુપ્રભા - જેમાં વાળુ (રેતી) છે. (૪) પંકપ્રભા - જેમાં લોહી માંસના કાદવ જેવા પુદ્‌ગલો છે. (૫) ધૂમપ્રભા - તેમાં ધૂમાડો છે. (૬) તમઃ પ્રભા તેમાં અંધકાર છે. (૭) તમઃ તમસ્ પ્રભા - જેમાં અંધકાર જ અંધકાર છે.

**સ. ૧૭૧ આ સાતેય પૃથ્વીઓ ક્યાં આવેલી છે.**

**જ. ૧૭૧**અત્યારે આપણે જયાં રહીએ છીએ તે પહેલી નરક રત્નપ્રભા પૃથ્વીનો ઉપરની સપાટીનો (ટેરેસનો) ભાગ છે. આ પહેલો પૃથ્વીપિંડ ૧ લાખ ૮૦ હજાર યોજનનો જાડો અને ૧ રજ્જુ પહોળો છે. તેની નીચે બીજો ૧ લાખ ૩૨ હજાર જોજન જાડીને ૨‌ા રજ્જુ પહોળો છે. તેની નીચે ત્રીજો ૧ લાખ ૨૮ હજાર જોજન જાડીને ૪ રજ્જુ પહોળો છે. તેની નીચે ચોથો ૧ લાખ ૨૦ હજાર જોજન જાડીને ૫ રજ્જુ પહોળો છે. તેની નીચે પાંચમો ૧ લાખ ૧૮ હજાર જોજન જાડો ને ૬ રજ્જુ પહોળો છે. તેની નીચે છઠ્ઠો ૧ લાખ ૧૬ હજાર જોજન જાડીને ૭ રજ્જુ પહોળો છે. તેની નીચે સાતમો ૧ લાખ ૮ હજાર જોજન જાડીને ૭ રજ્જુ પહોળો છે. સાતે સાત નારકો અધોલોકમાં છે. પરંતુ આ પૃથ્વીઓ એકબીજાને અડીને નથી. દરેક પૃથ્વીની નીચે ઘનોદધિ (પાણી મિશ્રિત હવા) ૨૦ હજાર યોજન છે. તેની નીચે ઘનવાત (સઘનવાયુ) અસંખ્યાતા યોજન, તેની નીચે તનુવાત (હલકોવાયુ) અસંખ્યાતા યોજન, તેની નીચે આકાશ અસંખ્યાતા યોજન છે. પછી બીજી પૃથ્વી છે. નારકો તો ફક્ત ત્રસનાળમાં એટલે કે ૧ રજ્જુ પહોળાઈમાં જ છે.

**સ. ૧૭૨ દરેક પૃથ્વીમાં કેટલા નરકાવાસા છે ?**

**જ. ૧૭૨**પહેલી નરકમાં ત્રીસલાખ, બીજીમાં ૨૫ લાખ, ત્રીજીમાં ૧૫ લાખ, ચોથીમાં ૧૦ લાખ, પાંચમીમાં ૩ લાખ, છઠ્ઠીમાં ૯૯,૯૯૫ અને સાતમીમાં પાંચ નરકાવાસા છે.

**સ. ૧૭૩ નરકાવાસા પૃથ્વીમાં કઈ જગ્યાએ આવેલા છે ?**

**જ. ૧૭૩**દરેક પૃથ્વીમાં ૧૦૦૦ યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચે છોડીને બાકીની પોલારમાં આંતરાને પાથડા છે. દરેક પાથડામાં નારકો વસે છે. પહેલી નર્કમાં ૧૩ પાથડા, બીજીમાં ૧૧, ત્રીજીમાં ૯, ચોથીમાં ૭, પાંચમીમાં ૫, છઠ્ઠીમાં ૩ અને સાતમીમાં ૧ પાથડો છે. સાતમી નરકમાં ૫૦૦ જોજન ઉપર અને ૫૦૦ જોજન નીચે છોડીને એકજ પાથડો છે, આંતરો નથી. પહેલી નરકમાં ૧૨ આંતરામાંથી ૨ ઉપરના છોડીને બાકીના ૧૦ આંતરમાં દસ જાતના ભવનપતિ દેવો વસે છે. બાકી કોઈપણ નરકના આંતરામાં ભવનપતિ દેવોનો વાસ નથી.

**સ. ૧૭૪ દરેક નરકાવાસાનો વિસ્તાર કેટલો છે ?**

**જ. ૧૭૪** ત્રણ ચપટી વગાડતાં જંબુ દ્વીપની ૨૧ વાર પ્રદક્ષિણા કરવાની ગતિવાળા દેવને ઓછામાં ઓછું ૧-૨-૩ દિવસ ને વધુમાં વધુ ૬ મહિના લાગે. તોપણ કેટલાકનો છેડો આવે અને કેટલાકનો ન પણ આવે. એવા અસંખ્ય જોજનના વિસ્તારવાળા કોઈકોઈ નરકવાસા છે.

**સ. ૧૭૫ નારકો ક્યાં ઉપજે ? કેવી રીતે ? તેમનું આયુષ્ય કેટલું ? તેમનું શરીર કેવું હોય ?**

**જ. ૧૭૫** દરેક પાથડો ૩૦૦૦ યોજનનો છે. તેમાં ૧૦૦૦ યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચે છોડીને મધ્યના ૧૦૦૦ યોજનમાં નારકીને ઉપજવાની કુંભીઓ છે. કેરોસીનની ગરણીજેવી કુંભીઓ હોય. હજી તો અહીં માણસ જીવે છે કે મરી ગયો તેનો નિર્ણય થતો હોય અને આત્મા આંખના પલકારા કરતાં ઓછા સમયમાં નરકની કુંભીમાં પહોંચી ગયો હોય. ફાડી ખાધેલા કબૂતરના જેવું અત્યંત ગંદુ, બિભત્સ, ચીતરી ચડે તેવું શરીર મળે. વૈક્રિય શરીર હોય. પરમાધામી દેવો ભાલા-બરછી વગેરે શસ્ત્રો વડે, રાઈ-રાઈ જેવા ટુકડા કરીને નીચેના નાળચામાંથી બહાર કાઢે. પારો જેમ ઢોળાય ત્યારે નાના-નાના કણરૂપ થઈ જાય ને પાછો ભેગો થઈ જાય એમ જીવની સ્થિતિ ત્યાં થાય. બહાર નીકળેલા શરીરના ટૂકડા પાછા અખંડ શરીરરૂપે બની જાય. તેઓનું આયુષ્ય ઓછામાં ઓછું દસ હજાર વર્ષ ને વધતાં વધતાં ૭ મી નરકે ૩૩ હજાર સાગરોપમનું આયુષ્ય હોય.

**સ. ૧૭૬ નરકભૂમી સંજીવની કેમ કહેવાય છે ?**

**જ. ૧૭૬** કારણકે ત્યાં નારક જીવો છેદાતાં, કપાતાં, છૂંદાતા, ભેદાતાં, હણાતાં, બળતાં છતાં, મરવા માંગે છતાં મરી શકતાં નથી. તેઓનું જે પણ આયુષ્ય હોય તે પૂરૂં કરવું જ પડે છે. અત્યંત દુઃખ પામીને પણ નારક જીવો અકાળે મરતા નથી. તેથી આ ભૂમિ સંજીવની કહેવાય છે.

**સ. ૧૭૭ નારકોમાં કેટલા પ્રકારની વેદના હોય છે ?**

**જ. ૧૭૭** નારકોમાં ત્રણ પ્રકારની વેદના હોય છે. (૧) ક્ષેત્રકૃત વેદના - ક્ષેત્રના કારણે સાતે નરકમાં જે ભયંકર વેદના હોય તેને ક્ષેત્રકૃત વેદના કહેવાય. પહેલી ત્રણેય ભૂમિમાં ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણશીત પાંચમીમાં શીતોષ્ણ, છઠ્ઠીમાં શીત અને સાતમીમાં શીતતર વેદના હોય છે. ઉષ્ણ

એટલે એવી ગરમી કે જીવતે જીવતો જમશેદપુરની ભઠ્ઠીમાં નાંખે ને જે પીડા થાય તેના કરતાં અનંત ગણી પહેલી નરકમાં થાય છે. બીજી, ત્રીજીને ચોથીમાં એથી અધિક હોય છે. નરકની ઉષ્ણતાનો એક કણ અહીં આવે તો હજારો જોજનના માણસો ગરમીથી મરી જાય. એવી એવી અનંત દુઃખોની પરાકાષ્ઠા છે. એક લાખ જોજનની ઉંચાઈવાળા સુમેરૂ પર્વતની બરોબર લોઢાનો પીંડ પણ ઓગળી જાય તેવી ગરમી છે ને છઠ્ઠી - સાતમી નરકમાં એવી ઠંડી છે કે તેટલો મોટો લોઢાનો ગોળો પણ ગળી જય (ઠંડીના કારણે તેના અણુઓ વીખેરાઈ જાય.) (૨) પસ્પરજન્ય વેદના - નારકી વૈક્રિય શરીર દ્વારા તીક્ષ્ણ શસ્ત્ર જેવા શરીર બનાવે છે. અથવા વ્રજ મુખ કીડારૂપી થઈને બીજા નારકીના શરીરમાં પ્રવેશે છે. અંદર ગયા બાદ મોટું રૂપ બનાવીને શરીરના ટૂકડે ટૂકડા કરે છે. જેમ બિલાડી-ઉંદર, સાપ-નોળિયો જન્મજાત શત્રુ છે. તેમ નારકો પણ જન્મશત્રુ છે. તેઓને વિભંગજ્ઞાન હોય છે. તેઓને વધારે મોટું દુઃખ તો પરસ્પર વેર અને મારપીટથી થાય છે. નરકમાં સ્ત્રી પુરૂષ હોતા જ નથી. બધાંજ નપુંસકજ હોય છે. (૩) પરમાધામિક કૃત વેદના : ૧-૨-૩ નરકમાં પરમાધામી દેવો પૂર્વકૃત પાપો યાદ કરાવી કરાવીને, અનેક પ્રકારના પ્રહારોથી દુઃખી કર્યા જ કરે છે. દેવો ત્રણ નરકથી આગળ જઈ શકતા નથી. તેથી ત્રણ નરક સુધી આ ત્રણેય પ્રકારની વેદના હોય છે.

નારકોને ભૂખ અને તરસનું દુઃખ સૌથી વધારે ભયંકર હોય છે. અગ્નિની માફક બધું ખાતાં પણ શાંતિ થતી નથી. ઉલટું ભૂખની જ્વાળા તેજ થતી જાય છે. સ્વયંભૂરમણ સમુદ્રનું સંપૂર્ણ પાણી પીલે તો પણ તરસ છીપે નહીં. નરકના જીવના ક્ષણમાત્રના દુઃખનું કરોડો જીભોથીને કરોડો ભવથી વર્ણન થઈ શકે નહીં. નરકના જીવોને એટલું દુઃખ છે કે એ એક રાડ પાડે ને તે રાડ જો સિંહને હાથી સાંભળે તો તેમના કાળજાં ફાટી જાય. નરકની ભૂમિની ગંધ એવી છે કે તે ગંધનો એક કણિયો પણ જો અહીં લાવવામાં આવે તો કેટલાયે યોજનના મનુષ્યો તે ગંધથી મરી જાય. નરકના દુઃખોને જો સ્વપ્નમાં એક ક્ષણ પણ કોઈ જોઈ લે તો હાર્ટફેલ થઈ જાય. અનંત ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દાહ, જવર, ડર, ચિંતા, ખુજલી અને પરાધીનતા એકથી બીજીમાં અનંતગણી બીજીથી ત્રીજીમાં એમ સાતમી નરક સુધી છે.

**સ. ૧૭૮ ખરેખર આવું નરક જેવું કાંઈ હશે ?**

**જ. ૧૭૮**જો ન હોય તો ભગવાને ખુદે એમ કહેવાની શું જરૂર હોય કે હું સાતમીને ચોથી નરકમાં જન્મીને આવ્યો છું. એક એક નરકનો વિસ્તાર કેટલો ? નામ શું ? નરકાવાસા કેટલા ? આટલું શુક્ષ્મ કેવળ જ્ઞાનીના ધર્મ સિવાય બીજો કોઈ બતાવી શક્યું છે ? (જુઓ સવાલ નં. ૧૧૨)

**સ. ૧૭૯ નરકમાં જીવ ધર્મ સન્મુખ થઈ શકે ખરો ?**

**જ. ૧૭૯**નરકમાં ધર્મસન્મુખ થવાના ત્રણ નિમિત્ત હોય છે. (૧) પહેલી ત્રણ નરકમાં કોઈ દેવ જઈને ધર્મ શ્રવણ કરાવે તો તે આત્મસન્મુખ થાય છે. (ચોથીથી સાતમી નરકમાં દેવનું ગમન હોતું નથી. (૨) કોઈ જીવને જાતિ સ્મરણ જ્ઞાન થાય ને પૂર્વે સાંભળેલો ધર્મોપદેશ યાદ આવતાં આત્મ સન્મુખ થાય. (૩) અસહ્ય પીડાને કારણે, પાપ ફળનું સ્થાન જાણીને પોતાના સ્વરૂપના ચિંતવનમાં ચઢી જાય.

**સ. ૧૮૦ નરકમાં પણ કોઈને સમકિત થાય ખરૂં ? સમકિતિ આત્મા નરકમાં કેવી રીતે રહે ?**

**જ. ૧૮૦**સાતમી નરકમાં જવાવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ હોય છે અને ત્યાં ગયા પછી કોઈકોઈને સમક્તિ થઈ જાય છે. ત્યાં તેને પાણીનું ટીપું, અન્નનો દાણો કે સૂવા માટે જગ્યા મળતી નથી. જન્મતાંની સાથે શરીરમાં મહારોગ હોય છે. આવા પ્રતિકુળ સંજોગોમાં પણ આત્મા પોતાની શાંતિ અને સમકિત પ્રગટ કરી શકે છે. નરકગતિમાં પહોંચેલો આત્મા જો સમકિતિ હોય તો તેના પ્રભાવે આક્રમક ન બને. દુઃખોને સમતાથી ભોગવવા સામેથી તૈયાર રહે. મહારાજા શ્રેણિક હાલ પહેલી નરકમાં સમતાથી દુઃખો સહન કરી, ત્યાંથી નીકળીને આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર બનશે. જ્ઞાનથી ખબર પડે કે પરમાધામી મને હવે આવો ત્રાસ આપશે ત્યારે મિથ્યાત્વી જીવો તેનો પ્રતિકાર કરવાનો પ્રયત્ન કરે, ચીસાચીસ કરે, ના છૂટકે પરાણે સહે. જ્યારે સમકિતિ જીવો આવનાર દુઃખને આવકારે. ઉંચા અધ્યવસાયપૂર્વક મસ્તીથી સહીને અનંત કર્મોની નિર્જરા કરે. ઉચ્ચ અધ્યવસાયો પામે તો નવું સમ્યક્દર્શન પામી શકે. નરકમાં સહન કરવારૂપ (સમતાભાવે) ધર્મ છે.

**સ ૧૮૧ નયસારના ભવથી ભગવાન મહાવીરના ભવ સુધીના ૨૭ ભવ તો મોટા ભવ થયા બાકી નાના ભવતો અસંખ્ય થયાં. આ વાત સાચી છે ? શા માટે ?**

**જ. ૧૮૧**હા. આ વાત બિલકુલ સાચી છે. તમેજ તમારા તર્કથી આ વાત સમજી શકશો. જુઓ... જયારે ઋષભદેવ દાદા ત્રીજા આરાના અંતમાં થયા ત્યારે ભગવાનનો જીવ મરીચી રૂપે હતો. અને પોતે ચોથા આરાના અંતમાં મોક્ષે ગયા છે. હવે ત્રીજા આરાના અંતથી ચોથા આરાના અંત સુધીનો સમય કેટલો ? જો નયસારના ભવથી ગણીએ તો લગભગ એક ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષ જેટલો સમય થઈ જાય. હવે કોઈપણ જીવ ૧ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીતો સળંગ ત્રસપણામાં ન જ રહી શકે. ત્રસ (હાલતા ચાલતા જીવો) માં બે હજાર સાગરોપમથી વધારે સમય સળંગ રહી જ ન શકાય. દરેક જીવ માટે આ નિયમતો સરખો જ છે. કાંઈ ભગવાનના સત્તાવીશે સત્તાવીશ ભવના આયુષ્યનો સરવાળો કરો તોય એક ક્રોડાકોડી સગરોપમ વર્ષના દસ ટકા જેટલોય ન થાય. તો બાકીનો સમય મહાવીર ભગવાનના જીવે વિતાવ્યો ક્યાં ? એટલે સમકિત પામ્યા પછીના જે સત્તાવીસ ભવ આપણે ગણીએ છીએ. તેમાં પાંચમાં ભવ પછી ભગવાનનો જીવ નાના ભવ કરતો પાછો સ્થાવરમાં ચાલ્યો ગયો હશે. (સ્થાવર એટલે સ્વેચ્છાએ હલનચલન ન કરી શકે તેવા ભવ જેવા કે પૃથ્વી, પાણી, વનસ્પતિ, નિગોદ વગેરે) સ્થાવર પણામાં કોઈ ટાઈમ લિમિટ નથી. કરોડો વર્ષ સ્થાવર પણામાં પસાર કરતાં કરતાં અકામ નિર્જરા કરતાં જીવ પાછો ત્રસપણામાં આવ્યો હશે. તે ૬ થી ૧૫ ભવ મનુષ્ય તથા દેવના કરીને ૧૫ મા ભવ પછી પાછા સ્થાવરપણામાં એટલે કે સૂક્ષ્મ યોનિમાં ચાલ્યા ગયા હોવા જોઈએ. કરોડો વર્ષ આવા ભવમાં પસાર કર્યા પછી ૧૬થી ૨૭ ભવની યાત્રા કરી ભગવાન મોક્ષને પામે છે. આ રીતે ભગવાનનો જીવ ૧ થી ૨૭ ભવ વચ્ચેનો લગભગ ૧ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષનો સમય પસાર કરે છે. હવે સવાલ એ બાકી રહે છે કે શા માટે ? કારણ કે જીવ પોતે પુણ્ય ભોગવતાં ભોગવતાં પાછું પાપના ઢગલા ખડકી દે છે ને પાપ ભોગવતાં ભોગવતાં પુણ્યરાશિ જમા કરી દે છે. આમ પાપ અને પુણ્ય બેલેન્સમાં રહ્યા જ કરે છે. એટલે તે ભોગવવા માટે જન્મો થયા જ કરે છે. જે દિવસે પુણ્યરાશિ અને પાપ બિલકુલ બેલેન્સમાં ન બચે તે દિવસે આત્મા મુક્ત થાય છે, મોક્ષ થાય છે.

**સ. ૧૮૨ ભગવાનનું ઉદાહરણ જોઈને આપણે શું શીખવાનું ?**

**જ. ૧૮૨**આપણે વિચારવાનું કે ભગવાનના જીવને તો ગુરૂના રૂપમાં ખુદ આદિનાથ દાદા પોતે મળી ગયા હતા. છતાંય એ એમને ઉગારી શક્યા નહી. એમને ત્રીદંડી બનતા રોકી શક્યા નહી. કારણકે માણસે પોતાના ઉદ્ધાર માટેની સાધના પોતેજ કરવી પડે છે. 'હાથ પગ તમે હલાવો ને તરી જાઉં હું' એવું બનવાનું નથી. કોઈ મારા માથાપર હાથ મૂકી દેશે ને હું મોક્ષે પહોંચી જઈશ એવું વિચારવું એ મૂર્ખામી છે. આદિનાથ દાદા ખુદ મલી ગયા' તા છતાં ભગવાન મહાવીરના જીવ ને ફરી ફરી સૂક્ષ્મ યોનિમાં જવું પડયું, તો મારા જીવને નહીંજ જવું પડે એની શું ખાત્રી ? એટલે હે જીવ ! હવે તું સાવધાન થઈ જા. કદાચ આ મારો મનુષ્ય જન્મ, આ ૨૦૦૦ સાગરોપમ ના ચક્કરનો છેલ્લો ભવ પણ હોય. કદાચ આ પછી મારે એકેન્દ્રિય નિગોદમાં પણ ફેંકાઈ જવું પડે. માટે હે જીવ... જે સમય હાથમાં છે તે સુખશીલતામાં વેડફી દેવાને બદલે કર્મની નિર્જરા માટેની સાધના કરી લે. સાધના કરીલે.

**સ. ૧૮૩ મોક્ષતો પાંચમાં આરામાં મળવાનું નથી પછી સાધના કરીને શું કરવાનું ?**

**જ. ૧૮૩**શું તમે જેવી સાધના શરૂ કરશો એવું જ તમને મોક્ષ મળી જશે એવી તમને ખાતરી છે ? તમારા માટે રસ્તો કેટલો લાંબો છે કે ટૂંકો છે તે તમે જાણો છો ? તો પછી શરૂઆત તો ક્યાંકથી કરવીજ પડશે ને ? આ માનવભવ મળ્યો છે, સમજણ મળી છે તો શરૂઆત તો કરવી કે નહિ ? નહિતો મંઝીલે ક્યાંથી પહોંચશો ? ચોમાસા બેઠા પછી કોઈ ખેડવાનું કામ નથી કરતું. એ તો ચોમાસા પહેલાંજ કરી લેવું પડે. ઘણાને એમ કહેતા સાંભળ્યા છે કે 'મહાવિદેહમાં જન્મ આપ ત્યાં ચોથો આરો હોય, તીર્થંકર હોય એટલે મારો મોક્ષ થઈ જાય.' તમે મહાવીરના ઉદાહરણ પરથી જૂઓ તો ખરા કે મરીચીના ભવમાં તો ત્રીજો આરો હતો, ખુદ દાદા તીર્થંકર વિચરતા હતા. તીર્થંકરના હાથે જ દીક્ષા ગ્રહણ કરી હતી, છતાં મરીચીનો મોક્ષ થઈ ગયો ? કાંઈક સમજો... નિદ્રામાંથી જાગો... માગવું હોય તો એટલું જ માંગો કે, હે પ્રભુ ! મને મોક્ષ આપ પછી એ કઈ રીતે આપવું, કયા ક્ષેત્રમાંથી આપવું, કેટલા સમયમાં આપવું તે કુદરત પર છોડી દોને... બાળક તો એટલું જ કહેશે ને કે 'પપ્પા મને બોલ લાવી આપો' પછી કઈ દુકાનમાંથી લાવવો એ પપ્પા પર છોડી દેશેને... ? ડાહ્યા બાળકની માંગ જલ્દી પૂરી કરવાની થશે. તુંયે દાદાનું

ડાહ્યું બાળક બની જાને ! ક્રોધને ઓછો કરવાનો પ્રયત્ન કરને... માન, માયા, કપટને ઓછો કરવાનો પ્રયત્ન કરને ! હૃદયની લાગણીથી પ્રાર્થના કર ને કે આ કાળમાં કોઈ સાચો મોક્ષમાર્ગ બતાવવાવાળું કેવળી રહ્યું નથી. માટે અદ્રશ્ય રહીને પણ ભલે... તું મનેસાચો મોક્ષમાર્ગ બતાવ જેથી હું એ કેડી પર ચાલીને મંઝીલ પ્રાપ્ત કરી શકું.

**સ. ૧૮૪ સંગમ નામના દેવે ભગવાનને આટઆટલા અસહ્ય ઉપસર્ગો કર્યા, ગોવાળે કાનમાં ખીલા ઠોક્યા, છતાં ભગવાન કેમ શાંત રહ્યા ? તેનો પ્રતિકાર કેમ કર્યો નહિ ? સામેલાનો જુલમ ચૂપચાપ સહન કરી લેવો એ શું બાયલા પણું નથી ?**

**જ. ૧૮૪**મહાવીર ભગવાનમાં કેટલી શક્તિ હતી એતો એમણે ફક્ત જમણો અંગૂઠો અડાડીને મેરૂ પર્વત ધ્રુજવી દીધો તેના પરથી ખ્યાલ આવે છે. એટલે બાયલાપણાનો તો અહીં સવાલ જ નથી. જુલમનો પ્રતિકાર કરવા કરતા જુલમને સમતાભાવે સહન કરવા માટે વધુ પરાક્રમ, વધુ સાહસની જરૂર છે. પ્રતિકાર તો સામાન્ય વ્યક્તિ પણ કરી શકે છે. જ્યારે સમતાભાવે સહન કરવું એ ફક્ત મહાન માણસોજ કરી શકે છે. જે માણસમાં પ્રતિકાર કરવાની શક્તિ નહોય તે એક વખત જુલમતો ચુપચાપ સહી લેશે. પણ હૃદયમાં એનો બદલો લેવાની આગ સળગતી જ રહેશે. જ્યારે મહાવીર ભગવાને છેલ્લા ભવમાં જે ઉપસર્ગો સહ્યા છે તે ફક્ત ચુપચાપ નહિ પણ સમતાભાવે સહ્યા છે. એમના દિલમાં સામેલાનો બદલો લેવાની કે સામેલાને બતાવી દેવાની કોઈ અંશમાત્ર ભાવના હતી જ નહી. આજ બહુ મોટી વાત છે. આજ ખૂબ પરાક્રમની વાત છે. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં પણ જુલમનો પ્રતિકાર કરવો નહિ, સામેલા પર બિલકુલ દ્વેષભાવ રાખ્યા વગર સમતાપૂર્વક અડગ પર્વતની જેમ સહન કરવું આનાથી વધારે પરાક્રમની વાત બીજી શું હોઈ શકે ?

**સ. ૧૮૫ એવી શક્તિ મહાવીરમાં ક્યાંથી આવી ?**

**જ. ૧૮૫**દૂધપાક તમને ખૂબ ભાવતો હોય, તપેલું ભરીને દૂધપાક તમારી સામે હોય, કડકડતી ભૂખ લાગી હોય... પણ જો તમને ખબર પડે કે આ દૂધમાં એક વિષનું ટીપું પડી ગયું છે, તો તમે એ દૂધપાક પી શકશો ? મહાવીરને પણ ખબર પડી ગઈ હતી કે 'મારા આટઆટલા ભવ રખડવાનું કારણ મારામાં જાગેલો માન-અહંકાર અને ભયંકર ક્રોધ છે. અહંકાર અને

ક્રોધના આવેશમાં આવીને મેં જેને જેને જે ભયંકર તકલીફો આપી છે તે દરેકે દરેક જીવ મારી સાથે બદલાને દ્વેષના ભાવ સંગ્રહીને કેટલાય ભવોથી યોગ્ય તકની રાહ જોઈને મારી પાછળ ફરી રહ્યા છે. હવે જો હું એનો હિસાબ ચૂકતે નહીં કરૂં તો એ જીવ મને મોક્ષે જવા દેશે નહિ. અને હિસાબ ચૂકતે ત્યારેજ થાય જ્યારે એ જીવ બદલો વાળવા આવે ત્યારે છતી શક્તિએ પ્રતિકાર કર્યા વિના સમતાભાવે સહું.' ગોશાળો જ્યારે ખીલા ઠોકવા આવે છે ત્યારે પોતે ગોશાળાને કાનમાં શીશું રેડાવીને જે વેદના આપેલી તેનો અનુભવ ભગવાનનો પવિત્ર આત્મા કરી શકે છે તેથી અત્યારે ગોશાળો જે પીડા આપી રહ્યો છે તે પોતે આપેલી પીડા કરતાં ગૌણ લાગે છે. જ્યારે માણસ બીજાની પીડાનો અનુભવ કરી શકે છે ત્યારે પોતાની પીડા તુચ્છ લાગે છે તેથી તે સહન કરવાની શક્તિ આવી જાય છે. દૂધમાં પડેલા વિષના ટીપાની જેમ એ જાણી ગયા છે કે મને ઉપસર્ગ કરવા આવનાર તો નિમિત્ત માત્ર છે. બાકી તો મારાજ કૃત્યની મને રીટર્ન ગીફ્ટ આપવા આવ્યા છે. અને એ જો હું હસતા મોઢે સ્વીકારી લઈશ, બદલાની ભાવના વિના સમતાભાવે સહન કરી લઈશ તોજ આ ભવચક્કરમાંથી હું છૂટી શકીશ. આ હાજર થયેલા સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રમાંથી આ શક્તિ પ્રગટી છે.

**સ. ૧૮૬ ગોશાલાએ ભગવાન પર છોડેલી તેજોલેશ્યા એમના શરીરમાં પ્રવેશીને એમનું મૃત્યુ કેમ નીપજાવી શકી નહી ? એ તેજોલેશ્યાએ પ્રભુને આંટા મારીને શરીરમાં પિત્તપ્રકોપ કેમ કર્યા ?**

જ. ૧૮૬ પ્રભુનું નિરૂપક્રમ આયુષ્ય કર્મ (પૂરેપૂરૂં ભોગવાય, વચ્ચેથી તૂટે નહી) બળવાન હતું માટે તેજોલેશ્યા મૃત્યુ નીપજાવી શકી નહી. પરંતુ સામે બળવાન અશાતાવેદનીય પાપ ઉદયમાં આવ્યું ને રહ્યું માટે છ મહિના ગરમીની પીડા આપી.

**સ. ૧૮૭ મને ભગવાનની આંગી કરવી ખૂબજ ગમે છે. હમણાં મને એકજણે કહ્યું કે આવી ગરમીમાં ભગવનની મખમલને ઉનની આંગી કરો તો ભગવાનને ખૂબજ ગરમી લાગે ને આશાતના થાય... તો મારે શું કરવું ?**

જ. ૧૮૭ તમે ભગવાનની અનંત શક્તિને ઓળખ્યા વગર ભગવાન માટે આવું વિચારો એજ એમની મોટામાં મોટી અશાતના છે. શું તમે નથી જાણતા કે

સંગમ દેવે ભગવાનના બંને પગ વચ્ચે આગ પેટાવી ખીર પકવવા લાગ્યો.. ને એવી આગની લપટોનેય ભગવાને સંપૂર્ણ સમતાભાવે અડગ રહીને સહી હતી. શું એ ગરમી કરતાં આ ગરમી વધારે છે ? તો ભગવાનની સહનશક્તિ પર સંશય કરવો એ શું એમની આશાતના નથી ? ઈંદ્રે ભગવાનની સહનશક્તિ પર સંશય કર્યો હતો. તો ભગવાને તરતજ જમણા અંગૂઠા વડે મેરૂપર્વતને ડગાવી દીધો. ઈંદ્રે પોતે કરેલા સંશયની ક્ષમા માગી. માટે આંગી કરવાથી જો તમારા ભાવ ચઢતા હોય તો ઉનની આંગી કરવાથી આશાતના ન થાય પરંતુ આવા તર્ક કુતર્ક કરવાથી આશાતના જરૂર થાય.

આંગી એ આપણા ભાવની વૃદ્ધિ કરવા માટેનું એક અવલંબન છે. જો આંગી જોઈને ફક્ત એટલોજ ભાવ આવતો હશે કે અહા... આંગી કેટલી સરસ... ભગવાન કેટલા સરસ લાગે છે... તો એ સંસાર વૃદ્ધિનું કારણ બનશે. મારી આંગી ઘણી સરસ બને છે... કે કોઈ બે જણ આંગીના વખાણ કરેને આપણને સંતોષ થાય એવો ભાવ હશે તો એ અહંકાર વૃદ્ધિનું કારણ બનશે. તો આંગી જોઈને શું ભાવ કરવો ? એવો ભાવ કરવો કે આ તો શું છે ? ભગવાન તો કરોડો રૂપિયાના હીરા-માણેક રત્નજડિત મુકુટ ને જરકસી જામા છોડીને ચાલ્યા ગયા છે. હે ભગવાન મારામાં આવી મોહત્યાગની ભાવના ક્યારે આવશે ? જો આવા ભાવમાં રમણતા થાય તો આંગીના દર્શન સફળ થાય.

છસો-સાતસો વર્ષ પહેલાં જ્યારે લોકો આત્મધર્મથી શિથિલ થતાં ગયા ને અન્ય ધર્મીના શૃંગાર ધર્મ તરફ લોકો આકર્ષાવા લાગ્યા ત્યારે આપણામાં શૃંગાર ધર્મને પ્રવેશ આપવો પડયો.. પરંતુ તેનો ઉપયોગ ફક્ત ભાવના ઉત્થાન માટેજ થવો જોઈએ.. આ બુદ્ધિનો કે કુતર્ક કરવાનો વિષય નથી.. કુતર્કથી તો આખી જિનપૂજાનું પણ ખંડન થઈ શકે પરંતુ એવું કરવું કોઈપણ રીતે યોગ્ય નથી. (કોઈ એવું દ્રવ્ય વાપરવાથી પ્રતિમાને નુકશાન થતું હોય તો ન વાપરવું)

**સ. ૧૮૮ આપણા પૂર્વાચાર્યોએ સામાયિક ધર્મની રચના કેમ કરી ?**

જ. ૧૮૮ આપણા પૂર્વાચાર્યોએ બહુજ સમજપૂર્વક આપણા માટે અડતાલીસ મિનિટના સામાયિકની રચના કરી છે. તેઓ જાણતાં હતાં કે માણસો દિવસનો મોટો ભાગ કંઈને કંઈ કાર્યમાં સક્રિય રહેશે. ને જ્યાં સુધી સક્રિય

હશે ત્યાં સુધી શુભ કે અશુભ કર્મનો બંધ બાંધ્યાજ કરશે. એટલે આપણને ૪૮ મિનિટનું સામાયિક એવું સુંદર આપ્યું કે, 'તું કમસે કમ ૪૮ મિનિટતો નિષ્ક્રિય થા. ૪૮ મિનિટ સુધી ન કાયાથી કાંઈ કાર્યકર, ન વચનથી કર કે ન મનથી કર.' કરેમી ભંતે માં આપણે ૪૮ મિનિટ સુધી મન-વચન ને કાયાથી સ્થિર થવાની ભિષ્મ પ્રતિજ્ઞા લીએ છીએ. જરા તમારા મનને પૂછજો કે આ પ્રતિજ્ઞા લીધા પછી, એટલે કે કરેમી ભંતે, ઉચ્ચર્યા પછી હું આ પ્રતિજ્ઞા પાળું છું કે ભંગ કરૂ છું ? ભંગ કરો છો તો કેમ ? શા માટે ? શું ઉપવાસનું પચ્ચખાણ લીધા પછી... થોડું ખાઈ લીધું... થોડું દૂધ પી લીધું... પછી તમે કહેશો કે મારે ઉપવાસ થઈ ગયો ? તમે કહેશોને કે મારો ઉપવાસ ભાંગી ગયો. તેવી રીતે સામાયિકમાં ૪૮ મિનિટ સુધી મન-વચન-કાયાથી કોઈપણ સાવધયોગ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધા પછી... કાયાનું વગર કારણે કેટલું હલન ચલન કરીએ છીએ ? વાણીથી વગર જરૂરનું કેટલું બોલીએ છીએ ? અને સૌથી મહાનતો મન... આપણે અહીંયા ને મન કયાં ? શું મનમાં રાગ-દ્વેષના પરિણામ ઉત્પન્ન ન થાય તેની કાળજી રાખીએ છીએ ? છતાંય આવું સામાયિક કર્યા પછી ક્યારેય અફસોસ થાય છે કે મારૂં સામાયિક ભાંગી ગયું ? ઉપવાસ ભાંગી ગયો એ ખબર પડે છે પણ તેનાથી અનેકગણું મહાન તપ સામાયિક ભાંગી ગયું કે સામાયિક ન થયું તેની ખબર પડે છે ? ના... ના... આપણે તો પાછા ગર્વથી ગણતરી કરીએ છીએ કે... મારા બે સામાયિક થઈ ગયા, મારા ત્રણ સામાયિક થઈ ગયા. ભલે આજ સુધી જેવું સામાયિક કર્યું તેવું ભલે કર્યું, આજથી સાચું સામાયિક કરતાં શીખીએ.

**સ. ૧૮૯ સામાયિકની પૂર્વભૂમિકા સમજાવો.**

**જ. ૧૮૯** બે ઘડી માટે સામાયિકની પ્રતિજ્ઞા લઈ સુખાસને બેસો. મનથી નિશ્ચય કરો કે ૪૮ મીનીટ સુધી હું મારી કાયાનું હલનચલન કરીશ નહિ. એક આંગળી પણ મારે હલાવવી ન પડે એવી હે ભગવાન ! મને શક્તિ આપ. ભલે શરૂઆતમાં નહિ થાય પરંતુ દરરોજ તમે એવી દ્રઢ પ્રતિજ્ઞા લઈને બેસસો ને ભગવાન પાસે શક્તિ માંગશો તો થોડા સમયમાં તમારામાં એ શક્તિ આવી જશે. જ્યાં કાયાજ નથી હલાવવાની તો હોઠ હલાવવાની વાતજ ક્યાં આવી ? મતલબ કે બોલવાનું રહ્યું જ કયાં ? માટે વાણીથી પણ દ્રઢ પણે મૌન પાળો. કાયા અને વચનથી નિષ્ક્રિયતા... બસ આટલે સુધીતો બહુ સહેલી વાત છે, હવે અઘરી વાત આવે છે મનની... પણ એથી

ગભરાવવાની જરૂર નથી. ભાગતા મનનું અવલોકન કરવાનું ચાલુ કરો... ફક્ત એને જોયા કરો... જોયા જ કરો... જેમ ચોરને જોઈલો તો ચોર ભાગી જાય તેમ મનનું અવલોકન કરશો તો મન કાબુમાં આવતું જશે. દરેક વસ્તુને સમય જરૂર લાગશે, પણ તેથી ગભરાઈને છોડી દેવાનું નથી પ્રયત્ન ચાલુ રાખશો તો સફળતા જરૂર મળશે. પરંતુ 'આતો મારાથી થાય જ નહિ ને કરાયજ નહી' એવા નેગેટીવ સૂર કાઢશો તો જીવનમાં ક્યારેય નહિ કરી શકો. વિચારો કે મારા પહેલાં અનેકાનેક મહાપુરૂષો આ પ્રયત્ન કરી સફળતાને પામ્યા છે તો હું કેમ નહિ ? હું મારૂં નામ પણ એમની હરોળમાં કેમ ન મૂકું ?

**સ. ૧૯૦ મનને કાબુમાં લેવા માટે શું કરવું ?**

**જ. ૧૯૦** જો તમે ધ્યાન આપશો તો મનના બે જ ભાગ તમને નજરમાં આવશે. મન કાં તો ભૂતકાળમાં ભાગતું હશે, કાંતો ભવિષ્યકાળમાં. મન વિચારશે કે 'ફલાણો આવો હતો, તેવો હતો, એણે આમ કર્યું, તેમ કર્યું (ભૂતકાળ)' ને પછી તરત વિચારશે 'હવે હું એને જોઈ લઈશ, આમ કરીશ, તેમ કરીશ (ભવિષ્યકાળ).' આમ મન આપણું કાં ભૂતકાળમાં કાં તો ભવિષ્યમાં ભાગે છે. પણ વર્તમાનમાં તો રહેતું જ નથી. જો મનને વર્તમાન કાળમાં રહેવાની ટેવ પાડવામાં આવે તો મન સીધે સીધુ આત્મામાં ઉતરી જાય છે. યાદ રાખો : ભૂતને ભવિષ્ય એ મનના ભાગ છે જ્યારે વર્તમાન એ આત્માનો ભાગ છે. સામાયિકની ૪૮ મિનિટ દરમ્યાન સજાગ રહીને મનને વર્તમાનમાં રાખવાની ટેવ પાડવાની છે. વિચારો આવે ને જાય, શુભિવચાર કે અશુભ વિચાર, થોડો વિચાર કે વધુ વિચાર, કાંઈ ન કરવું વિચારોને અટકાવવા નહિ, વધારવા નહિ, પકડવાના નહિ, બદલવા નહિ, જેમ આકાશમાંથી વાદળા પસાર થાય તેમ વિચારોને પસાર થવા દો. ફક્ત તેને જાણવા, કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા કરવી નહી. પૂર્ણ સ્વીકાર ભાવ, દ્રષ્ટાભાવ, શાંત, મૌન, ચૂપ, કોઈ વિરોધ નહિ, સ્વાગત નહિ, ઉત્સુકતા નહી, ભય નહિ.. માત્ર જોવું, માત્ર જોવું, માત્ર જોવું અને આ જ્ઞાયક ભાવજ એને નષ્ટ કરશે. સાધક માટે જરૂરી છે કે તેઓ મનથી પર થાય. અમનની સ્થિતિમાં પહોંચે. સામાયિક એટલે ચિત્તનું શાંત હોવું, ભૂત-ભવિષ્યમાં ન દોડતું ચિત્ત શાંત છે. તેવું ચિત્તજ આત્મામાં ઉતરી શકે છે. મન જીવે છે ભૂત અને ભવિષ્યમાં, જો તમે સાવધાન રહી ભૂત અને ભવિષ્યમાં ન જોડાઓ તો તે બંનેને તોડતી એક સૂક્ષ્મરેખા છે વર્તમાનની.

વર્તમાનમા રહેવા માટે ઉપયોગ સૂક્ષ્મ અને શાંત હોવો જોઈએ. જરા પણ કંપન થયું તો ચૂકી જવાશે. વર્તમાનમાં રહેતું આપણું ધ્યાન, મન, સરળતાથી આત્મામાં પ્રવેશી જાય છે. મનને કાબુમાં લેવા માટેનો આજ રસ્તો છે. સામાયિક દરમ્યાન શુદ્ધ ઉપયોગ રાખી વર્તમાનમાં જ મનને રાખવાનો પ્રયત્ન કરો અને જૂઓ, અનુભવ કરો... તમારૂં ચિત્ત પહોંચી જશે આત્મામાં ને સાચા અર્થમાં સામાયિક ઘટિત થશે... આત્મિય આનંદનો અનુભવ થશે... કર્મની નિર્જરા ચાલુ થશે.

**સ. ૧૯૧ સામાયિક મોક્ષનું કારણ કઈ રીતે ?**

**જ. ૧૯૧** બે પ્રકારની ક્રિયાઓ છે. એક છે શરીરની ક્રિયા, બીજી મનની. શરીરનું અસ્તિત્વતો નિરંતર વર્તમાનમાં જ છે એટલે સ્વરૂપમાં જવા માટે શરીર બાધા રૂપ નથી. માટે ભટકાવે છે મન. માટે સાધકો માટે એ જાણવું જરૂરી છે કે ક્રિયા હશે તો મન રહેશે. મન હંમેશા સક્રિય રહેવા ઈચ્છે છે કારણકે તોજ તેનું અસ્તિત્વ છે. મન દુકાને જવા પણ તૈયાર ને મંદિરે જવા પણ તૈયાર. જ્યાં સુધી મન સક્રિય છે ત્યાં સુધી રાજી છે. પણ જો આપણે મનના માત્ર જ્ઞાયક (જાણવાવાળા) રહ્યા તો મન રાજી નથી. તે પૂરી કોશિશ કરશે. કંઈને કંઈ કરવાની પણ જો તેને માત્ર જાણ્યા કરીએ. બીજુ કાંઈ ન કરીએ, મન સાથે લડીએ નહિ, મનનું માનીએ નહિ, મનથી સંબંધ તોડી નાખીએ ને માત્ર તેને જાણ્યા કરીએ તો મન મરવા લાગશે. અમનની સ્થિતિ ઉભી થશે. મનની કોઈ સત્તા રહેશે નહિ. મન એટલે જ સંસાર. એટલે કે સંસારની કોઈ સત્તા રહેશે નહિ. 'મનઃ અવં મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો' સક્રિય મન સંસાર બંધનું કારણ છે, જ્યારે અક્રિય મન મોક્ષનું કારણ છે. સામાયિકની પ્રતિજ્ઞા દ્વારા પ્રાપ્ત થતો સમભાવ મોક્ષ માર્ગનું અનન્ય કારણ છે. મોક્ષનું કારણ સામાયિક છે ને સામાયિકનું કાર્ય મોક્ષ છે.

**સ. ૧૯૨ શબ્દાર્થને ભાવાર્થથી સાચું સામાયિક સમજાવો.**

**જ. ૧૯૨** શ્રાવક ધ્યાન ધરીને સામાયિકમાં બેઠો હોય, ત્યારે ઉપદ્રવ થાય તો પણ ડગે નહિ. કોઈ કુહાડાથી દેહને કાપે તો તેના પ્રત્યે દ્વેષ નહિ ને બીજો ચંદનથી શરીરને વિલેપન કરે તો તેના પ્રત્યે રાગ નહિ. બંને પ્રત્યે સમાન ભાવ રાખવો તે સામાયિક, સ્ત્રી, ઘર, છોકરા-છૈયાં ભૂલી જવાય ત્યારે સામાયિક કર્યું કહેવાય. સંસારના વિષયોમાં બહાર ભટકતી ચેતનાને પાછી બોલાવવી. એટલે કે પર સાથેનો સંબંધ તોડવો, પણ પાછી ફરેલી

ચેતના જો આત્મામાં રહે નહીં તો પાછી બહાર ભાગે એટલે બહારના વિષયોમાંથી પાછી ફરેલી ચેતનાનું આત્મામાં સ્થિર થવું, અંદર રહેવું, અંતર્મુખ બનવું, સ્વ-સાથે સંબંધ જોડવો તેનું નામ છે સામાયિક વ્રતી-શ્રાવક તિર્યંચો પણ સામાયિક કરે છે. અમુક શબ્દો બોલવા તેનુંજ નામ સામાયિક નથી. સમતાભાવ રૂપ જ્ઞાન, ચેતનારૂપ આત્મપરિણિતિ થઈ ગઈ તેજ સામાયિક છે. રાજા રાવણનો હાથી ત્રિલોકમંડન સમ્યક્દર્શન સહિત વ્રતધારી શ્રાવક થયો હતો. સમ્યક્દર્શન પછી તિર્યંચને પણ સામાયિક હોય. દરિયામાં માછલાને પણ સામાયિક હોય. મહાવીરના આત્માને સિંહના ભવમાં સમ્યક્દર્શન થયું ને વ્રતધારી શ્રાવક થઈને સમાધિમરણ કર્યું. મિથ્યાત્વ છે તેને તો સામાયિક થઈ જ શકતું નથી. પરંતુ સાચા દેવ-ગુરૂની શ્રદ્ધા થઈ ગયા પછી પણ આત્માના ભાન વગર સામાયિક થતી નથી. સામાયિક એ કોઈ શરીર કે મનની ક્રિયાનું નામ નથી પણ અક્રિયાનું નામ છે. સામાયિક એટલે માત્ર હોવું, સમયમાં હોવું, આત્મામાં હોવું, વર્તમાનમાં હોવું, જ્ઞાયકભાવમાં હોવું, માત્ર જાણવું, કાંઈ કરવું નહિ એ સ્થિતિમાં સામાયિક સધાય છે. દુકાનદારમાંથી સન્યાસી બનવું સહેલું છે, પણ બધા રૂપની ભીતર જે પોતાનું સાચું રૂપ, જ્ઞાયક રૂપ છે તેને ઓળખી તેમાં સ્થિર થવું અઘરું છે. એજ ધર્મ છે, એજ સામાયિક છે અને એજ જીવ ચૂકતો આવ્યો છે. જો ખરેખર દુઃખથી મુક્ત થવું હોય તો અંતર્મુખતાની કળા શીખવી જોઈએ. સ્વયંમાં સ્થિર થવું હોય તો વર્તમાન પ્રત્યે જાગૃતિ સાધી જ્ઞાયક ભાવે રહેવું જોઈએ કે જેથી ઉપયોગ સુક્ષ્મ બની આત્મામાં પ્રવેશે. આ છે સાચું સામાયિક. સમયના ઘણા શબ્દાર્થ થાય છે. સમયનો એક અર્થ થાય છે આત્મા. એટલે આત્મામાં રહેવું તે સામાયિક. સમયનો બીજો અર્થ થાય છે કાળ એટલે વર્તમાનકાળમાં રહેવું તે સામાયિક. સમ-આયિક - સમ એટલે રાગ દ્વેષ રહિતપણું. આય એટલે તેમાં ગમન પ્રાપ્ત કરવું એટલે કે આત્માને સમતાભાવમાં રાખવો. વર્તમાનકાળ ફક્ત એક સમયનો હોય છે. એના પ્રત્યે હોશપૂર્ણ રહેવું, પરમ જાગૃત રહેવું, વર્તમાન વિષે આપણને જ્યારે ખબર પડે છે ત્યારે એ ક્યારનોય અતીત બની ચૂક્યો હોય છે. જે દિવસે આપણે એટલા બધા શાંત બની ગયા હશું કે વર્તમાન આપણી પકડમાં આવી જાય ત્યારે સાચું સામાયિક ઘટિત થશે.

**સ. ૧૯૩ તો શું અમે જે દરરોજ વ્યવહાર સામાયિક કરીએ છીએ તે છોડી દેવી ?**

**જ. ૧૯૩** ના. બિલકુલ નહિ. કદી પણ નહિ. વ્યવહાર સામાયિકનો કદી પણ નિષેધ કરવો નહિ. જીવ એમ કરતાં કરતાં ક્યારેક પ્રતિબોધ પામશે ને સાચા સામાયિકમાં પ્રવેશ પામશે. પણ જો નિષેધ કરશો તો ભવિષ્યની પેઢીને સામાયિક નામ રૂપે પણ મળશે નહિ. કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિક કરે છે તો તેને અટકાવવું નહિ. અટકશે તો ભટકી જશે. તેનાં કરતા તેનો તે વખત ઉપદેશના શ્રવણમાં કે શાસ્ત્રના અભ્યાસમાં અથવા કાઉસગ્ગમાં જાય તેમ ઉપદેશવું. સામાયિકનો નિષેધ તેના હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. અંતર્મુખ થવું એજ શુદ્ધ ક્રિયા છે તે લક્ષ કરાવવું. વ્યવહાર સામાયિકનો નિષેધ નહી ને નિશ્ચય સામાયિકનો લક્ષ છોડવો નહિ.

**સ. ૧૯૪ સામાયિકમાં અંતઃમુખતાના અભ્યાસથી આખું જીવન રૂપાંતરિત થાય ?**

**જ. ૧૯૪** હા. અંતર્મુખતાના અભ્યાસથી મૂળમાંજ રૂપાંતરણ સધાય છે. મૂળસ્ત્રોત જો અમૃતથી ભરેલો હોય તો તેમાંથી છલકતાં બિંદુઓ પણ અમૃતમય જ હોય છે. ભલે થોડા વખતનો પણ અંતર્મુખતાના આ અભ્યાસથી જીવ ને મૂળ સત્ય પકડમાં આવે છે. તેની હાલની સ્થિરતાની માત્રામાં ફરક પડી જાય છે. તેને પોતાને ધીરે ધીરે ખ્યાલ આવે છે કે જે ક્રોધ, માન, માયા, ઈર્ષ્યા, કપટ મારામાં પહેલા હતાં તે હવે નથી. તેમાં ફરક પડી ગયો છે. આ જ સાચા અર્થમાં ધર્મઘટિત થયો છે. અંતર્મુખ અભ્યાસના પરિણામે જેને સત્યનું અનુસંધાન એકવાર પણ થયું છે પછી તેનો જીવન વ્યવહાર પહેલા જેવો નથી હોતો. તેમાં ધરમૂળ પરિવર્તન આવી જાય છે. આમ ૨૪ કલાકમાં એક સામાયિકથી શરૂ કરી ધીમે ધીમે અભ્યાસ વધારીએ. તેનાથી આપણને આત્મિક આનંદની પ્રાપ્તિ થાય છે ને સામાયિકનો અભ્યાસ કરતાં કરતાં જીવ રાગ, દ્વેષ ને અજ્ઞાનથી રહિત થઈ પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરે છે. વિતરાગ અવસ્થામાં જે દશા હોય છે આંશિક રૂપે સામાયિકમાં ઉપલબ્ધ થાય છે. સામાયિક થાય તેની દશા તો અદ્‌ભુત થાય.

**સ. ૧૯૫ પુણ્યાશ્રાવકનું સામાયિક કેવું હતું ?**

**જ. ૧૯૫** પુણ્યાનું સામાયિક સમજતાં પહેલાં એક બે વાત બીજી સમજી લઈએ તો પુણ્યાનું સામાયિક સમજવામાં સરળતા થશે. જેમ તેલવાળી, ચીકણી ને ખરબચડી દીવાલ પર ધૂળના રજકણો ચોંટે તો તેને કાઢવા માટે સાબુ-પાણી-બ્રશ વગેરે જોઈએ ને ઘણી મહેનત કરવી પડે, પણ જો દીવાલની સપાટી લીસી ને સૂકી હોય તો ધૂળના રજકણો બહુ ચીપકતા નથી તથા બહુ સહેલાઈથી ખરી પડે છે. બસ તેવીજ રીતે આપણા જે આત્મ પ્રદેશો સંપૂર્ણ શરીરમાં ફેલાયેલા છે, તેમાં રાગ અને દ્વેષને કારણે કંપન ઉત્પન્ન થાય છે. અને કંપિત આત્મપ્રદેશો કર્મની રજકણોને ખેંચે છે અથવા તો ચૌદ રાજલોકમાં કર્મના દલિકો ભર્યા પડયા છે તે આત્માપર આવીને ચોંટી જાય છે. જેમ ચીકણી દીવાલ પર ધૂળના રજકણો ચોંટે છે તેમ. પરંતુ જેટલું રાગદ્વેષનું પ્રમાણ ઓછું એટલે કે રાગદ્વેષની ચીકાસ ઓછી તેટલું આત્મ પ્રદેશોનું કંપન ઓછું થશે. તેટલા કર્મના રજકણોનું ઓછું ચીપકવું થશે. જેમ સૂકી, લીસી દીવાલપર ધૂળના રજકણો ઓછા ચીપકે છે તેમ... હવે સામાયિક દરમ્યાન જેટલા ભૂત-ભવિષ્યમાં ઓછા ખેંચાશો એટલું રાગ-દ્વેષનું પ્રમાણ ઓછું થશે એટલું આત્મપ્રદેશોનું કંપન ઓછું થશે. જ્યાં દ્વંદ ખોવાઈ જાય છે ત્યાં આત્માની જ્યોતિ નિષ્કંપ બની જાય છે, ચિત્ત શાંત થાય છે. હવે ચિત્તને શાંત કરવામાં કોણ મદદ કરે છે ? ભગવાને જે અઢાર પ્રકારના પાપ બતાવ્યા છે તે પાપમાંથી જેટલા જેટલા મુક્ત થશો તેટલી તેટલી ચિત્તને શાંત, પ્રશાંત થવામાં મદદ થશે. આવા અંતર્મુખ થયેલા શાંત મનમાં જરાપણ કંપન થયું તો તે કંપનને અનુભવી શકાશે. જેમ શાંત પાણીમાં એક નાનો સરખો પથ્થર નાખો તો પણ પાણીના કંપન જોઈ શકાય છે. પણ જો પાણી શાંત ન હોય, ઘુઘવતું હોય તો તેમાં મોટા મોટાં પથ્થરા નાખો તોય તેનું કંપન અલગથી નિહાળી શકાતું નથી. પુણ્યા શ્રાવકનું જીવન ઘણા બધા પાપથી મુક્ત થઈ ગયું હતું. એણે ઘણી બધી સંપત્તિનો ત્યાગ કર્યો હતો. ને નાની સરખી ઝૂંપડીમાં સંતોષથી રહેતો હતો. બે જણને ખાવા પૂરતું રૂ ની પૂણી વેંચીને કમાઈ લેતો. જરૂરિયાત કરતાં બિલકુલ વધારે નહિ કમાવું એટલે કે પ્રરિગ્રહના પાપથી મુક્ત થઈ ગયો હતો. બે માંથી એકજણ વારાફરતી ભૂખ્યા રહીને અતિથિને જમાડતા હતા. આના પરથી ખ્યાલ આવશે કે તેનું જીવન કેટલું બધું ત્યાગમય-સાદું-સરળ ને સાત્વિક હતું. આમ અઢાર પાપ સ્થાનકમાંથી દૂર રહીને એણે એના ચિત્તની આજુબાજુ એક સુંદર વાડ

ઉભી કરી દીધી હતી. તેથી જ્યારે તે ૪૮ મિનિટ સામાયિકમાં બેસતો ત્યારે તેનું ચિત્ત સંપૂર્ણ આત્મસ્થિત અને કંપન રહિત બની જતું. ને ઉચ્ચકોટીનું સામાયિક ઘટિત થતું. એક દિવસ એના સામાયિક દરમ્યાન તેના શાંત-પ્રશાંત ચિત્તમાં કંપન પેદા થયું. ચિત્ત ડામાડોળ થયું. તેને કંપન પેદા થયેલા ચિત્તનો અનુભવ થયો. કેમ એને અનુભવ થયો ? ને કેમ આપણને અનુભવ નથી થતો ? તેજ વિચારવાનું છે. કારણકે સામાયિક દરમ્યાન તેનું ચિત્ત શાંત પાણીની જેમ, સ્થિર થતું હતું. માટે જેમ શાંત પાણીમાં નાની સરખી કાંકરી પડે તો પણ કંપન જોઈ શકાય તેમ તેના શાંત ચિત્તમાં એક નાના સરખા પાપથી જે કંપન પેદા થયા તેને તે અનુભવી શક્યો. જ્યારે આપણે એટલા બધા પાપ કરી રહ્યા છીએ કે સામાયિકમાં ચિત્ત સ્થિર થવાને બદલે ઘૂઘવતા સાગર જેવું હોય છે. તેથી આપણું અશાંત મન મોટા મોટા પાપનો પણ અનુભવ કરી શકતું નથી. પુણ્યાનું ચિત્ત જરા સરખી કંપનનો અનુભવ કરે છે ને વિચારે છે, 'આજે મારાથી એવું કયું પાપ થઈ ગયું છે કે મારૂંચિત્ત સ્થિર થતું નથી ?' જ્યારે પોતાના દ્વારા થયેલા કોઈ પાપ ધ્યાનમાં આવતા નથી ત્યારે પત્નીને પૂછે છે અને પત્ની કહે છે, 'હા, આજે પાડોશીનું એક છાણું ઘરમાં આવી ગયું છે, ને પુણ્યો વિચાર કરે છે,' અહા, અદત્તાદાન નામનું ત્રીજું પાપ મને લાગ્યું છે. મારૂં ચિત્ત સ્થિર ક્યાંથી થાય ? આપણો વિચાર કરીએ તો પાડોશીની વસ્તુ ભૂલથી આપણા ઘરમાં આવી જાય તો એ પાપ આપણને પાપ જ ન લાગે. કારણકે આપણે તો મોટા મોટા પાપને પણ છાવરી દેવામાં પાવરધા છીએ. હવે વિચાર કરો... જો આટલું નાનું પાપ પણ પુણ્યાના ચિત્તમાં કંપન પેદા કરી શકે.. સામાયિકમાં તેનું મન સ્થિર ન થાય... અને પાછો એનો અનુભવ પોતે કરી શકે... તો સામાયિક દરમ્યાન પુણ્યાનું મન કેટલું કેટલું આત્મામા સ્થિર થતું હશે ? કેટલું કેટલું વર્તમાનમાં રહેતું હશે ? તેનું મન કેટલી હદે અમનની સ્થિતિમાં પહોંચી જતું હશે ? કેવી હશે તેમની આત્મસ્થિતની સાધના ? કેટલી ઉચ્ચ કોટીનું એનું સામાયિક ઘટિત થતું હશે કે ખુદ ભગવાને એના સામાયિકના વખાણ કર્યા. રાજા શ્રેણિક પૂરેપૂરું રાજ્ય આપીને પણ, એનું એક સામાયિક ન ખરીદી શક્યો. એ સામાયિક કેવું હશે ? જ્યારે આપણા સામાયિકમાં નથી હોતી અઢાર પાપસ્થાકથી દૂર રહેવાની કોઈ સાધના કે નથી હોતી. આત્મામાં મનને સ્થિર કરવાની કોઈ સાધના... એટલે જ તો સામાયિક આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરવાની ઘટનાને બદલે એક ટેન્સન રૂપ બની ગયું છે. સામાયિક

ક્યારે પુરૂં થાય ? ત્રણ વાર ઘડિયાળમાં જોવું પડે તો એ ટેન્શન છે, સામાયિક નહીં, આજે સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરીએ કે અમને સાચું સામાયિક ઘટિત થાય, ભલે પુણ્યા જેટલું ચિત્ત સ્થિર ન કરી શકીએ પણ એના આંશિક રૂપે તો સામાયિક આપ.

**સ. ૧૯૬ સામાયિકમાં સ્વાધ્યાય કરવાનું કેમ કહ્યું છે ?**

**જ. ૧૯૬** સ્વ એટલે પોતે. પોતે એટલે આત્મા. સ્વનો અધ્યાય કરવો એટલે કે આત્માનો અભ્યાસ કરવો. આત્મામાં સ્થિર થવું તેને જ સ્વાધ્યાય કહેવાય. બાહ્ય ઘટનાનો અભ્યાસ એ અસામાયિક. અંદર ઘટતી ઘટનાનો અભ્યાસ તેજ સામાયિક, તેજ સ્વાધ્યાય. તેથી સ્વાધ્યાય કરવાનો કહ્યો છે. પરંતુ ઉતરતા કાળે લોકોની ક્ષમતા ઓછી થતી ગઈ, લોકોનો સામાયિકમાં આત્મસ્થિત રહેવાનો સ્વાધ્યાય નહિવત્ જેવો થવા લાગ્યો એટલે લોકો બીજા કશામાં ભટકી ન જાય તે માટે સામાયિક દરમ્યાન શાસ્ત્રનો અભ્યાસ કરવાનું સૂચવવામાં આવ્યું ને ધીમે ધીમે લોકો શાસ્ત્રના અભ્યાસને જ સ્વાધ્યાય માનવા લાગ્યા.

**સ. ૧૯૭ સામાયિકમાં મન-વચન-કાયાથી સ્થિર થવાનું છે તો એક બેહોશીનું ઈંજેક્શન લઈ લઈએ તો કલાક બે કલાકનું સામાયિક ન થઈ જાય ?**

**જ. ૧૯૭** સામાયિકમાં મન-વચન-કાયાને સ્થિર જરૂર કરવાના છે પણ જાગરૂકતાપૂર્વક, બેહોશીમાં નહિ. બેહોશીમાં કાયા અને વચન થોડા ઘણા અક્રિય થાય છે પણ મન નહિ. સભાનતાપૂર્વક મન-વચન-કાયાને અક્રિય બનાવી દ્રષ્ટાભાવમાં સ્થાપન કરવું એ ક્રિયાને જ સામાયિક કહેવાય. મન સતત જાગ્રત રહેશે કે એ વર્તમાનમાં જ છે ને ? પોતાનો ઉપયોગ આત્માની બહાર તો નથી ચાલ્યો ગયોને ? મન ઉપરની વોચમેનગીરી પણ મનજ કરશે અને એ ત્યારે જ કરી શકશે જ્યારે તે સભાન છે, જાગ્રત છે. નિદ્રા અવસ્થામાં કાયા પણ આંશિક રૂપે અને વાણી સ્થિર થાય છે, પણ મન નહિ, માટેજ તો નિદ્રાને તો સામાયિકના બત્રીશ દોષમાંનો એક દોષ ગણ્યો છે. શું કોઈને મોઢાપર પટ્ટી મારીને મુશ્કેટાટ બાંધી દેશું તો તેનું સામાયિક ઘટિત થઈ જશે ? બિલકુલ નહિ. કારણ એનું મન તો ભટકે છે માટે જાગરૂકતાપૂર્વકની ચિત્તની સ્થિરતા એજ સામાયિક છે, બેહોશી નહિ.

**સ. ૧૯૮ પ્રતિક્રમણમાં કેમ બોલવાનું ને ક્રિયા કરવાની હોય છે ?**

**જ. ૧૯૮**પ્રતિક્રમણ એ સામાયિકની પૂર્વભૂમિકા રૂપે છે. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પુણ્યાના સામાયિકમાં સમજાવ્યું કે જેટલા પાપથી પાછા હઠો, જેટલા પાપરહિત થાઓ એટલું તમારૂં મન આત્મામાં સ્થિર થઈ શકે. સામાયિક યોગ્ય રીતના ઘટિત થાય તે માટે પ્રતિક્રમણની ક્રિયા કરવાની છે. પ્રતિક્રમણમાં થયેલા પાપોની માફી માંગીને પવિત્ર થવાનું છે જેથી મન પાપોના બોજથી હલકું થાય છે ને સામાયિક દરમ્યાન આત્મામાં સ્થિર થઈ શકાય છે. સામાયિકની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પ્રતિક્રમણ છે, એટલે કે સામાયિકની પૂર્વભૂમિકા રૂપે હોવાથી તેમાં બોલવાની કે ક્રિયા કરવાની છૂટ આપી છે. ચોથા આરાના લોકોને આ રીતના પ્રતિક્રમણ કરવું પડતું નહતું કારણકે તેઓ એટલા સીધા ને સરળ હતા કે જે ઘડીએ કાંઈક ખોટું થયું કે તેજ ઘડીએ તેઓ પાપની અલોચના લઈ લેતા હતા એટલે કે તેઓને સમયે સમયે પ્રતિક્રમણ ઘટિત થતું હતું. જયારે આપણે પાંચમા આરાના લોકો એટલા વક્ર અને જડ છીએ કે આપણને આ રીતે પ્રતિક્રમણ કરવાનું ફરમાન છે.

**સ. ૧૯૯ આપણે પણ સામાયિક પાળતી વખતે સામાયિક દરમ્યાન લાગેલા દોષોની માફી માંગી લઈએ છીએ પછી સામાયિકમાં દોષ લાગી જાય તો વાંધો નહિને ?**

**જ. ૧૯૯**કોઈ માણસને તમે લાત મારો પછી કહો, ‘સોરી હોં ભાઈ ભૂલથી લાગી ગયું.’ બિચારો એકવાર તમને માફ કરશે. પાછી થોડીવાર રહીને લાત મારો ને સોરી કહો. આવું વારંવાર કરો સામેલો તમને કેટલીવાર માફ કરશે ? બસ - સામાયિકમાં આપણે આજ કરીએ છીએ. દોષોથી ભરેલું સામાયિક કરીએ છીએ ને પછી માફી માંગીએ છીએ. માફી માંગ્યા પછી જો દોષોને દૂર કરવામાં ન આવે, ભૂલોને સુધારવામાં ન આવે તો પછી માફી નામના શબ્દનો કોઈ મતલબ રહેતો નથી.

**સ. ૨૦૦ શું એ.સી.માં બેસીને સામાયિક થઇ શકે ?**

**જ. ૨૦૦**પંખા કે લાઈટમાં પણ ન થઈ શકે તો એ.સી. માં કેમ થઈ શકે ? એ.સી. માં બેઠા એટલે તમે કેટલા મોટા પાપમાં બેઠા એ જરા જાણી લો. એ.સી.ના ઉપયોગ દરમ્યાન જે વાયુ છૂટો પડે છે તે સીધો ઉપર જઈને ઓઝોનના પડને તોડે છે. ઓઝોન એ ઘટ્ટ ઓક્સિજન વાયુનું પડ છે, જે સૂર્ય અને પૃથ્વી વચ્ચે

આવેલું છે. સૂર્યના જલદ કિરણો તેમાંથી પસાર થઈને પૃથ્વીપર આવે છે. તેથી નરમ બને છે. તેથી જ તો આજીવસૃષ્ટિ પૃથ્વી પર જીવી શકે છે. એ.સી. ને ફ્રીઝના ઉપયોગથી આ પડમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચૂકી છે. એટલે કે જે એ.સી. ફ્રીઝનો ઉપયોગ કરે છે તે પરોક્ષ રીતે છઠ્ઠા આરાના નિર્માણમાં નિમિત્ત બને છે, કારણકે છઠ્ઠો આરો આવતા સુધીમાં એટલે કે લગભગ ૧૮,૦૦૦ વર્ષ સુધીમાં ઓઝોનનું પડ પૂરેપૂરૂં તૂટી જશે ને છઠ્ઠા આરામાં સૂર્યના સીધેસીધાં કિરણો પૃથ્વીપર આવશે. એ આગ જેવા જલદ હોવાથી ઝાડપાન કે કોઈ જીવસૃષ્ટિ બચી શકશે નહીં. માણસો દિવસ દરમ્યાન ગુફામાં ભરાઈ રહેશે ને માછલા દરિયામાં ઉંડે ચાલ્યા જશે. જે લોકો ફ્રીઝ, એ.સી. ખૂબ હોંશે હોંશે ખુશ થઈને વાપરે છે, એમણે કદાચ છઠ્ઠા આરામાં જન્મ લેવાની તૈયારી રાખવી પડે. વળી ફ્રીઝ, એ.સી. વીજળીથી ચાલે છે. વીજળીના ઉત્પાદન દરમ્યાન વાયુકાય, અગ્નિકાય ને પાણીકાયના અસંખ્ય જીવોની હિંસા થાય છે. વળી જ્યારે તમે એ.સી. વાપરો છો ત્યારે બીજાને ગરમી આપીને તમે ઠંડક લ્યો છો. મતલબ કે બીજાને દુઃખનું દાન કરીને તમે સુખ લ્યો છો... હવે તમેજ મને કહો કે આટઆટલા પાપની વચ્ચે બેઠેલા માનવીનું સામાયિક ઘટિત થાય જ કેવી રીતે ? તેનું પાપોથી ઘેરાયેલું ચિત્ત આત્મામાં સ્થિર થાય જ કેવી રીતે ?

**સ. ૨૦૧ તપ શબ્દનો અર્થ સમજાવો.**

**જ. ૨૦૧**તપ શબ્દનો અર્થછે કે ઈંદ્રિયોની જે માલિકી છે તેને દૂર થવાની આજ્ઞા આપવાનું સામર્થ્ય કેળવવું પેટ કહે કે ભૂખ લાગી છે. તમે કહો કે ભલે ભૂખ લાગી હોય, પરંતુ આજે હું ભોજન કરવા માંગતો નથી. એટલું કહેતાં જ તમે પેટથી અલગ થઈ જાવ છો. પણ મન કહે છે, ઠીક છે.. આજે ભોજનનું ચિંતન કરીશું. તમે કહો છો કે, નહિ, ભોજન જ કરવું નથી, પછી એનું ચિંતન શા માટે કરવું ? મનને ચોખ્ખી ના જ પાડી દો કે ભોજનનું ચિંતન નથી કરવાનું. તમારી ના માં તાકાત હોવી જોઈએ. તમે ભોજનનું ચિંતન કર્યું તો તમારો ઉપવાસ નિષ્ફળ ગયો. જ્યાં સુધી ચિંતન પર તમારૂં નિયંત્રણ ન હોય, મન ઉપર તમારી માલિકી ન હોય ત્યાં સુધી તમે ઉચ્ચકક્ષાનો ઉપવાસ કરી શકતા નથી. સજાગ રહીને આપણી ઈંદ્રિયોની માલિકી આપણા પર ન રહે તેનું પ્રત્યેક પળે ધ્યાન રાખવાનું છે. એટલે આપણે મનની માલિકી તરફની યાત્રાની શરૂઆત અનસન નામના પ્રથમ બાહ્યતપથી કરવાની છે. ભૌતિક શરીર સાથે તપને બહુ લેવાદેવા નથી, ખરૂં કાર્ય તો અંદર છૂપાયેલા ઉર્જા શરીર પર જ કરવાનું હોય છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે...
ઈચ્છા રોધે સંવરી, પરિણતી સમતા યોગે રે...
તપ તે તેહી જ આત્મા, વર્તે નિજગુણ ભોગે રે...
ઈચ્છાઓને રોકે, અંતરમાં અનુકૂળ મળે રાજી ન થાય અને પ્રતિકૂળ મળે ખિન્નતા કરે નહી. પોતાના સ્વભાવ સમતામાં પોતે રહે, તેજ તપ છે.

**સ. ૨૦૨ ઉપવાસમાં આપણે ભોજન તો લેતા નથી, પછી ભોજનના વિચાર કર્યા તેમાં શું બગડી ગયું ?**

**જ. ૨૦૨** ભોજન છોડવાથી ચેતના વધવી જોઈએ તેના બદલે ભોજન માટેનું ચિંતન વધી જાય તે વધારે ખતરનાક છે. ભોજન કરો તો પંદર મિનિટમાં પૂરૂં થઈ જાય. પરંતુ ચિંતન ચાલ્યા જ કરશે. કારણકે ભોજનથી જે તૃપ્તિ મળશે તે વિચારોથી મળશે નહિ. જે કામ પેટને કરવાનું છે તે કામ તમે મગજને સોંપી દો છો. તેનાથી તો ગૂંચવાડો વધવાનો છે. જ્યારે ભોજન પણ નહિ ને ભોજનનું ચિંતન પણ નહી હોય, ત્યારે જ અનસનું બાહ્યતપ સાર્થક બનશે. વળી કોઈ કાર્ય તમે શરીરથી કરો છો કે મનથી એ બે વચ્ચે મહાવીરે ભેદ કર્યો નથી. તમે ચોરી કરીકે ચોરી માટે વિચાર કર્યો, હત્યા કરી કે હત્યા માટે વિચાર કર્યો, ભોજન કર્યુંકે ભોજન માટે ચિંતન કર્યુ... મહાવીર માટે બંને બરાબર છે. મન-વચન કે કાયાથી કરેલા કાર્યમાં સરખું પાપ છે. તેમ મહાવીર કહે છે.

**સ. ૨૦૩ ભોજન છોડવાથી ચેતના કેવી રીતે વધે છે ?**

**જ. ૨૦૩** જ્યારે ભોજન શરીરમાં બિલકુલ હોતું નથી ત્યારે શરીરની બધી ઉર્જા મગજને જ મળે છે. જ્યારે શરીરની મોટાભાગની ક્રિયાઓ ભોજન વગર બંધ થઈ જાય છે. ત્યારે શરીરની ઉર્જા જે અલગ અલગ અંગોમાં વહેંચાઈ ગઈ હોય છે. તે બધી મગજને મળતાં મગજ પહેલી વાર જાગવામાં સમર્થ થઈ જાય છે. એટલી આપણી જાગૃતિ વધે છે. કદાચ મહાવીરની વધુમાં વધુ જાગૃતિનું એક કારણ આ પણ હોઈ શકે. આપણા માટે ભોજનનો એક ટૂકડો પણ આપણી ચેતનાના સ્તરને બદલી નાખે છે. એટલે જો ચેતના વધારવી હોય તો જેટલું ઓછું ભોજન શરીરમાં હશે એટલી ચેતના વધુ જાગૃત થશે.

**સ. ૨૦૪ જૈન દર્શનમાં ઉપવાસનું મહત્વ શું છે ?**

**જ. ૨૦૪** તીર્થંકરે ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે. તે માત્ર ઈંદ્રિયો ને વશ કરવા માટે. એકલા ઉપવાસ કરવાથી ઈંદ્રિયો વશ થતી નથી પણ તપની સાથે શુદ્ધ ઉપયોગ હોય, વિચાર સહિત થાય તો વશ થાય છે. ઉપવાસ કરીને બીજાની નિંદા ન કરો, ક્રોધ ન કરો, ભોજનનું ચિંતન ન કરો, લોકોમાં દેખાડો ન કરો, જે કાંઈ કર્યુ છે તેનો અહંકાર ન કરો, કોઈ તમારા પ્રત્યે ગમે તેવું વર્તન કરે તમે તે પ્રત્યે હૃદયમાં સમતા ધારણ કરો. જેમ લક્ષ વગરનું બાણ નકામું જાય છે, તેમ ઉપયોગ વિનાનો ઉપવાસ આત્માર્થે થતો નથી.

દુર્બળ દેહને માસ ઉપવાસી, જો છે માયા રંગ રે... તો પણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ રે...

**સ. ૨૦૫ અનસનાદિ તપથી નિર્જરા થાય ? (નિર્જરા એટલે કર્મ ખપવા)**

**જ. ૨૦૫** નિર્જરા તો શુદ્ધ ઉપયોગથી થાય, પરંતુ શુદ્ધ ઉપયોગ વધારવા માટે ઉપવાસાદિ તપ કરવામાં આવે છે.

**સ. ૨૦૬ તત્વાર્થ સૂત્રમાં તપસા નિર્જરા ચ એમ શા માટે કહ્યું છે ?**

**જ. ૨૦૬** જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ છે તેને જ ઉપવાસ જાણવો. જો કષાય, વિષયનો કોઈ જ ત્યાગ નથી ને ફક્ત આહારનો જ ત્યાગ છે તો શાસ્ત્ર એને લાંઘણ કહે છે. તપતો જગતમાં ઘણા કરે છે, પણ સમ્યકદ્રષ્ટિને જ સકામ નિર્જરા થાય છે. તપથી નિર્જરા થાય છે. એમ કહ્યું તે સમ્યક્જ્ઞાન સહિત તપથી સમ્યક્જ્ઞાન સહિત ના તપને જ શુદ્ધ ઉપયોગ કહેવાય. આવા શુદ્ધ ઉપયોગમાં જીવની રમણતા થતાં ઈચ્છાનો નિરોધ (અટકી જવું) થાય છે. શાસ્ત્રમાં ઈચ્છા નિરોધસ્તપ એમ કહ્યું છે. ઈચ્છાને રોકવી એનું નામ તપ છે. શુભ-અશુભ ઈચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે. ત્યાં નિર્જરા થાય છે. તેથી તપ વડે નિર્જરા કહી છે.

**સ. ૨૦૭ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે, તત્વજ્ઞાન વિના કેવળ તપથી મોક્ષ ના થાય તેનું શું કારણ ?**

**જ. ૨૦૭** કારણકે જે જીવો તત્વજ્ઞાનથી, આત્મજ્ઞાનથી વિમુખ છે. તેમની તેવા તપથી સિદ્ધિ નથી પરંતુ તત્વજ્ઞાન થતાં, રાગ આદિ ભાવો મટાડવા માટે તપ કરવાની ના નથી. જો નિષેધ હોય તો ગણધર વગેરે શા માટે તપ કરે ?

પોતાની શક્તિ અનુસાર તપ કરવું યોગ્ય છે. 'તપ વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાનું તપ' બંને અકાર્ય છે. જેનામાં જ્ઞાન અને તપ સાથે હોય તેનું કલ્યાણ થાય. એકવાર રાગને લાત મારીને અંદર વીતરાગ પર્યાયથી આત્મા જણાય ત્યાં થાય કે 'અહાહા ! આવો આત્મા !' ને ત્યાર પછી ધર્મની આત્મ કલ્યાણની શરૂઆત થાય.

**સ. ૨૦૮ ઉપવાસથી પુણ્ય બંધાય છે ને પુણ્યને તો પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે ને ?**

**જ. ૨૦૮** જો આત્માની દ્રષ્ટિ ન થઈ હોય, સમ્યક્દર્શન રહિત પુણ્ય બાંધ્યુ હોય, પુણ્ય બાંધતા અભિમાન સેવ્યું હોય, તો પુણ્યના ઉદયે ધારો કે ધનનો સંયોગ મળતાં જ અભિમાન કરશે. 'અમે અમારા બાહુબળે પૈસા કમાયા... પિતાજી પાસે તો કંઈ હતું નહિ... અમારી આવડતથી ધન કમાયા...' વગેરે મદ ચઢશે. કોઈ ધર્માત્મા ગરીબ હશે તો નિંદા કરશે. નિર્ધન હતા એટલે મુનિ થઈને ચાલી નીકળ્યા. આ રીતે વિવેક રહિત થઈને પાપ બાંધશે. કારણકે પુણ્ય ઉપાર્જન કરતાં પણ અભિમાન કર્યુ છે, માટે પુણ્ય ઉદયમાં આવતાં પણ અભિમાન કરશે. અભિમાનથી પુણ્ય બળી જાય છે. ને દુર્ગતિમાં ચાલ્યો જાય છે. માટે આત્માની દ્રષ્ટિ થયા પહેલાં, સમ્યકદર્શન રહિત, અભિમાન સહિત બંધાયેલ પુણ્ય મોક્ષનું કારણ બની શકતું નથી. માટે મુનિરાજ કહે છે અમને આવા પુણ્ય ન હજો ! પરંતુ જો આત્માની દ્રષ્ટિ થયા પછી સમ્યકદર્શન સહિત પુણ્ય બાંધ્યુ હોય તો પુણ્યમાં અભિમાન ન કર્યુ હોય તેથી તેના ફળમાં તેમને અભિમાન થતું નથી. તેથી સમ્યક્દર્શીનું પુણ્ય પરંપરાએ મોક્ષનું કારણ કીધું છે. કેમકે ભવિષ્યમાં ધર્મી પુણ્ય છોડીને, પુણ્યનો અભાવ કરીને મોક્ષ કરશે. બાકી પુણ્યથી મોક્ષ થતો નથી.

**સ. ૨૦૯ તપ કરવાથી ભૌતિક સુખતો મળે છે ને ?**

**જ. ૨૦૯** કર્મનો નાશ કરવાનું લક્ષ રાખીને તપ કરવાનો છે. સંપત્તિ, સ્ત્રી, પુત્ર ઈત્યાદિ ભૌતિક વસ્તુઓનું લક્ષ રાખીને તપ કરવાનું નથી. આવી ભૌતિક વસ્તુઓતો અનેક ભવમાં મૂકીને આવ્યા. આ ભવમાં પણ મૂકીને જવાના. તો તે નાશવંત વસ્તુઓ માટે તપ કરવાનો નિષેધ છે. મહાવીરના નિર્વાણ પછી લગભગ ૫૩૦ વર્ષે વિમાલાચાર્ય નામના આચાર્ય ભગવંત થઈ ગયા. તે લખે છે, રાવણે અઠ્ઠમ તપ કરીને જે એકાગ્રતા બહુરૂપી વિદ્યા

મેળવવા માટે રાખી તેટલો જ તપ કરી તેટલી જ એકાગ્રતા જો કર્મ નિર્જરા માટે રાખી હોત તો કર્મ ખપાવી રાવણ કેવળજ્ઞાન મેળવતે એટલી તાકાત હતી. પરંતુ તેનું લક્ષ્ય બહુરૂપી વિદ્યા હતી. તે મેળવ્યા પછી તેનો ઉપયોગ લોકોને રંજાડવામાં ને ભૌતિક સામગ્રી માટે કર્યો, જેથી તે મરીને નર્કે ગયો.

**સ. ૨૧૦ ઉપવાસ એટલે શારીરિક કસરત જ ને ?**

**જ. ૨૧૦** જો ઉપવાસ એટલે શારીરિક કસરત જ હોત તો ભગવાન કસરત જ કરવાનું ન કે'ત ? એટલી નીચી કક્ષાએ ઉપવાસને ન સરખાવાય. આપણી ઉર્જા ઉર્ધ્વગામિની બને એટલી ઉચ્ચકક્ષાએ ધારોકે ઉપવાસ ન થયા હોય તોપણ ઉપવાસનું ફળ દેવગતિ કહી શકાય. કસરતનું ફળ દેવગતિ ન કહી શકાય. ઉપવાસમાં તમે આહારનો ત્યાગ કરો છો. એટલે જ્યાં સુધી પચ્ચખાણ છે. ત્યાં સુધી તમે આ દુનિયામાં આહાર માટે થતી દરેક પ્રકારની હિંસામાંથી બહાર નીકળી ગયા. એટલે તમારા ભાગે એટલું પુણ્ય જમા થયું. શરીરને ખોરાક નહીં મળે એટલે દિવસે દિવસે બધી ઈંદ્રિય ક્ષીણ થતી જશે. પછી આંખને ટીવી - નાટક - સિનેમા જોવા નહી ગમે. કાનને સાંભળવું નહિ ગમે, જીભને બોલવું નહીં ગમે. મતલબ કે દરેક ઈંદ્રિયની કાર્યશીલતા ઓછી થશે. શરીરની અંદરના અવયવો જેવા કે જઠર, આંતરડા વગેરેનું પણ હલનચલન ઓછું થઈ જશે. મતલબ કે અમુક અંશે કાયા અને વાણી બંને અક્રિય બનશે. જે મનને અક્રિય બનાવવામાં મદદ કરશે. તેથી આત્મા થોડે અંશે નિર્મળ બનશે. આમ જે બાહ્ય દ્રષ્ટિએ દેખીને સમજી શકાય છે. તેટલા અંશે પણ ઉપવાસને ફક્ત શારીરિક કસરત સાથે તો ન જ સરખાવી શકાય.

**સ. ૨૧૧ ઉપવાસના પારણા પછી બધી ઈંદ્રિય બમણું જોર કેમ કરે છે ?**

**જ. ૨૧૧** જો કોઈ બીજ સુકાઈ ગયું હોય તો ફરી પાછું એ બીજ માટી-પાણીનો સંયોગ મળતાં પલ્લવીત થાય છે. પણ જો બીજ બળી જ ગયું હોય તો પછી ગમે તેટલું માટી કે પાણી મળે તે બીજ નવપલ્લવીત થતું નથી. બસ તેવી જ રીતે ઉપવાસ દરમ્યાન ઈંદ્રિયોની વાસના ક્ષીણ થાય છે. પણ ખતમ થઈ જતી નથી. તેથી પારણા પછી પાછા અનુકૂળ સંજોગો મળતાં વાસના ડબ્બલ જોર કરે છે. પરંતુ જે આત્મજ્ઞાની છે. સમ્યક્દર્શી છે, તે ઉપવાસ દરમ્યાન ઈંદ્રિયોની વાસનાને જ ખતમ કરવાનો ભગીરથ પ્રયત્ન કરશે. એ

ફક્ત ભોજન નહીં છોડે, ભોજનનો સ્વાદ પણ છોડશે.
આ ભોજન બહુ ભાવે, આ ન ભાવે, આ સારૂં, આ ખરાબ આવું જ જોઈએ. આમ જ જોઈએ વગેરે ચિંતન છોડીને ઉર્જાને ઉપર ઉઠાવવાનો પ્રયત્ન કરશે. આવી રીતે દરેક ઈંદ્રિયની વાસનાને જ બાળવાનો પ્રયત્ન કરશે. કાનને કર્ણપ્રિય સંગીત હશે કે કર્કશ હશે, નાકને ગમતી સુગંધ હશે કે દુર્ગંધ, આંખને ગમતું દ્રશ્ય હશે કે અણગમતું દરેકમાં સમતા કેળવવાનો પ્રયત્ન કરશે. શરીરને સુગંધીત દ્રવ્ય લગાવીને સુખ મેળવવાનો પ્રયત્ન નહિ કરે પરંતુ શરીરની પરિસ્થિતિથી ઉપર ઉઠીને આત્મા તરફ દ્રષ્ટિ સ્થિર કરશે. આમ ભલે જો દરેક ઈંદ્રિયોના વિષયો ઉપવાસ દરમ્યાન ક્ષીણ થશે પણ મનથી તે વિષયોનું ચિંતન કરીને એને બળ આપવાનું ચાલુ રહેશે તો એ વાસનાનું બીજ બળશે નહિ. અને જે ખતમ નથી થયું તે ફરી અનુકૂળ સંજોગો મળતાં ડબ્બલ જોરથી ઉછળવાની શક્યતા છે. કોઈ ખેતર ભલે સાવ ઉજ્જડ દેખાતું હોય, પરંતુ વરસાદ પડતા પાછું ઘાસ ઉગી નીકળે છે. તેથી જ્ઞાની કહે છે કે કોઈ ખેતરને બહારથી ઉજજડ દેખી તે ઉજ્જડ જ હશે તેમ વિધાન કહી શકાય નહિ... પરંતુ સતત ત્રણ ચોમાસા સુધી વરસાદ પડે તોય ઘાસનું એક તણખલુંય ન ઉગે તોજ અમે કહીએ કે આ ખેતર ઉજજડ છે. માટે જ તો શાસ્ત્રમાં કહ્યું છે કે સ્વાદનો ત્યાગ એજ ખરો તપ છે.

**સ. ૨૧૨ જો ઉપવાસથી કર્મની નિર્જરા નથી તો મહાવીરે શું કામ આટલા ઉપવાસ કર્યા ?**

**જ. ૨૧૨** ઉપવાસ એટલે પહેલું બાહ્ય તપ થયું. મહાવીરના ઉપવાસમાં બારેબાર પ્રકારના તપનો સમન્વય હતો. મહાવીરને તો છ એ છ બાહ્ય ને છ એ છ અભ્યંતર એમ બારેબાર પ્રકારના તપ એક સાથે એક જ સમયે હતા. માટે એમને કર્મની નિર્જરા હતી. આપણને એમના ફક્ત બાહ્ય તપ દેખાય છે, એની સાથે જે અભ્યંતર તપનો સમન્વય હતો તે ક્યાં દેખાય છે ? માટે જ તો આપણે ફક્ત પહેલા બાહ્ય તપમાંજ અટકી ગયા છીએ, માટે જ ભટકી ગયા છીએ. છ બાહ્ય ને છ અભ્યંતર તપ એ તો એક સિક્કાની બે બાજુ જેવા છે. તેને અલગ પાડી શકાય જ નહિ. જેમ 'શરીર' શબ્દથી શરીરના બધા જ અવયવો જેવા કે હાથ, પગ, માથું વગેરેનો એક સાથે જ બોધ થઈ જાય છે. તેમ 'તપ' શબ્દથી બારેબાર પ્રકારના તપનો એક સાથે જ બોધ થવો

જોઈએ. હા.. શરીરના અંગ-ઉપાંગોને સમજાવવા હોય તો એક પછી એક, પહેલાં માથું લો તો પછી હાથ, પછી પગ એમ સમજાવવા પડે કારણ કે ભાષાની એ મર્યાદા છે કે બધા જ અવયવ એક સાથે સમજાવી શકાય નહિ. પરંતુ જેમ માથું હોય ને, પગ ન હોય તો શરીર અધૂરૂં છે, પગ હોયને હાથ ન હોય તો શરીર અધૂરું છે તેમ એક અનસન નામનો બાહ્યતપ હોય ને બીજા તપ ન હોય તો તે તપ અધૂરો છે... અધૂરા તપથી કર્મની નિર્જરા સંભવિત નથી. મહાવીરે તો આપણને સમજાવવા માટે તપના ભેદ પાડયા છે, કારણકે એ પણ ભાષાની મર્યાદા હતી. પરંતુ આપણે તો પાંચમાં આરાના વક્ર ને જડ માણસો તેથી ફક્ત પહેલા નંબરના તપમાં અટકી ગયા. બારેબારનો સમન્વય કરવાનું બાજુ પર રહી ગયું. માટે જ ભટકી ગયા. જ્યારે બારેબાર પ્રકારના તપને બરાબર સમજશો ત્યારે તમેજ કહેશો કે હા... બારેબાર પ્રકારના તપના સમન્વય વગર કર્મની નિર્જરા ક્યાંથી થાય ?

**સ. ૨૧૩ મહાવીરે જે ક્રમથી બાર પ્રકારના તપ બતાવ્યા તે ક્રમથી પહેલું અનસન તપ બરાબર આત્મસાત થાય પછી બીજા પર જઈએને ?**

**જ. ૨૧૩**બસ, અહીં જ તો આપણે ભૂલ ખાઈ ગયા કારણકે બાકીના અગિયાર તપ વગર પહેલું તપ આત્મસાત્ થવાનું નથી ને પહેલું આત્મસાત થાય પછી બીજા પર જઈએ એમ રાહ જોઈને બેસીએ. તો કદી બીજા પર જઈ શકાશે જ નહિ. બાહ્યતપમાં જ પુરૂં જીવન સમાપ્ત થઈ જશે.

**સ. ૨૧૪ પચ્ચખાણ લઈને તપ ન થાય ને તોડી નાખીએ તો શું થાય ?**

**જ. ૨૧૪**એકવાર તમે પચ્ચખાણલો, પ્રતિજ્ઞા લો, અને તમારા સંકલ્પ ઉપર તમે દ્રઢ રહો કે તમારી 'ના' એટલે 'ના' ને 'હા એટલે 'હા'. તો તમારી ઈંદ્રિય તમારો વિરોધ નહી કરે શકે. પણ જો એકવાર સંકલ્પ લઈને તોડયો તો તમે એટલા નિર્બળ બની જશો કે એનો કોઈ હિસાબ નથી. સંકલ્પ તોડવાથી તમેજ તમારી આંખ સામે દીનહીન દેખાશો.. એકવાર સંકલ્પ કરીને તોડયા પછી જ્યારે બીજીવાર તમે કોઈ સંકલ્પ કરશો ત્યારે તમારી ઈંદ્રિય પહેલેથી જ જાણતી હશે કે તમે તમારો સંકલ્પ તોડવાના છો. પછી એના પર તમારૂં જોર નહી ચાલે કારણકે તમારી ઈંદ્રિય તમારી નબળાઈ જાણી લે છે માટે ભલે નાના સંકલ્પથી શરૂઆત કરો... પણ તોડો નહિ.

**સ. ૨૧૫ મહાવીરે તપમાં 'દમન' શબ્દ કેમ વાપર્યો છે ? દમન એટલે તો દબાવી દેવું, વૃત્તિઓને દબાવી દેવાથી તો સ્પ્રિંગની જેમ એ ડબ્બલ જોરથી ઉછળશે.**

**જ. ૨૧૫** મહાવીરે દમન શબ્દ જરૂર વાપર્યો છે, પરંતુ તે સમયમાં દમનનો અર્થ દબાવી દેવું તે નહીં પણ શાંત થઈ જવું તે થતો હતો. શાંત કરી દેવું તેમ પણ નહી... શાંત થઈ જવું... આ શાંત થઈ જવાની વાત બહુ મોટી વાત છે. 'દમ' નો એક અર્થ 'શ્વાસ' છે. શ્વાસ સાથે જીવન જોડાયેલું છે. જાગ્રતપણે શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ધ્યાનસ્થ થઈને શાંત થવાય છે. કામવાસના જાગે, ક્રોધ આવે કે વેરનો ભાવ જાગે ત્યારે જો શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત થાય તો માણસના આવેગો શાંત થઈ જાય. શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરી ધ્યાનસ્થ થવાની રીત આજે ભલે 'વિપશ્યના' કે બીજા કોઈ નામે પ્રચલિત હોય પરંતુ તેના મૂળતો મહાવીરે બતાવેલા માર્ગમાં જ પડયા છે. કાઉસગ્ગ એ પણ શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જ પ્રક્રિયા છે પરંતુ કાળે કરીને આ પદ્ધતિ આપણામાંથી લુપ્ત થઈ ગઈને આજે બીજા નામે પ્રચલિત થઈ રહી છે. ઈંદ્રિયોની વાસનાને પરાણે દબાવવાની નથી પરંતુ તેનો સ્વીકાર કરી, શાંત થવાનું છે. વાસનાઓ તરફથી ધ્યાન હટાવી લઈ, ધ્યાન સ્વયં પર કેન્દ્રિત કરી વૃત્તિઓથી ઉપર ઉઠવાનું છે. યાદ રાખો... જેના પર પણ તમે ધ્યાન આપો છો તેને તમે શક્તિ આપો છો. વાસનાને પંપાળો કે વાસના ને દબાવવા માટે વાસના સાથે લડો, ધ્યાન તો વાસના પર જ હોય છે માટે એને શક્તિ મળી જાય છે માટે વાસનાને શાંત કરવા માટે તેના પરથી ધ્યાનજ હટાવી લેવાનું છે. ધ્યાન શ્વાસ પર, સ્વયંપર, કેન્દ્રિત કરી ઉર્જાનું ઉર્ધ્વગમન કરવાનું છે. ધ્યાન હટતાની સાથે જ વૃત્તિઓ ભાગવા લાગશે, શાંત થવા લાગશે એ અર્થમાં –દમન– શબ્દ વપરાયો છે.

**સ. ૨૧૬ તપસ્વીને શાતા પુછવાનો રિવાજ કેમ છે ?**

**જ. ૨૧૬** તમે જાણતા નહી હો કે જેના પર તમે ધ્યાન આપો છો, તેને તમે શક્તિ આપો છો. તમે અનુભવ્યુ હશે કે જ્યારે તમારી તરફ લોકો ધ્યાન આપે છે ત્યારે તમે સ્વસ્થતા અનુભવો છો, અને જ્યારે તમારી તરફ કોઈ ધ્યાન ન આપે ત્યારે તમે અસ્વસ્થ બની જાઓ છો. તપસ્વીને શાતા પૂછવાનો રિવાજ એટલે પડયો છે કે એ બહાને લોકોનું ધ્યાન તપસ્વી પર કેન્દ્રિત થાય છે ને તપસ્વીને શક્તિ પ્રદાન થાય છે.

**સ. ૨૧૭ તપથી શરીર સાથેનું મારાપણું કેવી રીતે તૂટે છે ?**

**જ. ૨૧૭** શરીર સાથે આપણો જે સંબંધ છે, તે ભોજનને કારણે છે. જેટલું શરીરમાં ભોજન વધારે હશે એટલું શરીર સાથેનું તાદાત્મ્ય વધશે. શરીરમાં જ્યારે બિલકુલ ભોજન નહી હોય ત્યારે 'આ ભૌતિક શરીર એ હું નથી' એ અનુભવવું સહેલું છે. શરીર અને આત્માને જોડનારી કડી ભોજન છે, એનું ભાન થતાં શરીર સાથેનું મારાપણું તૂટતું જશે. ખરેખર તો આપણી ભીતર જે પ્રાણ શરીર છે, જે પ્રાણ ઉર્જાનું બનેલું છે, તેજ આપણે છીએ. પરંતુ ભૌતિક શરીરમાં જ પાણી જાય છે, ભોજન જાય છે, ભૌતિક શરીરને ભૂખ લાગે છે. રાત્રે સૂઈ જાય છે. સવારે ઉઠે છે, એટલે એક ભ્રમ થઈ ગયો છે કે 'આ ભૌતિક શરીર એટલે જ હું.' પરંતુ આ ભ્રમને આ તાદાત્મ્યને તોડશું તોજ તપના જગતમાં પ્રવેશ થઈ શકશે. પરંતુ ભૌતિક શરીર સાથેનું મારાપણું તોડવાનો સંકલ્પ કરવો પડશે. શરીર સાથેનું તાદાત્મ્ય પણ જન્મો જન્મનો સંકલ્પ કે 'આ શરીર જ હું' એનાથી નિર્મિત થયો છે. તેને તોડવા માટે દ્રઢ ભાવ, દ્રઢ સંકલ્પ કરવો પડશે કે 'આ ભૌતિક શરીર એ હું નથી, હું તો ઉર્જા શરીર છું, હું તો શુદ્ધાત્મા છું.' એ ભાવ દ્રઢ થતાં તપની ભૂમિકાનું સર્જન થશે. તપની પ્રક્રિયાઓ ખ્યાલમાં આવી જાય ને સંકલ્પ દ્રઢ થઈ જાય તો શરીર સાથેનું મારાપણું તૂટવાની શક્યતા છે.

**સ. ૨૧૮ છ બાહ્ય ને છ અભ્યંતર તપના નામ આપો.**

**જ. ૨૧૮** છ બાહ્ય તપ (૧) અનસન (૨) ઉણોદરી (૩) વૃત્તિ સંક્ષેપ (૪) રસત્યાગ (૫) કાયક્લેશ (૬) સંલીનતા. છ અભ્યંતર તપ - (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (સામાયિક) (૬) કાઉસગ્ગ (કાયોત્સર્ગ)

**સ. ૨૧૯ અનસન તપ અઘરૂં કે ઉણોદરી ?**

**જ. ૨૧૯** દેખીતી રીતે એમ લાગે કે અનસન તપ અઘરૂં છે, જેમાં બિલકુલ ખાવાનું જ નથી. જ્યારે ઉણોદરી સહેલું છે. જેમાં થોડું ઓછું પણ ખાવાનું તો છે ને ? પણ ના. હકીકતમાં અણસણ કરતાં ઉણોદરી અઘરૂં વ્રત છે. કેવી રીતે ? એ સમજાઉં તમને... કોઈપણ નવલકથાને બિલકુલ ન વાંચવું એ સહેલું છે. પરંતુ એકવાર વાંચવાનું શરૂ કર્યા પછી અંત વાંચ્યા વગર અટકી જવું અઘરું છે. કોઈપણ ફિલ્મ જોવીજ નહી એ સહેલું છે, પરંતુ ફિલ્મનો અંત જોયા વગર ઉઠી જવું અઘરૂં છે. બિલકુલ ન જમવું એ હજી સહેલું છે,

પરંતુ એકવાર જમવા બેઠા પછી પેટ ભરીને ખાધાવગર ઉભું થઈ જવું મુશ્કેલ છે. કોઈપણ ચીજ પોતાની ચરમ સીમા પર પહોંચે તે પહેલાં પાછા ફરી જવું અત્યંત મુશ્કેલ છે. એવે સમયે આપણે એક વિવશતા અનુભવીએ છીએ, થાય છે કે પૂરૂં થઈ જવા દો... જેમ આપણે બાળકને સહેલી વસ્તુ પહેલા શીખવીએ છીએ પછી એનાથી અઘરી.. તેવી રીતે ભગવાન મહાવીરે આપણને બાળજીવોને પ્રથમ નંબરે સહેલો પછી એનાથી અઘરો, પછી એનાથીયે અઘરો એમ બાર પ્રકારના તપ બતાવ્યા છે. એમ કરતાં ૧૧મું ને ૧૨ મું તપ સૌથી ઉત્કૃષ્ટ ને સૌથી અઘરૂં છે. તમે અનુભવથી પણ જાણ્યું હશે કે એક વખત આઠ ઉપવાસ સરળતાથી થઈ જાય છે. પરંતુ આઠ ઉપવાસના પારણા પછી આઠ દિવસ ઉણોદરી વ્રત કરવું હોય તો થઈ શકતું નથી.

**સ. ૨૨૦ ખરેખર ઉણોદરી વ્રત કેવી રીતે થાય તે સમજાવો.**

**જ. ૨૨૦** તમે ચાર રોટલી ખાતા હો ને ત્રણ ખાવ તો કાંઈ ઉણોદરી વ્રત થઈ જાય નહિ. પહેલાં તમારી વાસ્તવિક ભૂખ કેટલી છે તે શોધવું પડે. રોજની આદત પ્રમાણે, ઘડિયાળ પ્રમાણે જે ભૂખ લાગે છે તે સાચી ભૂખ નથી. કોઈ તમારી જાણ બાહર ઘડિયાળને આગળ પાછળ કરી દેશે તો પણ તેજ ઘડિયાળના ટાઈમ પ્રમાણે ભૂખ લાગશે તે માનસિક ભૂખ છે. શારીરિક ભૂખ નથી. જો એ ભૂખ પર તમે ધ્યાન નહી આપો તો તે ભૂખ શમી જશે. એમ કરતાં કરતાં એક સમય એવો આવશે કે તમારૂં આખું શરીર, રોમ રોમ પોકાર કરશે કે ભૂખ લાગી છે. તેજ સાચી ભૂખ છે. આવી સાચી ભૂખ તો બહુ મુશ્કેલીથી લાગે છે. આવી વાસ્તવિક ભૂખ ઉઘડે ત્યારે કરો ઉણોદરી. વાસ્તવિકથી થોડું ઓછું ભોજન લેવું. સંપૂર્ણ પેટ ભરવાની તૃપ્તિ થાય તે પહેલાં જ અટકી જવું તેનું નામ છે ઉણોદરી. ઉણોદરી કરવા માટે વાસ્તવિક ભૂખ શોધવી પડશે. ત્રણ ચાર દિવસના ઉપવાસથી માનસિક ભૂખની વ્યવસ્થા તૂટી જશે. પછી શારીરિક ભૂખ લાગવાની શરૂ થશે. એટલેજ કદાચ અનસન તપને પહેલો મૂક્યો હશે. ઉણોદરી તેજ કરી શકે છે જે અનસન કરી શકે છે. તમને કદાચ ખબર નહી હોય કે ઉપધાન તપ એ અનસન પરથી ઉણોદરી પર જવાની તાલિમ છે. બાકી તો ઘણા લોકો દિવસમાં બે-ત્રણ વાર ખાતા હોય, વચ્ચે ચા-નાસ્તો કરતા હોય, ગમે ત્યારે મોં માં ચટર-પટર નાખ્યા કરતા હોય ને પછી જમવા બેસે ત્યારે એકાદ - બે રોટલી ઓછી ખાઈને માની લે કે ઉણોદરી વ્રત થઈ ગયું તો

એમ કાંઈ ઉણોદરી વ્રત થાય નહિ. સાચી ભૂખ આઠ-દસ કલાકે એકવાર પણલાગી શકે છે, ત્યારે પેટ માંગે એટલું એને નહિ આપો, એના ઉણ પર રોકાઈ જાવ તે છે ઉણોદરી.

**સ. ૨૨૧ થોડી જગ્યા પેટમાં ખાલી રાખવા માટેનું રહસ્ય શું છે ?**

**જ. ૨૨૧** માનવીના મનનો નિયમ એવો છે કે જ્યારે તે ભૂખની તૃપ્તિમાં લાગેલો હોય છે ત્યારે એક સીમા તે પાર કરી દે છે. સીમા પાર કરી દીધા પછી તમારા મનના તમે માલિક રહેતા નથી. જેમકે તમે એક તપેલીમાં પાણી ગેસ પર ગરમ મૂક્યું છે. ને પાણી ૯૯ સેલ્સિયસ ડીગ્રી સુધી ગરમ થતાં સુધીમાં તમે ગેસબંધ કરી દો તો તે પાણી, પાણીજ રહેશે. પરંતુ જો તે ૧૦૦ સેલ્સિયસ ડીગ્રીએ પહોંચી ગયું તો પછી તે વરાળ બનીને જ રહેશે. ફક્ત એકજ ડીગ્રીનું અંતર ને વાત આપણા હાથમાં રહેતી નથી. બસ તેવીજ રીતે તમારી વાસ્તવિક ભૂખ કરતાં પેટ જરાક ખાલી હોય ત્યાં જ રોકાઈ જાવ તો તમે સીમાની અંદર છો. વાત તમારા હાથમાં છે. તમારા મનના તમે માલિક છો. પરંતુ જો તૃપ્તિનો પ્રયત્ન કર્યો તો અંતે તેમાંથી વિષાદ અને હતાશાજ હાથ આવે છે. તૃપ્તિનો આનંદ મળતો નથી. જ્યાં સુધી ખાઈ શકાય ત્યાં સુધી ખાઓ તો ખાવાનો સંતોષ નહી મળે. પરંતુ પરિણામે દુઃખીને પરેશાન થશો. પીડા ભોગવશો. દરેક ઈંદ્રિયને પેટ છે. તેને પણ આજ ઉણોદરીનો નિયમ લાગુ પડે છે. વળી જૈન ધર્મમાં વિજ્ઞાનનો પણ સમાવેશ થઈ જ ગયો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ૫૦ ટકા ખોરાક, ૨૫ ટકા પાણીને ૨૫ ટકા જઠર ખાલી હોય તો ખોરાકનું પાચન સારી રીતે થઈ શકે છે. ખોરાક સારી રીતના પચે તો સ્વાસ્થય સારૂં રહે. સ્વાસ્થ્ય સારૂં રહે તો ધર્મ ધ્યાન સારૂં થઈ શકે.

**સ. ૨૨૨ દરેક ઇંદ્રિયને પેટ છે, તેને પણ ઉણોદરી વ્રત લાગુ પડે છે તે કેવી રીતે ?**

**જ. ૨૨૨** પ્રત્યેક ઈંદ્રિય પોતાની ભૂખ પૂરી કરવાની માંગણી કરે છે, કાન કહે છે સંગીત સાંભળો, આંખ કહે છે સૌંદર્ય જૂઓ, હાથ કહે છે સ્પર્શ કરો. બધીજ ઈંદ્રિય પોતાનું પેટ પૂરેપૂરૂં ભરવાની માંગણી કરે છે. દરેક ઈંદ્રિયના 'ઉણ' પર રોકાઈ જવું, અટકી જવું, તે ઉણોદરી છે. તેજ ઈંદ્રિય જીતવાનો માર્ગ છે. મન જ્યારે એકદમ જોર કરે ત્યારે તે સીમાથી પાછા ફરી જવું. વાસનાની તૃપ્તિમાંને  કષાયોમાં પણ આજ નિયમ લાગુ પડે છે. જ્યારે

ક્રોધ આવ્યો હોય ત્યારે પણ એક ખાસ માત્રા સુધી તમે એને રોકી શકો છો. જ્યારે તે સીમાની બહાર ચાલ્યો ગયો પછી તે રોકાશે નહિ. પ્રગટ થઈજ જશે. હાથ ઉઠાવીને કોઈને થપ્પડ મારો તે પહેલાં એને પાછો ખેંચીલો તો તમે હાથના માલિક છો. ઈચ્છાઓના જે ગામમાં આપણે રહીએ છીએ ત્યાં આપણે પુરૂં કામ કરવાંજ લલચાઈએ છીએ. પુરૂં કર્યા પછી વિષાદ અને નિરાશાંજ બચે છે. સભાનતા પૂર્વક દરેક ઈંદ્રિયોની ભૂખ, વાસનાની ભૂખ, કષાયોની ભૂખ પૂર્ણ થયા પહેલાં તેના 'ઉણ' પર રોકાઈ જવું, અટકી જવું તે ઉણોદરી છે.

**સ. ૨૨૩ 'વૃત્તિસંક્ષેપ' તપ જરા વિસ્તારથી સમજાવો.**

**જ. ૨૨૩** વૃત્તિસંક્ષેપનો સામાન્ય અર્થ આપણે એમ કરીએ છીએ કે પરિગ્રહ ઓછો કરવો. વસ્તુઓનો ત્યાગ કરવો. પરંતુ એનાથી કાંઈ વૃત્તિસંક્ષેપ નામનો તપ સધાતો નથી. જો ફક્ત વસ્તુઓનો ત્યાગ કરવાથી જ વૃત્તિસંક્ષેપ થતો હોય તો આ તપ ખૂબ સરળ થઈ જાત. તો તો પછી આ તપને ત્રીજા સ્થાને મૂકવાની જરૂર નહતી. અનસન કરતાં ઉણોદરી અઘરૂં, ઉણોદરી કરતાં વૃત્તિસંક્ષેપ અઘરૂં છે. વૃત્તિ એટલે ઈચ્છા. આપણી વૃત્તિઓ-ઈચ્છાઓ-કામનાઓ જે ચારે બાજુ ફેલાયેલી છે, તેને આપણી અંદર, આપણા આત્મામાં, આપણી અંદર રહેલા દરેક વૃત્તિઓના કેન્દ્રમાં સંક્ષેપી લેવાની છે. બહાર ફેલાયેલી વૃત્તિઓને ઈચ્છાઓને અંદરની તરફ વાળવાની છે. કોઈ ઘટના બહાર બની રહી છે. વૃત્તિ તરત ત્યાં ભાગશે ને બહારની ઘટનાને અંદરની ઘટના બનાવી દેશે. દાત. કોઈ કાર પસાર થઈ રહી છે. આ બહારની ઘટના છે. આપણી સાથે એને કોઈ સંબંધ નથી. પરંતુ તેને જોતાની સાથે જ ચિત્તવૃત્તિ ત્યાં ભાગશે. 'આવી ગાડી મારી પાસે હોય તો કેવું સારૂં' ને બસ આ બહારની ઘટના અંદરની ઘટના બની જશે. બહારની ઘટનાને બહારજ રાખી વિવેક બુદ્ધિથી ચિત્તવૃત્તિને અંદર પાછી વાળવી એજ છે વૃત્તિસંક્ષેપ. પદાર્થોનો ત્યાગ કરવાથી તેનું મૂળ ખતમ નહી થાય. જેમકે એક વૃક્ષનું મૂળ અંદર છે, તેના ફળ, ફૂલ, પાનનો ફેલાવો બહાર છે. હવે તેના ફળ-ફૂલ-પાન કાપવાથી થોડો ટાઈમ બહાર એવું લાગશે કે વૃક્ષ સંકોચાઈ ગયું. પરંતુ મૂળ તો એટલું જ બળવાન છે, પછી બાહ્ય કેટલીપણ વસ્તુઓનો ત્યાગ કરો ને બાહ્યદ્રષ્ટિએ કદાચ ખૂબ ત્યાગી પણ લાગશે, પરંતુ વૃત્તિઓ ભીતર તરફ પાછી નથી વળી ત્યાં સુધી 'વૃત્તિસંક્ષેપ' તપ થશે નહિ. જેવી વૃત્તિઓ સંકોચાઈ કે ત્યાગ આપોઆપ થઈ જશે, કરવો પડશે નહિ. પરિગ્રહ આપોઆપ ઓછો થઈ જશે, કરવો પડશે નહિ.

**સ. ૨૨૪ વૃત્તિઓ કેવી રીતે સંક્ષેપ પામે ?**

**જ. ૨૨૪** વૃત્તિઓ મનને ઘેરી રાખે છે. કારણકે જે મનના કામ નથી તે પણ આપણે મન દ્વારા કરીએ છીએ. ભોજન મનથી કરીએ છીએ, કપડાં મનથી પહેરીએ છીએ, કાર મનથી ચલાવીએ છીએ, ઓફિસ મનથી જઈએ છીએ. બધાં કામ મનથી લેવાય છે માટે બુદ્ધિ નિર્બળ બની જાય છે. તેથી બુદ્ધિ પોતાનું કામ કરી શકતી નથી. બુદ્ધિનું કામ છે અનુભવમાંથી શીખવાનું કે 'જે વસ્તુમાંથી જે સુખ મળશે એમ ધાર્યું હતું તે ખરેખર મળ્યું કે નહિ. જો સુખ ન મળ્યું હોય તો એ અનુભવને યાદ રાખી ફરીથી એ વસ્તુની ઈચ્છા ન કરવી જોઈએ' પ્રત્યેક વૃત્તિનો એની શુદ્ધતામાં અનુભવ થઈ જાય અને સ્પષ્ટ થઈ જાય કે વૃત્તિઓ ને વાસનાઓમાંથી દુઃખ જ મળે છે. આપણી બુદ્ધિ આ અનુભવનો સંગ્રહ કરે... બુદ્ધિના એક એક રૂંવાટામાં આ અનુભવ સમાઈ જાય. તો આપણી ભીતરની વૃત્તિઓથી ઉપર આપણી પ્રજ્ઞાને બુદ્ધિમતા ઉઠશે. જેમ જેમ બુદ્ધિમતા ઉપર ઉઠશે, તેમ તેમ વૃત્તિઓ સંકોચાઈને નષ્ટ થશે. ઈચ્છાઓને સમભાવ પૂર્વક રોકવાથી વૃત્તિઓનો સંસાર ઓછો થઈ જશે. વૃત્તિઓ હંમેશા બર્હિમુખ રહે છે, કારણકે આપણે જે છીએ ને આપણી પાસે જે છે તેનાથી આપણે રાજી નથી. કંઈક વધુ જોઈએ છે, કંઈક વધુ થવુ છે આવી વૃત્તિને કારણેજ આપણે દુઃખી છીએ. 'પરથી મને સુખદુઃખ નથી' એવી સમજણ પ્રાપ્ત થાય તોજ દર્શન સમ્યક્ બને, જે છે તેને માટે સ્વીકારભાવ કેળવાય તોજ વૃત્તિ અંદર તરફ વળે. હું જે પરિસ્થિતિમાં છું, મને ધન વગેરે જે કાંઈ પદાર્થ મળ્યા છે, જેવું પણ શરીર મળ્યું છે, જેવા પણ સગાસંબંધી મળ્યા છે, જે કાંઈ બની રહ્યું છે, જે છે તે મને સ્વીકાર્ય છે– આવો ભાવ રહે તો ફરીયાદની કે ફેરફાર કરવાની વૃત્તિજ ન રહે. તોજ આકાંક્ષાઓ કે ઈચ્છાઓ ન જાગે. કારણકે ઈચ્છા એટલેજ વર્તમાનનો અસ્વીકાર. ગમે તેટલો સ્વાધ્યાય કે શાસ્ત્રાભ્યાસ કરશો પણ જો સ્વીકારભાવનો અભ્યાસ નહી હોય તો દુઃખ ઓછું નહી થાય. આત્માનો રસ પ્રાપ્ત નહી થાય. આત્મા સિવાય જે જે પદાર્થો છે તે પ્રત્યેથી ઉપયોગ પાછો વાળવો, તે ઉપયોગને અંતર્મુખ કરવો, ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તેજ વૃત્તિસંક્ષેપ છે. સંસારનું ક્ષણભંગુરપણું, અનિત્યપણું, અસારપણું, અસરણપણું જાણી પરપદાર્થમાંથી વૃત્તિને પાછી વાળી, ચૈતન્યસ્વરૂપ આત્મામાં રમણતા કરવાનો અભ્યાસ કરવાથી વૃત્તિસંક્ષેપ પામે છે.

**સ. ૨૨૫ ચોથા નંબરનો બાહ્યતપ રસત્યાગ એટલે ક્યારેક ખટાશ છોડો, ક્યારેક મીઠાશ છોડો, ક્યારેક ઘી છોડો એમજને ?**

**જ. ૨૨૫** ભગવાને જે અર્થમાં રસત્યાગ શબ્દ વાપર્યો છે તેનો આવો સ્થૂળ અર્થ નથી. રસ કે સ્વાદ વસ્તુમાં છે કે આપણી જીભમાં ? કે જીભની પાછળ એનો અનુભવ કરનાર મનમાં ? કે પછી મનની સાથે ચેતનાનું જે ઐક્યપણું થઈ ગયું છે તેમાં ? વસ્તુતો નિમિત્તમાત્ર છે. રસ કે સ્વાદ લેનારી આપણી ઈંદ્રિય કામ ના કરતી હોય તો સ્વાદનો અનુભવ કેવી રીતના લેશો ? પણ વાત એટલેથી અટકતી નથી. વાત એટલીજ હોય તો જીભને ઈંજેકશન આપીને સંવેદન હીન બનાવી દઈએ તો રસત્યાગ નામનો તપ ઘટિત થઈ જાય ? પણ ના. એમ કરવાથી રસ લેવાની મનની આકાંક્ષા મટી જતી નથી. આંખ ફૂટી જાય તો પણ રૂપ જોવાની ઈચ્છા મટી નથી જતી તો શું મનને મારી શકાય ? પણ મનનો નિયમ ઉલટો છે. કોઈ ચીજ ન કરવાનું કહીએ તો મન તે ચીજ વધારે માંગે છે. એટલે મનને દબાવવાની, સમજાવવાની, ભૂલાવવાની કોઈપણ વ્યવસ્થા રસપરિત્યાગ બની શકતી નથી. પરંતુ જો મન અને ચેતના વચ્ચેનો સંબંધ તૂટી જાય તોજ રસત્યાગ થઈ શકે. કેમકે જો ચેતનાનો સહયોગ હોય તો જ મન રસ લઈ શકે છે. કોઈ માણસને ફાંસી લાગવાની તૈયારી છે તે સમયે તેને ગમે તેટલી ભાવતી વસ્તુ આપો છતાં પણ તેમાં તેને રસ પડશે નહી. કારણકે તેનો મન અને ચેતના વચ્ચેનો સંબંધ તૂટી રહ્યો છે. રસત્યાગ મન અને ચેતના વચ્ચેનું ઐક્યપણું તૂટવાથી થશે.

**સ. ૨૨૬ મન અને ચેતના વચ્ચેનું ઐક્યપણું કેવી રીતે તોડવું ?**

**જ. ૨૨૬** મન પ્રતિ સાક્ષીભાવ પેદા કરો. ભોજન લેવાઈ રહ્યું છે. સ્વાદ આવી રહ્યો છે, ભીતરમાં આ આખી પ્રક્રિયા સાક્ષી બનીને જોતા રહો. જાણે કે સ્વાદ લેનાર અલગ છે ને તમે અલગ છો. આવો સાક્ષીભાવ પ્રગાઢ બને તો અચાનક તમને ખ્યાલ આવશે કે ઈંદ્રિયો એજ છે ? વાનગીઓ પણ એજ છે, મન પણ એજ છે. પરંતુ જે રસનું આકર્ષણ હતું, ફરી ફરી એ રસ લેવાની ઈચ્છા થતી હતી, તે આકાંક્ષા જ નથી રહી. તમે કહેશો કે 'જીભ કહે છે કે ભોજન સ્વાદિષ્ટ છે પણ હું સ્વાદથી અલગ છું, રસ અનુભવ વચ્ચે હું સાક્ષી છું' એકવાર આ રીતે દ્રષ્ટા સાથે સંબંધ બંધાઈ જાય, તો મન સાથેનો સંબંધ શિથિલ થઈ જાય. ત્યારે તમને ખ્યાલ આવશે કે બધા રસ શાંત થઈ ગયા, રસ ત્યાગ થઈ ગયો. રસત્યાગ કરવાનો આ એકજ રસ્તો

છે. સાક્ષીભાવ. બહારની વસ્તુ છોડવાથી શરૂ કરીશું તો એ વસ્તુઓ છૂટશે પરંતુ એમાં રસ છે તે કાયમ રહેશે. પરંતુ જો આપણે આપણી જાતને બહારના પદાર્થો જોડે જોડતાં અટકાવીએ અને મનને એ પદાર્થ સાથે જોડાઈને રસનો અનુભવ કરતી વખતે આપણે અલગ રહી તેના સાક્ષી બની જઈએ, દ્રષ્ટા બની જઈએ તોજ 'રસત્યાગ' ઘટિત થાય છે.

**સ. ૨૨૭ પાંચમું બાહ્યતપ કાયક્લેશ એટલે કાયાને કષ્ટ આપવું ?**

**જ. ૨૨૭** કાયાને કષ્ટ આપવું એતો એનો ફક્ત શબ્દાર્થ છે. ગૂઢાર્થ અલગ છે. ફક્ત શબ્દાર્થથી તપની સાધના થઈ જતી નથી. શું પોતાના શરીર પર કોરડા ફટનારનારનો 'કાયકલેશ' નામનો તપ થઈ જશે ? કાયા તો ક્લેશ છેજ. શરીરે ક્યારેય સુખ આપ્યું નથી, આપણે માત્ર એવું માન્યુ છે કે એ સુખ આપે છે. આપણે હંમેશા બહિર્મુખી જ જીવીએ છીએ. એટલે કે બેહોશીમાં જીવીએ છીએ. એટલે કાયાના દુઃખની આપણને ખબર ન પડે. ધ્યાનમાં ઉંડા ઉતરવાથી આ ભ્રમ તૂટે છે. ધ્યાનમાં જાગરણ સધાતા બધા દુઃખ પ્રગાઢ થઈને ભોંકાશે. ત્યારે સંપૂર્ણ સમતાભાવે એને સ્વીકારવાથી કાયક્લેશની સાધના થાય છે. તે સાધનાથી જ દુઃખમાંથી મુક્તિ થાય છે. ભગવાન કહે છે કે તમે દુઃખ નથી વધારી શકતા કે નથી ઘટાડી શકતા જે છે એનો તમે ઈચ્છો તો સ્વીકાર કરો ન ઈચ્છો તો અસ્વીકાર કરો. ત્રીજો કોઈ વિકલ્પ તમારા હાથમાં નથી. સ્વીકારથી દુઃખ શૂન્ય થશે, અસ્વીકારથી દુઃખ વધશે. કાયક્લેશનો અર્થ છે પૂર્ણ સ્વીકૃતિ. જે છે તેની, જેવું છે તેવી સ્વીકૃતિ. કાયક્લેશ એટલે કાયાને કષ્ટ આપવું એમ નહિ, કાયામાં જે કાંઈપણ કષ્ટનો તમને અનુભવ થાય તેનો શાંત પણે સ્વીકાર કરવો, સમતાપૂર્વક સહન કરવું.

**સ. ૨૨૮ છઠ્ઠો બાહ્યતપ 'સંલીનતા' વિસ્તારથી સમજાવો.**

**જ. ૨૨૮** સામાન્ય અર્થ એવો થાય કે, હાથ, પગ, શરીર, સંકોચી રાખવું. શરીરના અંગોને કારણ વગર હલાવવા નહિ. પરંતુ આટલા સ્થૂળ અર્થથી સંલીનતા જેવું ગૂઢ તપ સધાતું નથી. સંલીનનો અર્થ છે પોતાનામાં લીન થવું. પોતાનામાં જ સંપૂર્ણ પણે લીન. જેની બહારની બાજુ કોઈ ગતિ નથી. ગતિ તો હંમેશા બીજા તરફ જવા માટે જ કરવી પડે છે. પોતાનામાં જવા માટે કોઈ ગતિની જરૂર નથી. આપણે પોતાની પાસેજ તો છીએ. આમ અક્રિયતા, અગતિ, અચલતા આવી જશે. શરીર અને મન સ્થિર થઈ જશે.

પોતાનામાં એટલા લીન થઈ જાઓ કે બીજું કાંઈ બચે નહિ. તો સંલીનતા સધાશે. જ્યારે પહેલાં અંદરની ચેતના કંપાયમાન થાય છે ત્યારેજ શરીર પર હલનચલન વર્તાય છે. હજી એવું બની શકે કે કોઈ પોતાના શરીરને સંલીન કરી બેસી જાય, એક આંગળી પણ ન હલે એ રીતે પછી ભલે ભીતરમાં તોફાન ચાલતું હોય પણ તેથી સંલીનતા કયાં ? જ્યારે ભીતરમાં એટલું બધું શાંત થઈ જાય કે કોઈ તરંગ કે કંપન શરીર પર ન દેખાય ત્યારે ખરેખર સંલીનતા સધાય છે. પ્રથમ પાંચેય તપ શરીરની શક્તિના સંરક્ષણ માટે છે. આ છઠ્ઠો બાહ્યતપ સંરક્ષિત શક્તિને ભીતર વાળવા માટેનો છે.

**સ. ૨૨૯ ભીતરમાં જવા માટે શું કરવું પડશે ?**

**જ. ૨૨૯** ભીતરમાં જવા માટે એવી ચીજોમાં રસ લેવો પડશે કે જેમાં સંલીનતા સ્વાભાવિક છે. ક્રોધ બહાર લઈ જાય છે, કરૂણા અંદર, શત્રુતા બહાર લઈ જાય છે. મિત્રતા અંદર, શાંતિના ભાવમાં, આખા જગત પ્રત્યે કરૂણાના ભાવમાં સંલીનતા સ્વાભાવિક છે. આ ભાવોમાં સ્થિર થવાથી અંદરની યાત્રા શરૂ થાય છે. આપણા મનની બહાર જવાની પ્રત્યેક ક્રિયા પર જાગૃતિથી પહેરો રાખો. મન જ્યાં પણ જાય છે, તેના પર હોશપૂર્વક વિચારો કે આ કેટલું યથાર્થ છે ? મનની ગતિ વિધિ પર નજર રાખશો તો એક પછી એક વ્યર્થ ક્રિયાઓ છૂટી જશે. ને જીવનને માટે અનિવાર્ય હશે તેટલી ક્રિયાઓ ટકી રહેશે. નકામી ક્રિયાઓ બંધ થવાથી શક્તિનો વ્યય થતો અટકશે. શરીર ધીમે ધીમે સંલીન થતું જશે. તમે એવી રીતે બેસશો કે જાણએ પોતાનામાં સ્થિર થઈ ગયા. મનની જે આદત છે બહાર ભાગી જવાની તેના પ્રત્યે જાગૃત થઈ જવાની જરૂર છે. જે દિવસે શરીર અને મન બંને પ્રત્યે જાગૃત થઈ જવાશે. ત્યારે મન ધીમે ધીમે બહાર જવામાં રસ ગુમાવી દેશે ત્યારે ભીતરમાં જઈ શકાશે.

**સ. ૨૩૦ ઉર્જા એટલે શું ? એનું ઉર્ધ્વગમન કેવી રીતે થાય ?**

**જ. ૨૩૦** ઉર્જા એટલે એનર્જી, અગ્નિ, પ્રાણશક્તિ. આપણી ઉર્જા આપણા સંકલ્પ બળથી હટે છે, ઘટે છે, આગળ, પાછળ, ઉપર નીચે ખસે છે. તમે કામવાસનાથી ઘેરાયેલા હો ત્યારે એ ઉર્જા નીચે તરફ વહે છે, જ્યારે તમે આત્માની શોધમાં હો ત્યારે એ ઉર્જા ઉપર તરફ (ઉર્ધ્વગમન) વહે છે, જે ચીજ પર આપણે ધ્યાન આપીએ છીએ ત્યાં શક્તિનો સંગ્રહ થાય છે. આપણું ધ્યાન આપણા હાથમાં છે, જેના પર ધ્યાન આપવા માંગીએ તેના

પર આપી શકીએ. જ્યારે આપણું ધ્યાન કોઈ વૃત્તિને કેવી રીતે નાશ કરૂં તેના પર હોય છે. એટલે કે વૃત્તિ પર હોય છે. ત્યારે તે વૃત્તિને આપણા ધ્યાનથી શક્તિ મળી જાય છે ને વૃત્તિ વધારે જોર કરે છે. પરંતુ જો આપણું ધ્યાન આપણા સ્વયં પર હોય કે, હું આ વૃત્તિની ઉપર કેવી રીતે ઉઠું. તો ધ્યાન આપણા સ્વયં પર હોવાથી સ્વયંને શક્તિ મળશે ને સ્વયંનું ઉર્ધ્વગમન થશે. વૃત્તિ પર ધ્યાન આપવું એટલે ધ્યાનનું બહિર્મુખ હોવું. સ્વયંપર ધ્યાન આપવું એટલે કે ધ્યાનનું અંતઃમુખ હોવું. જે વૃત્તિને તમારે શક્તિશાળી ન બનવા દેવી હોય તેના પર ધ્યાન જ ન આપો. ધ્યાનને ત્યાંથી હટાવી કયાંક બીજે આપો એનું ઉર્ધ્વગમન કરો. સૌથી નીચેના કામકેન્દ્ર સાથે આપણે પ્રાકૃતિક રીતે જોડાયેલા છીએ. સૌથી ઉપર મસ્તકમાં શિખા સ્થાને આવેલું સહસ્ત્રારચક્ર આપણું સૌથી ઉંચુ કેન્દ્ર છે. ત્યાં આપણે પરમાત્મા સાથે જોડાયેલા છીએ. ત્યાં આપણને પરમાત્માની શક્તિ મળે છે. ત્યાં આપણે દિવ્યતા, ભવ્યતા, ભગવત્તા સાથે જોડાયેલા છીએ. જેવું ધ્યાન સહસ્ત્રાર પર પાછું ફેરવીએ છીએ તેવું સહસ્ત્રાર સક્રિય બને છે. આમ ધ્યાનનું પરિવર્તન કરવાથી ઉર્જા શક્તિનું ઉર્ધ્વગમન થવા લાગે છે. તપ દરમ્યાન ભોજન પચાવવાનું કામ ન કરવાનું હોવાથી તે ઉર્જા બચે છે. શરીરના અવયવોનું હલનચલન પણ ઓછું થવાથી શક્તિ બચે છે. આ શક્તિને નીચેની તરફ ધકેલવાનો આપણો જનમો જનમનો અભ્યાસ છે. નિગોદમાંથી નિકળ્યા ત્યારથી આજ સંસ્કાર છે. સૌથી નીચેના મૂલાધાર ચક્રને સૌથી ઉપરના સહસ્ત્રાર ચક્ર વચ્ચે બીજા પાંચ ચક્રો આવેલા છે. જો આ સંગ્રહિત શક્તિને ધ્યાનમાં રૂપાંતર કરી ઉપરના નવા કેન્દ્રો પર લઈ જાઓ એટલે કે નવા કેન્દ્રો પર ધ્યાન કેન્દ્રિત કરો તો તે ચક્ર જાગૃત થશે. જે તરફ તમારૂં ધ્યાન હશે તે તરફ આ બચેલી શક્તિ દોડી જશે. શક્તિને ખબર નથી ક્યાં જવાનું છે. તમારૂં ધ્યાન એ શક્તિને દિશા સૂચન કરે છે. એ મુજબ એ શક્તિએ દિશામાં ગતિ કરે છે. જેવું ધ્યાન મૂલાધાર ચક્ર છોડીને ઉપર બીજા ચક્રો તરફ જવાનું ચાલુ થયું કે નવા કેન્દ્રો શક્તિશાળી બનશે ને જૂના કેન્દ્ર પરથી મુક્ત થશે. આમ જે સાત ચક્રોની માળા જે આપણા ઉર્જા શરીરના કેન્દ્રો છે. તેનું સહસ્ત્રાર ચક્ર સૌથી ઉપરનો મેરૂ છે. જેમ નવકારવાળીમાં હોય છે તેમ આપણી શક્તિ જે તપ દરમ્યાન ઉર્જાશક્તિ પેદા થાય છે તેને ઉપર ઉપરના ચક્રમાં ધ્યાન કેન્દ્રિત કરવાથી શક્તિનું ઉપર તરફ વહન થાય છે. તે ઉર્જા શક્તિનું ઉર્ધ્વગમન છે. ઉર્જા એટલે અગ્નિનો સહજ સ્વભાવ જ ઉપર જવાનો છે. તેને નીચે લઈ

જવા મહેનત કરવી પડે. પરંતુ આપણો અગ્નિને નીચે લઈ જવાનો અભ્યાસ એટલો લાંબો છે, જનમોજનમનો છે કે નીચે લઈ જવાનું મુશ્કેલ છે તે આપણને સહેલું લાગે છે ને જે ઉપર લઈ જવાનું સહેલું છે તે અઘરૂં લાગે છે. ભોજન મળતાં શરીરમાં રસ પેદા થશે ને કામકેન્દ્ર સક્રિય બનશે. પાછું ધ્યાન કામકેન્દ્ર તરફ દોડવા લાગશે. માટે તપ દરમ્યાન ઉર્જાના ઉર્ધ્વગમનનો અભ્યાસ કરવો સહેલો છે.

**સ. ૨૩૧ ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવાય ?**

**જ. ૨૩૧**જે સંસાર પરિભ્રમણથી છોડાવી ઉત્તમ સુખમાં ધરી રાખે તે ધર્મ. પરભાવ વડે કરીને આત્માને દુર્ગતિમાં જવું પડે છે. તે ન જવા દેતાં સ્વભાવમાં ધરી રાખે તે ધર્મ. આત્મ પરિણામની સહજરૂપે પરિણતી થવી તે ધર્મ. પોતાના આત્માનીજ અહિંસા તે ધર્મ. સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર તે ધર્મ.

ક્રોધ, માન, માયા, લોભ, દેહાત્મબુદ્ધિ તે કાંઈ આત્માનો સ્વભાવ નથી. પરંતુ અત્યારે આપણા આત્માનું પરિણમન વિભાવમાં ન જવા દેતાં સ્વભાવમાં પકડી રાખે તે ધર્મ છે. ઉત્તમ પ્રકારની ક્ષમા, માન-માયા લોભનો અભાવ, સત્ય, સંતોષ, શરીરમાં આશક્તિ ન રાખવી. મન અને ઈંદ્રિયો પર વિજય, છકાય જીવો પર દયા, ઈચ્છાનો નિરોધ કરી ઉત્તમ તપ કરવું, જ્ઞાનદાન-અભયદાન દેવું, સર્વથી મમતા છોડીને એકાકી સ્વરૂપને જ પોતાનું માનવું, ઉત્તમ બ્રહ્મચર્ય એ લક્ષણરૂપ ધર્મના દસ પ્રકાર છે. જીવરક્ષારૂપ અહિંસા પણ ધર્મનો પ્રકાર છે. નિશ્ચયથી સાધવામાં આવે તો ધર્મનો એકજ પ્રકાર છે. અને તે છે શુદ્ધાત્માનો અનુભવ એટલે કે સમ્યક્‌દર્શન. તેના વિનાની ક્રિયાઓ એકડા વિનાના મીંડા છે. ધાર્મિક ક્રિયા કરવા છતાં કષાય તેમજ મિથ્યાત્વ મંદ ન થાય તો ધર્મ પરિણમન થયો ન કહેવાય. ધર્મ એટલે આંતરિક ક્રાંતિ. આમૂલ પરિવર્તન પોતાનો વિકાસ. ગમે તેટલા વ્રત, નિયમ કે તપ કરે તો પણ નાનપણથી છેક નનામી કાઢે ત્યાં સુધી કષાયો એવાને એવાજ હોય, જરાપણ પાતળા ન પડયા હોય તો ધર્મ થયો ના કહેવાય. ધર્મ પૂરેપૂરો પરિણામ પામે ત્યારે પોતેજ ધર્મસ્વરૂપ બની જાય. કેટલા સામાયિક - પ્રતિક્રમણ કર્યા ? કેટલો તપ ? કેટલો ત્યાગ ? કેટલો સંયમ ? આ બધાની ગણત્રી એ ધર્મ નથી. આ બધું તો ધર્મ કરવાનું સાધન છે. સાધ્ય તો આત્મા છે. ભગવાનનું શાસન કહે છે. તપ-ત્યાગ-સંયમ બધુંજ કરો પણ આત્માનો ભાવ ન બદલો તો કાંઈ કામ ન થાય. આટલું કષ્ટ વેઠતાં છતાં જો અંદર ઉંડે ઉંડે પણ એ ભાવ પડેલો છે કે 'અનુકૂળતા જોઈએ, પ્રતિકૂળતા ન જોઈએ' તો ફક્ત ચણાના ફોતરા જેટલું

જ કામ થાય. ધર્મે તો મનોભાવને તોળી તોળીને ફળ બતાવ્યું છે. બાહ્ય ક્રિયા એ સાધન છે, આત્મ પરિણતિએ સાધ્ય છે. સાધ્ય માટે સાધન જરૂરી છે પણ સાધનમાંજ અટકી ગયા, સાધનનેજ સાધ્ય માની લીધું તો ધર્મની પરિણતિ કેવી રીતે થશે ? ક્રોધાદિમાં આત્માનું પરિણમન થવા દેવું તે પોતાના જ આત્માની હિંસા છે. ચિંતન દ્વારા, દ્રઢ સંકલ્પ દ્વારા તે ન થવા દેવું, કષાયોથી આત્માનો છૂંદેછૂંદો થતાં એને બચાવવો તે પોતાનાજ આત્માની અહિંસા છે, તે ધર્મ છે. અનાદિકાળથી એટલે કે નિગોદમાં હતા ત્યારથી અહીં સુધી પહોંચ્યા ત્યાં સુધીમાં આપણા જીવે જે કાંઈ જાણ્યું છે તે બધુંય અજ્ઞાનજ છે. તેનું વિસ્મરણ કરવું. તેની જગ્યાએ યથાર્થ જ્ઞાનને સ્થાપિત કરવાનો પુરૂષાર્થ કરવો તે ધર્મ છે. આજસુધી તો ‘આ દેહ તે જ હું’ એમ માનીને જીવે મન સાથે ભળીને બેજ કાર્ય કર્યા છે. નવાકર્મનો કર્તા અને જૂના કર્મોનો ભોક્તા. બસ આ સાયકલ ચાલ્યાજ કરે છે. આ સાયકલને તોડવીને આત્માનું આત્માકારે પરિણમન થવું તે ધર્મ છે.

છૂટે દેહાધ્યાસતો... નહિ કર્તા તું કર્મ
નહિ ભોક્તા તું દેહનો... એજ ધર્મનો મર્મ.

**સ. ૨૩૨ જૈન ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું ?**

**જ. ૨૩૨** જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી. તેતો આત્મ ધર્મ છે. જૈન ધર્મતો રાગ-દ્વેષ-અજ્ઞાનને જીતનાર આત્મ સ્વભાવ છે. અજ્ઞાનનો અભાવ થતાં અને થોડે ઘણે અંશે રાગદ્વેષનો અભાવ થતાં જૈનપણાની શરૂઆત થાય છે. જેટલે જેટલે અંશે રાગદ્વેષનો અભાવ થાય તેટલે અંશે જૈનપણું વધતું જાય છે. રાગદ્વેષનો પૂર્ણ અભાવ થતાં, કેવળજ્ઞાન થતાં, પૂર્ણ જૈન પણું પ્રગટ થાય છે. પરિણમતા રાગથી ભિન્ન થઈ જિનસ્વરૂપ આત્માનો અનુભવ કરે તે જૈન. જિનપણું ને જૈનપણું બંને અંદર આત્મામાં વસે છે. આત્મા સ્વભાવથીજ જ્ઞાન-આનંદના સામર્થ્યથી ભરેલો છે. તેનો આશ્રય લેતાં હૃદયમાં જૈન ધર્મ, વિતરાગ દશા પ્રગટ થાય છે.

‘ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન
મત મદિરા કે પાનસે, મતવાલા સમઝે ન કાંઈ’

વસ્તુતઃ એ સહજસુખ આત્મામાંજ છે. આત્મામાં રમણ કરવાથી તે પ્રાપ્ત થાય છે. ભૂત અને વર્તમાનમાં જે જે મહાત્મા થયા, એમણે એજ ગુપ્ત આધ્યાત્મ વિદ્યાનો અનુભવ કર્યો છે. અને એનોજ ઉપદેશ કર્યો છે. તેનેજ અવ્યક્તવ્ય કહો, સમ્યક્દર્શન જ્ઞાન કહો. ધર્મ-શુક્લ ધ્યાન કહો કે સહજ

સુખ સાધના કહો. સર્વનો આ એકજ અર્થ છે. નિશ્ચય ચારિત્ર ધર્મ છે. જે સમભાવ છે તેનેજ ધર્મ કહ્યો છે.

'ત્રણ અક્ષરને ઓળખો, બે ગુરૂ લઘુ એક...
સીધી લેતા મોક્ષ છે, ઉલટી દુર્ગતિ દેત.'

આ ત્રણ અક્ષર છે - સમતા. જો શબ્દને સીધો વાંચો 'સમતા' તો સમતાથી મોક્ષ છે. તેનેજ ઉંધેથી વાંચો 'તામસ' તો તામસ એટલે ક્રોધથી દુર્ગતિ છે. જ્યાં સુધી મૃષા (જૂઠ) અને પરસ્ત્રી ગમનનો ત્યાગ કરવામાં આવે નહી, ત્યાં સુધી આત્મામાં છળકપટ હોવાથી ધર્મ પરિણમતો નથી. ધર્મતત્વના સર્વજ્ઞ ભગવાને બે ભેદ કહ્યા છે. (૧) વ્યવહાર ધર્મ (૨) નિશ્ચય ધર્મ. વ્યવહાર ધર્મમાં દયા મુખ્ય છે. ચાર મહાવ્રતો પણ દયાની રક્ષા માટે છે. આત્માને આત્માભાવે ઓળખવો, પોતાના સ્વરૂપની ભ્રમણા ટાળવી, આ સંસાર તે મારો નથી, હું એથી ભિન્ન પરમ અસંગ સિદ્ધ જેવો શુદ્ધાત્મા છું. એવી આત્મસ્વભાવમાં વર્તના તે 'નિશ્ચય' ધર્મ છે. આનંદ ધનજી મહારાજ કહે છે, 'નિશ્ચયની અપેક્ષા વિનાનો વ્યવહાર ધર્મ સંસારરૂપી ફળ આપનારો છે. વ્યવહાર ધર્મ જ્યારે નિશ્ચયધર્મને સાપેક્ષ બને ત્યારે મોક્ષ અપાવી શકે' ધર્મ આત્મામાં છે, આત્માનો છે, આત્મા માટે છે અને આત્માથી છે. જો તમારે સુખ-શાંતિ જોતા હોય તો ધર્મ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જ્યાં જ્યાં સંતાપ દેખાય છે. ત્યાં અધર્મ જ છે. દા.ત. સવારથી સાંજ સુધીની કોઈપણ પ્રવૃત્તિ લો. બજારમાં ગયા - ઘરાકે તમારી મરજી મુજબનો વ્યવહાર ન કર્યો એટલે ગુસ્સે થયા તો અશાંતિ થઈ. ક્રોધરૂપી અધર્મ આવ્યો એટલે દુઃખ થયું. જમવામાં અણગમતી વસ્તુ આવી. અશાંતિ થઈ. દ્વેષ રૂપી અધર્મ આવ્યો એટલે અશાંતિ થઈ. દીકરો માંદો પડ્યો. બેબાકળા થઈ ગયા, કેમ ? દુનિયામાં ઘણાય માંદા પડતા હશે ટેન્શન થાય છે ? અહીં મમતારૂપી - રાગરૂપી અધર્મ આવ્યો, અશાંતિ થઈ. જો મમત્વ ન હોય, પછી ભલે ગમે તેટલી માવજત કરો શાંતિ હણાય ખરી ? અશાંતી શેનાથી આવી ? ધર્મથી કે અધર્મથી ? ધર્મ એવી વસ્તુ છે કે એને સમજતાં થઈ જાઓ તો આખું જીવન બદલાઈ જાય. 'આ દેહ તે હું નથી. હું આત્મા છું.' આ ૫૦-૬૦ વર્ષની જીંદગી જ મારૂં અસ્તિત્વ નથી. મારે મરીને ક્યાંક જવાનું છે. આ જીવનની બે-ચાર અપેક્ષાઓ પૂરી થાય એટલે કામ પતી ગયું એમ થતું હોય અને પરલોકનો વિચાર પણ ન આવતો હોય તો સમજવાનું કે ધર્મના સત્યો હજી હૃદયમાં બેઠા નથી.

**સ. ૨૩૩ જૈનોના દેવોએ કહેલો તેજ ધર્મ અને બીજા દેવોએ કહેલો તે ધર્મ નહીં તેવું કેમ ? અથવા જૈન ધર્મ સર્વોપરિ કેમ ?**

**જ. ૨૩૩** કેવળજ્ઞાનની ક્ષણોમાં, કેવલીના સ્વમુખેથી ઝરેલો જે ધર્મ છે તેના સિદ્ધાંતો અને અન્ય ધર્મના સિદ્ધાંતોનું તમે સમાલોચન કરશો તો ખબર પડશે કે કોઈ ધર્મ ૩૦૦ ડીગ્રી પર આવીને અટકી ગયો છે, તો કોઈ ૩૫૦ પર, જ્યારે મહાવીર કથિત જૈન ધર્મ સંપૂર્ણ ૩૬૦ ડીગ્રી પર છે. અન્ય ધર્મના સિદ્ધાંતો જોતાં એમ લાગે છે કે તે ધર્મના પ્રણેતા સંપૂર્ણ કેવળજ્ઞાન સુધી પહોંચ્યા નથી. તેઓ ખોટા છે તેમ કહેવાનો અર્થ નથી. પરંતુ તેઓ સંપૂર્ણ નથી, અધૂરા છે, તેમ લાગ્યા વગર રહેતું નથી. જૈન ધર્મે આપેલા સિદ્ધાંતો અખંડ છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અને સંપૂર્ણ છે, તે સમજાવવાનો પ્રયત્ન કરીશ.

(૧) વિશ્વના મોટાભાગના ધર્મો પાંચ મહાવ્રતોની જેમ, પાંચ યમ-નિયમ-પંચશીલની વાત કરે છે. હિંસા નહીં કરવી, જુઠું ન બોલવું, ચોરી ન કરવી, મૈથુન ન સેવવું, પરિગ્રહ ન કરવો વગેરે. પરંતુ આ પાંચેય નિયમોનું આચરણ સ્થૂળતાથી છે. સૂક્ષ્મતાથી નહીં. કોઈધર્મ ફક્ત માનવીની હિંસાને જ હિંસા માને છે, તેથી આગળ વધીને કોઈ ધર્મ પશુ પક્ષીની હિંસાને હિંસા માને છે... પરંતુ જૈન ધર્મ તેથી આગળ વધીને પૃથ્વીકાય, પાણીકાય, તેઉકાયને વાયુકાયના જીવને હણવા, વનસ્પતિને કાપવું, તેને દુઃખ પહોંચાડવું એને પણ એટલીજ હિંસા માને છે. અરે અન્ય ધર્મતો એ પણ નથી જાણતા કે માટીમાં પણ જીવ છે, પાણી પોતે જ અપકાયના જીવોનો સમૂહ છે, હવા પોતે જ વાયુકાયના જીવોનો સમૂહ છે. અગ્નિ પોતેજ તેઉકાયના જીવોનો સમૂહ છે. પછી એની રક્ષા કરવાની કે હિંસા નહી કરવાની વાત જ કયાં આવી ? જૈન ધર્મે તો, આજના માઈક્રોસ્કોપ કરતાં કરોડગણી શક્તિવાળા માઈક્રોસ્કોપથી પણ ન દેખી શકાય તેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ નિગોદના જીવથી માંડીને મોટામાં મોટા મહાકાયમાં રહેલા જીવને એકસરખી મહત્તા આપી છે. એવા કોઈપણ જીવને લેશમાત્ર દુઃખ પહોંચાડો કે દુઃખ પહોંચાડવાનો વિચાર શુદ્ધાં કરો તો તેને હિંસા કીધી છે. તેમાંથી કેમ બચવું તેના ઉપાય પણ બતાવ્યા છે. હવે તમે કહો કે બીજા ધર્મમાંય અહિંસા છે. ને આપણા ધર્મમાંય અહિંસા છે. માટે બેઉ સરખા તો કેમ ચાલે ? જે સૂક્ષ્મતા આમાં જોવા મળે છે તે બીજે ક્યાંય નથી મળતાં માટેજ તે પ્રધાન છે.

(૨) સૌથી મોટી વાતતો એ છે કે મહાવીરે જેટલી પ્રતિષ્ઠા આત્માને આપી છે. તેટલી કોઈએ નથી આપી. મહાવીરે એમ નથી કહ્યું કે, હું જ ભગવાન બની શકું, બાકી તમે બધા મારા અનુયાયી. નહી, કોઈપણ તીર્થંકરોની એવી મોનોપોલી નથી. મહાવીર તો કહે છે ત્રણેય લોકનો કોઈપણ આત્મા, કોઈપણ ચેતન શક્તિ પોતે પુરૂષાર્થ કરીને, રાગદ્વેષ રહિત બનીને, કર્મો ખપાવીને ભગવાન બની શકે છે. નિગોદથી માંડી મહાકાય સુધીનો કોઈપણ આત્મા ભગવત્ બનવાની ક્ષમતા ધરાવે છે. મહાવીર કહે છે, 'મેં પ્રયત્ન કર્યો મને મોક્ષ મળ્યું, મને કેવળજ્ઞાન મળ્યું, તું પુરૂષાર્થ કર – તું પણ અનંત સુખનો ધણી બન.' જૂઓ કેટલી વિશાળતા છે આ ધર્મમા ? એકજ વ્યક્તિ ભગવાન બની શકે એવો અન્ય ધર્મ જેવો ખ્યાલ છે, આમાં ? માટે જ આની પ્રધાનતા છે.

(૩) આપણો નવકાર મંત્રજ જૂઓ.. ક્યાંય વ્યક્તિગત નમસ્કાર આવે છે ? ક્યાંય એવું પદ આવે છે કે નમો મહાવીરાય, નમો પાર્શ્વનાથાય, ૐ નમો શિવાય... જેવો કોઈ વ્યક્તિગત ખ્યાલ છે આમા ? અહીંતો ત્રણેયકાળના - ત્રણેયલોકના સર્વ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયને સાધુને નમસ્કાર છે. આટલી વિશાળતા વાળો મંત્ર મેં તો કોઈ ધર્મમાં જાણ્યો નથી, સાંભળ્યો પણ નથી.

(૪) પરમાત્માએ વિશ્વના જે પદાર્થો કેવળજ્ઞાનમાં જોયા તેને નવવિભાગમાં વહેંચી નવ તત્ત્વોની સમજણ વિશ્વના જીવોને આપી નવતત્ત્વને સમજી જીવો છોડવા જેવું છોડી શકે, અને આચરવા જેવું આચરી શકે, ને પોતાના સુખને પામી શકે એ માર્ગ જીનેશ્વરે બતાવ્યો. કોઈ ધર્મમાં નવતત્વને આટલા સ્પષ્ટતાથી સમજાવવામાં આવ્યા નથી. ભગવાને જે ૧૮ પાપસ્થાનક બતાવ્યા છે તે આજ સુધી કોઈ ૧૮ ને બદલે ૧૯ પાપસ્થાનક બતાવી શક્યું નથી. દુનિયાના તમામે તમામ પાપ આ અઢાર પાપસ્થાનકમાં આવી જાય છે. પાછો જૈન ધર્મ દરેક પાપોમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ બતાવે છે, એજ આ ધર્મની સર્વોત્કૃષ્ટતા છે.

(૫) કોઈ કહેશે કે મારે પાંચેય વ્રતોનું, યમ નિયમોનું જીવનમાં પાલન કરવું છે કઈ રીતે કરી શકાય ? બીજા ધર્મો આદર્શો બતાવે છે પણ આદર્શોનું અમલ કરવાનું સચોટ માર્ગદર્શન કોઈ ધર્મો પાસે નથી. જૈન ધર્મ કહેશે કે દીક્ષા લઈને આ પાંચેય નિયમોનું પાલન તું અખંડ રીતે કાયમ માટે કરી શકીશ. તે પણ ન થઈ શકે તેમ હોય તો એક દિવસનો પૌષધ કરીને મહાવ્રતોનું પાલન કરી લે. અરે એ પણ ન થાય તેમ હોય તો ફક્ત

૪૮ મિનિટનું સામાયિક કરીલે ને પાપોથી ૪૮ મિનિટ માટે સર્વથા મુક્ત થા. મને કહો આ સામાયિક જેવી અમૂલ્ય ભેટ કયા ધર્મે આપી છે ? પછી આ ધર્મને સર્વોપરી નહીં કહોતો કોને કહેશો ?

(૬) તમે ત્યાગને મહાન કહેશો કે ભોગને ? પંચયામી મુનિઓની સામે જૈનમુનિઓની સરખામણી કરી જુઓ. પંચયામી કંદમૂળ આદિ અભક્ષ્ય ખાય છે, સુખ શય્યામાં પોઢે છે, વાહનો, પુષ્પોનો ઉપભોગ લે છે, શીતળ જળથી વ્યવહાર કરે છે, રાત્રિ ભોજન કરે છે, અસંખ્યાતા જંતુઓનો નાશ, બ્રહ્મચર્યનો ભંગ, શું આને તમે સાધુપણું કહેશો ? જૈન ધર્મ જેવું વિશુદ્ધ જ્ઞાન બીજે ક્યાંય નથી. સર્વમતો એ જે જ્ઞાન બતાવ્યું છે તે મહાવીરના તત્વજ્ઞાનના એક ભાગમાં આવી જાય છે. તેમનું કથન સ્યાદ્વાદ છે, એકપક્ષી નથી માટે સંપૂર્ણ છે, સર્વોપરી છે.

(૭) અન્ય ધર્મીએ જાણે છે કે આપણે ચોર્યાશી લાખ ફેરા ફરીને પછી મનુષ્ય જન્મ મળ્યો છે. પરંતુ ૮૪ લાખ યોનિ કઈ ? નિગોદ એટલે શું ? આત્મા ક્યાં હતો ? શું કરવાથી જન્મ મરણના ચક્કર ફરવા પડે છે ? તેમાંથી મુક્ત કઈ રીતના થવાય ? આ બધા ગૂઢ રહસ્યો કેવળી ભગવાન સિવાય કોણ જણાવી શક્યું છે ?

(૮) અન્ય ધર્મોએ ચોરીને પાપ કહ્યું પરંતુ કોઈને બે શબ્દ વધારીને કે ઘટાડીને કહેવા એ પણ ચોરી છે એવું કહેનાર ફક્ત જૈન ધર્મ છે. મૈથુન સેવવું એને પાપ કહ્યું, પરંતુ કોઈના દિલમાં વિકાર ઉત્પન્ન થાય તેવું વર્તન કરવું કે તેવા વસ્ત્ર પરિધાન કરવા તે પણ પાપ છે. એવું બીજા કોણે કહ્યું ? માણસને મારવો એ હિંસા છે પરંતુ તેના દિલને દુઃખ પહોંચે તેવા બે શબ્દ બોલવા એ પણ હિંસા છે. એવું ફક્ત જૈન ધર્મે બતાવ્યું. અન્ય ધર્મે ફક્ત પાપ કાર્યમાં પાપ માન્યું. પરંતુ પાપ કાર્ય કરવું, કરાવવું, અનુમોદવું. અરે ફક્ત પાપ કાર્યનું મનથી ચિંતવન કરવામાં પણ કર્યા જેટલું જ પાપ છે તેવું કહેનાર ફક્ત જૈન ધર્મ છે. જગતને સૌથી મોટી વાત મહાવીરે એ કરીકે, આત્મા અને દેહ બંને અલગ છે. એટલું જ નહી દરેકે દરેકના આત્મા અલગ છે, આત્મા એક નહી અનેક છે ને મુક્તિ પામ્યા પછી પણ એક નથી થઈ જતા, અલગ જ રહે છે. આ મહાન વાત જે આપણને જૈન ધર્મે કરી છે તે અન્ય ધર્મી અમુક ડીગ્રી સુધી આવીને અટકી જાય છે. જગતના છ મુખ્ય દર્શનમાં બૌધ, નૈયાયિક, સાંખ્ય, જૈન અને મીમાંશા એ પાંચ બંધ-મોક્ષાદિ ભાવને સ્વીકારનારા દર્શનો છે. છઠ્ઠુ ચાર્વાક નામનું દર્શન આત્માદિ પદાર્થને સ્વીકારતું નથી. બૌદ્ધે કહ્યું, આત્મા નિત્ય નથી ક્ષણિક

છે. જો આત્માને ક્ષણિક માનો તો મોટો વિરોધાભાસ ઉભો થાય કે કર્મ કર્યું એક આત્માએ ને એનું ફળ ભોગવે બીજો આત્મા ? વેદાંતે આત્માને કુટસ્થ માન્યો, પરંતુ વિશેષ પર્યાયને ન માન્યા. મહાવીરે કહ્યું આત્મા નિત્ય અનિત્ય છે. આ સ્યાદ્વાદ વાણી છે. આત્મા દ્રવ્ય ને સ્વભાવ રૂપે નિત્ય છે. પરંતુ દેવ-મનુષ્ય-તિર્યંચ આદિ પર્યાય રૂપે અનિત્ય છે. ઉપનિષદમાં ઈશ્વર જગતનો કર્તા છે, જૈન ધર્મ કહે છે જો ઈશ્વર જગતનો કર્તા હોય તો પછી એણે ભોક્તા પણ બનવું પડે તો પછી એ ભગવાન કેમ કહેવાય ? ભગવાનને પણ જગત બનાવવાની ઈચ્છા થતી હોય તો માણસ ઈચ્છા વગર કેમ રહી શકે ? ભગવાને જગત બનાવ્યું તો કોઈ અપંગ કોઈ પૂર્ણ કેમ ? મહાવીર કહે છે આ જગત કોઈએ બનાવ્યું નથી. તે અનાદિ છે. તેનો વિસ્તાર કર્મજન્ય છે, પુદ્ગલ જન્ય છે, ભગવાને જે કર્મવાદ સમજાવ્યો છે તે અદ્ભૂત છે, જગતમાં બેજોડ છે. તર્ક સિદ્ધ છે, પ્રમાણ સિદ્ધ છે માટે જ જિનેશ્વરે પ્રરૂપેલા ધર્મનું પ્રાધાન્ય છે.

(૯) અન્ય દર્શન કહે છે આત્મા એક છે અને સર્વવ્યાપક છે. જૈન ધર્મ કહે છે આત્મા જો વ્યાપક હોય તો સંવેદના શરીર બહાર કેમ થતી નથી ? એની અનુભવની મર્યાદા શરીર સિમિત છે. માટે જૈન ધર્મ કહે છે આત્મા જ્ઞાનથી વ્યાપક છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે, જ્યારે સમુદ્ઘાત કરે છે ત્યારે એ લોકવ્યાપી બની જાય છે એ દ્રષ્ટિએ વ્યાપક પણ છે. જૈન દર્શન સિવાય કોઈપણ મતે આત્માને અસંખ્ય પ્રદેશી નથી કહ્યો. અન્ય દર્શને કહ્યું, આત્મા કુટસ્થ છે અને બંધ મોક્ષ પ્રકૃતિના છે. ફક્ત પ્રકૃતિ પરિણામી છે. મહાવીર કહે છે આત્મા અને પ્રકૃતિ બંને પરિણામી છે. મોક્ષ અને બંધ બંને આત્માના છે. આમ અનેક તર્કથી તમે સિદ્ધ કરી શકશો કે જૈનધર્મના સિદ્ધાંતો એકદમ પ્રેકટીકલ, વૈજ્ઞાનિક અને અખંડ છે, સર્વોત્તમ છે. માટે જ પ્રાધાન્ય છે.

(૧૦) વિજ્ઞાન પણ આજે જે વાત કરે છે તેનું પોતે જ કાલે ખંડન કરે છે. વિજ્ઞાન પોતે પહેલા વનસ્પતિને જડ માનતું હતું. જગદીશચંદ્રે વન માં જીવ છે એમ શોધ્યા પછી કહ્યું કે ના અત્યારસુધી અમે ખોટા હતા. વૈજ્ઞાનિકો પાણીમાં રહેલા ત્રસ જીવોને જોઈ શકે છે. પણ પાણી પોતેજ જીવોનો સમૂહ છે, જેમ વન-ચેતન છે તેમ પાણી પણ ચેતન છે એ વાત વિજ્ઞાન જાણતું નથી. આપણી સાત વરસની છોકરી એ જાણે છે, કારણકે સાત લાખ એને શિખવાડવામાં આવ્યા છે. ભગવાને તો ૨૫૦૦ વર્ષ પહેલા કેવળજ્ઞાનમાં જોઈને આ બધું જણાવી દીધેલું છે. ભગવાને જે પ્રમાણે ધર્મ

બતાવ્યો છે, ને જે પ્રમાણે ક્રિયાઓ કરવાની કહેવામાં આવી છે, તેમાં યોગ 'પ્રાણાયામ' શારીરિક કસરત, માનસિક ટ્રીટમેંટ બધાનો સમાવેશ થઈ ગયો છે. જો શરૂઆતથી તે પ્રમાણે જ વ્યક્તિ જીવે તો કદી જીંદગીમાં રોગનો ભોગ બને નહિ. આમ ભૌતિક દૃષ્ટિ એ ઉત્તમ, તંદુરસ્તીની દૃષ્ટિએ ઉત્તમને આધ્યાત્મિક દૃષ્ટિએ ઉત્તમોત્તમ ધર્મ છે. જો ન્યાયપૂર્વક વેદ વગેરે અન્યધર્મના અને જૈનદર્શનના મૂળતત્વો આપ જોઈ જશો તો ખબર પડશે કે જૈન જેવું એકે પૂર્ણ પવિત્ર દર્શન નથી. એમનું કથન સ્યાદવાદ છે. એક પક્ષી નથી. વિતરાગ જેવો એકેય દેવ નથી. તરીને અનંત દુ:ખથી પાર પામવું હોય તો તે સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

**સ. ૨૩૪ દુનિયાના બીજા ધર્મનાયકોને મનાય કે નહી ? તેમનામાં શું ખામી હોય ?**

જ. ૨૩૪ અન્ય ધર્મનાયકોએ કહેલું કથન એમને એમ સ્વીકારી લેવું જોખમી છે. પરંતુ વિચાર વિમર્શ કરતાં બીજાના કહેલા વચન અર્થથી જીનાજ્ઞા સાથે જો સંગત જણાય તો તે વચન પ્રત્યે દ્વેષ અરૂચિ રાખવા નહિ. 'મારું એજ સાચું નહિ પણ સાચુ એ મારુ' પણ એ તમે કઈ કક્ષાએ કરી શકો ? જ્યારે તમને તમારા જીનેશ્વરે પ્રરૂપેલા ધર્મનું ઉંડુ જ્ઞાન હોય, બધાજ સિદ્ધાંતોને તત્વથી વાકેફ હો, ફક્ત ગોખેલું નહિ. અંતરમાં એની ઉંડી સમજ હોય ત્યારે તમે બીજાના કથન જીનાજ્ઞા સાથે તર્ક સંગત છે કે નહી તે જાણી શકશો ને ? જે જાણતો જ નથી કે મારી પાસે તો મહાસાગર છે, તે બીજાનું ખાબોચિયું જોઈને ખુશ થઈ જશે. જેણે પોતાનું બધું જ જાણી લીધું છે, સમજી લીધું છે, તે બીજાની વાતો સાંભળીને આર્કષાઈ નહી જાય. તેતો તુલના કરશે કે. અહો... આનાથી તો અનેકગણું મારી પાસે છે. એટલે જ તો અન્ય પાસે જવામાં જોખમ છે. જેણે પોતાના રત્નને ઓળખ્યું નથી તે બીજાનો કાચનો ટૂકડો ગ્રહણ કરીને પોતાનું રત્ન ખોઈ નાખશે. આમ જેને પોતાનું પુરૂં જ્ઞાન નથી તેને અન્ય પાસે જવામાં જોખમ છે. ને તેનાથી ઉલટું જેને પોતાનું પુરૂ જ્ઞાન છે તે અન્ય શાસ્ત્રોનો અભ્યાસ ન કરે તો દોષ છે. કેમકે તે અન્યના શાસ્ત્રોને જાણશે તો પોતાનામાં શું વધારે ઉત્તમ છે તેનો વિવેક કરી શકશે. એનું પોતાનામાં શ્રદ્ધાન વધશે તે અન્યને પણ માર્ગ ચીંધી શકશે. જૈનના એકેક પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થઈ જાય તો પણ પાર પામીએ નહિ તેવું છે. બાકી સત્ય માર્ગ, મોક્ષ માર્ગ એકજ હોય છે, ત્રણ લોકને ત્રણકાળમાં પણ સત્યમાર્ગ બે ન હોય. માટે માણસે વિવેકથી વર્તવું.

**સ. ૨૩૫ મોક્ષનું સ્વરૂપ શું ?**

**જ. ૨૩૫** મોક્ષ એ કોઈ વસ્તુ નથી કે કોઈ તમને હાથમાં આપી દેવાનું છે. આત્માની મુક્ત દશાનું નામ મોક્ષ છે. હવે આત્માને કોઈ કર્મ ભોગવવાના બાકી નથી રહ્યા, એટલે જન્મ મરણના ચક્કર પણ નથી રહ્યા. જેમ પાંજરામાં પુરાયેલા પક્ષીને છોડી મુકવામાં આવે તો તે કેવો મુક્તતાનો આનંદ અનુભવે ? એનાથી અનંત ગણો આનંદ જેનું કેવલી ભગવંત પણ શબ્દમાં વર્ણન નથી કરી શક્યા એવો અનુભવ આત્મા કરે છે. જીવ નિરંતર પોતાના સ્વરૂપમાં જ રહે, એક સમય માટે પણ પરદ્રવ્યમાં તેનો ઉપયોગ ન જાય એવી દશાને આત્મા પામે તેજ મોક્ષનું સ્વરૂપ છે. મોક્ષ એટલે આત્માની સહજાનંદ દશા. આઠેય કર્મોનો નાશ કરી, જન્મ, જરા મરણનો નાશ કરી સિદ્ધક્ષેત્રે બિરાજમાન થાય છે. જ્યારે સંપૂર્ણ આત્મ પ્રદેશો કર્મ વર્ગણાથી મુક્ત થાય છે, જ્યારે એકપણ પુણ્યકર્મ બચતું નથી કે એક પણ પાપ કર્મ બચતું નથી ત્યારે આત્મા કર્મથી નિરાવરણ થાય છે. અહીં પાપ-પુણ્ય કર્મની સરવાળા બાદબાકીનો હિસાબ નથી. પુણ્ય કર્મ પણ તેનું ફળ આપે ત્યારે ભોગવવું પડે છે ને પાપ કર્મનું ફળ પણ ભોગવવું પડે છે. ભોગવતાં ભોગવતાં બીજા એટલા કર્મોના ઢગલા ખડકી દઈએ છીએ કે જન્મ-મરણના ચકકરમાંથી બહારજ નથી અવાતું. જે ક્ષણે એકપણ કર્મ સિલકમાં નથી રહેતું તે જ ક્ષણે આવરણ હટી જવાથી આત્માનો પોતાનો સ્વભાવ, પ્રકાશ પ્રગટ થાય છે. એ છે કેવળ જ્ઞાન. અત્યંત શુદ્ધ અવસ્થામાં રહેલ આત્માને મોક્ષ સ્વરૂપ જાણવો.

રાગ, દ્વેષ, અજ્ઞાન એ... મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી... તેજ મોક્ષનો પંથ,
જાતિ વેષનો ભેદ નહી... કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તિ લહે... એમાં ભેદ ન કોય.

હવે એ મુક્ત આત્મા નિષ્કંપ છે, માટે એ આત્માને ફરીથી કર્મ ચોંટતા નથી. ફરી જન્મ મરણ કરવાના નથી. એ આત્મા અનંતજ્ઞાનનો, અનંત સુખનો ધણી છે. ઓછામાં ઓછા નવ વર્ષ અને વધુમાં વધુ ક્રોડપૂર્વના આયુષ્યવાળા અને પ્રથમ સંઘયણવાળા, કર્મભૂમિના મનુષ્યોમાંથી જ જેઓને કેવળ જ્ઞાન ઉપજે છે તેજ મોક્ષમાં જાય છે. છ માસ આઠ સમયમાં ૬૦૮ જીવો અનાદિકાળથી મોક્ષે જાય છે ને કાયમ એટલા જીવો મોક્ષે જશે. મોક્ષમાર્ગમાં આત્માના અનુભવની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો, તેજ પુરૂષાર્થ છે. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગમોક્ષ કહે છે.

જેમાં આત્મા નિર્મળ, શરીર રહિત, ક્ષોભ રહિત, શાંત સ્વરૂપ, સિદ્ધરૂપ, અત્યંત અવિનાશી, સુખરૂપ, કૃતકૃત્ય તથા સમ્યક્ જ્ઞાન સ્વરૂપ થઈ જાય તે સ્થિતિને મોક્ષ કહેવાય.

**સ. ૨૩૬ અ જૈનો મોક્ષમાં જઈ શકે કે નહિ ? ના જઈ શકે તો તેનું કારણ શું ?**

**જ. ૨૩૬**જેણે પાંચેય ઈંદ્રિય અને મનને જીત્યું, રાગ દ્વેષને જીત્યા તે જિન કહેવાયા. જીનના બતાવેલા માર્ગે ચાલવાવાળા એટલે કે કેવલી ભગવંતે પ્રરૂપેલા ધર્મને અનુસરવાવાળા જૈન કહેવાયા. જૈન શબ્દ તો મહાવીરના નિર્વાણ પછી ઘણા વર્ષે આવ્યો. બધાજ તીર્થંકર ક્ષત્રિય હતા. કોઈ તીર્થંકરનો જન્મ જૈન કુળમાં થયો હોય એવું ક્યાંય શાસ્ત્રમાં લખ્યું નથી. ભગવાન મહાવીરના અગિયારે ગણધરો બ્રાહ્મણ હતા. મહાવીરના સમયમાં જાતિના ચારજ વિભાગ હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. કેટલીય પેઢી પહેલાના આપણા બાપદાદાએ કેવલીએ પ્રરૂપેલા (ઉપદેશેલા) ધર્મનો અંગિકાર કર્યો હશે. એટલે તેઓ જૈન કહેવાયા. પરંતુ પેઢી-દરપેઢી આપણે જૈન ધર્મના આદર્શોને ભૂલતા ગયા. ઈંદ્રિયો અને મનને જીતવાનું કામ, આત્માને જાણવાનું કામ (સમ્યક્જ્ઞાન), આત્માને ઓળખવાનું અનુભવવાનું કામ (સમ્યક્દર્શન), આત્મામાં સ્થિર થવાનું (સમ્યક્ ચારિત્ર) સમસ્ત પરદ્રવ્યોનો ત્યાગ કરી (ઘર, પૈસા, સ્ત્રી, પુત્રાદિ, શરીર, રાગભાવ વગેરે) નિજદ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થવાનું વગેરે જે જૈનોના લક્ષણ છે. તે ભૂસાતાં ગયા. પરંતુ બાપદાદા જેમણે આ ધર્મ સ્વીકાર્યો તેમણે આજ કાર્ય કર્યુ. માટે તેઓ કર્મથી જૈન બન્યા. પરંતુ આપણે એમના વારસદાર ફક્ત કુળથી જૈન રહી ગયા. જે પણ ભલે જૈન કુળમાં જનમ્યા છે, પરંતુ જેનો મોક્ષમાટેનો પુરૂષાર્થ નથી તે ફક્ત કુળથી જૈન રહી ગયા. જેમને મોક્ષ સુધી પહોંચવું છે તે ભલે કુળથી જૈન ન હોય, પરંતુ જીનેશ્વર ભગવંતે પ્રરૂપેલા ધર્મ પ્રમાણે જ જેમનો પુરૂષાર્થ ચાલુ છે તે કર્મથી જૈન જ છે. પછી ભલે તે કોઈપણ કુળમાં હોય, તે મોક્ષે જઈ શકે છે. જેમ કેટલીય પેઢી પહેલા કોઈના બાપદાદાએ સંઘ કાઢ્યો હોય તે સંઘવી કહેવાયા. હવે એ કુળમાં છેલ્લી ચાર - પાંચ પેઢીથી ભલેને કોઈએ સંઘ ન કાઢ્યો હોય છતાં તે સંઘવી જ કહેવાય. તે કુળથી સંઘવી છે. કર્મથી નહી. એવી જ રીતે ભલે જે કુળથી સંઘવી નથી પરંતુ હવે સંઘ કાઢશે તો સંઘવી કહેવાશે. તેમ જે પણ ભલે આજે જૈન નથી પરંતુ મોક્ષ માટેનો યથાર્થ

પુરૂષાર્થ કરશે તે કર્મથી તો જૈન જ બની જશે. કુળથી ભલે તે ગમે તે હોય તેનો મોક્ષ થશે. મહાવીરે જેટલી પ્રતિષ્ઠા આત્માને આપી છે. એટલી આ લોકમાં પૃથ્વી પર કોઈએ નથી આપી. મહાવીરના હિસાબે આ લોકમાં જેટલી પણ ચેતના છે, પછી ભલે તે માનવીના પર્યાયમાં હોય કે વૃક્ષના પર્યાયમાં હોય કે, દેવ-નારકી-તિર્યંચના પર્યાયમાં હોય, દરેક ચેતના આધ્યાત્મિક વિકાસ સાધી છેલ્લે માનવ ભવ પ્રાપ્ત કરી મોક્ષે જઈ શકે છે. દ્રઢ પ્રહારી જેવો હત્યારો (કયા કુળનો હશે ?) જો આત્મસાધના કરી તેજ ભવે મોક્ષે જઈ શકે તો બીજો કોઈ આત્મસાધના કરવા વાળો કેમ ન જઈ શકે ? જે કુળનો અહંકાર કરે તેને માટે મોક્ષમાર્ગ બંધ જ છે, કેમકે અહંકારી મોક્ષમાં જઈજ ન શકે... જે મોક્ષ તરફ પ્રયાણ કરશે તેનો કુળનો અહંકાર ઓગળી ગયો હશે ભલે પછી તે કોઈપણ કુળનો હોય.

**સ. ૨૩૭ ધારોકે ઈશ્વરને આ જગતનો કર્તા ના માનીએ – જગત અનાદિ-અનંત છે તો તેની દેખરેખ માટે કોઇ નિયામક ખરો ?**

**જ. ૨૩૭** હા... આ જગતની દેખરેખ માટે એનો નિયામક આખા ત્રણેય લોકમાં સર્વ વ્યાપી છે. અને તે છે... 'કર્મવર્ગણા', 'કર્મસત્તા'. આ કર્મવર્ગણાઓ એક એક આત્મા એક એક ચેતના, પછી તે ભલે નિગોદની હોય કે વનસ્પતિની હોય કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની ચેતના હોય એક એક ચેતનાની આસપાસ જે અવકાશ છે, જે આકાશ છે, તે કર્મ વર્ગણાથી ભરેલો છે... તેજ તેનો વોચમેન છે. જીવ દ્રવ્ય જેવું, જે ક્ષણે સારું કે ખરાબ મન-વચન કે કાયાથી કરતાની સાથે જ એજ ક્ષણે તેની આસપાસ રહેલ કર્મવર્ગણાઓ, લોહચુંબકને લોખંડની રજકણો વળગે તેમ તે આત્માને ચોંટી જાય છે. ને તે આત્માને તેનું ફળ આપ્યા પછી જ છૂટી થાય છે. દરેકે દરેક આત્માના કાર્યનો ક્ષણેક્ષણનો હિસાબ દરેકે દરેક આત્માને ચોંટેલી આ કર્મવર્ગણાઓ રાખે છે. જ્યાં સુધી આત્માનો મોક્ષ ન થાય ત્યાં સુધી આ કર્માણ શરીર એની સાથે ને સાથે જ રહે છે. જેમ ત્રણેય લોકમાં જીવદ્રવ્ય ઠાંસીઠાંસીને ભરેલું છે તેમ ત્રણેયલોકમાં કર્મવર્ગણાઓ પણ ભરેલી છે. એટલે બીજા કોઈએ કાંઈ નિયમન કરવાની જરૂર જ નથી. દરેક દરેક આત્મા તેના નિયામકને સાથે લઈને જ ફરે છે. એક એક ચેતનાને પોતાના કરેલા કાર્ય અનુસાર સજા દેવી કે મજા દેવી એ કામ આ કર્મવર્ગણાઓ કરે છે. આત્માની જેમ એ પણ એટલી સૂક્ષ્મ છે કે નરી આંખે જોઈ શકાતી નથી. પરંતુ કેવળીને દ્રષ્ટિ ગમ્ય છે. એટલે જ એમણે આ કર્મવર્ગણાની લીલા

જોઈને કહ્યું કે, આ જગતનો નિયામક કોઈ એક વ્યક્તિ નથી, કે જે તમને સુખ કે દુઃખ આપે છે. જગતનો નિયામક જગતમાં વ્યાપેલી કર્મ રજકણો છે. જેવું આત્મા દેહાકારે કાંઈ કરવા જાય છે કે તેનો નિયામક (કર્મ) તેની સાથે લાગી જાય છે. જેમકે સાગરની સામે સૂર્ય આવી ગયો. હવે એ બંને એનું કામ કર્યા કરશે. સૂર્ય એના સ્વભાવ પ્રમાણે ગરમી આપશે. પાણી એના સ્વભાવ પ્રમાણે તપીને વરાળ થશે. વરાળના વાદળા થશે. વાદળા એના સ્વભાવ પ્રમાણે ઠંડા પડીને સમુદ્રને પાણી પાછું આપશે. હવે આ સૂરજને સમુદ્રની ગોઠવણ જ એવી થઈ ગઈ કે વચ્ચે કોઈ વરાળ બનાવવા વાળાની કે વાદળા બનાવવાવાળાની જરૂરજ નથી. એજ એમનું નિયમન કર્યા કરે. એવી રીતે એક એક ચેતનાની આસપાસના આકાશમાં કર્મ રજકણો એવી રીતે ગોઠવાઈ ગઈ કે એક એક ચેતનાની ચોવીશે કલાક વોચમેનગીરી કર્યા કરશે. એમાં એક ક્ષણ માત્રનો વિલંબ નહી પડે. એક એક ચેતના મળીને તો આ જગત બન્યું છે. એક એક ચેતનાનો નિયામક આ કર્મવર્ગણા છે, માટે આખા જગતનો નિયામક એ થઈ ગયો. હવે મહાવીર કહે છે જો તારે નિયામકના તાબામાં ન રહેવું હોય, એ નચાવે તેમ ન નાચવું હોય તો બે જ કામ કર. નવી વર્ગણા લાગવા ન દે અને જૂનીનું વિસર્જન કરતો જા. જે ઘડીએ જે ક્ષણે એકપણ વર્ગણા તારી પાસે બચશે નહિ, તે ઘડીએ તે ક્ષણે તું મુક્ત થઈ જઈશ.

**સ. ૨૩૮ મનુષ્ય જન્મનું ફળ શું ગણાય ? આત્માનું કલ્યાણ કેવી રીતે થાય ?**

**જ. ૨૩૮**મોંઘેરો મનુષ્યજન્મ પામીને આત્માનું કલ્યાણ કરો તો મનુષ્ય જન્મનું ફળ-સફળ નહિ તો નિષ્ફળ. જીવ મોહનીય કર્મથી, રસરંગથી એટલો બધો રંગાઈ ગયો છે કે તેને વીતરાગનો માર્ગ રૂચતો જ નથી. પણ આવા ભવ-ભવના દુઃખોથી છૂટવા માટે પોતાના એકત્વ સ્વભાવની ભાવના ભાવવાથી આત્માનું કલ્યાણ થાય છે. શુદ્ધાત્માના ધ્યાનથી કર્મની નિર્જરા કરીએ તો આત્માનું કલ્યાણ થાય. કરોડો ઉપાય કરીને પણ પહેલા સ્વ-પરનું ભેદજ્ઞાન કરવું. ભેદજ્ઞાન વડે અંતરમાં આત્માને કર્મથી-શરીરથી જુદો જાણવો. 'મારો આત્માતે જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપથી જુદા જે કાંઈ શુભાશુભ રાગ કે ધન કુટુંબ વગેરે સંયોગ તે હું નથી.' ક્ષણે, ક્ષણે વિભાવમાં જતા આત્માને રોકવો - જ્ઞાનથી સમજાવવો તો આત્માનું કલ્યાણ થાય. પ્રથમ તો સત્‌સમાગમથી સત્ય વસ્તુનુ સ્વરૂપ જાણવું, શ્રવણ

કરવું, જે શ્રવણ કર્યું તેને ગ્રહણ કરવું પછી ધારણા કરવી પછી અંતરમાં પરિણમન કરવું. ખાવું-પીવું-મોજ મજા કરવી- રાત-દિવસ પૈસા કમાવા માટે જ પુરૂષાર્થ કરવો. સંસાર ઉભો કરવો એ આ માનવ જન્મનું ફળ નથી. આ તો આત્માને અધોગતિમાં ધકેલવાનું બળ છે. સંસાર વધારવાનું કામ તો પશુ પણ કરે છે, પછી આપણામાં ને એમનામાં ફરક શું ? મોક્ષ મેળવવા માટે જરૂરી સંયોગો આપણને પ્રાપ્ત થયા છે તેનો ઉપયોગ કરી મનુષ્ય જન્મ સફળ કરવો એજ મનુષ્ય જન્મનું ફળ છે. અઢારે પ્રકારના પાપથી પાછા હટવાનો દ્રઢ સંકલ્પ કરવો. આખા દિવસમાં (ન્યાયપૂર્વક તટસ્થ રહીને) થયેલા જે જે પાપ છે તેનું સ્મરણ કરવું, પ્રાયશ્ચિત કરવું, ફરી તેવું નહી કરવાની પરમાત્મા પાસે શક્તિ માંગવી. તીર્થંકરના ગુણોને યાદ કરવા, તેમાંથી એક રજકણ જેટલા પણ ગુણની માંગણી કરવી. ક્ષણે ક્ષણે જાગૃત રહેવું કે હું શું કરી રહ્યો છું ? ક્રોધ કરી રહ્યા છો તો ક્રોધને જોવો, ખાઈ રહ્યા છો તો જોવું કે 'આ શરીર ખાઈ રહ્યું છે' માયા-છળ-કપટ આવે તો આત્મા તેને જુએ જોતાં શીખી જાય તો આ બધા ચોર ભાગવા લાગશે. બેહોશીમાં તો આ બધા આવીને જાય છે તોય તોય ખબર નથી પડતી. હોશ પૂર્ણ થઈ જાઓ, જાગૃત બની જાઓ. આત્મા પોતે કર્તા મટીને, ભોક્તા મટીને દ્રષ્ટા બની જાય. પોતાના શરીરને પોતાનો પહેલો પાડોશી સમજીને વર્તતા શીખે તો આત્માનું કલ્યાણ થાય. કોઈ તમારી સાથે સારૂં વર્તન કરે છે કે ખરાબ, સારૂં બોલે છે કે ખરાબ, એ દરેકને નિમિત્ત તરીકે જોઈ પોતાના પૂર્વકૃત કર્મનો જ દોષ છે એમ સમજી... નિમિત્તને બચકા ન ભરો તો આત્માનું કલ્યાણ થાય. દરેકે દરેક જીવ આપણા જીવ સાથેનો હિસાબ પૂરો કરે છે. તેને સમભાવે સ્વીકારો, કોઈ પ્રતિ ક્રિયા ન કરો તો તેનો ગુણાકાર નહી થાય ને આત્માનું કલ્યાણ થશે. નિગોદમાંથી નીકળ્યા ત્યારથી આજ સુધી જીવે વેરઝેરને ઈર્ષ્યાના જ સંસ્કાર નાખ્યા છે. તે ઘડી ઘડી માથું ઉચકશે.. ત્યારે આત્માને જ્ઞાનથી ને ધ્યાનથી સમજાવવો. તેમાંથી પાછા હટવું, પ્રતિક્રિયા કરવી નહી... આ એક માનવ જન્મ જ એવો છે કે તેમાં તમે આત્માના ઉર્ધ્વગમન માટે યથાર્થ પુરૂષાર્થ કરી શકશો. બાકી તો અનંતા વર્ષોથી આત્મા રખડયો છે, થોડું ભૌતિકસુખ મળી ગયું તેમાં છકી જવું નહી, કારણ પછી પાછું દુઃખ નથી જ મળવાનું તેની કોઈ ગેરંટી નથી. કરોડો જન્મોથી 'આ દેહ તેજ હું' એમ આત્મા દેહ સાથે એકાકાર થઈ ગયો છે. આ એક માનવ જન્મ જ એવો છે જેમાં દેહ અને આત્માને અલગ કરવાનો પુરૂષાર્થ કરી શકાય છે. જેમને

ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતા નિર્જરા થાય છે. બીજા હજાર કામ પડતા મૂકીને આત્માને જાણવો-ઓળખવો, અનુભવવો, ધ્યાન દ્વારા આત્મામાં સ્થિર થવું, આ પુરૂષાર્થ થાય તો આત્માનું કલ્યાણ થાય, માનવજન્મ સફળ થાય.

**સ. ૨૩૯ જીનેશ્વર ભગવંત કોને કહેવાય ? કેટલા પ્રકારના ને કેવા ? સ્વરૂપે હોય ? પંચ પરમેષ્ઠિ ભગવંત કોને કહેવાય ?**

**જ. ૨૩૯**સકલજિન અને દેશજિન એ બે પ્રકારે જિન છે. જેમણે ઘાતિયા કર્મોનો ક્ષય કર્યો છે તે સકલ જિન કહેવાય છે. તેઓ અરિહંત અને સિદ્ધ છે. જે કેવળી ભગવંતે ચાર ઘાતિયા કર્મનો ક્ષય કર્યો છે તેવા સદેહે વિચારનાર તીર્થંકરને અરિહંત કહેવાય છે. તે નિર્વાણ પામીને સિદ્ધભગવંત થાય છે. સિદ્ધભગવંતોએ આઠેય કર્મોનો નાશ કરી, જન્મ જરા મરણનો નાશ કરી સિદ્ધક્ષેત્રે સ્થિત છે, તે સિદ્ધ ભગવંત છે. આ અરિહંત અને સિદ્ધ બંને સકલ જિન છે. જેને અંતરમાં આત્મજ્ઞાન સહિત, ત્રણ કષાયોનો અભાવ પરિણમતો હોય, સંપૂર્ણ પરિગ્રહ રહિત હોય, નિર્વિકાર દશા હોય, જેને અંતરંગ શુદ્ધ ભાવલીંગ હોય, જેણે તીવ્ર કષાય, ઈંદ્રિયોને મોહને જીતી લીધો હોય, તેવા આચાર્ય, ઉપાધ્યાયને સાધુ એ ત્રણ દેશજિન કહેવાય. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયને સાધુ એજ પંચ પરમેષ્ઠિ ભગવાન છે. અરિહંત સદેહે વિચરનાર કેવળી સ્વરૂપમાં છે. સિદ્ધ ભગવંતો સિદ્ધક્ષેત્ર પર સ્થિત છે. આચાર્ય, ઉપાધ્યાયને સાધુ રત્નત્રયીની આરાધના કરતાં થકાં સદેહે વિહરમાન સ્વરૂપે છે.

**સ. ૨૪૦ દેવ-દેવી કોને કહેવાય ? તેમની પૂજા થાય કે નહિ ?**

**જ. ૨૪૦**આ સંસારમાં આપણો આત્મા મુખ્યત્વે ચારગતિમાં ભ્રમણ કરી રહ્યો છે. મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારક. જેમ આપણે અત્યારે મનુષ્ય ગતિમાં છીએ તેમ દેવ-દેવી પણ એક ગતિ છે. દેવોનું વૈક્રિય શરીર હોવાથી આપણે એમને જોઈ શકતા નથી. દરેક પ્રકારના દેવદેવી વિષે આ પુસ્તકમાં ઘણું ઉંડાણથી સમજાવેલું છે. ચોવીસે તિર્થંકરના અધિષ્ઠાયક દેવ-દેવી હોય છે. સંતિકરં, તિજ્યપહુત્ત, મોટી શાંતિ વગેરે સ્તોત્રમાં દેવ-દેવીઓનું રક્ષણ માંગેલું છે. દેવ-દેવીઓની પૂજા થાય કે નહિ, તે બાબત ઘણા મત મતાંતર છે. છતાં હું મારી સમજ પ્રમાણે કહું છું.

(૧) કોઈપણ પ્રકારની ભૌતિક સુખની ઈચ્છાથી કે સાંસારિક ભાવનાથી

દેવ-દેવીની પૂજા કરો તો મિથ્યાત્વ લાગે.
(૨) દેવ-દેવી બે પ્રકારના છે. સમકિતિ અને મિથ્યાત્વી. મિથ્યાત્વી દેવની તો પૂજા થાય જ નહિ. કેમકે તે પોતે જ મિથ્યાત્વી છે તો તે તમને શું આપી શકશે ?
(૩) મિથ્યાત્વી દેવો પણ આપણી જેમ રાગીને દ્વેષી છે. જો એમને આપણા પર કોઈપણ કારણસર દ્વેષ આવ્યો તો આપણને તકલીફ કરી શકે છે. ધર્મ માર્ગમાં આગળ વધવા માટે રૂકાવટ પણ કરી શકે છે. એટલે જ તો કહેવત પડી છે કે 'દેવને દૂરથી નમસ્કાર સારા'
(૪) જે સમકિતિ દેવ-દેવી છે તેના રાગ દ્વેષ પાતળા પડી ગયા છે. તે શાસનની રક્ષા કરવાવાળા છે. જો આપણને એવી કોઈ તકલીફ હોય કે જેના કારણે આપણે ધર્મમાં આપણી શક્તિ ફોરવી ન શકતાં હોય તો અથવા તો બીજી રીતે કહીએ તો - પરમ સત્ રીબાતું હોય તો સમકિતિ દેવ-દેવી જરૂર મદદ કરે છે.
(૫) સમકિતિ દેવ-દેવીને પૂજતાં પહેલા ખૂબજ સમજ હોવી જરૂરી છે. 'વિતરાગ પરમાત્મા જેમણે કેવળજ્ઞાન મેળવી લીધું છે. તેજ આપણા માટે સર્વસ્વ છે, તેજ આપણને મોક્ષ મર્ગ બતાવીને ગયા છે. પરંતુ અત્યારે તેઓ સિદ્ધ અવસ્થામાં છે. નિરંજન નિરાકાર છે. અત્યારે કોઈ વિચરંતા તીર્થંકર ભરતક્ષેત્રમાં નથી. માટે હે સમકિતિ દેવો ! અમને મોક્ષ માર્ગ બતાવવામાં સહાય કરો' એ ભાવનાથી સમકિતિ દેવ-દેવીને પૂજી શકાય. બાકી ઘણા તો દેવ-દેવીને જ સર્વસ્વ માનતા હોય છે, તો તે મિથ્યાત્વ છે.
(૬) સમકિતિ દેવ-દેવી પોતે જ તિર્થંકરને સર્વસ્વ માને છે. તેઓ પોતેજ તેમની પૂજા ભક્તિ કરે છે... તો તમે દેવદેવીને સર્વસ્વ કેવી રીતે માની શકો ? અને માનશો તો શું એ સમાભાવી દેવ-દેવીઓને ગમશે ? તમારા બાપની અવગણના કરીને કોઈ તમારા પગ પૂજશે તો તમને ગમશે ? તમે તમારા હૃદયમાં તીર્થંકર કરતાં દેવદેવીને ઉંચુ સ્થાન આપશો તો તે એમને ગમશે ? શું એ તમારો અવિનય નથી ? ધર્મ તો વિનયથી શોભે છે. હા... આપણો અને સમકિતિ દેવદેવીઓનો બાપ એક જ છે (તિર્થંકર). માટે એ આપણા સાધર્મિક થયા - આપણા વડિલ, આપણા મા-બાપ થયા. જેમ આપણા વડિલોનું આપણે માર્ગદર્શન લઈએ છીએ તેમ તેમનું માર્ગદર્શન લેવાનું છે. જેમ મા-બાપ આપણી સંભાળ રાખે છે તેમ એ પણ આપણી સંભાળ રાખે છે. આપણને મોક્ષ માર્ગ બતાવે છે. સમ્યકત્વની પ્રાપ્તિ કરવામાં મદદ કરી શકે છે. મોક્ષમાર્ગમાં આગળ વધી શકીએ તે માટે

સંજોગોને અનુકૂળ બનાવી શકે છે. એ ભાવનાથી પૂજીએ તો વાંધો નથી. પરંતુ એમની સહાયથી સાંસારિક તકલીફ દૂર કરીને તમે સંસારમાં મોજમજામાં ડૂબી જાવ તો એ ભયંકર ખોટું છે.

(૭) પૂજા-આરતી વગેરે પહેલા જીનેશ્વર ભગવંતની જ થાય, પછી જ દેવદેવીની થાય.

(૮) જે કેસરથી દેવદેવીની પૂજા કરી હોય, તેજ કેસરથી વીતરાગ દેવની પૂજા ન કરાય. જો કરો તો આપણો અવિનય ગણાય.

(૯) જે આંગળીથી ભગવંતની પૂજા કરો તે આંગળીથી દેવદેવીની પૂજા ન થાય. અંગૂઠાની બાજુની આંગળીથી પૂજા કરવી. દેવ-દેવીની નવ અંગે પૂજા કરાય નહિ.

(૧૦) તમને કોઈ કહે કે માનવોની પૂજા થાય કે નહી ? તેને તમે શું કહેશો ? બધા માનવોની પૂજા ન થાય. પરંતુ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ પદમાં રહેલા માનવોની પૂજા થાય. બસ... દેવદેવી માટે પણ એમજ સમજવું. બધા દેવદેવી-મિથ્યાત્વી દેવ-દેવીની પૂજા ન થાય. જે સમકિતિ છે, અધિષ્ઠાયક છે. શાસન દેવ દેવી છે. તેમની પૂજા થાય. સાંસારિક સુખની માંગણી ન થાય. પરંતુ ધર્મમાર્ગમાં આગળ વધવા માટે વચ્ચે કોઈ અડચણ નડતી હોય ને સહન શક્તિ ખૂટી ગઈ હોય, પરિણામે આર્તધ્યાન થતું હોય તો માર્ગદર્શન લઈ શકાય પરંતુ સર્વોચ્ચ તો મારા અરિહંત-સિદ્ધ ભગવંત જ છે તે ભાવના જડબેસલાક બેઠેલી હોવી જોઈએ.

**સ. ૨૪૧ શ્રાવક પણું કોને કહેવાય ?**

**જ. ૨૪૧**જેના કષાય પાતળા પડયા હોય, સંતોષ આવ્યો હોય, માંહીથી ગુણ આવ્યા હોય, સાચો સંગ મળ્યો હોય, તે શ્રાવક કહેવાય. જે દારૂ, માંસ, મધનું સેવન કરતા હોય, સાત વ્યસનોનો ત્યાગ ન હોય, અભક્ષ્યને અનંતકાયનું ભક્ષણ કરતાં હોય, તે નામમાત્રનો પણ શ્રાવક નથી. જે નવતત્વ, વીતરાગ દર્શનના વિચારો સાંભળી ભણી યાદ રાખે પણ એક નાનું પણ વ્રત અંગિકાર કરે નહિ તે ફક્ત શ્રુત શ્રાવક છે. જે નિશ્ચય કરી નાનામાં નાનું વ્રત નવકારશીથી વધતાં સ્થૂલ અહિંસા, સત્ય વગેરે ગુણવ્રત, શિક્ષાવ્રતને લાયક થાય તે વ્રત શ્રાવક છે. પાંચમા ગુણસ્થાન વર્તી શ્રાવકને અનંતાનુબંધી અને અપ્રત્યાખાની ક્રોધ, માન, માયા, લોભ થતાં જ નથી. સર્વાર્થ સિદ્ધના દેવ કરતાં પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવકનાં (ભલે તે તિર્યંચ ગતિમાં હોય તો પણ) પરિણામ વધુ ઉજ્જવળ છે.

**સ. ૨૪૨ આવા તિર્યંચ શ્રાવકો ક્યાં છે ?**

જ. ૨૪૨ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં કર્મભૂમી જેવી રચના છે, એટલે ત્યાં ઉપજેલા જીવોમાં તિર્યંચોને પંચમ ગુણ સ્થાનનું શ્રાવક પણું હોઈ શકે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં તિર્યંચોના ઉત્કૃષ્ટ શરીર ચાર હજાર જોજનનાં હોય છે. મનુષ્યોનું ગમન અઢીદ્વીપની બહાર હોતું નથી. પરંતુ અઢીદ્વીપની બહાર અસંખ્યાતા સમ્યક્દૃષ્ટિ શ્રાવક છે. તેમાં મગરમચ્છ, વાંદરા, હાથી, વાઘ, સિંહ આદિ અસંખ્ય જીવ સમ્યક્દૃષ્ટિ છે. અસંખ્યાતા મિથ્યાદૃષ્ટિ વચ્ચે એક સમ્યક્દૃષ્ટિ છતાં એવા સમ્યકદૃષ્ટિ વ્રતી શ્રાવક અસંખ્યાતા છે. પંચમગુણવર્તી તિર્યંચને પણ શ્રાવક કહેવાય છે. મનુષ્ય કરતાં તિર્યંચોમાં ઝાઝા શ્રાવકો છે. સ્વયંભૂરમણ સમુદ્રના તળિયે રેતી નથી હોતી પણ મણિરત્ન હોય છે. તિર્યંચ પણ સમકિતિ ને વ્રતી થઈ ગયા પછી, માંસનો આહાર કરતાં નથી. નિર્દોષ આહાર જ લે છે.

**સ. ૨૪૩ કેટલી પ્રકારના પ્રાણીઓ છે ? કેટલી ઇંદ્રિયવાળા સ્થાવર જીવો કહેવાય ?**

જ. ૨૪૩ પ્રાણીઓ બે પ્રકારના છે. એક ત્રસ પ્રકારના એટલે કે હાલવા ચાલવાની શક્તિવાળા. બીજા સ્થાવર : જે જગ્યાએ દેહ ધારણ કર્યો હોય તે સ્થળે સ્થિતિમાન. જો કે સ્થાવર અને ત્રસમાં ચાલી શકે ને ન ચાલી શકે. એ અપેક્ષાથી અંતર બતાવવું ઠીક નથી. કારણકે તેમ કરવાથી ગમન વિનાના અયોગી કેવળીમાં સ્થાવરનું લક્ષણ અને અલ્પ યોગવાળા અગ્નિકાયને વાયુકાયમાં ત્રસનું લક્ષણ મળવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે. ખરેખર આ બે માં જે અંતર છે એ કે ત્રસોને ત્રસનામકર્મનો ઉદય હોય છે અને સ્થાવરોને સ્થાવરનામકર્મનો ઉદય હોય છે. એકેન્દ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય અને બે ઈંદ્રિયથી પાંચ ઈંદ્રિયવાળા પ્રાણીત્રસ કહેવાય.

**સ. ૨૪૪ એકેન્દ્રિય જરા ઉંડાણથી સમજાવો.**

જ. ૨૪૪ એકેન્દ્રિય : જેને ફક્ત સ્પર્શ ઈંદ્રિયના વિષયનું જ્ઞાન છે તે એકેન્દ્રિય જીવો છે. તેના પાંચ ભેદ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ. વનસ્પતિના બે ભેદ છે. આખા ઝાડમાં એકજીવ હોય, અથવા એક પાનમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય અને એકપાન વગેરેમાં અનંત જીવો સાથે હોય તે સાધારણ વનસ્પતિકાય છે. નિગોદના જીવ પણ વનસ્પતિકાય એકેન્દ્રિય જીવો છે. એકેન્દ્રિય જીવોને મોહનું પ્રબળપણું છે.

એ પાંચેય પ્રકારનો જીવ સમૂહ મનપરિણામથી રહિત છે. એકેન્દ્રિય જીવને પણ અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્ત પણે છે, તે મૈથુનસંજ્ઞા છે. એકેન્દ્રિય જીવને દેહ અને દેહના નિર્વાહ આદિ સાધનમાં 'પરિગ્રહ સંજ્ઞા' અવ્યક્ત મૂર્ચ્છારૂપે છે. વનસ્પતિ એકેન્દ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.

**સ. ૨૪૫ બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો ઉદાહરણ સાથે સમજાવો.**

**જ. ૨૪૫બે ઈંદ્રિય :** જેને સ્પર્શ અને રસ (જીભ અને ચામડી) બે વિષયનું જ્ઞાન છે તે બે ઈંદ્રિય જીવ કહેવાય. શંખ, છીપ, કૃમિ, કરમીયા, કીડા, ગાડર, ગંડોલા, ઈયળ, પોરા, અળશીયાં, વાળાજળો, વિચલિત રસવાળા અથાણામાં બે ઈંદ્રિય જીવો છે.

**તેઈંદ્રિય :** જેને સ્પર્શ, રસ અને ગંધ એટલે કે જીભ, ચામડી ને નાક એ ત્રણ ઈંદ્રિયનું જ્ઞાન છે તે ત્રણ ઈંદ્રિયવાળા જીવો છે. જૂ, માકડ, કીડી, વીંછી, ઉધેહી, મંકોડા, ચાંચડ, કુંથુઆ, કાનખજૂરા, ધનેરા વગેરે તેઈંદ્રિય જીવો કહેવાય.

**ચૌરેન્દ્રિય :** જેને રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એટલે કે જીભ, ચામડી, આંખ, નાક એ ચાર ઈંદ્રિયોનું જ્ઞાન છે તે ચૌરિન્દ્રિય જીવો છે. ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગિયા, કંસારી, ઢીંકણ, વીંછુ, તીડ, બગ, ખડમાંકડી વગેરે ચૌરિન્દ્રિય જીવો કહેવાય.

**પંચેન્દ્રિય :** જેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ (જીભ, ચામડી, આંખ, નાક કાન) એ પાંચ ઈંદ્રિયોનું જ્ઞાન છે તે પંચેન્દ્રિય જીવો છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ-પંચેન્દ્રિય જેવા કે પશુ-પક્ષી, માછલી વગેરે પંચેન્દ્રિય જીવો છે. તેમાં પણ બે ભેદ છે. જે પંચેન્દ્રિયને મન છે તે સંજ્ઞી પંચેન્દ્રિય અને જેને મન નથી તે અસંજ્ઞીપંચેન્દ્રિય છે.

**સ. ૨૪૬ ઈંડુ શું છે ? શું શાકાહારી ઈંડા હોઈ શકે ?**

**જ. ૨૪૬**તે ત્રસ પંચેન્દ્રિય જીવ છે. તેનો ખોરાક તે માંસાહર જ છે.જે પોલ્ટ્રીફાર્મમાં ફક્ત મરઘીઓ જ હોય અને એકપણ મરઘો ન હોય તો તે વાડામાં ઉત્પન્ન થતાં ઈંડાને શાકાહારી ઈંડા કહેવામાં આવે છે. પણ તે સાચું નથી. પ્રત્યેક ઈંડામાં જીવ હોય છે. માટે કોઈપણ પ્રકારનું ઈંડુ શાકાહારી હોઈ શકે જ નહિ. વળી ઈંડાને ફોડતાં તરત જ તેમાં બીજા બે ઈંદ્રિય જીવો અસંખ્યાતા ઉત્પન્ન થઈ જાય છે. માટે ઈંડુ એટલે જ માંસાહાર તે ખવાય જ નહિ.

**સ. ૨૪૭ પૃથ્વી, પાણી, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય સ્થાવર જીવોમાં સૌથી સૂક્ષ્મ કોણ ?**

**જ. ૨૪૭**પાંચેયમાં વનસ્પતિ કાય સૌથી સૂક્ષ્મ છે. બાકી નાચારમાં વાયુકાય સૌથી સૂક્ષ્મ. બાકીના ત્રણમાં અગ્નિકાય સૌથી સૂક્ષ્મ બાકીના બેમાં અપકાયના જીવો પૃથ્વીકાયના જીવો કરતાં સૂક્ષ્મ છે.

**સ. ૨૪૮ કેવી પ્રવૃત્તિ કરવાથી જીવો નરક કે તિર્યંચ ગતિમાં જાય છે ?**

**જ. ૨૪૮**જીવો ઘણી હિંસા કરે, બહુજ પરિગ્રહ વધારે, તૃષ્ણા રાખે, ત્રસ જીવોનો માંસાહાર કરે, પંચેન્દ્રિય જીવોનો નાશ કરે, રૌદ્ર ધ્યાન ધ્યાવે તો જીવ નરકમાં જાય. જીવો માયા-કપટ કરે, જૂઠું બોલે, ખોટા તોલ-માપ રાખે, આર્તધ્યાન કરે તેવા જીવો તિર્યંચમાં જાય.

**સ. ૨૪૯ દેવગતિ કે મનુષ્ય ગતિમાં શું કરવાથી જાય ?**

**જ. ૨૪૯**જેઓ પ્રકૃતિના ભદ્રિક હોય, વિનયી અને નમ્ર હોય, જેનામાં અનુકંપા ને દયા હોય, જેઓ અભિમાનીને ગર્વિષ્ઠ ન હોય તેઓ મનુષ્ય ગતિનું આયુષ્ય બાંધે. જે જીવો સંયમ પાળે છે પરંતુ રાગ-મોહ છે, જેઓ ગૃહસ્થ છે પણ શ્રાવક વ્રત પાળે છે, જેઓ અજ્ઞાન પણ બાલ તપશ્ચર્યા અગાધ કરણી કરે છે અને સહે છે, જેઓ નિર્જરાને જાણતા નથી પણ પરવશપણે ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે સહન કરે છે તેઓ દેવગતિમાં જાય છે.

**સ. ૨૫૦ મનુષ્યના મુખ્ય બે ભેદ કયા ?**

**જ. ૨૫૦**મનુષ્યના મુખ્ય બે ભેદ, ગર્ભજ અને સમૂર્ચ્છિમ. ગર્ભજના પાછા બે ભેદ - પર્યાપ્તાને અપર્યાપ્તા. ૧૫ કર્મભૂમિના મનુષ્યો+ ૩૦ અકર્મભૂમિના + ૫૬ અંતરદ્વીપવાસી એમ ૧૦૧ પ્રકારના ગર્ભજ મનુષ્ય થયા. તેમાં ૧૦૧ પ્રકારના પર્યાપ્તાને ૧૦૧ પ્રકારના અપર્યાપ્તા એમ ગણતાં ૨૦૨ પ્રકારના ગર્ભજ મનુષ્ય થયા. હવે ૧૦૧ પ્રકારના ગર્ભજ મનુષ્યમાંથી નીકળતા મળમૂત્ર, લીંટ, બળખા, ઉલટી, પિત્ત, પરૂ, લોહી, લાળ, વિર્ય, મરેલા માણસનું કલેવર વગેરે ચૌદ પ્રકારની વસ્તુમાં જે જીવ ઉપજે છે તેને સંમૂર્ચ્છિમ મનુષ્ય કહે છે તે અપર્યાપ્તા જ મરે છે. તેને મન સિવાયની પાંચેય પર્યાપ્તિ હોય છે. સમૂર્ચ્છિમ મનુષ્યના ૧૦૧ ભેદ થાય છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય વિષે જાણ્યા પછી એંઠી થાળીમાં કેટલા સંમૂર્ચ્છિમ મનુષ્ય જન્મે ને મરે તે સમજી શકાય છે. માટે એંઠુ નહિ મુકવામાંને થાળી

ધોઈને પીવામાં કેટકેટલી હિંસામાંથી બચી જવાય તે સમજ હોવી જરૂરી છે. આજની આપણી જીવનશૈલી એવી છે કે મળમૂત્ર-લીંટ વગેરે સીધું ગટરમાં જ જાય છે ને સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિની પરંપરા ચાલુ રહે છે. તે પણ છૂટામાં સુકાઈ જાય તો સારૂં. જેટલું પણ શક્ય હોય તેટલું આચરવું જોઈએ ને જે નજ આચરી શકાય તેમ હોય તેના માટે હૃદયમાં દુઃખ હોવું જોઈએ. પણ દુઃખ ત્યારે થશે જ્યારે સાચી વસ્તુ જાણશો માટે જ્ઞાન મેળવવું ખૂબ જરૂરી છે.

**સ. ૨૫૧ પર્યાપ્તાને અપર્યાપ્તા જીવ કોને કહે છે ?**

**જ. ૨૫૧**જ્યારે કોઈજીવ કોઈ યોનિમાં પહોંચે છે ત્યારે ત્યાં જે પુદ્ગલોને ગ્રહણ કરે છે તેમાં આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન બનાવવાની શક્તિ અડતાલીસ મિનિટની અંદર થઈ જાય છે. તેને પર્યાપ્ત કહે છે. આ છ પર્યાપ્તમાંથી પહેલી ત્રણ પર્યાપ્તિ બધાજ જીવ બાંધે છે. બાકીની પર્યાપ્તિમાંથી જે ગતિમાં શરીર બનાવવા માટે જેટલી બાંધવાની હોય તેટલી પૂરેપૂરી ન બંધાઈ રહે ત્યાં સુધી અપર્યાપ્તો કહેવાય. ને જેટલી બાંધવાની છે તેટલી બાંધી લે ત્યારે પર્યાપ્તો કહેવાય. જ્યાં સુધી શરીર બનાવવાની શક્તિ પૂર્ણ થઈ શકતી નથી ત્યાં સુધી તે જીવ નિવૃત્ત્યપર્યાપ્ત કહે છે અને જે જીવ પર્યાપ્તિ પૂર્ણ કરી શકતા નથી અને તરત જ મરી જાય છે તેને લબ્ધ પર્યાપ્ત કહે છે.

**સ. ૨૫૨ મનુષ્યપણું મોંઘું કેમ કહ્યું છે ? આવું મોંઘું મનુષ્યપણું પામીને શું કરવું ?**

**જ. ૨૫૨**કોઈનો પણ જીવ ફક્ત બે હજાર સાગરોપમ વર્ષ માટે નિગોદમાંથી બાહર નીકળે છે. તેમાંય તે સમયગાળા દરમ્યાન વધુમાં વધુ ૪૮ ભવ મનુષ્યના મળે છે. તેમાં જો અકર્મભૂમિમાં મનુષ્ય તરીકે ઉત્પન્ન થયા હોઈએ તો ત્યાં કાંઈ ધર્મ હોતો નથી. એટલે તેમાં જેટલા પણ મનુષ્યના ભવ મળ્યા હશે તે અધ્યાત્મિક દૃષ્ટિ એ નકામા ગયા. વળી કર્મભૂમિમાં પણ છ એ છ આરામાં અમૂકજ સમય એવો છે કે જે સમય દરમ્યાન ધર્મકરણી છે. બાકીના સમયમાં કેટલા પણ મનુષ્યભવ મળ્યા હશે તો તે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ નિષ્ફળ ગયા. હવે સમજી લો કે કર્મભૂમિ પણ છે અને સમયગાળો પણ ધર્મકરણીનો છે. પરંતુ આપણો જીવ ધર્મપામી શકે તેવી પરિસ્થિતિ પામ્યો કે નહિ ? જન્મતાંજ મૃત્યુ થઈ ગયુ ? ગર્ભમાંજ મૃત્યુ થયું ? સમૂર્ચ્છિમ

મનુષ્ય તરીકે જન્મીને મર્યા ? અપર્યાપ્તા મર્યા ? એવી કુળ-જાતિ મળી કે કેવલી ભગવાનનો ધર્મ જ ન મળ્યો ? કોને ખબર છે શું થયું ? ૪૮ ભવમાંથી આવા કેટલા ભવ ચાલ્યા ગયા ને કેટલા બાકી છે તેની પણ કોને ખબર છે ? વળી દેવ-નારકી કે તિર્યંચમાં તો જીવનો આધ્યાત્મિક વિકાસ શક્ય જ નથી. તો હવે સમજાય છે કે આ ભવમાં ધર્મ કરવા યોગ્ય બધાજ સંજોગોને સમજણ પ્રાપ્ત થઈ છે તો આ માનવજન્મ કેટલો મોંઘો છે ? આવું મોંઘુ મનુષ્યપણું પામીને બીજા હજાર કામ પડતાં મૂકીને આત્માને ઓળખવો. કોઈ એમ કહે કે આત્મહિત માટે સમય નથી તો સમજવું કે એને એનો આત્મા વહાલો નથી એને એના આત્માના હિતની દરકાર નથી. જે જીવ ખાવા, પીવા, કમાવા આદિ અનેક કાર્યોમાં પુરૂષાર્થ કરે છે અને ધર્મની વાતમાં ભાવિ, હોનહાર, નસીબ કહીને સ્વભાવ સન્મુખ થવાનો પુરૂષાર્થ કરતો નથી તે મોંઘેરા માનવ જન્મની કિંમત સમજતો નથી.

**સ. ૨૫૩ પંચાશક ગ્રંથમાં કહ્યું છે કે, 'જત્થ આસત્તિ તત્થ ઉત્પત્તિ' આ વાક્ય ઉદા. સાથે સમજાવો.**

**જ. ૨૫૩** જેમાં આશક્ત થયા તેમાં ઉત્પન્ન થવું પડે. રાણીના લાંબાલચક વાળમાં આશક્ત બનનાર રાજા મરીને તેજ વાળમાં જૂ તરીકે ઉત્પન્ન થયો. બોરમાં આશક્ત બનનાર અનસની શ્રાવક તેજ બોરમાં કીડા તરીકે ઉત્પન્ન થયો. રૂપિયાની નોટોમાં આશક્ત બનનારને તેજ નોટોની થપ્પીમાં ઉધઈ તરીકે કદાચ ઉત્પન્ન થવું પડે. ખાઉં ખાઉં કરનારો કદાચ વિષ્ઠા ખાનારો ભૂંડ બને. માટે સદ્‌ગુરૂ કહે છે કે એક વખત વસ્તુ નહી છૂટે તો ચાલશે પણ એમાં આશક્તિ - મોહતો ન જ  જોઈએ. મોહનીય કર્મ ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિવાળું છે. હવે વિચાર કરો, ત્રસપણું આપણને મળે છે. બે હજાર સાગરોપમ માટે, મોહનીય કર્મ ઉત્કૃષ્ટે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનું, જો એને નહી તોડતા જાવ તો બાકીનું એકેન્દ્રિયમાં જઈને ભોગવવું પડશે. છે તૈયારી આટલા વર્ષો સુધી ત્યાં પડયા રહેવાની ? માટે જ મનથી અળગા થઈ જાવ. 'આ બહુ સારૂ, આ બહુ ખરાબ. આ બહુ ગમ્યુ... આ બહુ ના ગમ્યુ.' બધુ જેટલું છોડતા જશો ને માધ્યસ્થ ભાવ લાવતા જશો એટલા રાગ દ્વેષ ઓછા થશે. ને આશક્તિ ઘટશે તો મોહનીય કર્મ તૂટતું જશે. ઘોડિયામાં બાળકને ઝુલાવતી માતા પોતાના તાજા જન્મેલા બાળકને કહી રહી છે. 'હે બાળક, આ ઘોડિયું પણ તું જ છે, આ ખોયુ પણ તું જ છે. આ ઘૂઘરો પણ તું જ છે. શું આ જાણ્યા પછી તને ફરી

ફરી જનમ લેવાનું મન થશે ? માટે આ માનવ જન્મનો ઉપયોગ અજન્મા બનવા માટે કરજે.' કેટલો વૈરાગ્ય ગર્ભિત સંદેશ છે આ ! મા કહે છે, 'હે બાળક આ ઘોડિયું લાકડાનું બન્યુ છે, કદાચ કોઈ જન્મમાં તારો જીવ વૃક્ષ રૂપે હશે. તારૂંજ થડ કપાઈને કદાચ આ ઘોડિયું બન્યું હશે. કદાચ કોઈ જન્મમાં તું કપાસનું વૃક્ષ હોઈશ. તારાજ કપાસમાંથી કદાચ આ ખોયું બન્યું હશે. હે બાળક ! તારો જીવ પૃથ્વીકાયમાં હશે. તારાજ ચાંદીના કલેવરમાંથી આ ઘૂઘરો બન્યો હશે. હવે આ સમજ મળ્યા પછી આ ભૌતિકમાં તું લપેટાઈશ નહિ. નહી તો પાછો ત્યાંજ પહોંચી જઈશ. આ જન્મનો ઉપયોગ એવો કરજે કે આ ચાર ગતિના ચક્કરમાંથી છૂટીને તું મોક્ષમાં પહોંચી જાય. જ્યાંથી ફરી જન્મ લેવો જ ન પડે. કરોડોના કરોડો વર્ષ સુધી એકેન્દ્રિયમાં પડયા હતા. માંડ મહેતન કરી કરીને અહીં મનુષ્યભવ સુધી પહોંચ્યા. પરમ ઉપકારી પરમાત્મા આપણને ચેતવે છે કે ભાઈ સાંભળ... શેમાં પણ આશક્ત નહી બનતો... છતાંય આપણે ન ચેતીએ તો વાંક કોનો ?

**સ. ૨૫૪ એકેન્દ્રિયમાંથી બહાર કેવી રીતના આવ્યા ?**

**જ. ૨૫૪**ભૂખ-દુઃખ-ટાઢ-તડકો-તરસ બધું જ દુઃખ સહન કરતાં જ ગયા, કરતાં જ ગયા... એ પણ અકળાયા વગર... આમ અકામ નિર્જરા કરતાં કરતાં અહીં સુધી પહોંચ્યા. જે રસ્તો નિગોદમાંથી અહીં સુધી પહોંચવાનો છે. 'સમતા ભાવે સહેવુ' એજ રસ્તો અહીંથી મોક્ષ સુધી પહોંચવાનો છે. છતી શક્તિ એ પ્રતિકાર કર્યા વગર સહેવું 'મધ્યસ્થ ભાવે રહેવું' જે કાંઈ દુઃખ આવી પડે છે, અણગમતું મળે છે, અણગમતી વ્યક્તિ હોય કે વસ્તુ કે શારીરિક દુઃખ હોય... હૃદયમાં ક્લેશ નહિ કરો. અકળાયા વગર સમતા ભાવમાં રહેવાનો પ્રયત્ન કરો. અણગમતી વ્યક્તિ કે વસ્તુને નિમિત્ત તરીકે જુઓ. દોષિત તરીકે નહીં... 'મારે સહન કરવું પડે છે તો દોષ તો મારો જ છે, ભલે આ જન્મનો નહિ હોય તો કોઈ પૂર્વ જન્મનો હશે... પૂર્વ જન્મમાં દ્વેષનું બીજ મેં જ વાવ્યું હશે... એ આજે વૃક્ષ બનીને મને કડવાં ફળ આપી રહ્યું છે... એમાં વૃક્ષનો શું વાક ? વાંક તો બીજ વાવનારનો જ છે.' આવી ભાવના મનમાં દઢ કરી સમતામાં સ્થાપિત થવાથી કર્મ ખપશે ને ઉપર જવાનો માર્ગ તૈયાર થશે. સુખના સમયે પણ આનંદમાં - રાગમાં ખેંચાઈ ન જતાં... મધ્યસ્થ ભાવે રહેવું જેથી સકામ નિર્જરા થશે. જો દઢ પ્રહારી નામનો ડાકૂ, એક ઝાટકે બે કટકા કરનારો બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને ગર્ભની એક સાથે ચાર

હત્યા કરનારો, જો અકળાયા વગર સ્વેચ્છાએ દુઃખ સહન કરીને એજ ભવમાં મોક્ષસુધી પહોંચી જાય તો આપણે કેમ નહી ? ફરક ફક્ત એટલો જ છે કે એકેન્દ્રિય વગેરે ભવમાં અનિચ્છાએ દુઃખ સહન કર્યું. આ માનવ ભવમાં સમજણ સાથે ઈચ્છાપૂર્વક સહન કરવાનું છે તો ફટાફટ સીડીઓ ચડી જવાશે.

**સ. ૨૫૫ આપણે સાચા હોઈએ તો અન્યાય કેમ સહન થાય ?**

**જ. ૨૫૫** એમ કહેવાવાળાને માટે કહેવું છે કે તમે સવારથી સાંજ સુધીમાં કેટલાય જીવોને કેટલોય અન્યાય કરો છો ? ને પાછા ન્યાય લેવા નીકળ્યા છો ? વિચાર તો કરો... કેટલાય એકેન્દ્રિય જીવોને રહેંસી નાખો છો, કચડી નાખો છો, કાપી નાખો છો, આખાને આખા પતાવી દો છો - ઠંડે કલેજે.. ને તમને જરાક આમથી આમ થયું તો ન્યાય લેવા નીકળો છો ? ભૂલી જાવ કે તમે નિર્દોષ છો. એ ભ્રમમાંથી બહાર નીકળી જાવ કે હું કોઈને દુઃખ કે તકલીફ નથી આપતો. એક બાજુ સવારથી સાંજ સુધીમાં બીજા કોઈ જીવે તમને કેટલું દુઃખ આપ્યુ તેનું લિસ્ટ તૈયાર કરો, ને તમે કેટલા જીવોને રહેંસી નાખ્યા, કેટલા જીવોને તમારી વાણી અને વર્તન દ્વારા દુઃખ પહોંચાડયું તે તટસ્થ ભાવે લિસ્ટ તૈયાર કરો તો ખબર પડશે કે ન્યાય માંગવા નીકળેલા તમે બીજા જીવોને કેટલો અન્યાય કર્યો છે... ને કુદરતની કોર્ટમાં એનો કેસ ચાલશે ત્યારે શું પરિણામ આવશે.

**સ. ૨૫૬ આત્મા અરૂપી છે તો આત્માનું જ્ઞાન કેમ થઈ શકે ?**

**જ. ૨૫૬** આત્મા અરૂપી છે. એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત વસ્તુ છે, કાંઈ અવસ્તુ નથી. માટે તે જાણી અને અનુભવી શકાય તેવો છે. જો જીવ યથાર્થ પ્રયત્ન કરે તો આત્માનું જ્ઞાન અવશ્ય થાય. ને અનુભવવામાં આવે તે જ્ઞાન અને અનુભવને સમ્યક્દર્શન થયું કહેવાય.

**સ. ૨૫૭ આત્મ પ્રદેશ એટલે શું ? આત્મામાં રૂચક પ્રદેશ એટલે શું ? તે કેટલા ?**

**જ. ૨૫૭** આત્માના નાનામાં નાના, નાનામાં નાના હિસ્સાને આત્મપ્રદેશ કહેવાય. શરીરમાં રહેલા અસંખ્યાત પ્રદેશી આત્મામાં આઠ જ પ્રદેશ એવા છે કે જેને કર્મવળગણા નથી. આને રૂચક પ્રદેશ કહેવાય. સામાન્ય રીતે સ્થૂલનયથી એ આઠ પ્રદેશ નાભીના કહેવાય. આ આઠ રૂચક પ્રદેશો પોતાનું સ્થાન

બદલતા નથી. સૂક્ષ્મપણે ત્યાં અસંખ્યાતા પ્રદેશ કહેવાય. સ્થૂળપણે આ આઠ પ્રદેશ કર્મરહિત જ રહે છે. આ આઠ પ્રદેશ એટલા શુદ્ધ છે જેટલા સિદ્ધાત્માના હોય. દરેકે દરેક સજીવમાં રહેલા આ શુદ્ધાત્માને પ્રણામ કરી તેનું બહુમાન કરવું.

**સ. ૨૫૮ જીવના કેટલા ભેદ? ચાર ગતિમાં ભમતા જીવોના પ્રકાર કહો.**

**જ. ૨૫૮**જીવના બે ભેદ 'સિદ્ધ અને સંસારી. સંસારી જીવોના પાછા બે ભેદ' ભવ્ય અને અભવ્ય. ભેદ દૃષ્ટિએ આત્મા ૫૬૩ પ્રકારે છે. જેમકે ૩૦૩ ભેદ મનુષ્યના, ૧૯૮ ભેદ દેવતાના, ૪૮ ભેદ તિર્યંચના, ૧૪ ભેદ નારકીના કુલ ૫૬૩ પ્રકાર છે. પરંતુ અભેદ દૃષ્ટિથી આત્મામાં કોઈ ભેદ જ નથી. તે શુદ્ધ જ છે.

**સ. ૨૫૯ આત્મા કોણે અનુભવ્યો કહેવાય?**

**જ. ૨૫૯**તલવાર મ્યાનમાંથી કાઢવાથી જેમ જુદી માલૂમ પડે છે, તેમ દેહથી આત્મા સ્પષ્ટ જુદો બતાવે તેણે આત્મા અનુભવ્યો કહેવાય. આત્મા જાણ્યો હોય પછી એક પર્યાયથી માંડી આખા સ્વરૂપ સુધીની ભ્રાંતિ થાય નહિ. હર્ષ-શોક આદિ પ્રસંગમાં એકાકાર થાય નહિ. રાજ્ય મળે આનંદ થાય તો તે અજ્ઞાન. અજ્ઞાન ઉભું થાય કે તરત દાબી દે. ખૂબ જ જાગૃતિ હોય. જ્ઞાનીની દશા ખૂબજ અદ્‌ભૂત છે. અંતરમાં પોતાના આત્મઅનુભવ રૂપે દેહ અને આત્મા જુદા લાગે ત્યારે પરમાત્મપણું પ્રાપ્ત થાય. આત્મા જેને સ્વપ્નમાં પણ જુદો જ લાગે.

**સ. ૨૬૦ મન એ શું છે? મન જીવ છે? અજીવ છે? રૂપી છે? અરૂપી છે?**

**જ. ૨૬૦**મન જીવ નથી. અજીવ છે. રૂપી છે. અરૂપી નથી. મન બે પ્રકારે છે. એક દ્રવ્યમન. બીજું ભાવમન. દ્રવ્યમન એ પુદ્‌ગલની રચના છે. જેમ ઈંદ્રિયોની રચના છે તેમ દ્રવ્ય મનની પણ છે. તેમાં જે ઉપયોગ છે તે ભાવમન છે. ખરી રીતે તો ભાવમન એજ આત્મા છે. આત્મા દ્રવ્યમનમાં જોડાય ત્યારે સંકલ્પ, વિકલ્પ, વિચારો થાય છે.

**સ. ૨૬૧ પાંચ ઈન્દ્રિયો શી રીતે વશ થાય?**

**જ. ૨૬૧**દરેક પદાર્થમાં તુચ્છ પણું વિચારી વૃત્તિ બહાર જતી અટકાવવી અને ક્ષય કરવી. વૃત્તિને ગમેતેમ કરી રોકવી. ઉપયોગથી રોકવી, જ્ઞાન વિચારથી

રોકવી, લોકલાજથી રોકવી. ગમે તેમ કરી રોકવી. કોઈ પદાર્થ વિના ચાલે નહિ એવું રાખવું નહિ. શરીરમાં બધી ઈંદ્રિય બે છે ને કામ એકજ છે. ફક્ત જીભ જ એક એવી ઈંદ્રિય છે કે જે એક છે પણ કામ બે છે - સ્વાદ અને વાદ. જીભને વશ કરવાથી બીજી ઈંદ્રિયો સહેજે વશ થાય છે.

**સ. ૨૬૨ કયા કયા ક્ષેત્રમાંથી ક્યારે જીવો સિદ્ધ થઈ શકે ?**

**જ. ૨૬૨**મહાવિદેહ ક્ષેત્રમાંથી જીવો સર્વકાળે સિદ્ધ થઈ શકે છે. જ્યારે ભરત અને ઐરાવત ક્ષેત્રના જીવો આખા કાળચક્રમાંથી અમુક કાળમાં જ સિદ્ધ અવસ્થાને પામી શકે છે. એકજ સમયમાં વધુમાં વધુ ૧૦૮ જીવો સિદ્ધાવસ્થાને પામી શકે છે તથા વધુમાં વધુ છ માસનો ગાળો પસાર થયા પછી બીજો એક જીવ અવશ્ય સિદ્ધિપદને પામે છે. એટલે કે બે સિદ્ધના જીવો વચ્ચેનો વિરહકાળ વધુમાં વધુ છ માસનો રહે છે.

**સ. ૨૬૩ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન જ કેમ ?**

**જ. ૨૬૩**કારણકે ફક્ત અઢી દ્વિપમાં જ મનુષ્યની ઉત્પત્તિ કહી છે. તે અઢી દ્વિપ ફક્ત ૪૫ લાખ યોજનમાં છે. હવે મનુષ્ય સિવાયતો કોઈ ગતિમાંથી સિદ્ધ થવાતું જ નથી. વળી નિયમ પ્રમાણે આ અઢી દ્વિપમાં જે જગ્યાએ મનુષ્ય નિર્વાણ પામે છે તેજ જગ્યાએથી બરાબર સીધી રેખામાં તે જીવ સિદ્ધશિલા પર તેજ જગ્યાએ સ્થિત થાય છે. હવે ૪૫ લાખ યોજનમાંજ મનુષ્ય છે તેથી સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજનજ છે.

**સ. ૨૬૪ ચૌદ રાજલોક શું છે ? લોકાલોક સમજાવો.**

**જ. ૨૬૪**જેમાં સમસ્ત જીવરાશીનો સમાવેશ થાય છે એ સમગ્ર બ્રહ્માંડનું માપ ચૌદ રજ્જુ પ્રમાણ છે. માટે એને ચૌદ રાજલોક કહેવાય છે. એક રજ્જુ પ્રમાણ એટલે અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર-પર્વત જેમાં સમાઈ જાય. તો વિચાર કરો ચૌદ રજ્જુ પ્રમાણ એટલે કેટલું મોટું થયું. એક રજ્જુ પ્રમાણની પણ કલ્પના થઈ શકે તેમ નથી તો ચૌદની તો ક્યાંથી થાય ? સર્વજ્ઞ ભગવાને કહ્યું છે કે અનંતા અનંત સર્વ તરફનું આકાશ ચારે બાજુ છે. તે પોતે પોતાને આધારે જ રહેલું છે. તે અલોકાકાશ છે. તેમાં કોઈપણ જીવરાશિ છે નહી. તે ચારેબાજુ અનંતાઅનંત છે તેથી તેનો કોઈ આકાર પણ છે નહિ. તેની મધ્યમાં આ 'લોક' રહેલો છે. સમસ્ત જીવરાશિ તેમાંજ છે. કોઈ પુરૂષ કમ્મર પર બે હાથ રાખી પગ પહોળા કરીને ઉભો રહે તેવો આકાર

'લોક' નો છે. 'લોક' છ દ્રવ્યથી યુક્ત છે. જ્યારે 'અલોક' માં ફક્ત આકાશદ્રવ્ય છે.

**સ. ૨૬૫ 'લોક' કોના આધારે રહેલું છે ?**

**જ. ૨૬૫**વાતવલય એટલે એક પ્રકારનો પવન પુંજ જે સમસ્ત 'લોક' ને ઘેરીને રહ્યો છે, જેના આધારે 'લોક' આકાશમાં સ્થિત છે. આખો લોક પહેલા ઘનોદધિ વાતવલયથી વિંટાયેલો છે. જેમાં પાણી મિશ્રિત હવા છે. આ વાતવલયને બીજા ઘનવાતવલયે ઘેરી રાખ્યો છે. એમાં સઘનવાયુ છે તેને ત્રીજા તનુવાત વલયે ઘેરી રાખ્યો છે કે જે હલકા વાયુનો પુંજ છે.

**સ. ૨૬૬ 'મધ્યલોક', ઉર્ધ્વલોકને અધોલોક ક્યાં છે ? કેવડા છે ? તેમાં કોણ રહે છે ?**

**જ. ૨૬૬**આ ત્રણેય લોક ચૌદરાજ લોકમાં જ છે. કોઈ પુરૂષ કમ્મર પર બંને હાથ રાખીને પગ પહોળા કરીને ઉભો છે એવું ચિત્ર નજર સામે ખડું કરો. તેની બરોબર વચમાં, કમ્મરના ભાગમાં મધ્યલોક છે. તેની ઉપર લગભગ સાત રજ્જુ પ્રમાણ ઉર્ધ્વલોક છે ને મધ્યલોકની નીચે લગભગ સાત રજ્જુ પ્રમાણ અધોલોક છે. પહોળાઈની દ્રષ્ટિએ વચમાં મધ્યલોક બરાબર એક રાજુ પ્રમાણ પહોળું છે. ત્યાંથી ઉપર ઉર્ધ્વલોકની પહોળાઈ વધીને પાંચ રજ્જુ પ્રમાણ થાય. પાછી ઘટીને એક રાજુ પ્રમાણ રહે છે. (કમ્મરે મુકેલા બે હાથની બંને કોણી વચ્ચેનું અંતર એટલે પાંચ રજ્જુ પ્રમાણ ત્યાંથી ઉપર ઘટીને મસ્તક સુધી પહોંચો ત્યાં એક રજ્જુ પ્રમાણ) ત્યાં સિદ્ધશિલા આવેલી છે. ત્યાં તેની ઉપર મુક્ત જીવો સાદિઅનંતકાળ સુધી સ્થિરતા કરે છે. મધ્યલોકથી (કમ્મરનો ભાગ) જેમ નીચે જતા જાવ તેમ અધોલોકની પહોળાઈ એક રજ્જુથી વધીને સાત રજ્જુ પ્રમાણ થાય. (એકદમ નીચે બે પગ વચ્ચેનું અંતર સાત રજ્જુ.) મધ્યલોકની બરાબર મધ્યમાં મેરૂપર્વત આવેલો છે. મેરૂપર્વતથી અઢીદ્વીપ સુધી જ મનુષ્યોનો નિવાસ છે. અઢીદ્વિપ એટલે કે ૪૫ લાખ યોજનમાંજ મનુષ્યો છે. મધ્યલોકમાં મનુષ્ય, તિર્યંચ અને વ્યંતરદેવો રહે છે. ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવોના વિમાનોની રચના, મધ્યલોકમાં જ્યોતિષ્ક દેવોના વિમાનોની રચના તથા ઓધોલોકમાં નરકભૂમિની રચના તથા ભવનપતિ દેવોના આવાસ છે.

**સ. ૨૬૭ અઢી દ્વીપમાં જ મનુષ્ય વસે છે તે અઢી દ્વીપ કયા કયા ?**

**જ. ૨૬૭** આખો જંબુ દ્વીપ, એક ઘાતકીખંડ દ્વીપને અર્ધ પુષ્કર દ્વીપ એમ મળીને અઢી દ્વીપ થાય. અઢી દ્વીપમાં ૧૦૧ મનુષ્યના ક્ષેત્ર છે. તેમાં ફક્ત પંદર ક્ષેત્રમાંજ કર્મભૂમિના મનુષ્ય છે. બાકીના ૮૬ ક્ષેત્રમાં અકર્મભૂમિના મનુષ્યો છે. ૮૬માં ૩૦ક્ષેત્ર અઢી દ્વીપમાં છે અને ૫૬ ક્ષેત્ર અંતર દ્વીપમાં છે. અંતર દ્વીપ ફક્ત લવણ સમુદ્રમાં છે.

**સ. ૨૬૮ કર્મભૂમિને અકર્મભૂમિ એટલે શું ?**

**જ. ૨૬૮** કર્મભૂમિ એટલે અસિ, મસિ (વ્યાપાર) અને કૃષિ જ્યાં થતી હોય તે. અકર્મભૂમિના મનુષ્યો ધર્મકર્મમાં બિલકુલ સમજતાં નથી. એ મનુષ્યો તો પોતાના પૂર્વે કરેલા પુણ્યના ફળો દેવતાઓની પેઠે સુખે ભોગવે છે. ધર્મ કરણી તો ફક્ત પંદર કર્મક્ષેત્રમાં જ છે. એ પંદર ક્ષેત્રમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. ત્યાં તો સદાકાળ જૈન ધર્મ પ્રવર્તે છે. બાકીના પાંચ ભરતક્ષેત્રને પાંત ઐરાવત ક્ષેત્રમાં છ આરામાંથી ત્રીજા આરાના અંતથી પાંચમા આરાના અંત સુધી જ (એક ક્રોડાક્રોડ સાગરથી સહેજ વધારે વખત) ધર્મ કર્મ કરવાનો રહે છે. પાંચ ભરતને પાંચ ઐરાવત એ દસ ક્ષેત્રમાંના એક એક ક્ષેત્રમાં બત્રીસ હજાર દેશ છે. બત્રીસ હજાર દેશમાંથી પણ ધર્મકર્મ કરવાના તો માત્ર સાડા પચ્ચીસ જ આર્ય દેશ છે. આ જાણ્યા પછી તો ખ્યાલ આવ્યો જ હશે કે કાળ અને ક્ષેત્રની દૃષ્ટિએ પણ ધર્મ કરવાનો આપણને કેટલો મહામૂલો અવસર મળ્યો છે. પણ આપણને એની કિંમત છેલ્લો શ્વાસ બાકી રહ્યો હોય ત્યારેજ સમજાય છે.

**સ. ૨૬૯ અઢીદ્વીપના કર્મભૂમીના ૧૫ ક્ષેત્રને અકર્મભૂમિના ૩૦ ક્ષેત્રના નામ આપો.**

**જ. ૨૬૯** જંબુદ્વીપમાં ૧ ભરતક્ષેત્ર ૧ ઐરાવત અને ૧ મહાવિદેહક્ષેત્ર. ઘાતકી ખંડમાં ૨ ભરત, ૨ ઐરાવત અને ૨ મહાવિદેહક્ષેત્ર. અર્ધ પુષ્કરદ્વીપમાં ૨ ભરત, ૨ ઐરાવત અને ૨ મહાવિદેહક્ષેત્ર. એમ કુલ મળીને ૧૫ કર્મભૂમિના મનુષ્યો. ત્રીસ અકર્મભૂમિમાં પાંચ હેમવય, પાંચ ઐરણ્યવય, પાંચ હરિવાસ, પાંચ રમ્યકવાસ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ એમ ત્રીસ અકર્મભૂમિના ક્ષેત્રો છે.

**સ. ૨૭૦ પુષ્કરદ્વીપમાં આવેલા પર્વતનું નામ 'માનુષોત્તર' કેમ પાડયું ?**

**જ. ૨૭૦**કેમકે એની બહાર કોઈ મનુષ્ય જન્મ લેતો નથી અને કોઈ મરતો નથી. ફક્ત વિદ્યાસંપન્ન મુનિ અથવા વૈક્રિયલબ્ધિધારી કોઈ મનુષ્ય અઢીદ્વીપની બહાર જઈ શકે છે, પરંતુ એના પણ જન્મ મરણ માનુષોત્તરની અંદરજ થાય છે. જંબુદ્વીપ, ઘાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપ એ અઢીદ્વીપ તથા લવણ અને કાલોદધિ એ બે સમુદ્ર એટલો જ ભાગ મનુષ્યલોક કહેવાય છે.

**સ. ૨૭૧ મનુષ્યલોક સમજાઈ ગયા પછી આપણી જાત માટે આપણે શું વિચારવાનું ?**

**જ. ૨૭૧**હવે વિચારો : એક રજ્જુ એટલે અસંખ્યાતા દ્વીપ ને સમુદ્રો એવા ૧૪ રજ્જુ પ્રમાણ આ લોક. તેમાં એક રજ્જુ પ્રમાણ મધ્ય લોક. તેમાં ૪૫ યોજન પ્રમાણ અઢી દ્વીપ. તેમાં સૌથી નાનો દ્વીપ જંબુ દ્વીપ. તેમાં એક ભરત ક્ષેત્રને ભરત ક્ષેત્રમાં આપણે. તો આપણે ક્યાં ? આપણે શું ? આપણો અહંકાર ક્યાં ? હવે બીજી રીતના વિચારો : આટલું મોટું ચૌદ રાજલોક. તેમાં ફક્ત અઢીદ્વીપમાં જ મનુષ્યો. તેમાં ૮૬ ક્ષેત્રના મનુષ્યો અકર્મભૂમિના. તેઓ ધર્મકર્મમાં કાંઈજ સમજે નહિ. એમાં આપણો નંબર નથી લાગ્યો. બાકીના ૧૫ ક્ષેત્રો કર્મભૂમિના છે તેમાં આપણો નંબર લાગી ગયો. જે ક્ષેત્ર ધર્મકર્મના છે. આ ૧૫ ક્ષેત્ર સિવાય આખા ચૌદ રાજલોકમાં કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં તમે ધર્મ કરી શકો. હવે સમજાય છે કે જે ધર્મ તમને મળ્યો છે તે કેટલો મહામુલો છે. અકર્મભૂમિમાં જેટલા પણ જન્મ કર્યા હશે, ભલે તે મનુષ્યભવ હોય. આખો જન્મ સુખ ભોગવવામાં ખોઈ નાખ્યો. કારણકે ત્યાં ધર્મકર્મ છે જ નહિ. તે સિવાય દેવના ભવ જેટલા પણ મળ્યા હશે. ભોગ ભોગવવામાં પૂરા કર્યા. તિર્યંચને નારકીના ભવભૂખને દુઃખ ભોગવવામાં પૂરા કર્યા. આ એકેય ભવ એવા નથી કે જેમાં આપણા આત્માએ જન્મ લીધા નથી. ચૌદરાજ લોકનું એકપણ સુખ એવું નથી કે જે આપણા જીવે ભોગવ્યું નથી. ને ચૌદરાજ લોકનું એકપણ દુઃખ એવું નથી કે જે આપણા જીવે ભોગવ્યું નથી. ફક્ત આપણને જ્ઞાન નથી. માટે આ બધા ભવ આપણે જોઈ જાણી શકતા નથી. હા... કોઈ આવીને ચમત્કાર કરે ને તમને પાછળના ભવ જોવાની દૃષ્ટિ આપી દે તો પીકચરના રીલની જેમ બધા ભવો તમને દેખાઈ જાય. અને તોજ ખબર પડે કે આ જે મનુષ્યભવ અને સાથે કેવલીએ પ્રરૂપેલો ધર્મ મળ્યો છે તે કેટલો કિંમતી છે. ને જો રીલ દેખાય તો જ ખબર પડે કે હવે કયા સુખ ભોગવવાના બાકી રહી

ગયા છે ? ને આટઆટલા ભવોમાં દુઃખના આંસુ તો એટલા પાડ્યા છે કે તે બધા જન્મોના આંસુ ભેગા કરોને તો આખો સમુદ્ર ભરાઈ જાય. આમાં કોઈ અતિશયોક્તિ નથી. આ જ્ઞાનીએ કહેલું વાક્ય છે. હવે આ ચૌદરાજલોકનું સ્વરૂપ જાણ્યા પછી આપણને મળેલો આ ભવ કેટલો કિંમતી છે તે ખ્યાલ જરાપણ ભૂલાવો જોઈએ નહિ.

**સ. ૨૭૨ મહાવિદેહમાં કોઈ નરકે ન જાયને ? ત્યાં તો સદાકાળ ચોથો આરો પ્રવર્તે છે ને ? સદાકાળ તીર્થંકર પરમાત્માની હાજરી હોય છે ને ?**

**જ. ૨૭૨** મહાવિદેહ ક્ષેત્રમાં પણ મિથ્યાદૃષ્ટિ પડયા છે. સાતમી નરકે જવાવાળા અહીં ભરત ક્ષેત્રમાં નથી પણ મહાવિદેહ ક્ષેત્રમાં છે. ક્ષેત્ર શું કરે ? ભગવાન શું કરે ? જો જીવ પોતે પુરૂષાર્થ ન કરે તો ત્રણ લોકના નાથ ભગવાન પણ શું કરી શકે ? તેને નરકે જતાં રોકી ન શકે.

**સ. ૨૭૩ ઘેર બેસીને સીમંધર સ્વામીને યાદ કરીએ કે દેરાસરમાં જઈને યાદ કરીએ એમાં ફરક ખરો ?**

**જ. ૨૭૩** હા. ચોક્કસ ફરક પડે. કારણકે પેલી પ્રતિષ્ઠા કરેલી છે. પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. એટલે ત્યાં દેવલોકનું વધુ રક્ષણ હોય. એક કરોડ દેવી-દેવતા સીમંધર દાદાની સેવામાં છે. સીમંધર દાદા અત્યારે દેહધારી છે, પ્રત્યક્ષ હાજરા હજૂર છે, માટે એ પ્રગટ કહેવાય. દેરાસરમાં વાતાવરણ હોય એટલે ત્યાં વધારે અસર થાય. સવારના સાડાચારથી છ એ બ્રહ્મમુહૂર્ત કહેવાય. અપૂર્વ કાળ કહેવાય. તેમાં જેમણે તીર્થંકરોને સંભાર્યા, શાસન દેવ-દેવીઓને સંભાર્યા એ બધુંજ ડાયરેક્ટ પહોંચી જાય. ભગવાનના દેરાસરમાં જઈને કહેવું કે, 'હે વીતરાગ ભગવાન ! તમે મારી અંદર જ બેઠા છો, પણ મને તેની ઓળખાણ નથી. તો મને મારી પોતાની ઓળખાણ થાય એવી આપ કૃપા કરો.' અહીં હૃદય ચોખ્ખું થાય તો શ્રી સીમંધર સ્વામીની કૃપા જરૂર ઉતરે. જેને આત્માનું લક્ષ બેઠેલું હોય તે આ દુષમ કાળમાં રહી શકે જ નહી. પહેલા કયારેય ઉત્પન્ન થયું નહોતું. એવું શ્રી સીમંધર સ્વામી પ્રત્યેનું જબરજસ્ત આકર્ષણ ઉત્પન્ન થાય તો જાણી લેવું કે પ્રભુના ચરણોમાં સ્થાન પામવાના નગારા વાગવા માંડયા છે.

**સ. ૨૭૪ નમસ્કાર વિધિ કેવી હોવી જોઈએ ?**

**જ. ૨૭૪**મંત્ર બોલતા એક એક અક્ષર વંચાવો જોઈએ. સંપૂર્ણ ચિત્તશુદ્ધિ પૂર્વક નમસ્કાર થવો જોઈએ. પ્રત્યેક નમસ્કારે પોતાની જાતને દાદાને નમસ્કાર કરતી, સાષ્ટાંગ દંડવત્ વંદના કરતી દેખાવી જોઈએ. આત્માનો ઉપયોગ નમસ્કારમાં જ રાખવો.

**સ. ૨૭૫ અહીં ત્રીજા ચોથા આરામાં તીર્થંકર થાય છે તે હિન્દુસ્તાનમાં જ થાય કે બીજે ક્યાંય ?**

**જ. ૨૭૫** આજ ભૂમિકામાં, હિન્દુસ્તાનમાંજ તીર્થંકરો થાય. બીજી જગ્યાએ ઉત્પન્ન ન થાય. ચક્રવર્તીને ત્રેસઠશલાકા પુરૂષો બધા અહીં જ થાય. આ ભૂમિ બહુ ઉંચી ગણાય.

**સ. ૨૭૬ શલાકા પુરૂષો કોને કહેવાય ? કેટલા હોય ? કયા કયા ?**

**જ. ૨૭૬**શલાકા એટલે શ્લાધ્ય, પ્રખ્યાત, અમુક વિશિષ્ટ શક્તિ અને પ્રભાવવાળા પુરૂષોને શલાકા પુરૂષો કહેવાય. પ્રત્યેક ચોવીશીમાં ત્રેસઠ શલાકા પુરૂષોત્તમ થાય. તેમાં ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તીરાજા, નવ અર્ધચક્રી અથવા વાસુદેવ, નવ બળદેવ (વાસુદેવના મોટાભાઈ), નવ પ્રતિવાસુદેવ એમ ત્રેસઠ શલાકા પુરૂષો થાય.

**સ. ૨૭૭ બાર ચક્રવર્તીના નામ આપો અને તેઓનો વૈભવ કહો.**

**જ. ૨૭૭** (૧) ભરત (૨) સાગર (૩) મઘવ (૪) સનત કુમાર (૫) શાંતિનાથ (૬) કુંથુનાથ (૭) અરનાથ (૮) સુભૂમ (૯) મહાપધ (૧૦) હરિષેણ (૧૧) જય (૧૨) બ્રહ્મદત્ત. આ પૈકી શાંતિનાથ, કુંથનાથ અને અરનાથ તીર્થંકર હતા. ચક્રવર્તી એટલે છ ખંડના અધિપતિ, ૯૬ કરોડ પાયદળના સ્વામી ૮ લાખ હાથીઓના માલિક ૯૬,૦૦૦ રાણીઓ અને ચૌદ રત્નો તથા નવ નિધાનના ભોક્તા. દેવ નિર્મિત રત્નમણિના પાંચ મોટા મહેલ હોય છે. પાછા વૈક્રિય શરીર રચવાની ઋદ્ધિવાળા એટલે કે ધારે તેવું રૂપ કરી શકે તેવા હોય છે.

**સ. ૨૭૮ ચક્રવર્તી મરીને કઈ ગતિમાં જાય ? આટલો બધો ભોગ ભોગવનાર તો નરકેજ જવો જોઈએ.**

**જ. ૨૭૮**જો ચક્રવર્તી આયુષ્યનો બંધ પડયા પહેલા દીક્ષા લે તો મોક્ષે જાય અને

આયુષ્યનો બંધ પડયા પછી દીક્ષિત થાય તો દેવલોકે જાય અને જો દીક્ષિત ન જ થાય તો નરકમાં જાય. ભરત ખંડના આ ચોવીશીના બાર ચક્રવર્તી પૈકી દસ ત્યાગી થઈ મોક્ષે ગયા હતા અને આઠમા સુભૂમ અને બારમા બ્રહ્મદત્ત એ બંને ભોગો ભોગવી નરકગતિ પામ્યા હતા. છ ખંડ એના એજ છે. તેઓ છ ખંડને કારણે નરકે ગયા નથી પણ મમત્વના કારણે ગયા છે. ચક્રવર્તીઓ પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ કેટલો બધો કરે ? એમનો પરિગ્રહ કેટલો મોટો ? એમના છ ખંડના રાજયમાં મહાઆરંભના કાર્યો કેટલા બધા ? આ બધું હોવા છતા તેઓ જ્ઞાનને પ્રમાણ બનાવીને ત્યાગી બને તો નરકે નજ જાય. મહાપરિગ્રહ હોવા છતાં અંદરમાં મૂર્ચ્છા ભાવ, આશક્તિ નહી, ધણીપણું નહી હોવાથી નરકે જતાં બચી શક્યા છે. એટલા માટે તો કહ્યું છે કે એક વખત વસ્તુ નહી છોડાય તો ચાલશે પરંતુ તેની અંદરની આશક્તિ છોડો. ' આ ખૂબ જ ગમે, આ નજ ગમે, આવું જ જોઈએ, આમજ જોઈએ, આજ જોઈએ, આના જેવું બીજું એકેય નહિ, આના વગરતો ચાલેજ નહિ' આ બધા આશક્તિના સંતાનો છે. ચક્રવર્તીના ભોજનનો એક કોળિયો. ૯૬ કરોડ પાયદળ પણ પાચન ન કરી શકે તેવી ઉંચી ઉંચી કરોડો રૂપિયાની રત્નોની ભસ્મ નાખીને ભોજન બનાવવામાં આવે, તેવા બત્રીસ કોળિયા ચક્રવર્તી લે છતાં સમ્યક્દ્રષ્ટિ ચક્રવર્તી માટે શું કહે છે કે 'તે જમતો નથી. તેને તેમાં રસ આનંદ આવતો નથી. સમકિતી ચક્રવર્તી તો આત્માના આનંદના ભોજન કરે છે. તેમાં તેને વધુ રસ આનંદ આવે છે.' એક વખત અંતરમાં ચૈતન્ય રસ ચાખ્યા પછી ચિત્ત બીજે ક્યાંય લાગે નહી, ચૈતન્યરસ પાસે આખું જગત નીરસ લાગે. આવા આનંદસ્વરૂપ આત્માનું અજ્ઞાનીને કાંઈ મહાત્મ્ય આવતું નથી.

**સ. ૨૭૯ વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળદેવ મરીને કઇ ગતિમાં જાય ?**

**જ. ૨૭૯**વાસુદેવ મરીને નરકેજ જાય. તેને તીર્થંકરનો યોગ હોવા છતાં નરકે જાય અને ત્યાં પસ્તાય તેથી જાતિસ્મરણ જ્ઞાન થાય. કૃષ્ણ પોતે વાસુદેવ હતા. વાસુદેવના મરણથી વૈરાગ્ય પામી બળદેવ અવશ્ય દીક્ષા લઈ મોક્ષે અથવા દેવલોક જાય છે. વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચે અવશ્ય યુદ્ધ થાય અને પ્રતિવાસુદેવને મારી વાસુદેવ તેણે જીતેલા ત્રણે ખંડ જીતી લે. વાસુદેવ અને પ્રતિવાસુદેવ સમ્યક્ત્યાગી બની શકે જ નહિ. મરી તેઓ નરકેજ જાય, કારણકે નિયાણાનું એવું બંધન લઈને આવ્યા હોય છે. પૂર્વે સમકિત હતું. પરંતુ જ્ઞાન-દર્શન-ચારિત્રનું ફળ માંગી લીધું. પ્રાપ્ત થયેલ વસ્તુને સંસાર

લક્ષે ખોઈ નાખે અને સંસાર ભોગવવા માટે એવું બળ માગે કે તેથી પૂર્વ પૂણ્ય યોગે તેવી સામગ્રી મળી જાય. પણ તે સામગ્રી અને તેને ભોગવવાનું મન એ સામગ્રીમાં એવું એકાકાર થઈ જાય કે મરીને જીવને નરકેજ લઈ જાય. પરિગ્રહની મૂર્છા એ પાપનું મૂળ છે. જે ચારેગતિના ચક્કરમાં જીવને રખડાવ્યાજ કરે છે.

**સ. ૨૮૦ જે જીવો દીક્ષા અંગીકાર કરે છે તે સંસાર ભ્રમણથી છૂટી જશે ?**

**જ. ૨૮૦**મહાવીરનો ઉપદેશ હતો કે ફક્ત સાધુના કપડાં પહેરવાથી આત્મ કલ્યાણ નથી થતું. આત્માની આત્મામાં શોધ કરવાથી મોક્ષપદની અવશ્ય પ્રાપ્તિ થાય છે. આત્માને જાણવો તે સમ્યક્ જ્ઞાન. આત્માને જોવો એટલે કે અનુભવવો તે સમ્યક્ દર્શન અને આત્મામાં સ્થિર થવું તે સમ્યક્ચારિત્ર. આ પ્રકારના સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાય મોક્ષ નથી. મહાનિશીથ સૂત્રમાં નામધારી સાધુ વિશે કહ્યું છે કે ૫૫૫૫૫ આચાર્ય, ૬૬૬૬૬૬ સાધુ, ૭૭૭૭૭૭૭ સાધ્વીજીઓ, ૮૮૮૮૮૮૮૮ શ્રાવકો અને ૯૯૯૯૯૯૯૯૯ શ્રાવિકાઓ નામધારણ કરીને નરકમાં જશે. જેના રાગ, દ્વેષ અને અજ્ઞાન ક્ષીણ પામી ગયાથી સંસારત્યાગ રૂપ દીક્ષા લીધી છે તેના જન્મો અલ્પ છે. તે સિવાય બીજા પ્રકારે દીક્ષા લેવાઈ હોય તો સફળતા પ્રાપ્ત થતી નથી. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે અથવા તો કાં દીક્ષા કાં ભિક્ષા માંગ્યા જેવી પરિસ્થિતિથી મૂંઝાઈને અથવા તો સ્મશાન વૈરાગ્યમાં લેવાઈ ગયેલી દીક્ષા હોય છે. તેવી દીક્ષા જીવનું કલ્યાણ સાધી શકતી નથી. સમભાવ એજ સાધુત્વ છે. સળી કરોને છંછેડાય નહી તે સાધુ છે. સાધુને નિગ્રઁથ પણ કહેવાય. જેના મનમાં કોઈનાય પ્રત્યે ગાંઠ કે બંધન નથી તે સાધુ છે. જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સાપ ઝેર વિનાનો થતો નથી તેવીજ રીતે સાધુનો વેશ પહેરવા માત્રથી કોઈ સાધુ થતા નથી.

**સ. ૨૮૧ 'નમોલોએ સવ્વ સાહૂણ' માં 'સવ્વ' ના અર્થમાં તો બધાજ સાધુઓ આવી ગયાને ? પછી ભલે તે વેશધારી જૈન સાધુ હોય કે સાચો સાધુ હોય કે જૈનેત્તર સાધુ હોય ?**

**જ. ૨૮૧**ના... એવું નથી. ગણધરના નમસ્કાર જેને પહોંચે, તે સાધુની ગણના પંચ પરમેષ્ઠીમાં હોય છે. મિથ્યાદ્દષ્ટિ કે વેશધારી સાધુને ગણધરના નમસ્કાર નથી પહોંચતા. તેથી તે પંચ પરમેષ્ઠીમાં નથી ગણાતા. કોઈ સાધુ બે ઘડી પહેલાં નવા ભાવલિંગી સાધુ થયા હોય, ત્રણ કષાયોનો નાશ કરીને

આત્મ રમણતા પ્રગટ કરી હોય, તે સાધુને ગણધરદેવ કે જેણે લાખો વર્ષ પહેલાં મુનિ દશા પ્રગટ કરી છે. તે પણ ભાવથી નમસ્કાર કરે છે. ગણધર મહારાજ બહારથી વંદન ન કરે, તે બાહ્ય વ્યવહાર છે. અંદર ભાવમાં પંચપદને નમસ્કાર કરતી વખતે સાધુને નમસ્કાર આવી જ જાય છે. જેને અંદરમાં આત્મજ્ઞાન સહિત, ત્રણ કષાયોનો અભાવ પરિણમતો હોય, સંપૂર્ણ પરિગ્રહ રહિત હોય, નિર્વિકાર દશા હોય તેજ ફક્ત 'સહૂણં' ના પદમાં આવે છે. જે પરિગ્રહ સહિત છે તે વીતરાગના માર્ગમાં સાધુ કહેવાતો નથી. ધન્ય છે ભાવલિંગી સાધુની દશાને કે જેને 'નમોલોએ સવ્વસાહૂણં' બોલતાં સમયે ગણધરદેવના પણ નમસ્કાર પહોંચે છે.

**સ. ૨૮૨ શરીર કેટલા પ્રકારના ? ક્યા ક્યા ? આપણું શરીર ક્યા પ્રકારનું ?**

**જ. ૨૮૨** શરીર પાંચ પ્રકારના છે. ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્માણ. તૈજસ અને કાર્માણ શરીર દરેકે દરેક સંસારી જીવને હોય છે પછી ભલે તે દેવ હોય, નારક હોય, મનુષ્ય હોય કે તિર્યંચ. કાર્માણ શરીર એ જીવનું અવલંબન છે. તૈજસ અને કાર્માણ એ બંને શરીર ક્યારે પણ અલગ હોતા નથી. તે બંને શરીર, જીવથી ત્યારેજ છૂટા પડે છે જ્યારે જીવનો મોક્ષ થાય. જીવ સિદ્ધગતિ પામે. આપણને પણ તૈજસ અને કાર્માણ શરીર તો છે જ પરંતુ જે આ સ્થૂળ શરીર આપણને દેખાઈ રહ્યું છે તે ઔદારિક શરીર છે. પાંચેય શરીરમાં ઔદારિક શરીર સૌથી સ્થૂળ છે, વૈક્રિયક એનાથી સૂક્ષ્મ, આહારક વૈક્રિયથી સૂક્ષ્મ છે. તૈજસ આહારકથી સૂક્ષ્મ અને કાર્માણ તૈજસથી પણ સૂક્ષ્મ છે. દરેકે દરેક મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય. મનુષ્ય એટલે બધાજ ૩૦૩ પ્રકારના મનુષ્યો અને તિર્યંચ એટલે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યોંચોની ૬૨ લાખ યોનિ આવી ગઈ. આ બધાને ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર હોય. ઔદારિક એટલે એવું શરીર જે સ્થૂળ પુદ્‌ગલોથી બનેલું છે. જે સડે છે, વિણસે છે, બગડે છે, કપાય છે, મર્યા પછી કલેવર પડયું રહે છે.

**સ. ૨૮૩ વૈક્રિય શરીર કેવું હોય ? કોને હોય ?**

**જ. ૨૮૩** બધાજ પ્રકારના દેવો તથા બધાજ પ્રકારના નારકોનું વૈક્રિય શરીર હોય. તે શરીર સડે, પડે, બગડે નહી. કપાય તો પાછું પારાની જેમ ભેગું થઈ જાય. મર્યા પછી ક્લેવર વિસરાલ થાય. (કપુરની ગોટીની માફક) નાનું મોટું

થાય. અલગ - અલગ અનેક સ્વરૂપ ધારણ કરી શકે. દૃશ્ય-અદૃશ્ય થઈ શકે. આકાશ કે ભૂમિ પર ચાલવા યોગ્ય હોય. આમ બધાજ દેવ તથા નારકોને ત્રણ શરીર - વૈક્રિય - તૈજસ -કાર્માણ.

**સ. ૨૮૪ આહારક શરીર કોને કહે છે ?**

**જ. ૨૮૪**ચૌદ પૂર્વધર મહાત્માને તપશ્ચર્યાદિક યોગે કરી લબ્ધિ ઉપજે અથવા પરમ ઋદ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાન વર્તી મુનિને તત્વોમાં કોઈ શંકા થતાં અથવા તો અરિહંત કેવળી કે શ્રુત કેવળીના દર્શન કરવા માટે યોગબળથી પોતાના મૂળ શરીર (તૈજશ અને કાર્મણરૂપ) ને છોડયા વિના પુરૂષાકારનું, એક હાથનું, શુદ્ધ સ્ફટિક જેવું સફેદ, બહુ સુંદર પૂતળું મસ્તકના મધ્યમાંથી નીકળે છે અને એક અંતમૂર્હુત સુધી બનેલું રહે છે, પછી બીજું બની શકે છે, તેને આહારક શરીર કહે છે. કાર્ય પૂરૂં થતાં આ શરીર ફરીથી પોતાના સ્થાનમાં પ્રવેશ કરે છે અને વિલય થઈ જાય છે. આવું શરીર ફોરવ્યા પછી આલોયણ લે તો આરાધક, ન લે તો વિરાધક બને છે. આહારક શરીર એક ભવમાં બે વાર તથા આખા સંસારચક્રમાં એટલે કે નિગોદથી મોક્ષ સુધીની યાત્રામાં ચાર વખત પ્રાપ્ત કરી શકે છે. વર્તમાનકાળમાં આ ક્ષેત્રમાં જંબુસ્વામીના નિર્વાણ પછી આહારક લબ્ધિ વિચ્છેદ ગઈ છે. એટલે કોઈપણ મહાત્મા વર્તમાનકાળે, આ ક્ષેત્રમાં આવું શરીર બનાવી શકે નહિ.

**સ. ૨૮૫ વર્તમાનકાળમાં આ ક્ષેત્રેથી બીજી કઈ કઈ વુસ્તઓવિચ્છેદગઈ છે ?**

**જ. ૨૮૫**પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે જંબુ સ્વામીના નિર્વાણ પછી નીચે પ્રમાણે દશ વસ્તુઓ વિચ્છેદ ગઈ. (૧) કેવળજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન (૩) પરમાવધિજ્ઞાન (૪) આહારક શરીર (૫) ત્રણ સંયમ - પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત (૬) ક્ષપક શ્રેણી (૭) ઉપશમ શ્રેણી (૮) પુલાક લબ્ધિ (ચક્રવર્તીના લશ્કરનો પણ નાશ કરી શકે તેવી લબ્ધિ) (૯) જિનકલ્પ (૧૦) મોક્ષગમન.

**સ. ૨૮૬ તૈજસ શરીર કોને કહે છે ?**

**જ. ૨૮૬**વીજળી સમાન શક્તિને ધારણ કરવાવાળી તૈજસ વર્ગણારૂપી સૂક્ષ્મ સ્કંધોથી તૈજસ શરીર બનેલું હોય છે. તૈજસ શરીર પ્રવાહરૂપે અનાદિકાળથી સંસારી જીવોની સાથે ચાલ્યું આવે છે. તૈજસ શરીર સ્થૂળ

શરીર જેવડું જ હોય છે. તૈજશ શરીર ગરમી કરે છે તથા આહાર પચાવવાનું કામ કરે છે. શરીરના અમુક અંગ ઘસવાથી ગરમ જણાય છે, તે તૈજસના કારણથી જણાય છે. કાંતિ, દીપ્તિ, રતાશ, તાવ આવવો એ બધી તૈજસ પરમાણુઓની ક્રિયાઓ છે. સૂક્ષ્મથી બાદર દરેક સજીવને તૈજસ શરીર હોય છે.

**સ. ૨૮૭ કાર્માણ શરીર કોને કહે છે ?**

**જ. ૨૮૭**આઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે. જે તૈજસ શરીર કરતાં સૂક્ષ્મ છે. તે પણ સ્થૂળ શરીર જેવડું જ છે. તૈજસની માફકજ રહે છે. સ્થૂળ શરીરની અંદર પીડા થાય છે, અથવા ક્રોધાદિ થાય છે, તેજ કાર્માણ શરીર છે. વેદનાનો અનુભવ જીવ કરે છે, પરંતુ વેદના થવી તે કાર્માણ શરીરને લઈને થાય છે. કાર્માણ શરીર એ જીવનું અવલંબન છે. તૈજસ અને કાર્માણ એ બંને શરીર ક્યારે પણ અલગ હોતા નથી.

**સ. ૨૮૮ એક જીવને એક સાથે કેટલાં શરીરનો સંયોગ હોઈ શકે ?**

**જ. ૨૮૮**એક જીવને એક સાથે ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર શરીર હોય છે. (૧) એક દેહત્યાગી બીજો દેહ ધારણ કરતી વખતે જીવ જ્યારે વાટે વહેતો હોય ત્યારે તૈજસ અને કાર્માણ શરીર હોય. (૨) મનુષ્યને તિર્યંચને - ઔદારિક, તૈજસને કાર્માણ. (૩) દેવ તથા નારકીને વૈક્રિયક, તૈજસ અને કાર્માણ (૪) આહારક ઋદ્ધિધારી મુનિઓને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

**સ. ૨૮૯ આભા મંડળ એ શું છે ?**

**જ. ૨૮૯**આપણા શરીરની ફરતે રહેલું વિદ્યુત ક્ષેત્ર છે. દરેક સજીવ પોતાની આસપાસ એક આભામંડળ લઈને ફરે છે. આપણે એકલા નથી ચાલતા, આપણું વિદ્યુત ક્ષેત્ર પણ આપણી સાથે ચાલે છે. જેમ લાલટેનમાં દીવો તો અંદર હોય છે પરંતુ તેનો પ્રકાશ કાચમાંથી બહાર નીકળે છે તેમ શરીરની અંદર રહેલ આત્માના પ્રકાશના કિરણો જે બહાર નીકળે છે તે આભામંડળ છે એને ઉર્જા શરીર કહો કે તૈજસ કહો કે વિદ્યુત ક્ષેત્ર કહો. હવે તો એવી હાઈફ્રીકવન્સી ફોટોગ્રાફીનો વિકાસ થયો છે કે આ આભામંડળનો ફોટો જોઈ શકાય છે. જો ફોટો લેતી વખતે તમે નિષેધાત્મભાવથી ભરેલા હો, હત્યાના ક્રુરતાના કે કોઈને નુકસાન પહોંચાડવાના ભાવથી ભરેલા હો તો

તમારી આસપાસના વિદ્યુત કિરણોની પ્રતિકૃતિ અત્યંત અસ્વસ્થ, અરાજકને વેરવિખેર આવશે. પરંતુ જો તમે મંગળ ભાવનાઓથી, શુભવિચારથી ભરેલા હો તો ફોટો લયબદ્ધ, સુંદર ને વ્યવસ્થિત દેખાય છે. ભગવાનના મુખ મંડળની આસપાસ ચિત્રકારો જે આભા મંડળનું ચિત્ર દોરે છે તે માત્ર કલ્પના નથી. આવા આભામંડળ જોઈ શકાય છે. માનવી જેટલો વધુ જીવંત અને જાગ્રત હોય તેટલું વધુ ઘનિષ્ટ એનું આભામંડળ હોય છે.

**સ. ૨૯૦ આભામંડળ ઘનિષ્ઠ કેવી રીતના બને ?**

**જ. ૨૯૦** આભામંડળને ઘનિષ્ઠ બનાવવાની બે પ્રક્રિયા છે. એક છે સદ્ભાવના. બીજી છે મંત્રશક્તિ. ક્ષણે ક્ષણે આપણા હૃદયમાંથી સદ્ભાવનાને વહેવા દો. મિત્ર હોય કે દુશ્મન હોય, આપણો શુભ ચિંતક હોય કે અશુભ કરવાવાળો, પશુ હોય, પક્ષી હોય કે ઝાડપાન હોય... દરેકના મંગળની શુભકામના હૃદયપૂર્વક કરો. સવારથી સાંજ સુધીમાં જે જે સજીવ દૃષ્ટિગોચર થાય તેના માટે સદ્ભાવના કરો. સદ્ભાવનાથી આત્મામાં રૂપાંતર કરી શકાય છે. મંગળ ભાવનાઓથી ભરેલું આપણું મન આપણી ચારે તરફ ફેલાયેલા આકાશમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે. એવી મંગળ ભાવનાથી ભરેલી વ્યક્તિની આસપાસ એક જુદા જ પ્રકારનું આભામંડળ નિર્મિત થાય છે. એવો માનવી જયારે આપણી પાસેથી પસાર થાય છે ત્યારે તેની અસર આપણામાં પણ થાય છે. જેના માટે સદ્ભાવના કરો તેનું તો જરૂર સારૂ થાય છે. પરંતુ એથી અધિક આપણું કલ્યાણ થાય છે. આપણું આભામંડળ ઘનિષ્ઠ બનતું જાય છે. આપણા હૃદયમાં આપણા આત્માના મૂળભૂત ગુણ રૂપે રહેલી દરેક માટેની કલ્યાણ ભાવનાને જો વહેતી મુકી દઈશું તો ધીમે ધીમે આધ્યાત્મિક જગત તરફ પ્રયાણ કરાવશે.

**સ. ૨૯૧ મંત્રશક્તિ આભામંડળને કેવી રીતે બદલે છે ?**

**જ. ૨૯૧** મંત્ર આભામંડળને બદલવાની મૂળભૂત પ્રક્રિયા છે. એવો એક ઉત્તમોત્તમ મહાન મંત્ર છે. 'નવકાર મંત્ર' નવકાર એ નમનનું સૂત્ર છે. જેઓએ કાંઈ જાણ્યું છે, મેળવ્યું છે. જેઓ જીવનના અંતરતમ ગૂઢ રહસ્યોથી પરિચિત થયા છે, જેમણે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર્યો છે, જેમણે આ ભૌતિક શરીરની પાર શું છે તે જાણ્યું છે તેવી આ જગસમસ્તની પાંચ પ્રકારની વ્યક્તિઓના ચરણમાં નમન કરવાનું સૂત્ર છે. આ નમન માત્ર શાબ્દિક

ઉચ્ચાર નથી. પરંતુ એક જાગ્રત ભાવ છે. જેઓ શિખર પર પહોંચી ગયા છે એવા અરિહંતોને સિદ્ધોના ચરણોમાં સમર્પિત થઈ જવાનો ભાવ છે. નમો અરિહંતાણં મંત્ર ભાવપૂર્વક કોઈ વ્યક્તિ ઉચ્ચારે છે ત્યારે એવો ભાવ કરે છે કે જેમણે રાગ-દ્વેષ-મોહ ને જીત્યા છે. તેમના શરણે શ્રદ્ધાપૂર્વક હું મારી જાતને ધરી દઉં છું. આમ બને છે ત્યારે એ મંત્રજાપ કરનાર વ્યક્તિનો અહંકાર ઓગળવા લાગે છે. આકાશમાં ચારેબાજુ અરિહંત ભાવના મંત્રના તરંગોથી જે શક્તિ સંગ્રહિત થયેલી છે તેમાં તમારા ભાવઉર્જાના તરંગ પણ સંમિલિત થઈ જાય છે. જે તમારા આસપાસના આકાશને અને સ્વયંના આભામંડળને બદલી નાખે છે.

**સ. ૨૯૨ નવકાર મંત્ર સવ્વપાવ્વ પણાસણો કેવી રીતે ? શું કોઈ ચોર કે હત્યારો પાપ કરતો જાય ને નવકાર બોલતો જાય તો તેના બધા પાપ નાશ પામી જશે ?**

**જ. ૨૯૨** જ્યારે તમે કોઈપણ પ્રકારનું પાપ કરો છો, ચોરી કરવી, જૂઠું બોલવું વગેરે પાપ કરતાં પહેલાં તમારામાં વિશેષ પ્રકારનું આભામંડળ નિર્મિત થાય છે અને એટલે જ તમે પાપ કરી શકો છો. એવું આભામંડળ તમારામાં હયાત ન હોય તો તમે પાપ કરીજ ન શકો. જ્યારે તમે ચોરી કરવાનો વિચાર કરતા હો છો ત્યારે તમારૂ આભામંડળ કોઈ જૂદાજ પ્રકારનું ઉદાસ, રોગી, ખૂની રંગોથી ભરેલું બની જાય છે. જ્યારે તમે કોઈ ગબડી ગયેલા માણસને ઉઠાવવાની કોશિશ કરતા હો ત્યારે તમારા આભામંડળના રંગતરત જ બદલાઈ જાય છે, એવું ફોટોગ્રાફી બતાવે છે. જ્યારે કોઈ માણસ રાતદિવસ નવકારમંત્રના સ્મરણમાં ડૂબતો રહે તો તેની આસપાસનું આભામંડળ રૂપાંતરિત થાય છે. અને એ પ્રકારનું ઘનિષ્ટ બની જાય છે કે જેને કારણે પાપ કરવાનું અસંભવ બની જાય છે. પાપ કરવા માટે જે પ્રકારનું આભામંડળ જોઈએ તે હયાત જ નથી રહેતું. આમ નવકારમંત્ર તમારા આભામંડળને એવું ઘનિષ્ટ, તંદુરસ્ત બનાવશે કે પાપ તેમાં પ્રવેશી જ નહી શકે. પછી તમારા માટે જૂઠું બોલવું, ચોરી કરવી, હત્યા કરવી એ અસંભવ બની જશે. જો તમે તમારી જાતને અત્યંત શ્રદ્ધાપૂર્વક અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયને સાધુના શરણમાં છોડી શકો, તમે તમારા અચેતન ઉંડાણમાં ડૂબીને પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરી શકો તો તમે તમારા પોતાનાજ અનુભવથી કહી શકશો કે આ સર્વપાપનો નાશ કરનાર મંત્ર છે.

**સ. ૨૯૩ આપણા નમસ્કારથી, પંચપરમેષ્ઠીને કોઈ ફાયદો ખરો ?**

**જ. ૨૯૩**આપણા નમસ્કારથી એમને કોઈ ફરક નથી પડતો, પરંતુ આપણો નમસ્કાર આપણને જ રૂપાંતરિત કરે છે એ નમસ્કારના જે પરિણામ થશે તે આપણા પર થશે. ખરેખર જો કોઈ આ રીતે પણ નમન કરે તો એનો અહંકાર ટકી શકશે નહિ. અહંકાર ઓગળતાની સાથે હૃદય ખૂલશે. શ્રદ્ધાપૂર્વક નમન કરતાં આવડશે તો મહાવીરની વાણીને સમજવામાં સરળતા થશે. આપણા નમસ્કારથી અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને કોઈ ફાયદો નથી પરંતુ આપણને ફાયદો જ ફાયદો છે.

**સ. ૨૯૪ મા-બાપને પગે શા માટે લાગવું જોઈએ ?**

**જ. ૨૯૪**સામાન્ય જવાબ તો એજ મળે કે એમના આપણા ઉપર ઘણા ઉપકાર છે માટે. પરંતુ આટલું પૂરતું નથી. હવે એનું કારણ સમજો. કોઈપણ માતાને એનું બાળક જેટલું વહાલું હોય છે એટલું કદાચ દુનિયામાં બીજું કોઈ નથી હોતું. ક્ષણે ક્ષણે માતા પોતાના બાળક માટે મંગલકામના કરતી હોય છે. બાળક પ્રત્યે વહેતી શુભ કામનાને લીધે માતાનું આભામંડળ અત્યંત સ્વસ્થ અને ઘટ્ટ બને છે. બાળક જ્યારે માતાના ચરણ સ્પર્શ કરે છે ત્યારે ઘનિષ્ટ આભામંડળ એક ધારામાં વહેતું બાળકમાં દાખલ થાય છે. શુભકામનાથી ભરેલું આભામંડળ બાળકનું ખૂબ ખૂબ કલ્યાણ કરે છે. ઘણી વખત આપણું વર્તન આપણા મા-બાપ પ્રત્યે એવું હોય છે કે જેના લીધે મા-બાપના હૃદયને દુ:ખ લાગી જાય છે. દુ:ખ પહોંચતાની સાથે આભામંડળ તીરોહીત્ત થવા લાગે છે. મા-બાપને દુ:ખ પહોંચાડયા પછી ભલે આપણે એમના ચરણ સ્પર્શ કરીએ પરંતુ આપણને મળે છે એમનું તીરોહીત્ત થયેલું આભામંડળ. કારણકે આપણે જ આપણા વાણી વર્તનથી એમનું આભામંડળ તોડયું છે ને એજ આપણને મળવાનું છે. આવું તીરોહીત્ત થયેલું આભામંડળ આપણું કલ્યાણ કેવી રીતે કરી શકે ? અને મા-બાપને બાળકો વચ્ચેનું વિષચક્ર ચાલુ થઈ જાય છે. આપણે હરહંમેશ સજાગ રહીને, સદ્‌ભાવના દ્વારા, સદ્‌વર્તનદ્વારા અને મંત્ર સ્મરણ દ્વારા આપણા આભામંડળને તંદુરસ્ત રાખવા પ્રયત્ન કરવો જોઈએ.

**સ. ૨૯૫ પ્રકૃતિએ પહેલેથી જ શુભ કરવા માટે વધારે શક્તિ આપી છે ને અશુભ કરવા માટે ઓછી. પરંતુ જગતમાં વધારે અશુભ જ બનતું દેખાય છે એમ શા માટે ?**

જ. ૨૯૫ કારણકે આપણે શુભ કરવાની કામનાજ કરતા નથી. ક્યારેક શુભની કામના કરીએ ત્યારે સાથોસાથ એનાથી વિપરીત કામના કરીને એ શુભના ભાવને કાપી નાખીએ છીએ. દા.ત. એક 'મા' પોતાના બાળકના લાંબા આયુષ્યની કામના કરતી હોય છે. પરંતુ કોઈ ક્રોધની ક્ષણોમાં એમ પણ કહી દે છે કે 'તું તો મારા પેટે જન્મતાં જ મરી ગયો હોતતો સારૂં થાત' શુભ ભાવના ચાર વખત કરી હોય અને એક વખત પણ અશુભ ભાવ પેદા થઈ જાય તો શુભની ભાવનામાં ઝેર ભેળવી દે છે. માટે ચોવીસે કલાક મંગળની ભાવનામાં રહેવાનો પ્રયત્ન કરવો.

**સ. ૨૯૬ આપણે જોઈએ છીએ કે જે માણસ ન્યાય, નીતિ, ધર્મથી ચાલે છે તે દુઃખી થતો દેખાય છે ને અધર્મ, અનીતિ, કાળાબજાર કરવા વાળાને ઘરે સુખસમૃદ્ધિ હોય છે એવું કેમ ?**

જ. ૨૯૬ ગામડામાં અનાજ ભરવાની મોટી કોઠીઓ હોય છે. તેમાં ઉપરથી અનાજ નાંખવામાં આવે છે અને કોઠીની નીચે એક બાકોરૂ હોય છે. તેમાંથી જોઈતું અનાજ કાઢવામાં આવે છે. તમારી કોઠીમાં ઘઉં ભરેલા છે ને મારી કોઠીમાં કોદરા ભરેલા છે. હવે હાલમાં તમે તમારી કોઠીમાં કોદરા નાખતા હો તો પણ કોઠીના નીચેના બાકોરામાંથી તો ઘઉંજ નીકળે. ને હું મારી કોઠીમાં ઘઉં નાખતો હોઉં તો પણ નીચેના બાકોરામાંથી તો કોદરાજ નીકળે. પરંતુ જ્યારે મારા કોદરા પૂરેપૂરા ખલાસ થઈ જશે ત્યારે મારી કોઠીમાંથી ઘઉં નીકળશે માટે મારે અકળાવાની જરૂર નથી. ને તમારા ઘઉં પૂરા થશે ત્યારે કોદરાજ નીકળશે. અધર્મ કરવા વાળાનું પૂર્વભવનું પુણ્ય ખતમ થશે એટલે પાપ જ ઉદયમાં આવવાનું છે. ધર્મ કરવાવાળાનો પૂર્વભવનો પાપનો ઉદય પૂરો થશે એટલે પુણ્ય જ ઉદયમાં આવવાનું છે. માટે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને કદીપણ અધર્મનું આચરણ કરવું નહિ.

'પુણ્ય પૂર્વનું ખાતાં, હમણાં સુઝે છે તોફાન,
પણ એ ખર્ચી ખૂટે કે, આગળ વસમું છે મેદાન...'

**સ. ૨૯૭ બે વ્યક્તિ એક સરખું કાર્ય એકજ સમયે કરે છે છતાં એકનું હળવું કર્મ બંધાય છે જ્યારે બીજાનું ભારે કર્મ એવું કઈ રીતે ?**

જ. ૨૯૭ આ સમજીએ એની પહેલાં આપણે એ સમજીએ કે કર્મનું બીજ કઈ રીતના પડે છે. આપણી પાંચ ઈંદ્રિય અને છઠ્ઠુ મન એ કર્મ બંધનના દ્વાર છે.

આપણા ચિત્તની ચેતનાના ચાર મોટા મોટા ખંડ, વિભાગ છે એમ વિચારો. આમ તો આપણી પાંચેય ઈંદ્રિય બિલકુલ નિર્જીવ છે. પરંતું ચિત્તની ચેતનાનો પહેલો ખંડ જેવો એના સંપર્કમાં આવે છે કે, કોઈ વસ્તુની, પદાર્થની, ગંધની, રસની, શબ્દની જાણકારી થાય છે. દા.ત. કાનની ઈંદ્રિય સાથે કોઈ શબ્દ અથડાયો છે એટલી જાણકારી ચિત્તનો પહેલો ખંડ આપે છે, કે આ કોઈ શબ્દ છે. તરતજ ચિત્તનો બીજો ખંડ એટલે કે મુલ્યાંકન વિભાગ એનું કાર્ય શરૂ કરે છે. અત્યાર સુધીના અનુભવ અને યાદશક્તિના આધારે તેનું મુલ્યાંકન થાય છે કે આ શબ્દ પ્રશંશાનો છે કે તિરસ્કારનો ? ધારો કે 'ડફોળ' શબ્દ છે. તો આ બીજો વિભાગ મુલ્યાંકન કરશે કે આ તિરસ્કારનો શબ્દ છે. બીજા વિભાગનું કાર્ય ફક્ત મુલ્યાંકન કરવાનું, ત્યાં ત્રીજો વિભાગ એનું કાર્ય શરૂ કરે છે. તેનું કાર્ય છે સંવેદનાનું. જો પ્રશંશાનો શબ્દ હશે તો સુખ સંવેદના ઉત્પન્ન કરશે. અને તિરસ્કારનો શબ્દ હશે તો દુ:ખદ સંવેદના ઉત્પન્ન કરશે. ત્વરિત ગતિએ ચોથો વિભાગ એના પ્રત્યે પ્રતિક્રિયા કરવાનું ચાલુ કરશે. દુ:ખદ હશે તો દ્વેષની પ્રતિક્રિયા, સુખદ હશે તો રાગની પ્રતિક્રિયા. 'ડફોળ' શબ્દ સાંભળતા ત્રીજો વિભાગ દુ:ખદ સંવેદના ઉત્પન્ન કરશે ને ચોથો વિભાગ પ્રતિક્રિયા ચાલુ કરશે કે 'એણે મને ડફોળ કહ્યો ?' એ સમજે છે શું એના મનમાં ? હવે તો એનેય બતાવી દઉં કે ડફોળ એ છે કે હું ? કેટલાય સમય સુધી આ પ્રતિક્રિયા ચાલશે... બે દિવસ પછી, ચાર દિવસ પછી, ચાર વરસ પછી પણ યાદ આવશે કે 'એણે મને ડફોળ કીધો... જોઈ લઈશ' આ પ્રતિક્રિયા જેટલી વધુ એટલો ગાઢ રંગ ચઢશે. એટલા ભારે કર્મ બંધાશે. આ પ્રતિક્રિયા જ નહિ કરો તો કર્મનું બીજ જ નહી પડે. ચિત્તના ત્રીજા વિભાગના કાર્ય સુધી કર્મનું બીજ નથી પડતું. સુખદ કે દુ:ખદ સંવેદના ઉત્પન્ન થઈ કે સમતામાં સ્થિર થયા તો કર્મનું બીજ નહી પડે... કર્મનું બીજ પડે છે ચોથા વિભાગમાં, પ્રતિક્રિયામાં જેટલી પ્રતિક્રિયા ગાઢ એટલા નિકાચીત કર્મ બંધાય. આજે આપણી પાંચ ઈંદ્રિયને છઠ્ઠા મન સાથે જેવા સંબંધિત વિષયો અથડાય છે કે ત્વરિત ગતિએ ઓળખવાનું, મુલ્યાંકન કરવાનું, સંવેદન ઉત્પન્ન કરવાનું અને પ્રતિક્રિયા કરવાનું કામ એટલું ઝડપી થાય છે કે આપણને ખબર પણ નથી પડતી. પરંતુ જો ચોથા પ્રતિક્રિયાની વિભાગને જાણી શકાય કે સજાગ રહી શકાય તો કર્મના બીજ પડતાં અટકાવી શકાય. જેની પ્રતિક્રિયા ગાઢ તે ભારે કર્મ, નિકાચીત કર્મ બાંધે છે. સુખદસંવેદના, રાગના કર્મ વિષે પણ આમજ સમજવું. એક જ

દૃશ્યને જોતી બે વ્યક્તિમાંથી મંદ આશક્તિ પૂર્વક જોનાર કરતાં તીવ્ર આશક્તિપૂર્વક જોનાર વ્યક્તિ કર્મ પણ તીવ્રજ બાંધે છે. ઈરાદાપૂર્વક પ્રવૃત્તિ કરવી તે 'જ્ઞાતભાવ' ને ઈરાદા સિવાય કૃત્ય થઈ જાય તે 'અજ્ઞાતભાવ' બાહ્ય રીતે કૃત્ય સમાન હોવા છતાં કર્મબંધમાં ફરક પડે.

**સ. ૨૯૮ નિકાચિત કર્મો એટલે શું ?**

**જ. ૨૯૮**જીવથી જે જે કર્મો બંધાય છે, તેમાં એક પ્રકાર એવો છે કે જ્ઞાનથી, વિચારથી, પશ્ચાતાપથી કેટલાંય કર્મ નિવૃત્ત થાય. બીજો પ્રકાર એવો છે કે જે જ્ઞાનથી ટળી ન શકે, તે કર્મની જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે, તેજ પ્રકારે તેને ભોગવી શકાય, સ્થિતિકાળ પ્રમાણે તે ભોગવ્યે જ છૂટકો એવા કર્મને નિકચિત કર્મ કહે છે.

**સ. ૨૯૯ આત્માના પ્રદેશ કેટલા છે ? શરીરમાં ક્યાં છે ? કર્મપુદ્‌ગલો આત્માના કેટલા પ્રદેશો સાથે બંધાઈ જાય છે ?**

**જ. ૨૯૯**આત્માના પ્રદેશ અસંખ્ય છે ને આખા શરીરમાં વ્યાપીને રહેલો છે. એક કપડામાં જેમ આડાને ઉભા તાર હોય છે તેમ આખા શરીરમાં આડીને ઉભી લાઈનની કલ્પના કરો. આ આડીને ઉભી લાઈન જ્યાં જ્યાં એકબીજાને કાપે છે તે દરેક બિંદુએ આત્મપ્રદેશની કલ્પના કરો. (ફક્ત સમજવા માટે આ ઉદાહરણ આપ્યું છે) જેમ દુધમાં પાણી નાખીએ તે બધા દૂધમાં ભળી જાય છે તેમ કર્મ પુદ્‌ગ્લો પણ આત્માના સર્વ પ્રદેશો સાથે બંધાઈ જાય છે. ફક્ત આઠ રૂચક પ્રદેશો સાથે કર્મપુદ્‌ગલો બંધાતા નથી. (જુઓ સવાલ નં. ૨૫૭)

**સ. ૩૦૦ જીવ પોતે ચેતન છે અને કર્મ જડ છે, તો પછી જીવને કર્મ વળગ્યા કેવી રીતે ?**

**જ. ૩૦૦**મન, વચન અને કાયાના હલન ચલનથી એક કષાયના ઉદયથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે. તે વખતે આત્માની યોગશક્તિ ચારે તરફથી કર્મપુદ્‌ગલો ખેંચી લે છે. તેથી આત્મપ્રદેશ સાથે બંધ પડે છે. ક્રોધાદિ કષાયો વડે તેમાં રસ પડે છે. યોગ તીવ્ર હોય તો કર્મવર્ગણાઓ અધિક આવે અને મંદ હોય તો ઓછી આવે. આખા લોકમાં જેટલા પણ જીવ છે. (સિદ્ધના જીવ સિવાય) તે દરેક જીવ સાથે આ રીતેજ કર્મવર્ગણાઓ ખેંચાઈ આવે છે.

**સ. ૩૦૧ કર્મના મુખ્ય ત્રણ તત્વ કયા ?**

**જ. ૩૦૧**આશ્રવ, સંવર અને નિર્જરા. આત્મામાં કર્મનું પ્રાપ્ત થવું તે આશ્રવ, આવતા કર્મને રોકવા તે સંવર અને પ્રાપ્ત થયેલા કર્મોનું નિવૃત થવું તે નિર્જરા. જેવી રીતે લોહચુંબક લોખંડની કણોને ખેંચે છે તેવી રીતે આત્મામાં રહેલા રાગદ્વેષ કર્મના પરમાણુને ખેંચે છે.

**સ. ૩૦૨ કર્મરૂપે રહેલા પરમાણુ કોઈ જોઈ શકે છે ?**

**જ. ૩૦૨**કર્મરૂપે રહેલા પરમાણુ કેવળજ્ઞાની ને દૃશ્ય છે. તે સિવાયને ચોક્કસ નિયમ નથી.

**સ. ૩૦૩ જીવ અને કર્મ એકમેક હોય તો શું જીવ તે કર્મથી મુક્ત થઈ શકે ખરો ?**

**જ. ૩૦૩**જીવ પોતે ધારે તો કર્મથી મુક્ત થઈ શકે છે. કષાય આદિ ક્ષીણ થઈ શકે છે. તેમજ જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધનાના બળે કર્મબંધ શિથિલ થઈ ક્ષીણ થાય છે. માટે જ્ઞાન, દર્શન, સંયમ આદિ મોક્ષના ઉપાય છે.

'વિત્યો કાળ અનંતને, કર્મ શુભ-અશુભ ભાવ,
તેહ શુભ-અશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.'

શુભ ભાવથી પુણ્ય કર્મ બંધાય છે. અશુભ ભાવથી પાપકર્મ. પુણ્ય કર્મ હોય કે પાપ કર્મ ફળ આપ્યા વગર એકપણ કર્મ શાંત થતું નથી. કે સરવાળા બાદબાકીનો હિસાબ પણ અહીં ચાલતો નથી. ત્રણ પુણ્યકર્મ હોયને પાંચ પાપ કર્મ. પાંચમાંથી ત્રણ કાઢી નાખો હવે બેજ ભોગવવાના રહ્યા એમ નહિ. ત્રણ પુણ્યકર્મ હોય તો એ પણ ભોગવો ને પાંચ પાપકર્મ હોય તો એ પણ ભોગવો. એ પાપકર્મ કે પુણ્યકર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે નવા પાપ-પુણ્ય કર્મના ઢગલા થઈ જાય છે. એમ કરતાં જ્યારે એકપણ પુણ્ય કર્મ સિલકમાં ન રહે અને એકપણ પાપ કર્મ સિલકમાં ન રહે ત્યારે આત્મા કર્મબંધનથી મુક્ત થાય છે. ત્યારે રહી જાય છે સંપૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન.

**સ. ૩૦૪ શું જીવ ક્ષણે ક્ષણે કર્મ બંધ કરે છે ?**

**જ. ૩૦૪**હા, એવો કોઈપણ વખત જતો નહીં હોય કે જીવ કર્મનો બંધ કરતો ન હોય.

**સ. ૩૦૫ જો આમ બને તો જીવ ઉંચે વીતરાગ માર્ગની સન્મુખ ક્યારે થાય ?**

**જ. ૩૦૫**જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ જે વધુમાં વધુ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેમાંથી ઘટીને એક સાગરોપમની સ્થિતિની અંદર આવી જાય ત્યારે જીવ વીતરાગ માર્ગની સન્મુખ થાય છે. છેવટે એક સાગરોપમની સ્થિતિ રહે ત્યાં સુધી પણ જીવને વીતરાગ માર્ગ ગમતો નથી પણ જો એક સાગરોપમમાં કેટલોક ભાગ ઓછો થાય ત્યારે વીતરાગ માર્ગની સન્મુખ થાય છે.

**સ. ૩૦૬ જીવ કાંઈ પણ પ્રવૃત્તિ કરે તે કર્મ બંધનું કારણ છે ?**

**જ. ૩૦૬**ના, રાગાદિ સહિત જીવ કંઈપણ પ્રવૃત્તિ કરે તો તેનું નામ કર્મ છે. ઈંદ્રિયોની રાગદ્વેષ રહિત પ્રવૃત્તિ લાંબા કર્મબંધનું કારણ થઈ શકતી નથી.

**સ. ૩૦૭ ઉદીરણા એટલે શું ? નિર્જરા કરવી એટલે શું ?**

**જ. ૩૦૭**સમયથી પહેલાં કર્મને ઉદયમાં લાવવા તેને 'ઉદીરણા' કહે છે. અને સમયથી પહેલાં તેને ખેરવી નાખવા તેને નિર્જરા કરવી કહે છે.

**સ. ૩૦૮ કર્મ પરમાણુ ફળ આપીને ખરી જાય કે ફળ આપ્યા વગર ખરી જાય ? કેવી રીતે ?**

**જ. ૩૦૮**જો બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુકૂળ હોય તો ફળ પ્રગટ કરીને ખરી જાય નહિ તો ફળ દીધા વગર ખરી જાય. કર્મનો બંધ થઈ ચૂકે ત્યાર પછી જેટલો સમય તેને પાકતાં લાગે છે તે સમયને અબાધાકાલ કહે છે. કોઈક કર્મોનો અબાધકાલ એક પલકમાત્ર તો કોઈ કર્મોનો અબાધાકાલ વર્ષોના વર્ષો, કેટલાય ભવો પણ હોઈ શકે. સામાન્ય રીતે કોઈ કર્મની એક ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ પડી તો પાકવામાં એકસો વર્ષ લાગે. એ પ્રમાણે ઓછી સ્થિતિમાં ઓછો સમય પાકવામાં લાગે. ધારો કે કોઈએ ક્રોધ કષાય રૂપી કર્મ ૪૮ મિનિટની સ્થિતિનું બાંધ્યું. સ્થિતિના હિસાબે એને એક મિનિટ પાકવામાં લાગી. એટલે એક મિનિટ પછી તેનો વિપાક કાળ પૂરો થશે. હવે તે કર્મની જેટલી સ્થિતિ હોય તે સ્થિતિના જેટલા સમય થાય તેટલા સમયોમાં તે કર્મનો અમુક અમુક સ્કંધ વહેંચાઈ જશે. હવે ધારો કે ૪૭૦૦ કર્મ છે તો તે ૪૭ મિનિટમાં વહેંચાઈ જશે. વહેંચણીમાં પહેલા અધિક પરમાણુઓ પછી ઓછા. તે હિસાબથી પહેલી મિનીટમાં ૫૦૦ પછી ૪૦૦ પછી ૩૦૦ એ હિસાબથી ઉદયમાં આવી ક્રોધ કષાયનો

સ્કંધ ખરી જશે. જો એટલીવાર કોઈ એકાંતમાં બેસીને સામાયિક કરી રહ્યો હોય તો ક્રોધનું નિમિત્ત ન હોવાથી ક્રોધના ફળને પ્રગટ કર્યા વગર એ કર્મ ખરી જાય છે.

**સ. ૩૦૯ એકવાર કર્મનો બંધ પડી ગયા છતાં શું એમા ફેરફાર થઈ શકે ?**

**જ. ૩૦૯**હા... જે સત્તામાં રહેલા કર્મ છે, જે હજી અબાધકાલમાં છે, જે કર્મો હજી ઉદયમાં નથી આવ્યા તેમાં ફેરફાર થઈ શકે છે. ભાવ અને વિચારથી, પરિણામો દ્વારા પહેલાના પાપ કે પુણ્યકર્મમાં પરિવર્તન થઈ શકે છે. જો ઉદયમાં આવ્યા પહેલાં રસમાં મોળાશ કરી નાખવામાં આવે તો આત્મપ્રદેશથી કર્મ ખરી જઈ નિર્જરા થાય અથવા મંદ રસે ઉદયમાં આવે. આયુકર્મનો ઉદય આયુષ્યની શરૂઆત થઈ ત્યારથી ગણાય. એટલે હાલ ભોગવી રહેલા આયુકર્મમાં કોઈ વધઘટ ન થાય. પરંતુ આવતા ભવનું આયુકર્મ બંધાઈ ગયું હોય તેમાં ફેરફાર થઈ શકે છે. દા.ત. રાજા શ્રેણિકે નરકના આયુષ્યની તેત્રીશ સાગરોપમની સ્થિતિ બાંધી હતી. તે ઓછી થઈને ૮૪ હજાર વર્ષની સ્થિતિ રહી. મતલબકે અત્યારે આપણે જે ભોગવી રહ્યા છીએ એ આયુકર્મમાં કે બીજા કોઈ કર્મ જેનો ભોગવટો ચાલુ થઈ ગયો છે. તેમાં ફેરફાર ન થઈ શકે. પરંતુ આગામી ભવનું આયુકર્મ કે બીજા જે કર્મ હજી ઉદયમાં નથી આવ્યા તેમાં ફેરફાર સંભવિત છે.

**સ. ૩૧૦ બધા કર્મોમાં જબરજસ્ત કર્મ કયુ હશે ?**

**જ. ૩૧૦**બધા કર્મોમાં જબરજસ્ત કર્મ તે મોહનીય કર્મ છે. જીવ તેથી જ રખડે છે. અને સાચા માર્ગમાં આવતો નથી. તેમજ સંસારની મીઠાશ છૂટતી નથી. 'કર્મ અનંત પ્રકારના... તેમાં મુખ્યે આઠ, તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ... કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્રનામ... હણેબોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ... '

**સ. ૩૧૧ કર્મની વિચિત્રતા જે જગતમાં દેખાઈ રહી છે તે એકાદ ઉદાહરણ સાથે સમજાવો.**

**જ. ૩૧૧**રાવણ, લક્ષ્મણ અને સીતાજી ત્રણેય મોક્ષગામી તીર્થંકર 'ગણધરના જીવ હોવા છતાં કર્મની કેવી વિચિત્રતા છે તે જુઓ. સીતાજી દીક્ષા લઈ ઘોર તપ કરી બારમા દેવલોકમાં પ્રતિન્દ્ર તરીકે ઉત્પન્ન થયા. સંસારની ઈચ્છા અધૂરી માટે મોક્ષ ન પામ્યા. તે વખતે રામ મુનિ થઈ સિદ્ધપદની સાધના કરતા

હતા. સીતાજીનો જીવ જે બારમા દેવલોકમાં છે. 'રામની સાથે રહી ધર્મચર્ચા કરીશું ને તીર્થવંદના કરીશું.' એ ઈચ્છાથી' એ રાગથી પ્રેરાઈને રામને ધ્યાનમાંથી ચલિત કરવા સીતાનું રૂપ ધારણ કરી ઉપસર્ગ કર્યા પરંતુ રામ તો ધ્યાનમાં આગળ વધીને કેવળ જ્ઞાન પામ્યા. પોતે કેવળીની આશાતના કરી એ બદલ રામની માફી માંગી રાવણ-લક્ષ્મણ અને પોતાના ભવ વિષે પૂછે છે. લક્ષ્મણ હાલ ચોથી નરકે અને રાવણ ત્રીજી નરકે ગયાનું જાણીને રાવણ પાસે નરકમાં જઈને સમ્યક્જ્ઞાન પમાડે છે. (કોઈપણ દેવ ત્રીજી નરકથી આગળ ન જઈ શકે) હવે રાવણ - લક્ષ્મણ અને સીતાજીના આગળના ભવો જાણો. (૧) રાવણ અને લક્ષ્મણના જીવો મનુષ્ય અને તિર્યંચના અનેક ભવો સુધી સીતાજીના જીવને કારણે એકબીજાને મારતા તેજ બંને નરકમાંથી નીકળી મહાપ્રીતિવંત સગા ભાઈઓ થશે. (૨) ત્યાંથી દેવલોકમાં સાથે ઉત્પન્ન થશે. (૩) ત્યાંથી ભોગભૂમિમાં મનુષ્ય તરીકે સાથે (૪) ત્યાંથી પાછા દેવલોકમાં સાથે (૫) ત્યાંથી બંને સગાભાઈ-રાજપુત્રો બનશે. દીક્ષા લેશે. (૬) સાતમા દેવલોકમાં સાથે (૭) હવે સીતાજીનો જીવ જે હાલ દેવલોકમાં પ્રતિન્દ્ર છે તે ત્યાંથી ભરત ક્ષેત્રમાં ચક્રવર્તી રાજા થશે. રાવણ અને લક્ષ્મણના જીવ બંને સીતાજીના જીવના 'ઈંદ્રરથ' ને 'મેઘરથ' નામના ચક્રીપુત્રો થશે. મહાધર્માત્મા થશે. પિતા-પૂત્રોને ખૂબ સ્નેહ વર્તશે. (૮) સીતાજીનો જીવ અનુત્તર વિમાનમાં અહંઈંદ્ર થશે. રાવણ લક્ષ્મણના જીવ પણ અહંઈંદ્રો થશે. (૯) ત્યાંથી નીકળી રાવણનો જીવ તીર્થંકર, સીતાજીનો જીવ તેમના પ્રથમ ગણધર અને લક્ષ્મણનો જીવ ઘાતકી ખંડમાં ચક્રવર્તી પદ સાથે તીર્થંકર બનશે. કેવી છે કર્મની વિચિત્રતા. જે રાવણનો જીવ તીર્થંકરે પૂજાવાનો છે તેજ રાવણના પૂતળાને આજે પણ લોકો બાળે છે જે સીતાને રાવણ ઉપાડી ગયો હતો. એજ બંનેના જીવ પિતા-પુત્ર... !

**સ. ૩૧૨ આત્મા આટલા હિમાલય જેટલા કર્મોના ઢગલા લઈને ફરે છે તે કેવી રીતે ? તે કર્મો ક્યારે ભોગવટામાં આવે ? એકાદ ઉદા. સાથે કહો.**

**જ. ૩૧૨** માણસ સવારે ઉઠે ત્યારથી રાત્રે સૂઈ જાય ત્યાં સુધીમાં મન-વચનને કાયાથી જે જે કર્મ કરે છે તેમાંથી અમુક કર્મ એવા છે કે તરત ફળ આપીને શાંત થઈ જાય અને અમુક કર્મને પાકીને ફળ આપતાં સમય લાગે. દા.ત. તમને તરસ લાગી, પાણી પીધું. તમે પાણી પીવાનું કર્મ કર્યું, તરસ મટી

ગઈ કર્મ ફળ આપીને શાંત થઈ ગયું. આ સ્થૂળ કર્મ થયું પરંતુ પાણી પીતાં પીતાં રાગદ્વેષના જે ભાવ નાખ્યા, જેવા કે 'આ પાણી બહુ સરસ છે, મીઠું છે અથવા તો ઠંડુ છે, બહું ભાવ્યું, ના ભાવ્યું, મોઢામાં પેસે તેવું નથી વગેરે...' આ સૂક્ષ્મ કર્મ આત્મા સાથે ચોંટી જાય છે. કેમકે તેમાં રાગ-દ્વેષનો ભાવ ભળ્યો. કેટલાક કર્મ એવા કરીએ છીએ કે જે બીજા બધા અનુકૂળ સંજોગો ન હોવાને કારણે સંચિતમાં જમા થાય છે. દા.ત. રાજા દશરથે શ્રવણનો વધ કર્યો ત્યારે તેના પુત્રના વિરહથી મરતાં મરતાં તેના મા-બાપે રાજા દશરથને શ્રાપ દીધો કે તારૂં મૃત્યુ પણ પુત્રના વિરહથી થશે. પણ રાજા દશરથનું આ કર્મ તાત્કાલિક ફળ કેવી રીતના આપી શકે ? કારણકે ત્યારે તો તેમને એક પણ પુત્ર ન હતો. માટે આ કર્મ સંચિતમાં પડયું રહ્યું. કાળે કરીને રાજાને ચાર પુત્રો થયા. મોટા થયા, પરણાવ્યા. રામના રાજ્યાભિષેકનો દિવસ આવ્યો ત્યારે પેલું સંચિત કર્મ ફળ આપવા હાજર થયું અને રાજાને મૃત્યુનું ફળ અપાવીને શાંત થયું. આમ સંચિત થયેલા કર્મ ૫૦ વર્ષે કે પચાસ ભવે કે લાખો ભવે પણ ઉદયમાં આવે. આવા અનેક સંચિત કર્મ જીવની પાછળ પડયા છે. દાત. આજે આખા દિવસમાં ૧૦૦૦ કર્મ કર્યા જેમાં ૯૦૦ કર્મ એવા છે જે ફળ આપીને શાંત થઈ ગયા પણ ૧૦૦ કર્મ એવા છે જે સંચિતમાં જમા થાય. એમાં દરરોજ થોડા કાંઈ ભોગવાતા જાય, બીજા ઉમેરાતા જાય એમ આખા જન્મમાં કેટલાયે કર્મ આત્માની સાથે જમા થઈ જાય આવા અનેક જન્મોના અસંખ્ય કર્મોના ઢગલા જીવ સાથે લઈને ફરે છે જેની ગંભીરતાથી વિચારણા કરશો તો ધ્રુજી ઉઠશો.

**સ. ૩૧૩ પ્રારબ્ધ કર્મ કોને કહે છે ?**

**જ. ૩૧૩**અનાદિકાળથી જન્મજન્માંતરના કરોડો સંચિત કર્મમાંથી જે કર્મો પાકીને ફળ આપવા તૈયાર થાય તેવા પ્રારબ્ધ કર્મોને ભોગવવાને અનુરૂપ જ દેહ, આરોગ્ય, સ્ત્રી, પુત્રાદિક, સુખ, દુઃખ વગેરે આ જન્મમાં આવીને મળે છે. અને તે પ્રારબ્ધ કર્મ પૂરેપૂરા ભોગવ્યા સિવાય દેહ છૂટતો નથી. પાછો જે બીજા સંચિત કર્મો પાકીને ફળ આપવા તૈયાર થયા હોય તે પ્રારબ્ધકર્મના ફળ ભોગવવા બીજો જન્મ મળે છે. આમ જીવ વારંવાર જન્મ મરણના ચકકરમાં ભમ્યા કરે છે. આમ ગત જન્મોનો પુરૂષાર્થ આ જન્મનું પ્રારબ્ધ બને છે. આ જન્મોનો પુરૂષાર્થ ભાવિ જન્મોનું પ્રારબ્ધ બને છે.

**સ. ૩૧૪ પ્રારબ્ધમાં હોય તેમ થાય છે, તો પછી પુરૂષાર્થની શું જરૂર ?**

**જ. ૩૧૪**પુરૂષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી શકે. મનુષ્યભવ મળ્યો છે તે પ્રારબ્ધ છે. જીવે પુરૂષાર્થ કરેલો, પુણ્યાદિ બાંધેલા તે અત્યારે પ્રારબ્ધના નામથી ઓળખાય છે. તે તે ભવમાં તેનું નામ પુરૂષાર્થ હતું. માત્ર કાળભેદ છે. પહેલાના પુરૂષાર્થના ફળને અહીં પ્રારબ્ધ કહે છે. માટે નિષ્કામ પુરૂષાર્થ કરવો. પ્રારબ્ધને સમતા ભાવે ભોગવવું (વેદવું) એ મોટો પુરૂષાર્થ છે.

**સ. ૩૧૫ એક આત્મા મોક્ષે ગયો ત્યારે બીજો કોઈ નહિ પણ આપણો જ આત્મા નિગોદમાંથી બહાર નીકળ્યો તેનું કારણ ફક્ત ભવિતવ્યતા (નિયતિ, હોનહાર) જ ને ?**

**જ. ૩૧૫**વિશ્વમાં કોઈપણ કાર્ય કારણ વિના થતું નથી. દરેક કાર્યમાં પાંચ કારણો ભાગ ભજવે છે. જેમાં એક મુખ્ય હોય તો બીજા ચાર ગૌણ પણે હોય છે. પરંતુ પાંચેય સાથેજ હોય. તેને પાંચ સમવાય પણ કહે છે. (૧) નિયતિ (૨) સ્વભાવ (૩) કાળ (૪) કર્મ (૫) પુરૂષાર્થ. નિગોદમાંથી જીવનું બહાર નિકળવાનું મુખ્ય કારણ ભવિતવ્યતા છે. પરંતુ બાકીના ચાર ગૌણ પણે છે જ. નિગોદના જીવને ભલે મન ન હોય પરંતુ જ્યાં જ્યાં જીવદ્રવ્ય છે. ત્યાં ત્યાં શુભ-અશુભ ભાવનું પરિણમન ચાલુ જ છે. (સિવાય કે સિદ્ધના જીવ). નિગોદમાં પણ એક શરીરમાં અનંતા જીવોને જે એકી સાથે રહેવાનું છે તેમાં સહન કરવાનું તો છે જ. તેમાં ન અકળાય તે વધારે કર્મો ખપાવી શકે. એજ નિગોદના જીવનો પુરૂષાર્થ છે. આમ ભવિતવ્યતા મુખ્ય કારણ અને બાકીના ચારગૌણ કારણ બને છે. પાંચે સમવાય સિવાય કોઈ કાર્ય બની શકતું નથી.

**સ. ૩૧૬ આપણો મોક્ષ ક્યારે છે તે તો કેવળીના જ્ઞાનમાં આવી ગયેલું જ છે પછી પુરૂષાર્થ કરવાની શું જરૂર છે ?**

**જ. ૩૧૬**જિનેશ્વરના ઉપદેશ અનુસાર જે યથાર્થ પુરૂષાર્થ કરે છે તેને સર્વકારણો આવી મળે છે. જીવને કાળલબ્ધિ, ભવિતવ્ય, કર્મના ઉપશમ આદિ મેળવવાના હોતા નથી, પણ જ્યારે જીવ સ્વભાવ સન્મુખ પુરૂષાર્થ કરે છે. ત્યારે તે કારણો આવી મળે છે. એનો અર્થ એ થયો કે પાંચેય કારણના સમન્વય વગર કોઈ કાર્ય થતું નથી. પાંચેય કારણનો સમન્વય એ રીતના પરિણમતા, પરિણમતા.. એજ રીતના આપણો મોક્ષ થશે જે કેવળીના જ્ઞાનમાં આવ્યું છે. મતલબ કે પાંચેય કારણો અને કેવળીના જ્ઞાનમાં જોવાયેલું બંને એક સિક્કાની બે બાજુ જ છે.

**સ. ૩૧૭ સંઘયણ એટલે શું ? તે કેટલા છે ? કયા કયા ?**

**જ. ૩૧૭** સંઘયણ એટલે શરીરનો બાંધો. શરીરમાં હાડકાની વિશિષ્ટ રચના દ્વારા પેદા થયેલી શારીરિક મજબુતાઈ - તે છ પ્રકારના છે. (૧) વજ્રઋષભ નારાચ સંઘયણ (૨) ઋષભનારાચ (૩) નારાચ (૪) અર્ધ નારાચ (૫) કીલિકા (૬) છેદ-સ્પૃષ્ટ (છેવટ્ઠું). સંઘયણ મનુષ્ય અને તિર્યંચને જ હોય. નારક અને દેવોને ન હોય. મોક્ષે ફક્ત પહેલા સંઘયણ વાળાજ જઈ શકે, તે સિવાયના સંઘયણ વાળા નહિ. કારણકે તેમની પાસે જરૂરી બળ કે માનસિક ધૃતિ નથી. ઉપર પાંચ અનુત્તર વિમાન કે નીચે સાતમી નરકમાં ફક્ત પહેલા સંઘયણ વાળાજ જઈ શકે. પહેલા કરતાં બીજુ ઉતરતું, બીજા કરતાં ત્રીજું એમ ઉતરતી શક્તિ વાળું આપણને બધાને છઠ્ઠુ સંઘયણ છે. માટે આ પાંચમાં આરામાં જન્મેલો કોઈ આ શરીરદ્વારા, આ સંઘયણ દ્વારા મોક્ષમાં જઈ શકે નહિ. દરેક તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બલદેવને પહેલું સંઘયણજ હોય. ૧ થી ૩ આરામાં પહેલું જ સંઘયણ, ચોથા આરામાં ને પાંચમો બેસતા આરામાં છ એ છ સંઘયણ, તે પછીનો પાંચમો ને છઠ્ઠા આરામાં છેવટ્ઠું જ સંઘયણ હોય. પહેલા સંઘયણવાળા નીચે ૧ થી ૭ નરક સુધી, બીજાવાળા છઠ્ઠી નરક સુધી, ત્રીજાવાળા પાંચમી નરક સુધી, ચોથાવાળા ચાર નરક સુધી, પાંચમાવાળા ત્રણ નરક સુધી અને છેલ્લા સંઘયણવાળા બીજી નરક સુધી જ જાય. એટલે આપણે પાંચમા આરાવાળા પહેલી કે બીજી નરક સુધી જાય. તેવી રીતે આપણે છેલ્લા સંઘયણવાળા ઉપર ચોથા દેવલોક સુધીજ, પાંચમા સંઘયણવાળા છઠ્ઠું દેવલોક, ચોથાવાળા આઠ દેવલોક, ત્રીજાવાળા બાર દેવલોક, બીજાવાળા નવગ્રૈવેયક સુધી અને પહેલા સંઘયણવાળા અનુત્તર વિમાન તથા મોક્ષ સુધી જઈ શકે છે.

**સ. ૩૧૮ દરેક સંઘયણ કેવું હોય તે જણાવો.**

**જ. ૩૧૮** (૧)**વજ્રઋષભ નારાચ સંઘયણ :** જ્યાં બંને હાડકાનું જોડાણ હોય ત્યાં જેમ આપણે અદબ વાળીએ ત્યારે હાથ એકબીજા ઉપર ચડેલા હોય તેમ બંને હાડકા એકબીજાની ઉપર ચડેલા હોય. વચ્ચે હાડકાનો જ પાટો ને પાટાની વચ્ચે હાડકાનો જ ખીલો એવી મજબુતાઈ બે હાડકાના જોડાણમાં હોય. કહે છે, છ મહિના સુધી આ હાડકાને પથ્થરથી કચડો ત્યારે આ હાડકા તૂટે. (૨) **ઋષભનારાચ :** ખીલા સિવાયની ઉપર જણાવેલી મજબૂતાઈ (૩) **નારાચ :** ખીલા અને પાટા સિવાયની મજબૂતાઈ (૪)

**અર્ધનારાચ :** ખીલો નહિ, પાટો નહિ, બંને હાડકા એકબીજા પર ચડેલા નહિ. ફક્ત એકજ બાજુનું હાડકું બીજા પર ચઢેલું હોય (અડધી અદબ જેવું)
(૫) **કીલિકા :** બે હાડકાના છેડા અડાડીને ખીલી લગાડીને જે મજબૂતાઈ થાય તે (૬) બંને છેડા માત્ર સ્પર્શેલા હોય તેવી મજબૂતાઈ. જરા હાથ ખેંચોને ઉતરી જાય. પડો તો તરત ફેક્ચર થઈ જાય તેવું નબળું સંઘયણ આપણને બધાને આ છેલ્લું-છેવટ્ઠું-સંઘયણ છે. વારંવાર સેવા કરવી પડે તેથી સેવાર્ત પણ કહેવાય છે. ઉપશમ શ્રેણી ફક્ત પહેલા ત્રણ સંઘયણવાળાજ માંડી શકે. ક્ષપકશ્રેણી માંડીને મોક્ષ માત્ર પહેલા સંઘયણવાળાજ જઈ શકે.

**સ. ૩૧૯ સંસ્થાન એટલે શું ? તેના દરેક પ્રકાર સમજાવો.**

**જ. ૩૧૯**સંસ્થાન એટલે શરીરનો બાહ્ય આકાર, દેખાવ. અસંખ્ય સંસ્થાનોને છ ગ્રુપમાં ગોઠવી દીધા છે.

(૧) **સમચતુરસ સંસ્થાન :** જે શરીરના બધાજ અવયવો પ્રમાણસર હોય તે પ્રથમ સમચતુરસ સંસ્થાન કહેવાય. પદ્માસન અવસ્થામાં એક ઢીંચણથી બીજા ઢીંચણનું માપ, ડાબા ઢીંચણથી જમણા ખભાનું, જમણા ઢીંચણથી ડાબો ખભો અને વચ્ચેથી લલાટ સુધીના ચાર છેડા જેના શરીરમાં સરખા હોય તે પ્રથમ સંસ્થાન કહેવાય. બધાજ દેવો, તીર્થંકરો, ચક્રવર્તી વગેરેને આ સંસ્થાન જ હોય.

(૨) **ન્યગ્રાધે પરિમંડળ સસ્ંથાન :** જે શરીરનો નાભીથી ઉપરનો ભાગ પ્રમાણસર સુંદર હોય પણ નીચેના અવયવો પ્રમાણ વિનાના નાના મોટા હોય

(૩) **શાચી સંસ્થાન :** નાભિથી નીચેના અવયવો પ્રમાણસર હોય ને ઉપરના અવયવો પ્રમાણ વિનાના હોય તે

(૪) **વામન સંસ્થાન :** હાથ, પગ, માથું, પેટ પ્રમાણસર હોય પણ બાકીના અવયવો બેડોળ હોય

(૫) **કુબ્જ સંસ્થાન :** જેના છાતી પીઠ કમ્મર વગેરે પ્રમાણસર હોય અને પગ, હાથ, માથું વગેરે બેડોળ હોય

(૬) **હુંડક સંસ્થાન :** હુંડક એ ભુંડુ. જેના એકેય અવયવોના ઠેકાણા ન હોય તેવું આ હુંડક સંસ્થાન આપણને બધાને છે. સાવ કદરૂપું શરીર મળ્યું છે પછી રૂપનો અહંકાર શી રીતે કરી શકાય ? તેમાં પાગલ શું થવાનું ? સંસ્થાન જાણ્યા પછી કોઈનું રૂપ-દેખાવ સારો ન હોય તો મેણાટોણા ન મારવા, તેના પ્રત્યે દુર્ભાવ ન કરવો, કે પોતાને રૂપ સારૂં ન મળ્યું હોય તો

લઘુતા ગ્રંથિથી પીડાવું નહિ, સંસ્થાન કર્મને નજરમાં લાવી, સમાધિ, પ્રસન્નતા અને સ્વસ્થતા ધારણ કરવી. છ એ છ સંસ્થાનવાળા મોક્ષ પામી શકે છે. મોક્ષમેળવવા શારીરિક-માનસિક બળની જરૂર છે, આત્માનાગુણની જરૂર છે નહિ કે દેખાવની.

**સ. ૩૨૦ ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળના છ એ છ આરાના નામ કહો.**

**જ. ૩૨૦**

| | | | |
|---|---|---|---|
| ૬ઠ્ઠો | ૧લો | સુષમ-સુષમ | ૪ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫મો | ૨જો | સુષમ | ૩ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪થો | ૩જો | સુષમ-દુષમ | ૨ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩જો | ૪થો | દુ:ષમ-સુષમ | ૧ ક્રોડાક્રોડી સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ઓછા |
| ૨જો | ૫મો | દુ:ષમ | ૨૧ હજાર વર્ષ |
| ૧લો | છઠ્ઠો | દુ:ષમ–દુ:ષમ | ૨૧ હજાર વર્ષ |
| | | કુલ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

**સ. ૩૨૧ અવસર્પિણી તથા ઉત્સર્પિણી એટલે શું ?**

**જ. ૩૨૧** અવસર્પિણી એટલે આરાની ઘટતી દશા. અવસર્પિણી કાળમાં દિવસે દિવસે શુભ ભાવોની હાનિ થાય છે. ઉત્સર્પિણી કાળમાં દિવસે દિવસે શુભ ભાવોની વૃદ્ધિ થાય છે. દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક અવસર્પિણી કાળ અને દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ હોય છે. બંને મળીને વીસ ક્રોડાક્રોડી સાગરનું એક 'કાળચક્ર' કહેવાય. આપણે અત્યારે અવસર્પિણી કાળના પાંચમાં આરામાં છીએ.

**સ. ૩૨૨ ક્રોડાક્રોડી સાગરોપમ એટલે કેટલા વર્ષ ?**

**જ. ૩૨૨** ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ થાય. ચોરાશી લાખ પૂર્વાંગે એક પૂર્વ થાય. (૭૦૫૬૦૦૦ કરોડ વર્ષ) એવા અસંખ્યાતા પૂર્વનો એક પલ્યોપમ, દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. (ક્રોડને ક્રોડ ગુણા કરીએ ત્યારે ક્રોડાક્રોડ થાય) હવે વિચાર કરો એક ક્રોડાક્રોડ સાગરોપમ એટલે કેટલા અનંતા વર્ષ. જેવી રીતે સાગરમાં જળના બિંદુઓ અપાર હોય છે. તેવી રીતે સાગરોપમના વર્ષ પણ અપાર હોય છે.

**સ. ૩૨૩ અવસર્પિણીનો પહેલો અને બીજો આરો સમજાવો.**

**જ. ૩૨૩**પહેલો આરો ૪ ક્રોડાક્રોડ સાગર તથા બીજો ૩ ક્રોડાક્રોડ સાગરનો જાણવો. પહેલો આરો અતિસુંદર અને બીજો સુંદર જાણવો. પહેલો આરો બેસતાં ૩ ગાઉનું શરીર અને ૩ પલ્યોપમનું આયુષ્ય જાણવું. પહેલો આરો ઉતરતાને બીજો આરો બેસતા ૨ ગાઉનું શરીરને ૨ પલ્યોપમનું આયુષ્ય તથા બીજો આરો ઉતરતા એક પલ્યોપમનું આયુષ્ય અને ૧ ગાઉનું શરીર જાણવું. બંને આરામાં પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન જાણવું. પહેલા આરામાં શરીરમાં ૨૫૬ પાંસળીને ઉતરતા ૧૨૮ પાંસળીઓ, બીજા આરામાં ૧૨૮ પાંસળીઓને ઉતરતા ૬૪ પાંસળીઓ જાણવી. પહેલા આરામાં ત્રણ દિવસને બીજામાં બે દિવસે આહારની ઈચ્છા થાય. જમીનની સરસાઈ પહેલો આરો બેસતા સાકર જેવી ઉતરતા ખાંડ જેવી, બીજો આરો બેસતા ખાંડ જેવીને ઉતરતા ગોળ જેવી જાણવી. બંને આરામાં દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવાંછિત સુખ આપે - બંને આરામાં જુગલીયા જ જન્મે, જુગલીઆના આયુષ્યના છ માસ બાકી રહે તે વખતે પરભવનું આયુષ્ય બાંધે. ત્યારે જુગલાણી એક જોડું પ્રસવે. તે જોડાની લાલના પાલના પહેલા આરામાં ૪૯ દિવસ અને બીજા આરામાં ૬૪ દિવસ કરે. જુગલ-જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. તેમને છીંક, બગાસુ કે ઓડકાર આવે ત્યારે મરીને દેવગતિમાં જ જાય. બીજી કોઈ ગતિમાં જાય જ નહિ. ગતિ એક દેવની જ. આ બંને આરાને વિશે, વેરઝેર નહિ, ઈર્ષ્યા નહિ, ઘડપણ નહિ, રોગ નહિ, કુરૂપ નહિ, પરિપૂર્ણ અંગ-ઉપાંગ હોય. આ આરામાં ધર્મ ન હોય. પૂર્વભવનું દાનપુણ્યના ફળ ભોગવીને પૂરા કરે.

**સ. ૩૨૪ ત્રીજો આરો 'સુષમ-દુઃષમ' વિષે સમજાવો.**

**જ. ૩૨૪**સુષમ-દુઃષમ એટલે સુંદરતા ઘણી, વિષમતા થોડી. આ આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો ૧ ગાઉનું શરીર અને ૧ પલ્યોપમનું આયુષ્ય, ઉતરતા આરે પાંચસો ધનુષ્યનું શરીર અને ક્રોડપૂર્વનું આયુષ્ય આ આરામાં ૬૪ પાંસળી અને ઉતરતે આરે ૩૨ પાંસળી હોય. આ આરામાં બધાને પહેલું સંઘયણને પહેલું સંસ્થાન હોય. ઉતરતે આરે છ એ છ સંઘયણ ને છ સંસ્થાન જાણવા. બાકી બધુ બીજા આરા જેવું જાણવું. આયુષ્ય પુરૂ થવાને છ માસ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. ત્યારે જુગલાણી એક જોડું પ્રસવે. તે જોડાની લાલન પાલન ૭૯ દિવસ કરે. ત્રીજો આરો પૂરો થવાને ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ અને ૮ાા મહિના બાકી

રહ્યા. ત્યારે ઋષભદેવ દાદાનો જન્મ. ઋષભદેવ સ્વામી એ જુગલીઆ ધર્મ નિવારીને અસિ, મસી, કૃષિ આદિ બોંતેર કળા પુરૂષને શીખવી અને સ્ત્રીઓને ૬૪ કળા શીખવી. ભગવાન વીસ લાખ પૂર્વ સુધી કુંવારા રહ્યા.૬૩ લાખ પૂર્વ રાજ્ય પાળ્યું. પછી પુત્ર ભરતને રાજ્ય સોંપી ૪૦૦૦ પુરૂષ સાથે દીક્ષા લીધી. પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન ઉપજ્યું. કુલ એક લાખ પૂર્વનો સંયમ પાળીને મોક્ષે પધાર્યા. જુગલીઆ ધર્મ નિવાર્યા પછી પાંચમી ગતિ જાણવી.

**સ. ૩૨૫ ચોથા આરા વિષે જણાવો.**

**જ. ૩૨૫**ચોથો આરો દુ:ષમ-સુષમ એટલે વિષમતા ઘણી અને સુંદરતા ઓછી. આરાની શરૂઆતમાં ૫૦૦ ધનુષ્યનું શરીર અને ક્રોડપૂર્વનું આયુષ્ય, ઉતરતા આરે સાત હાથનું શરીર અને બસોમાં થોડું ઉણું આયુષ્ય. શરીરમાં ૩૨ પાંસળીઓ અને ઉતરતા આરે ૧૬ પાંસળીઓ જાણવી. આ આરામાં છ એ છ સંઘયણ અને છ એ છ સંસ્થાન જાણવા. દરરોજ આહારની ઈચ્છા થાય. જમીનની સરસાઈ સારી જાણવી. ઉતરતે આરે ઓછી જાણવી. આ આરાને વિષે પંચોતેર વરસ અને સાડા આઠ મહિના બાકી રહે ત્યારે ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ. ત્રીસ વર્ષ સંસારમાં રહ્યા. સાડાબાર વર્ષને એક પખવાડીયા લગી સખત જપ, તપ, ધ્યાન ધરીને કેવળ પ્રાપ્ત કર્યું. ૨૯ વર્ષને સાડા પાંચ મહિના કેવળપણે વિચર્યા. ૭૨ વર્ષે મોક્ષે પધાર્યા તે પછી ૧૨ વર્ષે ગૌતમસ્વામી, તે પછી ૮ વર્ષે સુધર્મા સ્વામી તે પછી ૪૪ વર્ષે જંબૂસ્વામી મોક્ષે પધાર્યા. આમા મહાવીરસ્વામી પછી પાંચમાં આરામાં ૬૪ વર્ષ સુધી કેવળ જ્ઞાન રહ્યું પછી વિચ્છેદ ગયું. ચોથા આરામાં જન્મેલ હોય તે પાંચમાં આરામાં મોક્ષે જાય પણ પાંચમાં આરામાં જન્મેલ હોય તે પાંચમા આરામાં મોક્ષે જાય નહિ. ચોથા આરાને વિષે પણ પાંચ ગતિ જાણવી.

**સ. ૩૨૬ પાંચમા આરા વિષે જણાવો. આપણે અત્યારે કયા આરામાં છીએ ?**

**જ. ૩૨૬**ચોથો ઉતરીને પાંચમો બેસે ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત અનંત હીણા થાય. ૨૧૦૦૦ વર્ષનો આરો દુ:ષમ એટલે એકલી વિષમતા. આરાની શરૂઆતમાં સાત હાથનું શરીર અને ૨૦૦ વર્ષમાં ઉણુ આયુષ્ય, ઉતરતા આરે એક હાથનું શરીર અને ૨૦ વર્ષનું

આયુષ્ય જાણવું. શરીરમાં ૧૬ પાંસળીઓ અને ઉતરતા આરે ૮ પાંસળીઓ જાણવી. આરાની શરૂઆતમાં છ સંઘયણ, છ સંસ્થાન ઉતરતે આરે છેવટુ (સેવાર્ત) સંઘયણને હૂંડ સંસ્થાન જાણવું. આ આરાને વિષે ચાર ગતિ જાણવી. (પાંચમી મોક્ષ ગતિમાં ન જાય) પાંચમા આરાને અંતે ચાર જીવ એકાવતારી થશે. (આ વાત સિદ્ધાંતમાં નથી, ગ્રંથની છે ને ચર્ચાસ્પદ છે.) તે ચાર જીવમાં (૧) દુપ્પસહ નામે આચાર્ય (૨) ફાલ્ગુની નામે સાધ્વી (૩) જિનદાસ નામે શ્રવક (૪) નાગશ્રી નામે શ્રાવિકા. પાંચમા આરાના અંતિમ દિવસે આ ચારેય જીવ સર્વને ખમાવી નિઃશલ્ય થઈ અનસન કરશે. સમાધિ પરિણામે કાળ કરીને પહેલા દેવલોક જશે. ત્યારે ચાર વસ્તુ વિચ્છેદ જશે (૧) જૈન ધર્મ (૨) મિથ્યાત્વીનો ધર્મ (૩) રાજનીતિ (૪) બાદર અગ્નિ.

**સ. ૩૨૭ છઠ્ઠો આરો બેસતા શું થશે ?**

**જ. ૩૨૭** તે વખતે સંવર્તકને મહાસંવર્તક નામે વાયરો થશે. તેને લીધે પર્વત, ગઢ, વાવ, કુવા સર્વ સ્થાનક નષ્ટ થશે. માત્ર (૧) વૈતાઢય પર્વત (૨) ગંગાનદી (૩) સિંધુનદી (૪) ઋષભકૂટ (૫) લવણની ખાડી એ પાંચ સ્થાનક રહેશે.

**સ. ૩૨૮ છઠ્ઠા આરા વિષે જણાવો.**

**જ. ૩૨૮** છઠ્ઠો આરો ૨૧૦૦૦ વર્ષનો દુઃષમ દુઃષમ એટલે ઘણો ભયંકર, ઘણો ત્રાસ દાયક. આરાની શરૂઆતમાં એક હાથનું શરીર, ૨૦ વર્ષનું આયુષ્ય, ઉતરતે આરે મૂંઢા હાથનું શરીર, ૧૬ વર્ષનું આયુષ્ય, બેસતા આરે આંઠ પાંસળી ઉતરતે આરે ચાર પાંસળી, છેવટું સંઘયણ, હૂંડક સંસ્થાન. છ વર્ષની સ્ત્રી ગર્ભધારણ કરશે. તે કાળા, કુદર્શની, રોગી, રિસાળ, નખ અને કેશ ઘણાં એવા છોકરા પ્રસવશે, પરિવાર સાથે ફેરવશે. ગંગા અને સિંધુ નદીમાં વૈતાઢય પર્વના મૂળે ૭૨ બીલ્લ હશે. તેમાં મનુષ્ય, તિર્યંચ, પક્ષી દિવસે ભરાઈ રહેશે. નદીનો પટ રથના ચીલા જેટલો પહોળો અને ગાડાની ધરી ડૂબે એટલું જ ઉંડું પાણી હશે. તેમાં મચ્છ, કચ્છ ઘણા થશે. તે બોત્તેર બીલના મનુષ્યો સાંજેને સવારે મચ્છ, કચ્છ કાઢીને રેતીમાં ભારશે. સૂર્ય અતિશય તપશે. ટાઢ ઘણી પડશે. તેથી સીઝવાઈ જશે અને તેનો મનુષ્ય આહાર કરશે. તેના હાડકા, ચામડા, તિર્યંચ ચાટીને રહેશે.

મનુષ્યના માથાની ખોપરીમાં પાણી લાવીને પીશે. એ રીતે એકવીસ હજાર વર્ષ પૂરા કરશે.

**સ. ૩૨૯ આ જે આરા વિષે જણાવ્યું તે અવસર્પિણી કાળના, પણ ઉત્સર્પિણી કાળના આરા કેવા હશે ?**

**જ. ૩૨૯**અવસર્પિણીના છઠ્ઠા આરા જેવો ઉત્સર્પિણીનો પહેલો, તે પ્રમાણે પાંચમાં જેવો બીજો, ચોથા જેવો ત્રીજો, ત્રીજા જેવો ચોથો, બીજા જેવો પાંચમો ને પહેલા જેવો ઉત્સર્પિણીનો છઠ્ઠો આરો જાણવો. વિશેષતા એટલી કે ઉત્સર્પિણી કાળના (૧) બીજા આરાની શરૂઆતમાં ૭ દિવસ પુષ્કર વરસાદ પડે છે. પછી ૭ દિવસ વર્ષા બંધ રહે છે. એમ અનુક્રમે ૭-૭ દિવસ દૂધ, ઘી, અમૃત રસનો વરસાદ વરસે છે. જેનાથી પૃથ્વી રસકસ વાળી બની ફળફૂલ, વૃક્ષોથી છવાઈ જાય છે. ત્યારે બિલમાં રહેલ માનવો બહાર નીકળી વનસ્પતિ જોઈ માંસાહાર ન જ કરવાનો નિયમ કરે છે. (૨) ઉત્સર્પિણીના ત્રીજા આરામાં ૩ વર્ષને સાડા આઠ મહિના વીત્યા બાદ પહેલા તીર્થંકરનો જન્મ થશે તેમનું આયુષ્ય વગેરે બધું ભગવાન મહાવીર જેટલું હશે. ત્યારબાદ ૨૨ તીર્થંકરો ક્રમથી થશે. (૩) ચોથા આરાના ૩ વર્ષને સાડાઆઠ મહિના વીત્યાબાદ. ૨૪મા તીર્થંકરનો જન્મ થશે તેમનું આયુષ્ય વગેરે બધું દાદાઋષભદેવ જેવું હશે. પરંતુ તે શિલ્પકળા આદિ શિક્ષા આપશે નહી. કારણકે તે શિક્ષા આગળથી ચાલી આવતી હશે. તેમના મોક્ષગયા પછી રાજધર્મને ચરિત્ર ધર્મ વિચ્છેદ થશે. પછી અકર્મભૂમિ જેવો જુગલીયા કાળ રહેશે.

**સ. ૩૩૦ ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ તથા મહાવિદેહ ક્ષેત્રમાં કેવા આરા હોય છે ?**

**જ. ૩૩૦**દેવકુરૂ - ઉત્તરકુરૂમાં સદાકાળ અવસર્પિણીના શરૂઆતના પહેલા આરા જેવા ભાવ, હરિવાસ, રમ્યક્‌વાસમાં બેસતા બીજા આરા જેવો, હેમવય, હિરણ્યવયમાં બેસતા ત્રીજા આરા જેવા ભાવો, છપ્પન અંતર દ્વીપમાં ઉતરતા ત્રીજા આરા જેવા (જુગલ કાળ જેવા કર્મભૂમિ જેવા નહિ) ભાવો વર્તે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ ચોથા આરા જેવા ભાવો વર્તે છે. એટલે તે ક્ષેત્રોમાં છ આરા, કાળચક્ર નથી.

**સ. ૩૩૧ દરેક આરાના ભોજન સમય કહો. (અવસર્પિણીના)**

**જ. ૩૩૧**પહેલા આરામાં ત્રણ દિવસને આંતરે, બીજા આરામાં બે દિવસને આંતરે, ત્રીજા આરામાં એક દિવસને આંતરે ને ચોથા આરામાં એક દિવસમાં એક વખત ભોજનની ઈચ્છા થતી. ચોથા આરામાં એક ઘરમાં ૨૮ પુરૂષ અને

૩૨ સ્ત્રી હોય તો તે ઘર ગણતરીમાં લેવાતું અને સાઠ માણસોની રસોઈની તૈયારી કરતાં સહેજે બે પહોર દિવસ વીતી જતો. માણસો એકજ વખત ભોજન લેતા. સાધુઓ ત્રીજા પહોરે ભિક્ષા લેવા જતા.

**સ. ૩૩૨ અત્યારે આ પાંચમા આરામાં કેવું વર્તન હશે તે બાબત સત્પુરૂષોએ શું કહ્યું છે ?**

**જ. ૩૩૨** નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યની શ્રદ્ધા ઓછી થતી જશે. ધર્મના મૂળ તત્ત્વોમાં મતમતાંતર વધશે. દંભી અને પાપિષ્ટ ગુરૂઓ પૂજ્ય થશે. મીઠા પણ ધૂર્ત વકતા પવિત્ર મનાશે. આત્મિક જ્ઞાનના ભેદો હણાતા જશે. હેતુ વગરની અજ્ઞાન ક્રિયા વધતી જશે. એકાંતિક પક્ષો સત્તાધિસ થશે. શૃંગારથી ધર્મ મનાશે. સંસારી સાધનોને ધર્મ ઠરાવશે. માનવોની સદ્‌વૃત્તિઓ ઘટતી જશે. રાજનેતાઓ કર્મ અને ખરી રાજનીતિ ભૂલી જશે. જેમ લુંટાશે તેમ  પ્રજાને લૂંટશે. નિર્માલ્ય રાજાઓને મંત્રીઓ વેશ્યામાં મોહ પામી અકૃત અને ભયંકર કૃત્યો કરતાં અટકશે નહિ. માતા કરતાં પત્નીમાં ને પિતા કરતાં પુત્રમાં પ્રેમ વધશે. સ્નાનથી પવિત્રતા ગણાશે. ધનથી ઉત્તમકુળ ગણાશે. ગુરૂથી શિષ્યો આગળ ચાલશે. મનુષ્ય શુદ્ધ ધર્મત્વમાં શ્રદ્ધાવાન નહી થઈ શકે, સંપૂર્ણ તત્વજ્ઞાન નહી પામી શકે. સારા કૂળની સ્ત્રી લજ્જા રહિત, વેશ્યા સરખી થશે. દુર્જન લોકો સુખી થશે, સજ્જન લોકો દુઃખી થશે. શિષ્ય ગુરૂના અને સંતાનો મા-બાપના અપવાદ બોલશે. આચાર્યો પોતાના ગચ્છની પરંપરા, સમાચારી જુદી પ્રવર્તવશે તેમાંજ રાચશે. અન્યાય, અધર્મને કુવ્યસનમાં ઘણા રાચશે. આ આરાને વિષે જેમ જેમ કાળ વીતતા ધન સર્વ વિચ્છેદ જશે. ફક્ત લોઢાની ધાતુ રહેશે. ચામડાની મહોરો ચાલશે, તે ધનવંત કહેવાશે. એક ઉપવાસ માસક્ષમણ સરખો લાગશે. ઉતરતે આરે મહદ્ અંશે જ્ઞાન વિચ્છેદ થશે.

**સ. ૩૩૩ જ્ઞાનના પ્રકાર કહો. બે પરોક્ષ જ્ઞાન વિષે સમજાવો.**

**જ. ૩૩૩** જ્ઞાનના પાંચ પ્રકાર છે. (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે કેમકે તે ઈન્દ્રિય અને મનથી થાય છે. પાંચ ઈંદ્રિય અને છઠ્ઠું મન એ છ વડે કરીને જે જાણવું થાય છે તે મતિજ્ઞાન છે. જિન ભગવંતના વચનોરૂપી શાસ્ત્ર ભણવાથી કે સાંભળવાથી જે જ્ઞાન થાય તે શ્રુત જ્ઞાન કહેવાય. તેના બે ભેદ છે. (૧) અક્ષરાત્મક શ્રુત જ્ઞાન - જે અક્ષરો દ્વારા અર્થ વિચારવાથી થાય તે.

જેમકે શાસ્ત્ર દ્વારા જ્ઞાન (૨) અનઅક્ષરાત્મક શ્રુતજ્ઞાન - જે ઈંદ્રિયોથી મતિજ્ઞાન દ્વારા પાદાર્થોને જાણવા પછી તે પદાર્થમાં હિતરૂપ કે અહિતરૂપ બુદ્ધિ થવી તે અનઅક્ષરાત્મક શ્રુતજ્ઞાન. દાત. કીડીને દૂરથી સુગંધ આવવી તે મતિજ્ઞાન પછી તે સુગંધિત પદાર્થની નજીક આવવાની બુદ્ધિ થવી તે શ્રુતજ્ઞાન. કાનથી આત્મા શબ્દ સાંભળ્યો તે મતિજ્ઞાન. આત્મા શબ્દથી આત્માના ગુણનો બોધ થવો તે શ્રુતજ્ઞાન. મતિ-શ્રુતજ્ઞાન બધાજ પ્રાણીઓને સામાન્ય રીતે હોય છે.

**સ. ૩૩૪ ત્રણેય પ્રત્યક્ષ જ્ઞાન વિષે સમજાવો.**

જ. ૩૩૪ અવધિ, મનઃપર્યવને કેવળજ્ઞાન તે ત્રણેય પ્રત્યક્ષ છે. કેમકે તે આત્માથી થાય છે. અવધિજ્ઞાન એટલે મર્યાદામાં રહેલ દેખી શકાય તેવી વસ્તુઓ (રૂપીદ્રવ્ય) તેને ઈંદ્રિયોની અપેક્ષા વિના જાણવું તે જ્ઞાન (૧) અવધિ એટલે લિમિટ. દરેકની અવધિજ્ઞાનની મર્યાદા અલગ અલગ હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદામાં રહેલ પુદ્‌ગલોનું અથવા પુદ્‌ગલ સહિત અશુદ્ધ જીવોનું વર્ણન જાણવું. એટલે કે ક્ષેત્ર એટલે ઉપર-નીચે-આજુબાજુનું અમુક ક્ષેત્ર સુધીનું જ્ઞાન હોવું. ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળનું અમુક વર્ષો સુધીનું જ્ઞાન હોવું. બધાજ દેવ-નારકીને અવધિજ્ઞાન જન્મથીજ હોય તે ભવપ્રત્યય અવધિજ્ઞાન કહેવાય. પશુઓને કે માનવીને સમ્યક્‌ત્વ કે તપના પ્રભાવથી થાય તે ગુણપ્રત્યય અવધિજ્ઞાન કહેવાય. (૨) મનઃપર્યવજ્ઞાન એટલે અઢી દ્વીપની અંદર રહેલા પર્યાપ્તા સંજ્ઞી. પંચેન્દ્રિય જીવોના મનના ભાવને જાણવું. બીજાઓના મનમાં પુદ્‌ગલ સંબંધી કે અશુદ્ધ જીવ સંબંધી શું શું વિચાર થઈ ચૂક્યા છે. શું વિચાર ચાલી રહ્યા છે ને કયા કયા વિચાર થશે તે જાણવું (૩) કેવળજ્ઞાન : સર્વ જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થવાથી અનંત જ્ઞાનનો પ્રકાશ થવો તે કેવળજ્ઞાન છે. એક વખત પ્રકાશ થયા પછી ફરી તે મલિન થતું નથી. જે ત્રણેય લોકના ત્રણેય કાળના, સર્વ પદાર્થોને (સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત) ભિન્ન ભિન્ન પ્રત્યેક સમયમાં જેમ છે તેમજ પરિપૂર્ણ સ્વરૂપે સ્પષ્ટ અને એક સાથે એક કાળમાં દેખે અને જાણે તે કેવળજ્ઞાન છે. આ વ્યાખ્યા વ્યવહાર નયથી છે. નિશ્ચય નયથી તો કેવળજ્ઞાન થયા પછી ઉપયોગ ચંચળ ન રહે, આત્મામાં સ્થિર રહે આત્મા અત્યંત શુદ્ધ સ્વરૂપમાં નિરંતર રહે તે કેવળજ્ઞાન છે.

**સ. ૩૩૫ કેવળીનો ૐ કાર ધ્વનિ શું છે ?**

**જ. ૩૩૫** અરિહંત દેવની જે ઉપદેશાત્મક ભાષા વર્ગણા નીકળે છે તેને ૐકાર ધ્વનિ કહે છે. તે તીર્થંકર દેવના મૂર્ધન્ય સ્વરમાં, આર્ય-અનાર્ય, દેવ, મનુષ્ય, તિર્યંચ સર્વે જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની યોગ્યતા અનુસાર સમજે છે. તે વાણી અખંડ, અમૃત સ્વરૂપ, અતિશયયુક્ત, મોક્ષમાર્ગનો પ્રકાશ કરતી કોઈપણ ઈચ્છા વગર છુટે જેમકે પૂનમના ચંદ્રને ઈચ્છા નથી કે હું દરિયાના પાણીમાં ભરતી લાવું પણ સહેજે ચંદ્ર ઉગે એટલે દરિયામાં ભરતી આવે તેમ તીર્થંકરને ઈચ્છા નથી પણ પુણ્યવંત પ્રાણી આવે ત્યાં તેમની ૐ કાર ધ્વનિ પ્રગટ થાય તેને સાંભળી ગણધરો શાસ્ત્ર રચે. ચૌદ પૂર્વની ને બાર અંગની રચના ગણધર ભગવંતો ફક્ત એક મૂહુર્તમાં કરે. આ ધ્વનિ સાંભળી લાયક જીવો સંશય - મિથ્યાત્વ નિવારે. ભગવાનને જાણવામાં જે આવ્યું છે તેના અનંતમાં ભાગે વાણીમાં આવે છે ને વાણીમાં જે આવ્યું તે સમજનારને અનંતમા ભાગે જણાય. સર્વાર્થ સિદ્ધના દેવો અવધિજ્ઞાનથી તીર્થંકરના સમવસરણને પોતાના વિમાનમાં રહ્યા રહ્યા દેખે છે, ઉપદેશ સાંભળે છે, પ્રશ્ન પૂછે છે અને કેવળી ભગવાન તેમને ઉત્તર આપે છે. ભગવાન મહાવીરને કેવળ જ્ઞાન થયા પછી પ્રથમ દેશના નિષ્ફળ ગઇ તેનું કારણ તે સમયે સભામાં ભગવાનની વાણી ઝીલી શકે તેવો મહાનપાત્ર, યોગ્ય જીવ કોઈ ઉપસ્થિત નહતો. ઉત્કૃષ્ટ ધર્મ સમજવાવાળો પાત્ર જીવ હોય ત્યારે તેને નિમિત્તભૂત વાણી મળ્યા વગર રહેતી નથી. ઝાડ ઉગવાનું હોય ને પાણી ન મળે એવું બનતું નથી.

**સ. ૩૩૬ કયા અક્ષરો મળીને ૐ શબ્દ થાય છે ?**

**જ. ૩૩૬** અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય, મુનિ (સાધુ) આ પાંચેય પરમેષ્ઠિના પહેલા અક્ષર લેતાં અ–અ–આ–ઉ–મ– ઓમ શબ્દ થાય છે. અઢી અક્ષરનો આ શબ્દ બધા મંત્રોનો રાજા છે. 'અ' નો અર્થ અધોલોક, 'ઉ' નો અર્થ ઉર્ધ્વલોક 'મ' નો અર્થ મધ્યલોક આમ તેના ગર્ભમાં ત્રણ લોક આવી જાય છે. ૐકારનો અર્થ છે નાદ, કંઠ, તાળૂ, જીભ, હોઠ આદિમાં

કંઈપણ કંપન ઉત્પન્ન કર્યા વગર ઉત્પન્ન થવાવાળી સામાન્ય ધ્વનિ એના ધ્યાનથી, ક્રમે કરી, પરમાત્મદશાને પ્રગટાવી જીવ કૃતાર્થ થાય છે.

**સ. ૩૩૭ અરિહંતે તો ચારજ કર્મ ખપાવ્યા છે ને સિદ્ધ ભગવંતોએ આઠ કર્મ ખપાવીને મોક્ષે ગયા છે તો નવકાર મંત્રમાં અરિહંતનું સ્થાન પ્રથમ કેમ ?**

**જ. ૩૩૭**અરિહંત ભગવંત કરૂણા ભાવથી જીવોના કલ્યાણ અર્થે દિવ્યધ્વનિ વાટે ઉપદેશ આપે છે, અને તે સાંભળીને જીવો ધર્મ પામે છે. અને ગણધરો આગમગૂંથે છે. અને ભવિક જીવ પોતાની શંકાનું નિવારણ કરે છે. આમ અરિહંત ભગવંતનો ઉપકાર અમાપ અને અસિમ છે. તે ગુરૂદેવ છે અને ગુરૂદેવનું સ્થાન હંમેશા પ્રથમ હોય, ઉંચું હોય તેથી નવકાર મંત્રમાં તેમનું સ્થાન પહેલું છે.

**સ. ૩૩૮ વર્તમાનકાળે આ ક્ષેત્રે કોઈ વિહરમાન તિર્થંકર નથી તો 'નમોઅરિહંતાણં' પદથી કોને નમસ્કાર કરીએ છીએ ?**

**જ. ૩૩૮** ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના તીર્થંકરો મોક્ષ પામી સિદ્ધ થઈ ગયા છે પણ કર્મભૂમિના કુલ ૧૫ ક્ષેત્રોમાંથી પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશ માટે ઓછામાં ઓછા વીસ તીર્થંકર સદેહે વિહરમાન છે. 'નમો અરિહંતાણં' પદથી આપણે તેમને જ વંદના કરીએ છીએ.

**સ. ૩૩૯ નવકારવાળીમાં ૧૦૮ પારા કેમ હોય છે ?**

**જ. ૩૩૯**અરિહંતના ૧૨ ગુણ સિદ્ધ ભગવંતના ૮ ગુણ, આચાર્યના ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ અને સાધુના ૨૭ ગુણ મળીને કુલ ૧૦૮ ગુણ થયા. તેના પ્રતિક રૂપે નવકારવાળીમાં ૧૦૮ પારા છે. એક એક પારે એક એક ગુણનું ચિંતવન કરીએ ને આત્મામાં એ ગુણ પ્રગટ કરવાનો સંકલ્પ કરીએ.

**સ. ૩૪૦ અનુબંધ એટલે શું ?**

**જ. ૩૪૦**વર્તમાનમાં બંધાતા કર્મ (શુભ કે અશુભ) તે જ્યારે ભવિષ્યમાં ઉદયમાં આવશે તે વખતે તેમાં નવાકર્મ બંધાવાની જે શક્તિ પડી છે તેને અનુબંધ કહેવાય. બીજી રીતે સમજો. સમજીલોકે અત્યારે આપણને જે કર્મ ઉદયમાં આવ્યું છે, જે કર્મ આપણે ભોગવી રહ્યા છીએ એ કર્મમાં નવું કર્મ કયું

બંધાવવું તેની તાકાત પડેલી છે. તે તાકાત ક્યાંથી આવી? તો કહે ભાઈ આ કર્મ ભૂતકાળમાં જ્યારે પણ તેં બાંધ્યું હશે ત્યારે તારી અંદરના જે ભાવ હશે, જે વૃત્તિ હશે તે પ્રમાણેના અનુબંધ પડયો હશે. ધારો કે તે ભૂતકાળમાં કોઈ સારું એવું તપ કર્યું હશે એટલે બંધ તો પુણ્યનો પડયો. પરંતુ તે તપની પ્રવૃત્તિ દરમ્યાન તારી વૃત્તિ સાંસારિક પડી હશે કે આ તપથી મને માન મળશે. સમાજમાં સન્માન મળશે. પારણા વખતે સરસ તૈયાર થશું. આ સારું લાગશે કે પેલું? આ બધી જ સાંસારિક વૃત્તિને આધારે તેનો અનુબંધ પડશે. એટલે કે પ્રવૃત્તિ સારી એટલે બંધ પુણ્યનો પરંતુ વૃત્તિ સાંસારિક એટલે અનુબંધ પાપનો. હવે આ ભવમાં જ્યારે પુણ્ય ઉદયમાં આવ્યું ત્યારે તે બંધની સાથે સાથે જ ચોકીદારની જેમ અનુબંધ હાજર થઈ જશે. બંધ સારો હતો માટે અત્યારે રૂપ-યૌવનને ધન મળ્યું. પરંતુ અનુબંધ ખોટો હતો માટે એ રૂપ-યૌવન-ધન તમને દારૂ-જુગાર કે વેશ્યાગમનમાં ધકેલી દેશે. આમ બંધની સાથે અનુબંધ સાથે જ આવીને ઉભું રહેશે ને તેજ પ્રમાણે નવા કર્મ કરાવશે. આમ બંધ ભલે પાપનો પડ્યો હોય કે પુણ્યનો પણ જો અનુબંધ શુભ હશે તો જીવ બાજી જીતી જાય છે ને અનુબંધ અશુભ હોય તો પાપની લીંક ચાલુ થઈ જાય છે. કારણકે તેના ઉદયવખતે દુર્બુદ્ધિ મળશે. સંસારની ચારગતીની પરિભ્રમણાથી જો ઉદ્વેગ થયો હોય ને મોક્ષની તીવ્ર અભિલાષા જાગી હોય તો જ શુભ અનુબંધ પડી શકે. આ બે ગુણ સિવાયના બધા ગુણ ભેગા કરો તોય મોક્ષ નહીં થાય. જે ધર્મ ક્રિયા મોક્ષરૂપી ફળ આપતી નથી તે ધર્મક્રિયા તત્વથી નિષ્ફળ છે. 'જિન મંદિર બંધાવું તો દેવગતિ મળે.' જિન મંદિર બંધાવવું તે કર્મ પુણ્યનો બંધ પાડે પરંતુ તેની પાછળની ભાવના દેવગતિ મેળવવાની - સુખ મેળવવાની - સાંસારિક ભાવના થઈ માટે અનુબંધ ખોટો - ધારો કે આ પ્રવૃત્તિથી ૨૧ સાગરોપમનું દેવગતિનું સુખ મળ્યું. પણ પછી શું? અનુબંધ અશુભ હોવાને કારણે તે એકેન્દ્રિયમાં જીવને ધકેલી દેશે. 'રોજ ભગવાનના દર્શન કરીને જાઉં છું એટલે ધંધો સારો ચાલે' પ્રવૃત્તિ શુભ-વૃત્તિ સાંસારિક - અનુબંધ અશુભ - 'રાત્રીભોજન કરીએ તો નરક ગતિ મળે' ભાઈ તને નરકગતિ શું કામ નથી જોઈતી? તેમાં દુઃખ છે માટે? તો જેમાં સુખ હોય તેવી ગતિનો જોઈએ જ છે. એટલે ભાવના સાંસારિક - બંધ પુણ્યનો અનુબંધ પાપતો ભૌતિક અનુકૂળતા પ્રત્યે રાગ-પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ. તે આપણું વલણ બની ગયું છે, તેમાંજ ઉપાદેય બુદ્ધિ એજ મિથ્યાત્વની ગાંઠ છે જેને તોડવાની છે. કદાચ દ્વેષ કરવા માટે પદાર્થ કે વ્યક્તિ બદલાય પણ

આ વલણ બદલાતું નથી. આની ઉપરજ સંસારનું પરિભ્રમણ ચાલુ છે. કોઈપણ પ્રવૃત્તિમાં મોક્ષ સિવાય કોઈ સાંસારિક ભાવ ભળશે નહિ તોજ શુભ અનુબંધ પડી શકાશે જે મોક્ષનું કારણ બનશે.

**સ. ૩૪૧ પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કોણે બતાવી છે ? તે કોને ઉપયોગી છે ? મેં એવું સાંભળ્યું છે કે તે બધાને ઉપયોગી નથી.**

**જ. ૩૪૧** શ્રુતકેવલી, ચૌદપૂર્વધર મહાપુરૂષોએ આ ક્રિયાઓ બતાવી છે. જેઓનું મન આત્મભાવનામાં સ્થિર થયું નથી તેથી ચંચળ મન વારંવાર વિષયોમાં ચાલી જાય છે. તેવા તે ચંચળ મનને સ્થિર કરવા આવશ્યકાદિ ક્રિયાઓ ખૂબજ ઉપયોગી છે. જેઓ નિશ્ચયધર્મમાં લીન બની ચૂક્યા છે. જેઓનું મન આત્મભાવમાં અત્યંત સ્થિર થઈ ગયું છે. તેઓને ક્રિયા અત્યંત ઉપયોગી નથી. પરંતુ આ સંઘયણ અને પંચમ કાળને પ્રભાવે બહુ જૂજ - આંગળીના વેઢે ગણી શકાય એટલી જ એવી પ્રતિભા છે કે જેનું મન આત્મભાવમાં અત્યંત સ્થિર થયું હોય... માટે આપણને બધાને તો આ આવશ્ય ક્રિયાઓ અત્યંત ઉપયોગી છે.

**સ. ૩૪૨ આજે કેટલાક વર્ગ ક્રિયાઓ જડ છે તેમ કહીને તેની ઉપેક્ષા કરે છે તે યોગ્ય છે ?**

**જ. ૩૪૨** જેને તળાવમાં તરતાંય નથી આવડતું તે સાગરમાં તરવાની ઈચ્છા કરે તે શું યોગ્ય છે ? જેણે વ્યવહારનયથી બતાવેલી ક્રિયાઓ જીવનમાં આચરીને પચાવી નથી અને નિશ્ચયનય મુજબની આત્મામાં લીન થવાની વાતને અપનાવે તે શું યોગ્ય છે ? જ્ઞાની પુરૂષોએ મનની વૃત્તિઓને ઓળખી દિર્ઘદૃષ્ટિથી ભવ્ય આત્માઓના કલ્યાણ માટે આ બધી ક્રિયાઓની રચના કરી છે. અનંતા વર્ષોથી આપણો આત્મા અશુભ ક્રિયાઓથી અશુભ કર્મ બાંધી રખડયો છે. તેથી શુભભાવો પેદા કરવા ને મનને સ્થિર કરવા માટે ક્રિયાઓ છે, તેને જડ કહી ઉપેક્ષા કરાય નહિ.

**સ. ૩૪૩ પ્રતિક્રમણ કયા સમયે કરવું જોઈએ ? સાંવત્સરિક પ્રતિક્રમણ આટલું જલ્દી કેમ કરી લેવામાં આવે છે ? ખોટું કરવું એના કરતાં તો ન કરવું સારૂં ને ?**

**જ. ૩૪૩** દેવસી પ્રતિક્રમણ સૂર્ય અડધો ડૂબે ત્યારે વંદિતુ આવે એ રીતે શરૂ કરવું અને રાઈપ્રતિક્રમણ પૂરૂ થાય ત્યારે લગભગ સૂર્યોદય થાય એ રીતે કરવું. પરંતુ

ખરેખરા કારણોને આશ્રયીને અપવાદ માર્ગ પણ કહ્યો છે. તે હિસાબે બપોરના બારથી રાતના બાર સુધીમાં દેવસી પ્રતિક્રમણ અને રાતના બારથી બપોરના બાર સુધીમાં રાઈ પ્રતિક્રમણ થઈ શકે. સાંવત્સરિક પ્રતિક્રમણ અમુક ખાસ કારણોને લઈને આચાર્યમહારાજ વહેલા કરાવે છે તે યોગ્ય જ છે એમાં કાંઈ ખોટું નથી. માટે આવા કરતાં તો ન કરવું સારૂં એવી નકારાત્મક વાતતો કદી કરવી જ નહીં. ન કરવું સારૂં કહીને જો ક્રિયાઓજ છોડી દેશો તો કદાચ આજથી બસો પાંચસો વર્ષ પછીની પેઢીને કોઈ ક્રિયાઓજ નહી મળે. ક્રિયાઓ શું હતી ? એ પણ ખબર નહિ હોય. આપણા પૂર્વજોએ જે ક્રિયાઓ આપણા સુધી પહોંચાડી છે તે ભવિષ્યની પેઢીઓ સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે. જો આપણા બાપદાદાએ 'આનાથી ન કરવું સારૂં' એમ કરીને સામાયિક પ્રતિક્રમણ છોડી દીધા હોત તો આજે આપણે જાણતા પણ નહોત કે સામાયિક શું ? પ્રતિક્રમણ શું ? જેમકે જૈન ધર્મના પ્રાણસમું ધ્યાન નામનું તપ આજે લગભગ વિસરાઈ ગયું છે. ભગવાને ૧૨ પ્રકારે તપ બતાવ્યો છે. તેમાં પાંચમું અભ્યંતર તપ ને ધ્યાન છે. બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ ઉત્કૃષ્ટ છે ને તેમાંય પેલા બીજા કરતાં પાંચમું ઉત્કૃષ્ટ તપ ધ્યાન કે જેનાથી અનંતા કર્મની નિર્જરા થાય તે ધ્યાન શબ્દ આજે લોકોને પોતાનો નહી બીજા ધર્મનો લાગે છે. આવું કેમ ? કેમકે મહાવીરના નિર્વાણ પછી અમુક વર્ષો પછી ઉત્તરોત્તર લોકોની ક્ષમતા ઓછી થવા લાગી તેથી ધ્યાન બરોબર થતું નહી તેથી આપણા જેવા લોકોએ 'આનાથી તો ન કરવું સારૂં' કહીને ધ્યાન કરવાનું છોડી દીધું. પરિણામે આજની પેઢી ધ્યાન નામના ઉત્કૃષ્ટ તપથી વંચિત રહી ગઈ. આવું ભવિષ્યમાં પ્રતિક્રમણાદિ ક્રિયાઓ માટે ન બને તે માટે વધુને વધુ વિશુદ્ધ કરવા પ્રયત્ન કરવો પણ છોડી દેવું નહી.

**સ. ૩૪૪ પ્રતિક્રમણમાં કોઈ કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી નો તો કોઈ 'સાગરવર ગંભીરાસુધી' તો કોઈ પૂર્ણ કેમ ? કાઉસગ્ગને શ્વાસોચ્છ્વાસ સાથે શું સંબંધ ?**

જ. ૩૪૪ જે રોગીને બે ગોળીની જરૂર હોય તેને બે અપાય ને પાંચની જરૂર હોય તેને પાંચ અપાય. એ ન્યાયે જ્ઞાનીઓએ પ્રતિક્રમણમાં કયા પદ સુધી કાઉસગ્ગ કરવો તેની રચના કરેલી છે. રાઈપ્રતિક્રમણમાં સવારે કુસુમિણ, દુસુમિણનો ૪ લોગસ્સનો કાઉસગ્ગ જો કામભોગાદિના રાત્રે દુઃસ્વપ્ન આવ્યા હોય તો ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ એટલે કે

'સાગરવરગંભીરા' સુધી અને બીજા દુ:સ્વપ્ન આવ્યા હોય તો ૧૦૦ શ્વાસોશ્વાસ પ્રમાણ એટલે કે ચંદેસુનિમ્મલયરા સુધી કાઉસગ્ગ કરવાનું જ્ઞાનીનું વિધાન છે કેમકે તેની વિશુદ્ધિ માટે એટલી જ જરૂર છે. હવે શ્વાસોશ્વાસ પ્રમાણ એટલે તમારે શ્વાસોશ્વાસ ગણવાના નથી... નહિતો લોગસ્સ એક બાજુ રહી જશે ને શ્વાસોશ્વાસ ગણવામાં લાગી જશો. આપણે પ્રેકિટશજ એવી પાડવાની છે કે એક પદ એક શ્વાસોશ્વાસની સાથે જ ચાલે. એ પણ એટલા મટે કે તમારૂં ધ્યાન લોગસ્સમાં જ રહે ક્યાંય આડું અવળું ચાલ્યું ન જાય. આપણો શ્વાસ એ આપણો વર્તમાન છે. માટે શ્વાસોશ્વાસ પર ધ્યાન રાખી ગણવાથી તમે વર્તમાનમાંજ રહો. જ્ઞાનીઓએ ખૂબ વિચારી આ વિધી બતાવી છે કે ન તમારૂં મન ભૂતકાળમાં ચાલી જાય કે ન ભવિષ્યમાં ચાલી જાય. તેજ પ્રમાણે કરવાથી ઘણું સારૂં પરિણામ મળી શકે છે.

**સ. ૩૪૫ આપણા નજદીકના વ્યક્તિઓજ આપણને વધુ દુ:ખ આપતા હોય છે તેનું કારણ શું ? તેવે વખતે શું કરવું ?**

**જ. ૩૪૫**જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તેજ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે, લેણ દેણના સંબંધ વગર કોઈની આંખેય મળતી નથી. કોણ આપણા મા-બાપ બનશે ? કોણ સાથીદાર ? કોણ ભાઈ-બહેન ? કોણ પુત્ર-પુત્ર વધુ ? કોણ દિકરી જમાઈ ? કોણ પાડોશી ? કોણ સગાવહાલાં ? આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વકૃત કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે. જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુ:ખ આપતા હોય ત્યારે વિચારવું કે 'આ મારા સગા બન્યા છે, તે પણ મારાજ કોઈ પૂર્વજન્મના લેણ-દેણને કારણે, તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે, તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યુ હશે. ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેકગણું દુ:ખ એ જીવને આપ્યું હશે. આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારાજ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે ત્યારે હું સમતાભાવે, સહર્ષ સ્વીકાર કરૂં, તોજ આ વેરની ગાંઠ ભેદાશે, નહિ તો જનમો જનમ ચાલી આવેશે... ના... ના... મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુ:ખ સમતા ભાવે

વેદવાની. હે પ્રભુ શક્તિ આપ... શક્તિ આપ... ' ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારો સંબંધ રહે છે, પછી એજ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે. ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે. આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. (૧) રાગના સંબંધ ઉદયમાં હોય ત્યારે ખૂબ ખુશ ન થઈ જવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવા-દાવા ન કરવા નહિ તો રાગના કર્મોનો ગુણાકાર થઈ જશે. (૨) જ્યારે દ્વેષના કર્મો ઉદયમાં હોય ત્યારે અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું, રો-કકળ ન કરવી. બંને સંબંધો સમતા ભાવે વેદવા. વિચારવું કે, રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી. કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરોશો ? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએજ આમ કરાવ્યું. એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહિ. ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત્ત તરીકે જ જોજો. નિમિત્તને બચકા ભરવા નહી જતા. 'મારા નસીબમાં આમ બનવાનું જ હતું માટે જ આ વ્યક્તિઆમાં નિમિત્ત બની છે.' એમ વિચારીને જે બન્યું છે તે બધુંજ સ્વીકાર.. હસતે મોઢે સ્વીકાર.. આવે વખતે મહાપુરૂષોનું જીવન યાદ કરવું... ખુદ મહાવીર ભગવાનને એમના દિકરીને જમાઈ જ તેમની વિરૂદ્ધમાં હતા. તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો ? જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત ? તમારા નજદીકના સગાને જ તમને ખરાબ ચીતરવામાં વધુ રસ હોય છે, દૂરનાને તો શું પડી હોય ? પાર્શ્વનાથ ભગવનને એમનો સગો ભાઈનો જીવ આઠ-આઠ ભવ સુધી તેમને મારવાવાળો બન્યો. એક નાની સરખી વેરની ગાંઠ કેટલું મોટું વૃક્ષ બન્યું ? ગાંધીજીને આખી દુનિયા માન આપે છે તેમનો ખુદનો દિકરોજ એમની વિરૂદ્ધમાં હતો. ઈસુ ખ્રિસ્તને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા. આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે, 'કસોટી તો સોનાની જ હોય, પિત્તળની ન હોય' અગર હું પિત્તળની કક્ષામાં છું તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું, અગર હું સોનાની કક્ષામાં છું, તો જાતને ભગવાનને ભરોસે છોડી દેવી. મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી દરેકે દરેક જીવ આપણી સાથે હિસાબ જ પૂરો કરવા આવે છે તેમ સમજી હૃદયમાં સમતા ધારણ કરવી. છતાં પણ આજીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય... છતાં બને તેટલા જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી

દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી. બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેદાશે.

**સ. ૩૪૬ હૃદયમાં ખરેખર ક્ષમાધર્મ જાગૃત થયો હોય, ને સામેલાની ક્ષમા માંગવા જાઓ તો ઘણીવાર સામેલો ઉલટો ચગે છે કે 'જોયું, તે ખોટો હતો એટલે માફી માંગવા આવ્યો ' તો શું કરવું ?**

**જ. ૩૪૬**આ પંચમ કાળને ધ્યાનમાં રાખીને વ્યવહારથી ખરેખર એવું જણાતું હોય તો આપણે વીતરાગ દેવની સાક્ષીએ અથવા તો શાસન દેવની સાક્ષીએ મનોમન માફી માંગ્યાજ કરવી. તે આ રીતે... ' હું મારા વીતરાગ દેવની સાક્ષીએ, મારી અંદર બિરાજેલા શુદ્ધ આત્માની સાક્ષીએ ફલાણા વ્યક્તિની અંદર બીરાજેલા શુદ્ધ આત્માની ક્ષમા માંગું છું. હે, વિશુદ્ધ આત્મન્ મને ક્ષમા કરો. ક્ષમા કરો. મારાથી આપના હૃદયને કાંઈ દુઃખ પહોંચ્યું હોય તો ક્ષમા કરો ને આપનાથી મને કાંઈ તકલીફ થઈ હોય તો હું ક્ષમા આપું છું.' આમ એકવાર નહી, બેવાર નહિ, પાંચ-પચ્ચીસ-સો વાર તે જીવની મનોમન માફી માંગવી, જ્યાં સુધી આત્મા શાંત ન પડે ત્યાં સુધી માફી માંગ્યા કરવી. તમારી અંદર આત્મ પ્રદેશના જે આંઠ રૂચક પ્રદેશ રહેલા છે, તે તમારી અંદર રહેલો શુદ્ધાત્મા છે. એવો જ શુદ્ધાત્મા, આઠ રૂચક પ્રદેશ સામેલામાં પણ છે. તે બંને શુદ્ધાત્મા એકબીજાને સંદેશો પહોંચાડી દેશે. ને તમારા દ્વેષની ગાંઠો ખૂલતી જશે. કોઈ જીવ સાથે ભલે વ્યવહારથી ઘણો સારો સંબંધ હોય પરંતુ એનું કાંઈ ખરાબ થાય, નુકશાન થાય કે કોઈ એનું ખરાબ બોલે ત્યારે હૃદયમાં ઉંડે ઉંડે પણ આનંદની લાગણી થતી હોય. (ભલે તમે એ વ્યક્ત ન કરો) ને જ્યારે તે વ્યક્તિનું કાંઈ સારૂં થાય કે કોઈ સારૂં બોલે ત્યારે હૃદયમાં ઉંડે ઉંડે પણ દુઃખની ઈર્ષ્યાની લાગણી થતી હોય તો સમજી લેવું કે આ વ્યક્તિ સાથે વેરના સંબંધ છે. એ જીવની પણ મનોમન ક્ષમા માંગી લેવી. હૃદયથી પ્રતિક્રમણ કરી લેવું. હૃદયથી જો તમે ચોથા આરાના માણસ જેવા બની જાઓ તો જ્યાં ચોથો આરો ચાલતો હોય તે ક્ષેત્ર તમને ખેંચી લે.

**સ. ૩૪૭ બધા કહે છે કષાયો દૂર કરો. ક્રોધ ઓછો કરો. પણ કેવી રીતે કરવું તે કોઈ કહેતું નથી.**

**જ. ૩૪૭**તે માટે પાંચ છ મુદ્દાનું વિશ્લેષણ કરૂં છું.

(૧) **કષાયોને જોતાં શીખવું :** હું શું કરી રહ્યો છું, તેનાથી પોતે વાકેફ

હોવો જોઈએ. ઘણીવાર... રાગ આવીને જાય, ક્રોધ આવીને જાય... લોભ આવીને જાય... અહંકાર આવીને જાય છતાં ખબર પણ નથી હોતી કે મેં અહંકાર કર્યો... માટે સૌ પ્રથમ તો આપણે આપણી જે પ્રતિમા બનાવી રાખી છે કે 'હું બહુ ગુણીયલ, બહુ સારો' એ પ્રતિમાને આપણે પોતેજ તોડવી પડશેને.. ઉત્પન્ન થતાં કષાયોને જોવા પડશે... ચોરને જોશો જ નહીં તો કાઢશો કોને ?

(૨) **દૃઢ સંકલ્પ :** કષાયોને કાઢવા માટે દૃઢ સંકલ્પ કરવો પડશે. દૃઢ સંકલ્પ વગર એક ઉપવાસ પણ નથી થતો તો કષાયો તો ક્યાંથી નીકળે ? દૃઢ સંકલ્પ કરો કે મારે ક્રોધ કરવો જ નથી, ઈર્ષ્યા કરવી જ નથી. અહંકાર કરવો જ નથી. ' હે જીવ તેં જન્મોજન્મ આજ કર્યું છે... હવે તો એનાથી વિમુખ થા... જેવો સંકલ્પ દૃઢ થયો કે તમારી ઉર્જા, તમારી પ્રાણશક્તિનું તે તરફ ગમન થશે.'

(૩) **સીમંધર દાદાને પ્રાર્થના :** હે અરિહંત પરમાત્મા તેં તો આ કષાયો રૂપી શત્રુને જીતી લીધા છે. મેં પણ એને જીતવાનો સંકલ્પ કર્યો છે. પણ હું નિર્બળ છું, કાયર છું, હે સીમંધરદાદા ! મારા સંકલ્પબળ પર ટકી રહેવાની મને શક્તિ આપો.

(૪) **સામેલી વ્યક્તિને નિર્દોષ જોવાની આદત પાડો :** જ્યારે કોઈ વ્યક્તિ આપણને અનુકુળ નથી વર્તતી ત્યારે આપણા અહંકારને ઠેસ લાગે છે ને તે વ્યક્તિ પર ક્રોધ આવે છે. મહાવીરની કર્મની થીયરી જાણ્યા પછી વિચારો કે 'એ વ્યક્તિ તો નિમિત્ત માત્ર છે... દોષ મારા કર્મનો જ છે. ક્રોધ-માન-ઈર્ષ્યા કરવાથી સૌથી વધારે તકલીફ તો મને પોતાને જ પહોંચે છે તેથી હું પોતેજ દોષિત છું.' જેવા પોતાને દોષિત જોવા લાગશો કે સામેની વ્યક્તિ પરથી ક્રોધ ઓગળવા લાગશે.

(૫) **આવેગ આવે કે પ્રાયશ્ચિત કરો :** જુઓ અનંતા જન્મોના આ સંસ્કાર આત્મા સાથે વણાઈ ગયા છે. એટલે ગમે તેટલું કરશો તોય આ કષાયોના આવેગ આવી જ જશે. પરંતુ જ્યારે જ્યારે આવેગ આવે ત્યારે બને તેટલું જલ્દી હોશમાં આવી જાવ... વિચારોની દિશા બદલો... ' અરે ! આ મેં શું કર્યું ? આ ક્રોધ કર્યો, આ કપટ કર્યું... તે ખોટું કર્યું...' ભલે અત્યારે મને સામેલાનો જ ૧૦૦ ટકા વાંક દેખાતો હોય છતાં પણ મેં જે વાણી-વર્તન કર્યું તે ખોટું કર્યું .. પરમાત્મા મને માફ કર. હવે બીજીવાર આવું ન થાય તેવું બળ આપ.

(૬) **હારીને પ્રયત્ન છોડવો નહિ :** અનંત ભવોથી આપણે કષાયોને

પાળ્યા છે, પોષ્યા છે, તેથી તેને કાઢતાં કદાચ કેટલાય ભવ પણ નીકળી જાય, પરંતુ એક દિવસ એને જવું જ પડશે એ સંકલ્પ તૂટે નહી... ગમે તેટલું કરો તોય ક્રોધ આવી જ જાય છે એમ કહીને પ્રયત્ન છોડવો નહિ... જેવો આવ્યો કે ભાનમાં આવો... ખોટું થયું. પ્રાયશ્ચિત કરો. ફરી ન થાય તેવો સંકલ્પ કરીને શક્તિ માંગો... આ પ્રક્રિયા ચાલુ રાખો તો એને આ ભવમાં પાતળા તો પડવું જ પડશે.

(૭) **ચિત્તની પ્રસન્નતા :** સામાન્ય, સામાન્ય બાબતોની તો ગણના જ કરવાની નહિ. વિચારવાનું કે આવું તો સંસારમાં ચાલ્યા જ કરે. તેમ કરતાં કરતાં તમારી શક્તિ વધતી જાય. કષાયના સંયોગો ઉભા થાય ત્યારે પણ જો અંદરથી ચિત્તની પ્રસન્નતા બરાબર જાળવી શકો તો કષાયને કાબુમાં લઈ શકાય. જો ચિત્તની પ્રસન્નતા ન જાળવી શકાય તો પણ તેને અંદરના ભાવો સુધી સિમિત રાખો. વાણી અને કાયાનો ટેકો ન આપો. ગાળ ન બોલો, કુ વચન ન બોલો, હાથ કે હથિયાર ન ઉગામો. ફક્ત મોઢાના હાવભાવ આપીને શમી જાઓ. કષાયના પરિણામો અંદર જ ઉપશમાવી દો. તો પણ ઘણા કર્મો સાફ થઈ જાય

(૮) **આત્મ વિશ્લેષણ કરો :** તમારી પથારી આગળ એક મોટો ચાર્ટ દીવાલ પર ટીંગાડી રાખો. તેમાં (૧) એક ખાનું તારીખનું બનાવો (૨) બીજું આજે કેટલીવાર ક્રોધ કર્યો (૩) આજે કેટલી વાર ઈર્ષ્યા કરી (૪) કેટલીવાર અહંકાર કર્યો (૫) કેટલીવાર કોઈને દુઃખ પહોંચાડયું વગેરે જેજે દોષો યાદ આવે તેનું ખાનું બનાવો. દરરોજ સૂતા પહેલાં તટસ્થ ભાવે વિચાર કરો. આજે કેટલીવાર ક્રોધ કર્યો ? જો બે વાર કર્યો હોય તો ક્રોધના ખાનામાં આજની તારીખમાં –૨– લખો. આમ દરેક ખાના દરરોજ ભરો. પછી વિચારો કે આમ ન કર્યું હોત તો ચાલત કે નહી? આમ દરરોજ આત્મવિશ્લેષણ કરો. મહિનાને અંતે જુઓ કાંઈ ફરક પડ્યો કે નહી? બીજા મહિને બીજો ચાર્ટ બનાવો.

(૯) **આત્મામાં સ્થિર થવાનો અભ્યાસ :** જ્યારે જ્યારે કષાય જાગે છે ત્યારે ત્યારે શ્વાસોશ્વાસની ગતિમાં ફરક પડી જાય છે. માટે કષાયો સુધી પહોંચવા માટે શ્વાસનું અવલંબન સૌથી ઉત્તમ છે. દરરોજ એક કલાક શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરી આત્મામાં સ્થિર થવાનોને વર્તમાનમાંજ રહેવાનો અભ્યાસ કરો. જો સંકલ્પ દૃઢ હશે તો મંજિલે જરૂર પહોંચી શકશો.

**સ. ૩૪૮ મોટા મોટા આચાર્યોને ઉપદેશકોનેય ક્રોધ આવતો હોય તો આપણને તો આવેજને ?**

જ. ૩૪૮ આ બચાવ, આ મૂલ્યાંકન ખોટું છે. જેને થોડું પણ જ્ઞાન લાધ્યું છે કે સાચી સમજણ પ્રાપ્ત થઈ છે તે પોતાની રીતના પોતાના આત્માપરનો કાટ દૂર કરવાનો પ્રયત્ન કરતાં જ હોય છે. પરંતુ અનંતા અનંત જન્મોના જે ક્રોધ-માન-માયાના સંસ્કાર આત્મા પર ચોટેંલા છે. તે કાંઈ રાતોરાત દૂર નથી થઈ જવાના. કોઈ ચમત્કાર નથી થવાનો. જેના આત્મા પરનો કાટ વધુ હશે તેને કાઢતાં વાર લાગશે. તેને જન્મોની આદત પ્રમાણે ક્રોધનો આવેગ આવી પણ જાય. પ્રગટ પણ થાય.. પાછો તેને પાતળો કરવાનો પ્રયત્ન તેમનો ચાલુ જ હોય... પરંતુ એ જોઈને આપણે કોઈ ઉપદેશક પર અભાવ કરવાની જરૂર નથી કે ‘જુઓને બીજાને ઉપદેશ આપે છે ને પોતે તો ક્રોધ કરે છે...’ ઉપદેશક પણ કદાચ હમણાં હમણાં જ માર્ગ પર ચઢયો હોય. પોતાને સાચો માર્ગ મળ્યો હોય તો બીજાને બતાવવાનો પ્રયત્ન કરતો હોય કે ભાઈ ‘મને આ માર્ગ મળ્યો છે.. તને સારો લાગે તો તું પણ આ માર્ગ પર ચાલ...’ કદાચ એવું બને કે ઉપદેશક પાછળ રહી જાય ને તમે આગળ નીકળી જાઓ. પરંતુ આપણી દૃષ્ટિ હંમેશા બાહ્ય જ રહી છે. આપણે આચાર્ય, સાધુ કે ઉપદેશકને બાહ્ય દૃષ્ટિથી જોઈને એની એક સફેદ પ્રતિમા આપણા મનમાં ગોઠવી દઈએ છીએ. પછી એને ક્રોધ કરતો જોઈને અભાવ ઉત્પન્ન કરીએ છીએ. તેની નીંદામાં લાગી જઈએ છીએ ને આપણા જ આત્માનું નુકશાન કરીએ છીએ. એવી રીતે કોઈને કુકર્મ કરતાં જોઈને એની કાળી પ્રતિમા મનમાં સ્થાપી દઈએ છીએ. પછી સંજોગ વસાત એ સુધરી જાય તો પણ આપણે એને સ્વીકારી શકતા નથી. ભાઈ ! તારે દૃષ્ટિ બાહ્ય જ રાખવી હોય તો બધાની એકજ ‘ગ્રે’ પ્રતિમા જ રાખને. ધોળીયે નહિ ને કાળીયે નહિ પછી તને કોઈ પ્રત્યે અભાવજ પેદા નહિ થાય. માટે આચાર્ય કે ઉપદેશકને ક્રોધ કરતાં જોઈને વિચારવાનું કે એમને પણ આવેગ આવી શકે છે. હજી તે કાંઈ સંપૂર્ણ વિતરાગી નથી થઈ ગયા. જેમ હું પ્રયત્ન કરૂં છું. તેમ તે પણ કરી રહ્યા છે. ‘સાચી દિશામાં વિચારવાનું ચાલુ થશે તો આ પ્રશ્નજ ઉભો નહી થાય. દૃષ્ટિ જો આપણા આત્મા સન્મુખ હશે તોજ આપણું કલ્યાણ થશે.’

**સ. ૩૪૯ સમકિતી દેવી 'નાંણદેવીમાં' આરાધના કરતાં પણ કયો ઉત્તમ માર્ગ બતાવે છે ?**

**જ. ૩૪૯** આરાધના જરૂર કરો. આરાધનાથી ધર્મનો પાયો મજબૂત થાય છે. એ ભગવંતનો માર્ગ છે, ગુરૂ મહારાજની આજ્ઞા છે. આરાધના કરો પણ પછી ઘરે આવીને કાળ, ક્રોધ, માન, માયા, મમતામાં ફસાઈ જાવ છો અને આરાધના પર પાણી ફરી વળે છે. એ પાણીના રેલાની જેમ વહી જાય છે. આરાધના કરતાં ઉત્તમ માર્ગ છે. (૧) ચિંતન (૨) આત્માની સ્થિરતા (૩) મનની વિચારણા. આરાધના કરી શકો કે ના કરી શકો પણ આત્માની સ્થિરતા રાખો. મારે ઉત્પાત નથી કરવો એટલે નથી જ કરવો. ભલે ગમે તે થાય. ભલે કષાયરૂપી ઘોડાઓ પીઠ પર ચઢી બેસે. ધબ્બા મારે પણ મારે નથી કરવું એટલે નથી જ કરવું, આત્માની સ્થિરતા રાખો. આત્માની કષાયો સામે યુદ્ધ કરવાની પૂરેપૂરી તૈયારી રાખો. ચિંતન કરો... આહ ! શું મારા પ્રભુની દેશના છે, શું એમના મુખ પર તેજ છે. આ બધું તમારા ભાવથી કરી જુઓ. ભલે આ પુદ્ગલ હરતું ફરતું હોય પણ ચોવીસ કલાક તમે ચિંતન કરો. તમારા આત્મા વિષે વિચારો, આત્માની સ્થિરતા રાખો. મનની વિચારણા રાખો કે આજે સવારથી રાત સુધી મેં શું શું કર્યું. આ નહોંતું કરવું જોઈતું. એનો પશ્ચાતાપ કરો તો જરૂર તમે આગળ વધશો. આત્મા જાગૃત રહે છે. સવારથી સાંજ સુધી વિચારતા રહો કે મારાથી હિંસા તો નથી થઈને, ઈર્ષ્યા તો નથી થઈને ? મારૂં, મરીશ અને મારીશ એવી ભાવના તો નથી થઈને ? કોઈની હાંસી મશ્કરી તો નથી કરીને ? રોજ એટલું વિચારો કે મેં આજે કેટલા પાપો કર્યા ? કયા કયા કર્મોના બંધ બાંધ્યા ? કર્મોને યાદ કરો તો પણ કર્મોના બંધ હળવા પડશે. આત્માની વિચારણા રહેશે. પ્રભુને પંથે જવાનો, પ્રભુના પગલે જવાનો, પ્રભુની શ્રેણીએ પહોંચવાનો વિચાર કરો. સારી વિચારણા કરવાથી જ ક્યાંક બારી, કયાંક બાકોરૂં થશે અને તરી જવાશે. બે વાર, ત્રણવાર, દસવાર નીચે પડો. પણ જો ભગવંતનો દોર પકડી રાખેલો હશે તો જરૂર પહોંચાશે. તમારા આત્માને તોફાને ચઢવા ન દેશો. કામ, ક્રોધ જાગી ઉઠવાથી તુરંતજ આત્મા તોફાને ચઢી જાય. માટે આંખેથી ભલે આંસુ વહેતા હોય પણ આત્માને તોફાન કરવા ન દેશો. એને બેસાડી રાખજો. આ આંસુ પણ તમને ડગાવવા, કષાયો ઉત્પન્ન કરવા, વાદ-વિવાદ કરવા માટે હોય છે. માટે આત્માને કાબુમાં રાખશો એને તોફાને ચડવા ન દેશો. આરાધના પણ કરો પરંતુ સ્થિરતા, ચિંતન અને વિચારણા જરૂર કરો. આ બધા પ્રભુ

પાસે જવાના અલગ અલગ ફાંટા છે. પણ બધામાંથી જો આ ત્રણ નહીં હોય તો વાવેલું હશે પણ લણી નહીં શકો. જો આખી જીંદગી ધર્મ કર્યો પણ આત્મા વિષે વિચાર ન કર્યો. આત્માને જાગૃત ન કર્યો તો એ વાવેલું બધું વેરાઈ જશે અને તમે લણી નહીં શકો. જૈન ધર્મ આત્માને જાગૃત કરવાનો માર્ગ બતાવે છે. આત્માને જાગૃત રાખવા ધર્મ છે. ધર્મને જાગૃત રાખવા આત્મા નથી. સામાયિક કર્યા પહેલાં એક કલાક વિચારણા કરો કે આજે કેટલી અથડામણો થઈ, કેટલા વિચારોના ખેલ ખેલાયા, મારા કયા કૃત્યોથી કર્મ બંધાયા, આ વિચારણાથી આત્મા જાગૃત રહેશે. તમે કહેશો કે એક સામાયિક તો માંડ માંડ થાય છે. પણ એ માંડ માંડ ક્યાંય કામ નહી લાગે એ તમને ક્યાંય નહી પહોંચાડે. આત્મા જાગૃત હશે તો ઉપદ્રવનો જરૂર નાશ થશે. રાગ-દ્વેષ-ઈર્ષ્યા-વેરઝેર આ શત્રુઓથી બચો. તમારામાં 'હા' ની 'ના' થતાં જ એક મિનિટની અંદર આ શત્રુઓ તમારામાં આવી જાય છે. માટે ઘણું ભણ્યાને ઘણું ભૂલ્યા.

**સ. ૩૫૦ સમભાવી દેવી 'નાંણદેવી' ક્રોધ વિષે શું કહે છે ?**

**જ. ૩૫૦** ક્રોધ એ કતલખાનું છે. એ તમારા આત્માનો છુંદેછુંદો કરી નાંખે છે. ગમે તેટલું આત્માને નિર્મળ કરવાની કોશિશ કરો પણ ક્રોધથી આત્મા છુંદાઈ જાય છે. કોઈ પોતાનો પાવર બતાવે. ભલે ગમે તેમ કહે પણ તમે શાંત રહો, ક્રોધ ન કરો. ભલે એ વિચારે કે એના પાવરની જીત થઈ પણ ખરેખરી તો તમારા આત્માની શક્તિની તમારી ભક્તિની જીત થઈ છે. અપરંપાર ક્રોધ, જે ચંડકોશીયાના ઝેર કરતાં પણ વધારે હોય, એક શબ્દ બોલતાં અનેક શબ્દ સામસામા બોલાતા હોય ત્યાં આત્મા ક્યાંથી છૂટે ? તપની સાથે પણ ક્રોધ હાજર જ હોય. જૈન મંદિરમાં ગયા હોય અને ઘરે આવીને કોઈ વસ્તુ તૈયાર ન હોય તો કાળ-ક્રોધ કેટલો થાય છે ? તો પછી જૈન મંદિર જઈ આવવાનો કોઈ અર્થ નથી. તપનું ફળ વિરાધના થાય. આત્મા વ્યંતર ગતિમાં ચાલ્યો જાય. વ્યંતર ગતિના જીવો ખૂબજ અતૃપ્ત, દુ:ખીને પિડિત છે. એવી અવસ્થામાં સાગરોપમના આયુષ્ય પસાર કરવા પડે છે. જો અરિહંતની વાણીનો અંશ જેટલો પાવર લો. તો ઉદ્ધાર થાય. ગમે તે થશે નહિ જ બોલું, કષાયખાનાનો પાવર નહિ, સહનશક્તિનો પાવર ત્યાં તમને પ્રકાશ આપશે. આપણે કહીએ જીતી ગયો પણ જીંદગી હારી ગયો. કષાયોથી જીત્યો તોજ જીંદગી જીત્યો કહેવાય. જે સહન શીલતાનું અમૃત ઘૂંટડો પીવાનો છે તે પીઓ, કષાયો આગળ પાગલ ન

થાઓ. જો નાથની અંદર લીન રહી પાવરથી રોકો તો નાથ ને કહી શકાય. 'ક્રોધરૂપી શત્રુઓ કરવતો લઈને આવ્યા હતા. હે નાથ ! શું તારી શીતળતા કે મને એક ડાઘ ક્યાંય લાગ્યો નથી એવી તારી દયા છે' સમભાવ, દુશ્મનને પ્રેમ, માથું ઉડાડે તો પણ શીતળતા, ભગવંતની વાણીને યાદ કરો. પ્રભુ પારસ નાથને યાદ કરો, આઠ આઠ ભવ પોતાના સગાભાઈએ દુશ્મન બની માર્યા છતાં સમભાવ, મહાવીરને કાનમાં ખીલા ઠોકાણા છતાં ધ્યાનમાં લીન, ભગવાનનો જમાઈ ભગવાનની વિરૂદ્ધ, ભગવાનને લંગોટિયો કહ્યું છતાંય ભગવાન નાથની અંદર લીન... સમભાવ... ત્યારે કતલખાનાની ચાવી બંધ કરવાનું મન થશે. કોના માટે ? શાને માટે ક્રોધ કરવાનો ? કષાયના કતલખાનાની ચાવી મારે ખોલવાની શું જરૂર ? શીતળતા, નિર્મળતાની અંદર કેરોસીનની ટીપા પડે તોય કાંડીનો ઉપયોગ ન કરો. તમે સંસારને છોડો એટલે દીક્ષા નહિ. વૈરાગ્ય નહિ. પણ ક્રોધ, માન, માયાથી મુક્ત રહો. ક્રોધ આવતાં આત્માને બુઝવો. જીવવું બે ઘડી આ કોના માટે કાળક્રોધ ? આત્માને કહો તારે શું જરૂર છે ? તું તારૂં કામ કર, પુદ્ગલ એનું કામ કરે ભલે વેદના થાય. પરમાત્માને શરણે જા. અમૃતનો કુપો ભરાતા વાર લાગે, વિચારતા વિચારતા કર્મના બંધ તૂટે. પંથ મળે. ક્રોધ આવે ત્યારે ધક્કો મારો. ક્રોધ નથી જ કરવો.

# રત્નકણિકા

**પ્રશન્ન શક્તિ, પ્રગટ શાસન દેવીના મુખેથી ઝરેલી અમૃતવાણી**

- માનવસેવા સૌથી મહાન છે. ગરીબ અને દુઃખીને જોઈને તમારો આત્મા દુઃખી થાય, તેનું દુઃખ સમજવાની કોશિશ કરો. તમારાથી બને એટલી સહાય કરો, નહીં તો એને આશ્વાસન આપો એથી દુઃખીયાને શાંતિ થશે.

- નામની ઈચ્છા નહીં રાખો, ગુપ્તદાન, તમારા આત્મા માટે દાન કરો છો, એનું પ્રદર્શન કરવાથી આત્માનું કલ્યાણ નહીં થાય. નામ માટે સંઘપતિ બનેતો પડતી થાય.

- ઘરે આવેલા અતિથિને ભૂખ્યા નહીં મોકલતા એને જરૂર જમાડવા જોઈએ. એમ નહિ કે આજે તો અમારૂં રસોડું થઈ ગયું છે, તમે બીજી વાર આવો તો જરૂર જમીને જજો. જમવાની ના પાડવાથી કે કમને જમાડવાથી બરકત જાય છે.

- જે મળે તેનો ભાગ કરીને ખાવું જોઈએ. જ્યાં સુધી અડધા રોટલાથી પેટ ભરાય જાય તો આખા માટે નહીં દોડવું જોઈએ. તમે કોઈને બનાવીને લૂંટીને રાજી થાઓ કે કેવો બનાવ્યો, પણ એમાં રાજી શું થવાનું છે ? એમાં તમે તમારી હોંશિયારી સમજો પણ આત્મા ક્યાં પડ્યો એની ખબર છે ? તમે કેટલા પાપો કર્યા એની કલ્પના છે ? ખાશે દસ અને અધોગતિ તો તમારા એકનીજ થવાની છે.

- 'હું પદ છોડો' મેં આમ કર્યું, મેં આજે પ્રભુને મુગટ ચઢાવ્યો, હું બે હજાર મણ ઘી બોલ્યો, મેં દેરાસર બાંધ્યું. આ બધું 'હું પદ' છે. અરે ! તેં શું કર્યું ? આ બધું તારા પહેલાના પૂણ્યથીને આભવે શાસન દેવદેવીઓની સહાયથી તેં આ કર્યું છે. તું કરવાવાળો કોણ ?

- તમે 'દેવદ્રવ્યમાં પૈસા વાપરવા છે' એમ કહો છો તેના બદલે 'મારે ભગવંતના દરબારમાં એટલો લાભ લેવો છે' એમ કહો.

- આપણે બીજા કોઈપણ માનવીના અવગુણ ન જોવા કારણકે કોઈ માનવી ખરાબ નથી હોતો. આપણે બીજામાં અવગુણ જોઈએ છીએ ત્યારે રાગ-દ્વેષ કરીએ છીએ. તેથી અવગુણ આપણામાં છે. જો માનવી એમ માને કે અવગુણ બધા મારામાં છે તો આપણામાંથી હું પદ જતું રહે છે તેથી આપણે કર્મ બાંધવાના ઘટે છે.

- મોહ, માયા, લોભ, ક્રોધ, કામવાસના, ઘમંડ, લાલચ, નિંદા, વ્યસન, અભક્ષ્ય, પરસ્ત્રીગમન, હું પદ વગેરે ખોટી વસ્તુ કાંટા સમાન છે. જે મોક્ષે જવાના માર્ગે આડા ઉભા રહી જાય છે.

- અમીર હોય કે ગરીબ બધાએ એકજ રસ્તે જવાનું છે એમ તમે કહો છો પણ એ બરાબર નથી. એક રસ્તે જવાનું છે. તમારા ખોળિયાને, પણ આત્માના રસ્તા અલગ છે. આત્માએ તો પોતાના કર્મપ્રમાણે એ રસ્તા પર જવાનું છે.

- ઈર્ષ્યા, નિંદા, કામ, ક્રોધથી તેમજ સહનશક્તિ નથી તેથીજ કર્મના પોટલા આપણે જાતેજ બાંધીએ છીએ.

- જન્મ દિવસ કે લગ્નતિથીની વર્ષગાંઠના તમે પીકચર-પાર્ટી હોટલોમાં ગયા, પૈસાનો ધૂમાડો કર્યો, પ્રેઝન્ટો મળી પણ એનો શું ફાયદો ? એમાં તમે કરમ બાંધોને બીજાઓને પણ બંધાવો છો. એના કરતાં એ પૈસા કોઈ ગરીબ વિદ્યાર્થી ને ફી ભરવા માટે કે ભૂખ્યાને જમાડવા, વૃદ્ધાશ્રમ કે અન્ય કોઈ સારા કામ માટે ઉપયોગ કરો.

- જરા વિચારો... 'જન્મ દિવસે મેં કર્મ ખપાવવા જન્મ લીધો છે, તો પ્રભુની ભક્તિ કરી આ નવા વર્ષમાં મારા કર્મ ખપાવું. પ્રભુની આંગી રચાવું. જે કર્મો પહેલાં કર્યા છે એ ખપાવું અને નવાં ન બાંધુ.'

- મનની સ્વચ્છતા હોય અને તમે એક ધ્યાનમાં મંત્ર બોલતા હો તો રણમેદાનમાં પણ પાણીના ફૂવારા છૂટે. અધિષ્ઠાયક દેવ-દેવીઓને રણમાં પણ પાણીના ફુવારા છોડવાજ પડે.

- દયા, ભાવ, પ્રેમ, અહિંસા આ ચાર દાગિનાનો ઘડો ભરીને તમારા હૃદયકમળમાં સાચવીને રાખો. થોડા થોડા સમયે જોઈ લ્યો કે દાગીનો ઓછો તો નથી થયોને ? એમાં કષાય રૂપી ખાબોચીયું તો નથી ભરાઈ ગયું ને ? એટલે કે કાળ, ક્રોધ, રાગ, દ્વેષ આ કષાયોને એકજ ઘડામાં ભરીને એનું મોઢું બંધ કરી ફેંકી દો.

- ચાર કષાય સાથે સતત યુદ્ધ કરવાની તૈયારી રાખો અને આત્માને નિર્મળ બનાવો.

- આરાધના જરૂર કરો, પણ પછી કાળ-ક્રોધ નહી કરો. નહીં તો આરાધના પર પાણી ફરી વળે છે.

- આ પુદ્ગલ ભલે ઘસાય, ભલે ખરાબ થાય, પણ એના માટે આત્માને દુઃખ શું કામ ?

- જો કોઈ વ્યક્તિ સાથે તમને નથી બનતું એ બીજા સાથે સારી રીતે રહે છે, તો એને અને બીજાને આગલા ભવના પુણ્યનો પ્રકાશ છે અને આપણી સાથે નથી બનતું તો આ ભવમાં સહન કરી લ્યો. આવતા ભવમાં ભોગવવું નથી.

- ભગવાન ભાખી ગયા છે, એ સમયે આવી રહ્યો છે. કુટુંબમાં લાગણી જેવું કાંઈ જ નહીં રહે, ત્યારે તમારા આત્માને પડવા ન દેશો. કંઈપણ થાય આત્માનું ગુમાવતા નહિ.

- શ્રદ્ધા અપરંપાર છે પણ જો ભગવંતનો દોર ન હોય તો એનો કાંઈ અર્થ નથી. જો ભગવંતે બતાવેલા માર્ગનું આચરણ ન કરતા હો તો એ શ્રદ્ધાનો કોઈ અર્થ નથી. ભગવંતની પૂજા કર્યા પછી જો રાગ-દ્વેષમાં, ઈર્ષ્યા-વેર-ઝેરમાં ફસાઈ જતા હો તો તમારી શ્રદ્ધાનો શો અર્થ ?

- કાળ એવો છે એમ કહીને અનંતા ભવના દુઃખ શું કામ લેવા ? ભગવંત ભાખી ગયા છે એવો કાળ આવશે, ધર્મ, વેર-વિખેર થઈ જશે. પણ જો ભગવંતે બતાવેલા માર્ગને આચરણમાં મુકીએ તો ચોથો આરો વર્તાય. જો તમારા આત્માને માટે કરવું હોય તો લોકો ભલે મૂર્ખા કહે પણ ભગવંતો નહીં કહે માટે લોખંડી બીજની વાવણી કરો.

- વિચારવાની શક્તિ નથી, સમજવાની શક્તિ નથી માટે કાળ એવો છે એમ કહેવું પડે છે. વિચારણા કરો તો જરૂર વેર-ઝેરથી બચી શકાય નહીં તો એનો કોઈ અંતજ નથી.

- સૂરજના સતત તાપ છતાં સમુદ્રનું પાણી શીતળ રહે છે. સમુદ્રના કાંઠે બેસવાથી મીઠો-મધુરો પવનજ વાય છે. પણ જો એમાં એક નાની કાંકરી નાખી હોય તો સમુદ્રનું પાણી ડહોળાઈ જાય છે, કુંડાળા વળી જાય છે. માટે કાંકરીની જેમ એક શબ્દ બોલીને કોઈને દુઃખ પહોંચાડવા કરતાં સૂરજની જેમ સતત ચોવીસ કલાક પ્રવૃત્તિમાં રહેવું સારૂં.

- હિંસા થતી જોવી અને સાંભળવામાં પણ દોષ છે. દુશ્મનને કોઈ મારતું હોય અને તમે કહો કે, 'મારો.. એને તો મારવો જ જોઈએ' તો એમાં દોષ છે.

- રાત્રે સૂતા પછી કંઈ વસ્તુનો ખપ છે ? છતાં પણ ત્યાગ નથી કરી શકતા. રાત્રે સૂતી વખતે વોસિરાવી દેવાથી એટલા કર્મના બંધ નથી પડતાં.

- જે ભગવંતને પંથે ચાલનારા, ચારિત્રનું પાલન કરનારા મહામુનિ છે એમની નિંદા નહી કરતા. કદાચ નારકીનો કીડો છૂટી શકે પણ મહારાજ સાહેબની નીંદા કરવાથી કયારેય નહી છૂટી શકો.

- મહારાજ સાહેબને ગોચરી વહોરાવી એમ કહેવાય. તમેજે સુપાત્રદાન કહો છો એ બરાબર નથી. મહામુનિ દાન લેવા તૈયાર નથી અને તમે કોણ એમને દાન આપનારા ?

- જો દિવસ રાત નિદ્રા નથી આવતી, વિચારો આવે છે. વેદના થાય છે. જો અત્યારે આટલું સહન કરવું પડતું હોય તો ખોળિયું છોડ્યા પછી કેટલું ભોગવવું પડશે ?

- હાલતાં ચાલતાં ભગવંતના વિચારો, સારા વિચારો, સારા કર્તવ્યો કરો. આત્માનું ભાથું તૈયાર રાખો જ્યારે જરૂર પડે, ભૂખ લાગે ત્યારે વાપરી શકો. કઈ ઘડીએ મૃત્યુ આવે એ ખબર નથી પણ ભાથું તૈયાર હોય તો સદ્ગતિ મળી જાય.

- અસત્ય કામમાં શક્તિ બેવાર-ચારવાર તમને બચાવે પણ છતાં તમે કરતાં રહો તો અસત્ય કામમાં શક્તિ સહાય ન આપે.

- જો સામાયિક-પ્રતિક્રમણમાં બેસવાથી ઘરમાં અથડામણ થતી હોય તો મનની અંદર ધારી લો અને આંગળીના વેઢે નવકાર ગણીલો પણ અથડામણને રોકો.

- તમે કહેશો કે રસ્તામાં એણે મને સામેથી ન બોલાવ્યો, અરે પણ ન બોલાવ્યો તો કાંઈ નહિ, પણ તારી અંદરતો કાંઈ ઈર્ષ્યા નથી જાગીને એનો વિચાર કરવાનો અને ભગવાન એનું ભલું કરે.

- પાંચમો આરો તો કઠીન છે છતાં સુંદરતાવાળો છે, એમાં ધર્મ આરાધના, પ્રભુભક્તિ કરી શકો છો, પણ પાંચમાં આરાનો અંત અને છઠ્ઠા આરાની શરૂઆત એવા લોહી પરૂની નદીઓ અને વરસતા અંગારા એમાં જન્મ લેવો છે ? ક્રોધ કરીને પશ્ચાતાપ કરો એના કરતાં એ કરતા પહેલાંજ વિચાર કરો. ઉપરથી અંગારા પડતા દેખાય છતાં માથું હલાવવાની જગ્યા નહોય. એ સહન કરવાની શક્તિ હોય તો આત્માનો વિચાર નહીં કરતા.

- ભવ સાગર તરવો છે પણ હજી તો ખારસાગરમાં છો. ખારો સાગર એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, માયામાં ઉભા છો. આ ખારૂં પાણી પીવાની ઈચ્છા છે ? પીવાની તાકાત છે. પણ પચાવવાની તાકાત નથી. જો આ ખાર સાગરમાંથી બહાર નીકળશો, ભવસાગરમાં જશો તો અરિહંત શરણું લઈને તો કયારેક જરૂર તરી જશો. સામાયિક કરીને બહાર નીકળતાં તમારી નિંદા ચાલુ થઈ જાય તો તમારૂં હથિયાર ક્યાં છે ? તમે ત્યાં પણ તમારા શત્રુને સાથે જ રાખો છો તો ક્યાંથી તરશો ?

- ધંધામાં ૧ ના ૪ કરો ત્યાં સુધી વાંધો નથી કે ૧ ખર્ચો, ૨ જમવા, ૧ બચત પણ એકનું દસ-પંદર કે પચીસ ગણું કરો તો એને લૂંટ કહેવાય. પુણ્ય હોય તો ભલે રોજ લાખો કમાવો પણ છેતરપીંડીં નહીં.

- અહમ્ નહી રાખો. કષાયોમાં આવીને કોઈ ચાર કહે તો એને આઠ ગણું કહીને એને ચૂપ કરૂં એમ નહીં કરતા

- આ જીભ આપણો શત્રુ છે. આ જીભનો ચટકો, જેટલી વાનગી સ્વાદિષ્ટ એટલા આપણા કર્મ બંધાય છે. અને આ તો એક ઘડી માટેનો સ્વાદ છે. પણ એના વખાણ કરતાં તમે છ મહિના સુધી થાકતા નથી. તો કેટલા કર્મો બંધાય છે ? જરૂર પૂરતું ખાવું પડે છે ત્યારે પણ ખાઈને એટલું વિચારો કે આ ખાઉં તો છું પણ આ કર્મોમાંથી ક્યારે છૂટીશ ? તો પણ ઘણું છે.

- ભલે ચોવીસ કલાક ક્રિયા વિધિ ન કરો પણ આત્માને ઓળખો. સામાયિક, પ્રતિક્રમણ ન કરી શકતા હોતો કાંઈ નહી (અનીવાર્ય કારણસર) પણ આત્માને ઓળખો. સામાયિક કરવાની ના નથી એતો ભાગવંતનો પંથ છે. પણ જો કષાયોમાં રહીને, કામ, ક્રોધ કરીને અનેક જીવોને દુભાવીને પ્રભુ ભક્તિ કરતા હો તો એનું ફળ ક્યાંથી મળે ? ભગવંતની પૂજા કરતાં જો જીવ વેપારીને આપેલા સમયમાં હોય તો શું ભગવાન સાથે પણ છેતરપીંડી કરો છો ?

- જો તપ કરીને કષાયો કરે તો એનો કોઈ અર્થ નથી. જમવામાં અમુક વસ્તુનો ત્યાગ કરીને રોટલો ખવાય જેથી શાંતિથી ભક્તિ, પ્રતિક્રમણ, કાઉસગ્ગ થઈ શકે અને કષાયોથી મુક્ત રહે.

- આત્મધ્યાન કરો. ફક્ત એકજ પદ 'ૐ નમો અરિહંતાણં' ગણવામાં ધ્યાન ચલિત ન થાય અને એકજ પદનું ધ્યાન કરવાથી આત્મધ્યાન થઈ શકે.

- તમે કહેશો કે મોક્ષની બારી બંધ છે, મોક્ષની બારી બંધ છે. મોક્ષની બારી તો ખુલ્લી છે, જે બંધ છે એ તમારા આત્માની બારી બંધ છે.

- તમારી આત્માની વિચારણા ક્યાં છે ? ભગવંતને ક્યાં ઓળખો છો ? એમના માર્ગે એમણે બતાવેલ પંથે ચાલો નહીં તો છેલ્લી ઘડીએ ભગવાનને તમે એક ચિઠ્ઠી પણ લખી નથી તો એ તમને કયાંથી ઓળખશે ?

- સંસારી કપડા પહેરીને પણ જો રાગ, દ્વેષ, મોહ, માયા છોડીને ચોવીસે કલાક આત્માની વિચારણા અને એક કલાક આત્મધ્યાન ધરો તો જરૂરથી પામી શકાય.

- ભગવાનની ભક્તિરૂપી એક ફૂલવાટનો દિવો પ્રગટાવી બોલવું, - હે ત્રિલોકના નાથ, હે દેવાધિદેવ, હે તીર્થંકર પદને પામેલા પ્રભુ ! આ જ્યોતિ હું જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રગટાવું છું. હે દાદા ! આપના જમણા પગના અંગુઠાની એક રજકણ જેટલું જ્ઞાન મને આપો જેથી હું ભગસાગર તરી જાઉં... જેથી હું ભવસાગર તરી જાઉં.

- ભગવંતના તો અનેક ગુણો છે. એના ગુણોના મહાસાગરમાંથી ફક્ત એક બિંદુ, એક ગુણ ગ્રહણ કરો ત્યારે જ્યોતમાં જ્યોત મળે. આ જ્યોત મેળવવી બહુ મુશ્કેલ છે.

- અરિહંતનો કિલ્લો જોતો હોય તો ધર્મસ્થળમાં પણ ધક્કા મારો નહિ. સંકોચાઈને બેસો. અજ્ઞાનતામાં હોંશિયારી સમજો છો. પ્રભુ ભક્તિમાં બીજાને સાથ આપી આગળ વધવું એજ આપણો ભક્તનો વેપાર છે.

- ભગવંતની પૂજા નિયમમાં લાઈન પ્રમાણે કરવી. પૈસા આપીને કે લાગવગ કરીને પૂજા ન કરવી. ભગવંતને વેચાતા લીધા ગણાય.

- દેરાસરમાં સ્ત્રી-પુરુષ એકબીજાને સ્પર્શ ન થવો જોઈએ, નહીં તો બ્રહ્મચર્યના મહાપાપના દોષિતને કર્મના બંધ રૂપ બનીએ.

- ખોટા વિચાર, ખોટી નિંદા, ખોટી નિંદ્રા આટલું છોડો.

- ભોજન લેતી વખતે વિચારવું કે - હું ભોજન લઉં છું પણ મારાથી નીચેનો માણસ કે ભક્ત કે જેને સાંજ સુધી બટકું રોટલોય નથી મળ્યો, મારી નીચેનો માણસ ભેળસેળવાળું ખાય છે. કચરામાંથી વીણીને ખાય છે, વાસી ખાય છે, બટકું રોટલા માટે ભટકે અને હું આટલું જમી રહ્યો છું માટે મારે એકનો કે બે વસ્તુનો ત્યાગ. આટલી કરૂણાભાવથી ત્યાગ કરો તો ક્યાંક રસ્તો નીકળે. કાંઈક પૂણ્ય જાગ્રત થાય.

- તમારૂં ખરેખર કુટુંબ ક્યું ? તમારો સંસાર-ભાઈ-બેન-કાકા-માસી-પત્નિ-પુત્ર વગેરે કોઈ મુક્તિના માર્ગે પહોંચાડશે નહિં. કુટુંબ એટલે આત્માનો ધર્મ, કુટુંબ એટલે સન્માર્ગે વાળેલી ગાંઠ, સારા માર્ગે વાપરેલું ધન, આ બધું આત્માની સાથે આવવાનું છે. આજ તમારૂં કુટુંબ તમને મુક્તિના માર્ગે લઈ જશે. જો સારૂં કામ કર્યું હશે, માનવતાનું કામ કર્યું હશે, જે જે સારા વિચારો કર્યા હશે, તે તમારા જતાં પહેલાં (દુનિયામાંથી) પહોંચી ગયું હશે માટે દાગીનો (આત્મા) સાચવી પેટીને (શરીરને) છોડી દો.

।। જય જિનેન્દ્ર ।।

# આટલું જરૂર કરો...

**સજીવ હોય કે નિર્જીવ દરેકનો આભાર માનો.**
**દરેકને ક્ષમાપના આપો. દરેકનું કલ્યાણ ઈચ્છો.**

સવારે ઉઠીને શાંત ચિત્તે બેઠા હોય, ત્યારે, અથવા તો સવારે કે સાંજે ચાલવા જતા હોય ત્યારે, અથવા કામ કરતાં અથવા તો રાતના ઉંઘ ન આવે ત્યાં સુધી નીચેની ભાવના જરૂર ભાવો, જેનાથી આત્મા પર લાગેલા કર્મો ઓછા થશે, આત્મા નિર્મળ થશે અને સદ્ગુણોનો અવિર્ભાવ થશે. આ બધી ભાવના મનમાં ભાવવાની છે.

(૧) હે સિદ્ધ પરમાત્મા ! આપના અનંત ઉપકારને કારણે મારો જીવ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવ્યો નહિ તો હજી હું એક શ્વાસમાં સાડાસત્તર વખત જન્મ-મરણના દુઃખ સહતો હોત ! માટે હે સિદ્ધમાતા હું તમારો ખૂબ જ આભાર માનું છું.

(૨) હે કુદરત ! ધર્મ આરાધના કરવા માટે મને આટલો સુંદર દિવસ આપ્યા બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

(૩) હે માતા-પિતા ! આપે દુઃખ વેઠી મને જન્મ આપ્યો, પાળી પોષી મોટો કર્યો તથા દેવ-ગુરૂ ને ધર્મ પમાડવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. હે માતા પિતા મેં ઘણી વખત આપની આજ્ઞા નહી પાળી હોય, આપને સામો થયો હોઈશ, આપના હૃદયને ઘણું ઘણું દુઃખ પહોંચાડયું હશે, તો હે માતા-પિતા આપનો આત્મા જ્યાં પણ હોય... હું મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુદ્ધાત્માની ક્ષમા માંગુ છું. મને જરૂર ક્ષમા કરશો.

(૪) હે કુળદેવી માતા ! આપ અમારા કુળની રક્ષા કરો છો.તે માટે અમે આપનો ઘણો ઘણો આભાર માનીએ છીએ. અમારાથી આજ દિન સુધી જાણતા અજાણતા જે કાંઈપણ ભૂલચૂક - દોષ થયો હોય તો સહપરિવાર આપની ખરા અંતરથી માફી માંગીએ છીએ.

(૫) હે પતિદેવ (પત્ની) ! આપ મારા જીવનસાથી બની મને જીવન જીવવામાં સહાયતા કરી તે બદલ આપનો ઘણો જ ઘણો આભાર માનું છું. આજદિન સુધી આપના હૃદયને દુઃખ લાગે તેવું મારા વાણી તથા વર્તન દ્વારા કાંઈપણ બન્યું હોય તો મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુદ્ધાત્માની મન-વચનને કાયાથી ક્ષમા માગું છું. આપ મને જરૂર ક્ષમા કરશો.

(૬) હે પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રીઓ ! (દરેકનું નામ દઈ અલગ અલગ પણ માફી માંગી શકાય છે) જેની જોડે વેરના સંબંધ વધારે હોય અને પ્રેમના સંબંધ વધારે હોય તેજ આત્મા આપણી વધુ નજીક આવે છે. આપ દરેકને મોટા કરતાં ક્યારેક મારવું પાડયું. હશે તો ક્યારેક લડવું પડયું હશે. મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુદ્ધાત્માની મન-વચનને કાયાથી ક્ષમા ઈચ્છું છું.

આ રીતે ભાઈ-બહેન-દેરાણી-જેઠાણી-સાસુ-કાકા-મામા-માસી-ફઈ-બાળપણના મિત્રો - અત્યારના મિત્રો - જૂના પાડોશી - નવા પાડોશી - દરેકનું વ્યક્તિગત નામ દઈને અથવા સમૂહમાં દરેકનો આભાર માનવો તથા દરેકના શુદ્ધાત્માનો આપણા શુદ્ધાત્માની સાક્ષીએ મન-વચન-કાયાથી ક્ષમા માંગવી.

નિર્જીવ વસ્તુ જેવી કે ઘર છે કે જેણે આપણાને ટાઢ-તડકા તથા વરસાદથી બચાવ્યા છે, તેવી રીતે ઓફીસ, દુકાન તથા ગાડી - મોટર - સ્કુટર જેણે આપણને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં સહાય કરી છે એવી જે જે નિર્જીવ વસ્તુ પણ યાદ આવે તે દરેકનો ખૂબ ખૂબ આભાર માનવો. જેનાથી નિર્જીવ વસ્તુઓ પણ આપણને ખૂબ સહાય કરે છે. દાત. તમારી ગાડી બગડશે તો એવી જગ્યાએ ખોટવાશે કે જ્યાં તમને સહેલાઈથી મીકેનીક મળી જાય.

તેવી રીતે સવારે ઉઠો ત્યારથી સુઈ જાવ ત્યાં સુધી જે જે વ્યક્તિ કે વસ્તુ સામે આવે તે દરેકનું ખૂબ ખૂબ કલ્યાણ ઈચ્છો. દાત. સવારે ઉઠતાં પતિ-પત્ની-મા-બાપ કે બાળકોને જોતા ભગવાન તેઓનું ખૂબ ખૂબ કલ્યાણ કરો તેવી ભાવના ભાવવી. સવારે દૂધ લેવા જાઓ તો આ દૂધવાળાનું ખૂબ ખૂબ કલ્યાણ થાઓ. તેમ વિચારવું. તેમ સવારે વોક લેવા જાઓ. ત્યારે આજુબાજુ રહેલા ઝાડ-પાન-પશુ-પક્ષી-માણસો દરેકનું ભગવાન ખૂબ ખૂબ કલ્યાણ કરો. એવી ભાવના ભાવવી. આ રીતના જગતના સર્વ પ્રાણીનું ખૂબ ખૂબ કલ્યાણ ઈચ્છવું.

આખરે નીચેની બે ભાવના સતત ભાવતા રહેવું.

(૧) ખામેમી સવ્વજીવે સવ્વે જીવા ખમતું મે.
મિત્તીમે સવ્વ ભુએસું. વેરં મઝ ન કેણઈ.

(૨) અણુ-પરમાણુ શીવ બની જાઓ. આખા વિશ્વનું મંગળ થાઓ.
સર્વે જીવો મોક્ષે જાઓ. અર્હં મૈયા અમર તપો.

# આભાર વંદના

**'પ્રશ્નોત્તર રત્નમાલા'** પુસ્તકમાં મેં છેલ્લા બે સવાલ અને **'રત્નકણિકા'** એ **'શ્રી શારદા મંદિર ટ્રસ્ટ'** દ્વારા પ્રકાશિત **'મહેર મળજો માની'** એ પુસ્તકમાંથી અવતરીત કરી છે. 'મહેર મળજો માની' એ પુસ્તકમાં પૂજ્ય સમભાવી દેવી શ્રી નાણદેવીમા જેમના પર પ્રસન્ન થયા છે તેવા પરમ પૂજ્ય શ્રી શારદામાએ કહેલી દિવ્ય વાણી, સામાન્ય લોકજનને થયેલા ઘણા શારીરિક તથા માનસિક શાંતિ આપનારા અનુભવો તેમજ આધ્યાત્મિક શાંતિ આપનારા વચનોનો સમાવેશ કરતું દિવ્ય પુસ્તક છે. આ પુસ્તકમાં ઘણા ભક્તજનોને થયેલા ચમત્કારિક અનુભવોનું વર્ણન પણ છે. એવા આ દૈવીશક્તિ, કષ્ટહણનાર, પ્રસન્ન શક્તિ શ્રી નાણદેવીમાના આશીર્વાદથીજ આ 'પ્રશ્નોત્તર રત્નમાલા' પુસ્તકનું લેખન શક્ય બન્યુ છે, એમ હું દ્રઢ પણે માનું છું. આ પુસ્તક નીચેના એડ્રેસ પરથી મળી શકશે. શ્રી નાણદેવીમા મંદિર, શારદાગ્રામ, પિયુષાણી તીર્થની બાજુમાં, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નં. ૮, વરસાવા, જી. થાણા.

નાણદેવી માનું મૂળ સ્થાનક ડીશા પાસે આવેલ થરાદ ગામ ખાતે વર્ષો જૂના મંદિરમાં આવેલ છે. મુંબઈ નગરીમાં પિયુષપાણી તીર્થધામની પાસે આવેલા શારદા ગ્રામમાં પૂજય શ્રી નાણદેવીમાના ભવ્ય મંદિર નિર્માણનું કાર્ય ચાલુ છે. આ મંદિર લગભગ ૫૦૦૦ ચો. ફૂટ ના વિશાળ પરિસરમાં ભવ્ય રંગમંડપ સાથે આકાર લઈ રહ્યું છે. ઘણા ભાવિક ભક્તો ત્યાં આવેલા હાલમાં સ્થાપિત થયેલા નાના-સુંદર રમણિય મંદિરના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

પૂજ્ય મા ના ફોટા પાસે બે ફુલવાટનો દીવો કરી નીચે મુજબની પ્રાર્થના કરવી.

**હે નાણદેવી મા... સહાય કરો, રક્ષા કરો, મારી ઈચ્છા પરિપૂર્ણ કરો, મારા ખોટા કાર્યનો નાશ કરો, હું તમારા આશરે છું.**

આ ગુજરાતી સરળ શબ્દોથી ગુફીત મંત્રાક્ષરો છે. દરરોજ માનું સ્મરણ કરી, મંત્રાક્ષર બોલવાથી મનોકામના પૂર્ણ થાય છે. પછી માના મંદિરે દર્શન કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે. એવો અનેક ભાવિકજનોનો અનુભવ છે. પરમ સત્ રીબાતું હોય તો દૈવીશક્તિ જરૂર મદદ કરે છે ને જ્ઞાનમાર્ગમાં, ધર્મમાર્ગમાં આગળ વધવાની સહાય કરે છે તેવો મારો અનુભવ છે. છેલ્લા છત્રીસ વર્ષથી સમકિત દેવી શ્રી નાણદેવી માં શ્રી શારદામાં માં શક્તિ સ્વરૂપ પ્રસન્ન છે. શારદામા ભક્તોના કલ્યાણના જે કાર્ય કરી રહ્યા છે ,તે સંપૂર્ણ જૈન વિધિ, જૈન સિધ્ધાંત અનુસાર કરી રહ્યા છે. કેમકે જૈન સંસ્કારોથી એમનું જીવન ઘડતર થયુંછે. નાતજાતના કોઈપણ ભેદભાવ વગર ભકતોના ભૌતિક

દુઃખ દૂર કરી આધ્યાત્મિક માર્ગે વાળી ભવોભવના ફેરાના દુઃખ માંથી ઉગારવા આત્માને જગાડે છે. દરરોજ હજારો ભક્તોનું ઘરમાં આવવું-જવું ,કોઇનો એકપણ પૈસો લીધા વગર હજારો ભક્તો માટે કાર્ય કરવું, એના માટે પ.પૂ.શ્રી છોટુભાઇ,પૂ શારદામાં અને એમના પરિવારજનોએ જે બલિદાન આપ્યું તે અકલ્પ્યછે, અલૌક્કિ છે. “નાંણ શારદા માં ટ્રસ્ટ ” નામે એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ પણ ચાલે છે જેમાં મેડીકલ,એજ્યુકેશન,અનાજ, તથા જરૂરિયાત વાળાને સહાય પણ આપવામાં આવે છે. આ બધા ઉમદા કાર્યોને ધ્યાનમાં લઇને મુંબઇ મ્યુનિસિપાલિટીએ ચિનાઇકોલેજ (અંધેરી ઇસ્ટ)ના સામેના રસ્તાને “શ્રી નાણ શારદામાં માર્ગ ” એવું નામ આપ્યું છે જે આપ બાજુના ફોટામાં જોઇ શકો છે.

શ્રીપાલ મહારાજે પણ નવપદની આરાધના કરતાં પહેલાં શ્રી ચકેશ્વરી દેવીની ઉપાસના કરી હતી. આજ પણ સમક્તિ દેવી નાંણ દેવી મા ની શક્તિનો લાભ કેટલાયે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ લઇ રહ્યા છે અને ધર્મ આરાધનામાં આગળ વધી રહ્યા છે આવા શ્રી નાણં શારદામાએ મને આ અમૂલ્ય પુસ્તક **“પ્રશ્નોત્તર રત્નમાલા”** લખવામાં જે સહાયતા કરીછે તે બદલ હું એમને અત્યધિક આભાર સહ વંદન કરૂ છું.

**સુબોધી સતીશ મસાલીઆ જયજીનેન્દ્ર**

ખાસનોંધ :- આ પુસ્તકની હિન્દીમાં પણ અત્યંત માંગને કારણે આ પુસ્તકનું હિન્દી રૂપાંતર પણ થયું છે. જે તમને નીચેના નંબર પર કોન્ટેકટ કરવાથી વિનામુલ્ય પ્રાપ્ત થઇ શકશે.

શ્રીમતી મીનાબેન દશરડા - ૨૮૯૧૮૩૫૦, ૯૮૨૧૧૧૬૨૫૦, (મુંબઈ)
સુબોધીબેન મસાલીયા - ૮૮૫૦૦૮૮૫૬૭, ૯૮૯૨૧૬૩૬૦૯ (મુંબઈ)
હિતેશભાઈ - ૯૪૨૯૪૬૧૫૯૪, ૮૩૨૦૬૪૧૪૬૧ (અમદાવાદ)
જૈન મંદિર - ૯૩૨૦૩૦૬૧૮૭ (ન્યુ દિલ્લી)

**દુબઈ : શ્રેયશ મસાલીયા** : +971506402282 / **સ્મીતા મહેતા** : +971504831290

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ પણ પ્રગટ થઈ ચુકી છે. જેમાં તત્વજ્ઞાન વિષયક બીજા ૩૫૦ સવાલ-જવાબનો સંગ્રહ છે. ભાગ-૧ અને ભાગ-૨ બંને વાંચવાથી લગભગ ઘણીખરી શંકાનું સમાધાન થઈ જશે. આપેલા પ્રાપ્તિસ્થાન પરથી બંને બુક મળી શકશે. ભાગ-૨નું પણ હિન્દી રૂપાંતરણ થયું છે. ગુજરાતી ભાગ-૧ અને ૨ થઈને ૨૨૦૦૦ બુક્સ અને હિન્દી ભાગ-૧ અને ૨ થઈને ૭૦૦૦ બુકનું ડોનરોના સહકારથી ફ્રીમાં વિતરણ કર્યું છે.

**કોઈને પણ પુસ્તકો છપાવવાનો લાભ લેવો હોય તો સુબોધીબેનનો કોન્ટેક્ટ કરવો.**



પ. પૂ. હંસરત્ન વિજયજી ગણિના ૭૭ ઉપવાસનીઉગ્રતપશ્ચર્યા ના પારણાના પ્રસંગપર ગચ્છાધિપતિ આચાર્ય શ્રી જયઘોષ સૂરિશ્વરજી મહારાજ શ્રી નાંણ શારદામાં ને આશીર્વાદના રૂપમાં નવકારવાલી અર્પણ કરતાં દેખાય છે.




શ્રી નાંણ શારદામાં માર્ગ ના ઉદ્‌ઘાટન પ્રસંગપર પધારેલા અગ્રણી જૈન રત્ન શ્રેષ્ઠી શ્રી દિપચંદભાઈ ગાર્ડી, એસીપી. શ્રી અરવિંદ મહાબદી ની ઉપસ્થિતિમાં શ્રી નાંણશારદામાં ના હાથેથી સન્માન ચિન્હ સ્વીકારતા દેખાય છે.

# પ્રસ્તુત પુસ્તક માત-પિતાના ચરણોમાં સમર્પિત



**સ્વ. મફતલાલ જગશીભાઈ પારેખ**

સ્વર્ગવાસ : શ્રાવણ વદ ૧૪, સંવત ૨૦૪૧



**સ્વ. કીલીબેન મફતલાલ પારેખ**

સ્વર્ગવાસ : વૈશાખ વદ ૯, સંવત ૨૦૫૬

સંસ્કારોના જોરે દીધા દાન, દેવગુરૂની કરાવી પહેચાન...
એ માત-પિતા કેટલા મહાન, વંદન હો જે છે તીરથ સમાન

## આપના બાળકો

બાબુભાઈ - સ્મીતાબેન    દિનેશભાઈ - દિનાબેન
અતુલભાઈ
મેહુલ - જીજ્ઞા - હિમાંશુ - નેહા - દીપલ - દિપેશ
અવની - વિદેહી - દીપ - મૌલી - પ્રેક્ષા

**સૌજન્ય : બાબુભાઈ મફતલાલ પારેખ**

૫૦૨/૫૦૩, દ્વારકા બિલ્ડીંગ, થાનાવાલા લેન,
શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દેરાસર પાસે, વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.
ફોન : ૬૫૮૪ ૪૬૨૪, ૨૬૧૭ ૬૭૯૨ મોબાઈલ : ૯૮૭૦૯ ૮૬૦૨૦

LUCKY PRINTERS
9821289971 / 28823592